Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Jani, Rajendra B., 2007, " અમદાવાદના પત્રકારો : સામાજિક અન્વેષણના સંદર્ભમાં ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/930

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# અમદાવાદના પત્રકારો : સામાજિક અન્વેષણના સંદર્ભમાં

(JOURNALISTS OF AHMEDABAD : STUDY IN SOCIAL REFERENCES)

પીએચ.ડી.ની પદવી માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટને રજૂ કરેલ મહાશોધ નિબંધ


<u>સંશોધક</u>
**રાજેન્દ્ર જાની**
સરકારી વિનયન કોલેજ
સમાજશાસ્ત્ર વિભાગ, ગાંધીનગર

<u>માર્ગદર્શક</u>
**ડો. હરેશ ઝાલા**
રીડર, સમાજશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ



સમાજશાસ્ત્ર ભવન : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ
વર્ષ : ૨૦૦૭

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે રાજેન્દ્ર જાનીએ "અમદાવાદના પત્રકારો : સામાજિક અન્વેષણના સંદર્ભમાં" વિષયક મહાશોધનિબંધ સંપૂર્ણ રીતે મારા માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો છે. આ તેમનું મૌલિક કાર્ય છે. તેઓને હું પીએચ.ડી.ની પદવીના ભાગરૂપે આ શોધનિબંધ રજૂ કરવાની અનુમતિ આપું છું.

સ્થળ : રાજકોટ
તારીખ :

ડો. હરેશ ઝાલા
રીડર,સમાજશાસ્ત્ર ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ

થોડુંક અંગત.......

પીએચ.ડી. સંશોધન સમય અને સહકાર માગી લેતું કાર્ય છે. મારા સંશોધન કાર્યમાં આ રીતે અનેક મિત્રો, વડીલો મદદરૂપ બન્યા છે. તેમનો હું સદૈવ ઋણી છું.મારો સંશોધન વિષય વ્યવસાયના સમાજશાસ્ત્રની ચકાસણીનો હતો. આ વિષય પર સંશોધન ખેડાણ ખૂબજ મર્યાદિત રહ્યું છે. ત્યારે ઓછા અજમાવાયેલા સંશોધન વિષય પર સંશોધન કરવાનો આનંદ છે.

પીએચ.ડી. ના માર્ગદર્શક તરીકે મુ.ડૉ. હરેશભાઈ ઝાલાની સ્વીકૃતિ અને અવિરત સહયોગ મારા સંશોધન કાર્યનું અમુલ્ય સંભારણું છે. માર્ગદર્શક તરીકે તેઓ મને મળ્યા એને મારું સદ્દભાગ્ય ગણું છું. આ ઉપરાતં ડૉ.ગૌરાંગભાઈ જાનીસરના કોઈપણ સંશાોધકને માનવીય અને વિદ્યાકીય અભિગમસહિતના મદદ–માર્ગદર્શનની સરળતાના પરિણામે આ કાર્ય પાર પાડી શકયો છું. વિદ્યાર્થીકાળથી દરેક તબકકે મદદ અને માર્ગદર્શન તેમના તરફથી મળતું રહ્યું છે. એમનો આભાર માની સંબંધનું ગૌરવ ઘટાડવું નથી આથી એ લાગણી અંતરમાં સમાવું છું.

અધ્યાપક તરીકે વિવિધ સેમિનાર્સ, વ્યાખ્યાનો અને ચર્ચાસભાઓ દ્વારા જેમની પાસેથી સંશોધન અંગેની ઘણી બધી બાબતોની સમજ મેં મેળવી છે એવા વર્ગખંડ અને વર્ગખંડ બહારના મારા વડીલ–ગુરુજન સમાજશાસ્ત્રીઓ શ્રધ્ધેય ડૉ.વિધુત જોષી, ડૉ. આમ્રપાલી મર્ચન્ટમેડમ, ડૉ. હેમીક્ષા રાવમેડમ, પ્રા. સનત ગઢવીસાહેબની શોધ કામગીરી સંદર્ભે નિરંતર તાલીમ મળતી રહી છે એમને આ તકે વંદન કરું છું. પ્રા. સારિકા દવે અને પ્રા. હિના પટેલે માહિતી વર્ગીકરણ અને આંકડાશાસ્ત્રીય સમજ પૂરી પાડીને સંશોધનકાર્યના અઘરા પલાખાંને ઉકેલવામાં મદદ કરીને મારા કાર્યને સરળ બનાવી દીધું હતું એ સદાયનું સંભારણું રહેશે.

મારી વ્યવસ્તતાને વેઠનાંરા પરિવારજનો માતૃશ્રી ભારતીબેન, સદ્દગત પિતાશ્રી ભાનુભાઈ, વિશાખા, લઘુબંધુ અખિલેષ અને વ્હાલના દરિયાસમી દિકરીઓ ચિ.ધ્રુવા અને પ્રેયાના "લેસન કરો છો ?"ના પ્રશ્નરૂપી સહકારને કેમ ભુલી શકાય ? એમના પ્રોત્સાહન થકી આ કાર્ય શકય બની શકયું છે.

મારા અંગત મિત્રો જનક ગઢવી, ભાવેશ લાખાણી, નિયાઝ પઠાણ, દિંગત બારોટ, પ્રા. અશ્વિન ચૌહાણ, પ્રા. જયમલ રંગીયા, હેમાંગ દવે, દિનેશ ચૌહાણ, શ્વેતલ કંસારા, ધર્મેન્દ્ર ત્રિવેદીની સક્રીય હુંફના સથવારે આ કાર્ય હું સરળતાથી સંપન્ન કરી શકયો છું. ટાઈપીગની તમામ ભુલોને સુધારવાની જવાબદારી પોતાના શિરે લઈ લેનાર મુરબ્બી શ્રી રણછોડભાઈ પંચાલે 'દેવહુમા'નો આભાર માનવા માટે શબ્દો ઓછાં પડે. તે સહુનો પણ આભાર.

આ ઉપરાંત મારા સમગ્ર કાર્ય દરમિયાન પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર આપનારા સર્વે મિત્રો, વડીલો અને ગુરુજનોનો અંતઃકરણપૂર્વક આભાર સ્મરું છું.

"ઘર", પ્લોટ નં–૨૭૬/૨ સેકટર–૨/બી
ગાંધીનગર–૩૮૨ ૦૦૭.

**રાજેન્દ્ર જાની**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગતો | પાના નં. |
|---|---|---|
| પ્રકરણ – ૧ | વિષય પસંદગી અને અભ્યાસ પધ્ધતિ | ૮ થી ૨૦ |
| પ્રકરણ – ૨ | સંશોધન સાહિત્યની સમીક્ષા (Review of Literature) | ૨૧ થી ૩૦ |
| પ્રકરણ – ૩ | ગુજરાતનું પત્રકારત્વ : એક સામાજિક અભ્યાસ | ૩૧ થી ૬૦ |
| પ્રકરણ – ૪ | અમદાવાદના પત્રકારો : સામાજિક આર્થિક પશ્ચાદ ભૂમિકા | ૬૧ થી ૯૭ |
| પ્રકરણ – ૫ | અમદાવાદનું પત્રકારત્વ : સમાજશાસ્ત્રીય વિશ્લેષણ | ૯૮ થી ૧૩૫ |
| પ્રકરણ – ૬ | આધુનિક અમદાવાદનું વિશ્લેષણ | ૧૩૬ થી ૧૮૧ |
| પ્રકરણ – ૭ | અભ્યાસના તારણો અને સૂચનો | ૧૮૨ થી ૨૬૧ |
| | સંદર્ભ | ૨૬૨ થી ૨૬૫ |
| | પરિશિષ્ટ | ૨૬૬ થી ૨૭૬ |

# કોષ્ટક અંગેની વિગત



| કોષ્ટકની વિગત | પ્રકરણ | વર્ગીકૃત માહિતી | પાના નં. |
|---|---|---|---|
| ૧ | પ્રકરણ – ૪ | ઉત્તરદાતાઓની જ્ઞાતિ અંગેની માહિતી | ૬૩ |
| ૨ | પ્રકરણ – ૪ | ઉત્તરદાતાઓની વયજૂથ અંગેની માહિતી | ૬૭ |
| ૩ | પ્રકરણ – ૪ | ઉત્તરદાતાઓના મૂળવતન અંગેની માહિતી | ૬૯ |
| ૪ | પ્રકરણ – ૪ | ઉત્તરદાતાઓના શિક્ષણ–વિશેષ શિક્ષણ અંગેની માહિતી | ૭૨ |
| ૫ | પ્રકરણ – ૪ | ઉત્તરદાતાઓના રહેણાંક સંબંધે માહિતી | ૭૬ |
| ૬ | પ્રકરણ – ૪ | ઉત્તરદાતાઓના રહેઠાણના પ્રકાર અંગેની માહિતી | ૭૮ |
| ૭ | પ્રકરણ – ૪ | ઉત્તરદાતાઓના રહેઠાણ સુવિધા અંગેની માહિતી | ૭૯ |
| ૮ | પ્રકરણ – ૪ | ઉત્તરદાતાઓના મકાન બાંધકામ અંગેની માહિતી | ૮૦ |
| ૯ | પ્રકરણ – ૪ | ઉત્તરદાતાઓના મકાન વસવાટ સમયગાળા અંગેની માહિતી | ૮૨ |
| ૧૦ | પ્રકરણ – ૪ | ઉત્તરદાતાઓનના અગાઉના રહેણાંક વિસ્તાર અંગેની માહિતી | ૮૫ |

# પ્રસ્તાવના

પત્રકારત્વ એ સમાજનો આયનો કહેવાય છે. સમાજમાં બનતી ઘટનાઓનું અખબારો પ્રતિબિંબ ઉપસાવે છે. અને એના આધારે પત્રકારત્વ સમાજની સાથે ઓતપ્રોત થયેલું હોય છે. એરિસ્ટોટલને યાદ કરતાં કહીએ કે માનવી એક સામાજિક પ્રાણી છે. આમ, માનવી સામાજિક પ્રાણી હોઈ તેને કંઈક ને કંઈક જાણવાની સતત જિજ્ઞાશા રહેતી હોય છે. માત્ર પોતાની આસપાસના પડોશજૂથો કે ગામ–શહેર કે પોતાના દેશ જ નહીં, દુનિયામાં શું ચાલી રહ્યું છે એ જાણવાની માણસમાં તાલાવેલી હોય છે. 'પત્રકારત્વ : સિદ્ધાંત અને અધ્યયન' પુસ્તકમાં ડો. ચંદ્રકાંત મહેતા આ સંદર્ભમાં લખે છે કે દરેક દિશામાં ચાલી રહેલી કંઈક નવી વાત પરથી જ સમાચાર માટે અંગ્રેજીમાં શબ્દ પ્રયોજાયો છે – News. News - એટલે North, East, West અને South આ ચારેય દિશાઓમાંથી પ્રાપ્ત થયેલી માહિતી એટલે NEWS. આમ, પત્રકારત્વ નવું જાણવાની મથામણમાં સનસનાટી સાથે સંકળાયેલું છે. આજના ચેનલિયા જમાનામાં 'Breaking News' ના નામે આપણે તેને ઓળખી શકીએ. સમાચારોમાં આપણે ભલે એમ કહીએ કે અતિશયોકિત વધારે જોવા મળે છે. વાત સાચી હશે તેમ છતાં આ અતિશયોકિતપૂર્ણ સમાચાર છે એ જાણતા હોવા છતાં કેમ ચાલે રાખે છે ? કારણ સ્પષ્ટ છે લોકોને આ રીતના ન્યુઝમાં રસ પડતો હોય છે. સ્થળ કે કાળની દ્દષ્ટિએ રસની માત્રામાં ચોક્કસ ફેરપડે પરંતુ એ વાસ્તવિકતા છે. આ દ્દષ્ટિએ પત્રકારત્વ વ્યકિત અને સમાજ સાથે ગમા–અણગમા છતાં એક પ્રકારનો સબંધ ધરાવે છે. પત્રકારત્વ અસરકર્તા બને છે તો સમાજની વિવિધ બાબતો પત્રકારત્વને અસરકર્તા બને છે. પત્રકારત્વ અને સમાજ વચ્ચેની આ પ્રક્રિયા દ્વિમાર્ગી છે. ૨૧મી સદીમાં આજે સંદેશાવ્યવહારના સાધનોમાં અનેકગણો વધારો થયો છે. સમાજમાં એક એવો વાયરો ફૂંકાયો છે કે આજની નવી વસ્તુ ખૂબ જલ્દીથી જૂની થઈ જાય છે. નવું બહુ ઝડપભેર જૂનું થઈ જાય છે.

આપણે જયારે પત્રકારત્વની વાત કરતા હોઈએ તો ચોક્કસ પ્રશ્ન થાય કે મુદ્રિત માધ્યમની આપણે વાત કરીએ છીએ પણ ભાષાનું શું ? ભાષા વિજ્ઞાનીઓ મુ. પ્રબોધભાઈ પંડિત, હરિવલ્લભ ભાયાણી વગેરે આ સંદર્ભે કહે છે કે 'ભાષા એ ચોક્કસ સમયની શોધ નથી પણ યાદૃચ્છિક રીતે ઘડાતી આવેલી વ્યવસ્થા છે. એના માટે કોઈ નિશ્ચિત સમયગાળો નક્કી કરવો મુશ્કેલ છે. સમાજે સમાજે જુદી જુદી રીતે તે ઘડાઈ છે. ગુજરાતી ભાષાનું વિજ્ઞાનની દૃષ્ટિએ પહેલવહેલીવાર અધ્યયન કર્યુ તે વિદ્વાન તેસ્સીતોરીએ પણ આ જ વાત સ્વીકારી હતી. વૈશ્વિક સ્તરે પણ "ભાષાના જન્મના મુદ્દે કોઈ વાદ–વિવાદ ન કરવો" એમ નક્કી થયું છે. એટલે ભાષાની શરૂઆત કયા સમયગાળામાં થઈ એ વિશે વાત કરવી અસ્થાને છે. ભાષાનો જન્મ આદિકાળથી થયો છે. એ ભાષાવિજ્ઞાન સંશોધકોની વાત આપણે સ્વીકારી લઈએ. પણ માનવી પોતાના વિચાર, વાત, વલણ, માન્યતાઓ અને ભાષા જેવા સાધનથી આદિકાળથી પ્રત્યાયન કરી રહ્યો છે. ઔદ્યોગિક ક્રાંતિ પછીની ક્રાંતિ તરીકે લેખાય છે એ "સંચાર કાંતિ" એ માનવજાતને પલટી નાંખવાનુ કામ કર્યુ છે. વિશ્વ એક ગામડું બન્યું છે. ભાષા શોધાયા પછી પ્રત્યાયનના જે વિવિધ સાધનોની શોધ થઈ તેની વિગતો જોવા જેવી છે. નવનીત જનરલ નોલેજ બુક ૨૦૦૬માં દર્શાવ્યા મુજબ ભાષા શોધ પછી ૪૫૫૦ વર્ષ બાદ સમૂહ માધ્યમના ભાગ તરીકે મુદ્રિત માધ્યમ આવ્યું હતું.

| **સમૂહ માધ્યમ** | **શોધ વચ્ચેનો સમયગાળો** |
|---|---|
| મુદ્રિત માધ્યમ (૧૪૫૦–છાપાં, સામયિક) | ભાષા શોધ પછી ૪૫૫૦ વર્ષે |
| સિનેમા ૧૮૯૫ | મુદ્રિત માધ્યમ પછી ૪૪૫ વર્ષે |
| રેડિયો ૧૯૨૦ | રેડિયો પછી માત્ર ૭ વર્ષે |
| ટેલિવિઝન ૧૯૨૭ | સિનેમા પછી ૨૫ વર્ષે |

આજે તો સંચાર ક્ષેત્રે અનેક શોધખોળ થતી રહે છે. અને નવી વસ્તુ બારથી બે મહિનાના ટૂંકાગાળામાં જૂની થઈ જાય છે. તેમ છતાં એક વાત અગત્યની છે કે ટેકનોલોજીએ વિસ્તાર અને વસ્તીને ઝડપભેર આવરી લીધાં છે. ભલે એમ કહેવાતું હોય કે "આજનું છાપું કાલની પસ્તી" પણ દુનિયાના દરેક દેશમાં અખબારમાં છપાયેલી કોઈપણ ઘટના સાચી હોય

તેવો લોકોને વિશ્વાસ હોય છે. લોક વિશ્વાસ સાથે સંકળાયેલું પત્રકારત્વ તેના શરુઆતના સમયથી સમયે સમયે પરિવર્તન સ્વીકારતું રહ્યું છે. પ્રારંભ સમયે શાસનની સિદ્ધિઓ અને આદેશોની જાણ કરવાના કાર્યમાંથી પ્રજા પડખે ઊભુ રહેવા માંડયુ. એ ગાળો રાજાશાહીમાંથી લોકશાહી પ્રવાહનો ગાળો હતો. પત્રકારત્વે પ્રજાભિમુખ રહીને શાસન વિરોધી વલણ અખત્યાર કર્યું છે. પત્રકારત્વનો આ જાણે વણલખ્યો સિદ્ધાંત છે. એથી તે "ચોથી જાગીર" તરીકે માન પામ્યું છે. રાજકીય સ્વતંત્રતા વિચાર, વાણી અને અભિવ્યકિતના સ્વાતંત્ર્ય વિના અધૂરી ગણાય છે. એટલે પત્રકારત્વની સ્વતંત્રતા અનિવાર્ય બની છે.

આજનું પત્રકારત્વ માત્ર સમાચારો એકત્ર કરીને તેને પ્રસિદ્ધ કરવાથી અટકયું નથી. બલ્કે ઘણું આગળ વધ્યું છે. સમાચારનું અર્થઘટન, સમાચાર સમીક્ષા, સંક્ષિપ્ત સમાચાર, રંગીન છાપકામ, કેરીકેચર્સ, ગ્રાફિકસ વગેરે પણ હવે સામેલ થયા છે. વાચકને જકડી રાખવાના તમામ પ્રયાસો પત્રકારત્વે હવે અમલમાં મૂકયા છે. ભારતની વાત કરીએ તો હવે "મિશનરી પત્રકારત્વ"ના ખ્યાલમાંથી પત્રકારત્વ એક વ્યવસાય બન્યું છે. મુદ્રિત અને વિજાણુ માધ્યમો ભવિષ્યમાં કેવો આકાર લેશે એના ભવિષ્ય વિશે કલ્પના કરવી મુશ્કેલ છે. ગુજરાતી પત્રકારત્વની વાત કરીએ તો પારસીઓએ શરૂ કરેલા પત્રકારત્વે વિવિધ તબક્કાઓ જેવા કે આઝાદી પહેલાનું પત્રકારત્વ, સ્વાતંત્ર્ય ચળવળનું પત્રકારત્વ, આઝાદી પછીનું પત્રકારત્વ, આર્થિક ઉદારીકરણ બાદનું પત્રકારત્વ જેવા તબક્કાઓમાંથી પસાર થયું છે. આજે ૨૧મી સદીના પત્રકારત્વના તબક્કામાંથી એ પસાર થઈ રહ્યું છે. પ્રજાની પડખે ઊભા રહીને અન્યાય સામે ઝીક ઝીલનાર પત્રકારત્વ આજે ગ્રામીણ અને નગર સમુદાય બન્ને ક્ષેત્રોમાં શિક્ષણ વિકાસના પરિણામે અસરો પેદા કરતું રહ્યું છે. આ સંજોગોમાં ગુજરાતના મુખ્ય નગર તરીકે અને આર્થિક–સામાજિક ક્ષેત્રની વિવિધ પ્રવૃત્તિઓના મહત્વના સ્થાન તરીકે અમદાવાદ અને અમદાવાદના પત્રકારત્વ સાથે સંકળાયેલા વ્યવસાયિકો સંદર્ભે એક સામાજિક સંશોધન અભ્યાસ કરવાનો પ્રયાસ પ્રસ્તુત અભ્યાસમાં છે.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પત્રકારત્વને એક વ્યવસાય ગણીને વ્યવસાયનું સમાજશાસ્ત્ર ચકાસવાનો પ્રયાસ કરાયો છે. આ અભ્યાસમાં જુદાં જુદાં પ્રકરણો પાડયાં છે. જે આ મુજબ છે :

(૧) વિષય પસંદગી અને અભ્યાસ પદ્ધતિ

- (ક) વિષય પસંદગીનાં કારણો
- (ખ) અભ્યાસના હેતુઓ
- (ગ) અભ્યાસ પદ્ધતિ
- (ઘ) સંશોધનના અનુભવો
- (ચ) સંશોધન અભ્યાસનું મહત્વ
- (છ) સંશોધનની મર્યાદાઓ

(૨) સંશોધન સાહિત્યની સમીક્ષા

(૩) ગુજરાતનું પત્રકારત્વ : એક સામાજિક અભ્યાસ

(૪) અમદાવાદના પત્રકારો : સામાજિક – આર્થિક પશ્ચાદ ભૂમિકા

(૫) અમદાવાદનું પત્રકારત્વ : (સમાજશાસ્ત્રીય વિશ્લેષણ)

(૬) આધુનિક અમદાવાદનું વિશ્લેષણ

(૭) અભ્યાસનાં તારણો અને સૂચનો

આમ, ઉપર મુજબના પ્રકરણો દ્વારા સંશોધન અભ્યાસ રજૂ કર્યો છે.

## (૧) <u>વિષય પસંદગી અને અભ્યાસ પદ્ધતિ :</u>

પ્રસ્તુત અભ્યાસ અમદાવાદના પત્રકારો સાથે સંબંધિત છે. આ સંદર્ભે અમદાવાદ શહેરની માહિતી સમાવિષ્ટ કરવામાં આવી છે.

એક જમાનામાં મિલોના કારણે ભારતના માંચેસ્ટર તરીકે જાણીતું બનેલું આ શહેર ૨૩.૧$^{\circ}$ ઉત્તર અક્ષાંશ અને ૭૨$^{\circ}$–૩૭ પૂર્વ રેખાંશમાં સાબરમતી નદીના પૂર્વ કિનારા પર વસેલું છે. આ શહેરમાં માનવોની વસ્તીની નિશાનીઓ આશરે પાંચ હજાર વર્ષ પહેલાંની છે. એક સમયે આ શહેરનું નામ આશાપલ્લી કે આશાવલ હતું. સાબરમતી નદીના કિનારા પરથી

મળતા સૂર્ય, શકિત, વિષ્ણુના શિલ્યો તથા પરંપરાગત પાળીયા, ધાર્મિક સ્થાનકો નવમીથી તેરમી સદીના અંત સુધીની પ્રવૃત્તિઓની જાણકારી આપે છે. ૧૩મી સદીથી ૧૮મી સદી સુધી અહીં મુસ્લિમ શાસકોની સત્તા હતી. ૧૯મી સદીમાં આ શહેર પર અંગ્રેજોની સત્તા આવી હતી.

હાલનું અમદાવાદ શહેર ૯૮.૪૪ ચો.કિ.મી. વિસ્તારમાં પ્રસરેલું છે. (ઔડા સિવાય) જેની જનસંખ્યા ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ ૫૦ લાખ જેટલી છે. ગુજરાતનું સૌથી મોટું અને દેશના મોટા શહેરોમાં સાતમા ક્રમનું સ્થાન ધરાવતું આ શહેર હવે 'મેગા સીટી' નો દરજ્જો પામ્યું છે. સાબરમતી નદીના કારણે બે ભાગમાં વહેંચાયેલું આ શહેર નદીના પૂર્વ અને પશ્ચિમ કિનારે વિકસેલું છે. જેમાં પૂર્વનો વિસ્તાર કે જે કોટ વિસ્તાર તરીકે ઓળખાય છે એ મૂળ શહેર છે. આ વિસ્તાર દરવાજા અને મહોલ્લા કે શેરીનો વિસ્તાર હોવાથી પોળ વિસ્તાર તરીકે ઓળખાય છે. અગાઉ પોળમાં એક જ જ્ઞાતિના લોકો વસતા હતા. પરંતુ આજે વ્યવસાયના પરિણામે મિશ્ર વસ્તીનું પ્રમાણ વધ્યું છે. કોમી તોફાનોમાં કોટ વિસ્તાર સંવેદનશીલ હોઈ અગાઉ પોળમાં રહેતા લોકો હવે નદીપારના પશ્ચિમ વિસ્તારમાં સ્થાયી થઈ રહ્યાં છે. અમદાવાદ શહેરના મધ્યભાગમાં જૈનો અને ઉત્તર–પૂર્વ તથા દક્ષિણ–પશ્ચિમ વિસ્તારોમાં હિન્દુ અને મુસ્લિમો વસે છે.

કોટની રાંગની બહારના એટલે કે નદીપારના પશ્ચિમ વિસ્તારમાં નાના મોટા ઉદ્યોગો વિકસ્યા છે. પૂર્વની સરખામણીએ ઓછી વસ્તી ગીચતા ધરાવતા આ વિસ્તારમાં એન.આઈ.ડી., આઈ.આઈ.એમ., સેપ્ટ, પી.આર.એલ., ઈસરો, અટીરા વગેરે જેવી ખ્યાતનામ સંસ્થાઓ ઉપરાંત સભાગૃહો, સિનેમાગૃહો, જીમખાના, સાંસ્કૃતિક અને મનોરંજનની સંસ્થાઓ આવેલી છે. આ વિસ્તારની ઈમારતોની બાંધણી, રહેણાંકની રચના અને શોપિંગ મોલની હારમાળાઓ આધુનિક અમદાવાદનો પરિચય કરાવે છે.

અમદાવાદ શહેર વ્યાપાર અને વાણિજયના મુખ્ય મથક તરીક સતત વિકસતું રહ્યું છે. 'મધ્યકાલીન ભારત' પુસ્તક (સંપાદક : હરિશ વર્મા દિલ્હી યુનિવર્સિટી)માં દર્શાવ્યા મુજબ

ભારતના ઇતિહાસમાં વ્યાપાર અને રાજકારણમાં મહત્વની ગણાય એવી ઘટના આ શહેરમાં બની તે શહેનશાહ જહાંગીરે અંગ્રેજ પ્રતિનિધિ સર ટોમસ રોને મુલાકાત આપી અને અંગ્રેજોને ભારતમાં વ્યાપાર કરવાનો પરવાનો આપ્યો તે ગણાય. આને કારણે ભારતમાં અંગ્રેજોનો પગપેસારો થયો અને તેમણે વ્યાપાર નિમિત્તે ભારત પર રાજકીય આધિપત્ય જમાવ્યું એમ કહી શકાય.

ઉદ્યોગ–વેપાર અંગેનાં સૂઝ, વ્યવહારકુશળતા, કરકસર તથા ગણતરીબાજ સ્વભાવ જેવા ગુણો માટે અમદાવાદની પ્રજા જાણીતી છે. તેને કારણે રાજયમાં અને રાજય બહાર ગુજરાતીઓની પ્રતિષ્ઠા છે. આધુનિક ઉદ્યોગ તથા નાણાંવ્યવસ્થા આ શહેરની પ્રજાના પ્રેરણાસ્ત્રોત છે. શહેરની પ્રગતિમાં મહાજન પરંપરા શિરમોર છે એમ કહી શકાય.

ગુજરાતી વિશ્વકોશમાં વર્ણવ્યા મુજબ મિલમાલિકો, વેપારીઓ, શરાફો તથા વિભિન્ન વ્યવસાયનાં મહાજનો (સંગઠનો) એ આ શહેરની એક આગવી લાક્ષણિકતા ગણાય છે. આ મહાજનોએ શહેરની પ્રગતિમાં મોટું યોગદાન આપ્યું છે. બહારનાં પરિબળોથી ગુજરાતનો વેપાર ટકાવી રાખવામાં, સ્થાનિક હુન્નરોનું જતન અને રક્ષણ કરવામાં, અનેક ઝંઝાવાતોની સામે મધ્યમ વર્ગને ટકાવી રાખવામાં, રાજસત્તાથી લોકસમૂહને કચડાતો બચાવવામાં, કોમી વિખવાદ ટાળવામાં કે દબાવવામાં, ધંધાદારીને પરદેશી સત્તાના શોષણ સામે રક્ષણ આપવામાં, વ્યાપારની રીતરસમોમાં અયોગ્ય હરીફાઈ દાખલ થતી અટકાવવામાં અને શાંતિપૂર્ણ વાટાઘાટો દ્વારા મજૂર–માલિકોના ઝઘડાઓની સુખદ પતાવટ કરાવી ઐદ્યોગિક શાંતિ પ્રસ્થાપિત કરવામાં અમદાવાદના મહાજનોએ રચનાત્મક ફાળો આપ્યો છે. તેને લીધે જ શહેરનો સર્વાંગી વિકાસ થયો છે તથા તેની સમૃધ્ધિમાં ઝડપી વધારો થતો ગયો છે. પરદેશી શાસકોને પ્રજાની લાગણીઓથી વાકેફ કરી જનસામાન્યની ઈચ્છાને અનુકૂળ શાસકિય નિર્ણયો લેવડાવવામાં મહાજનોએ ભૂતકાળમાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી હતી. શાસકિય અન્યાય કે શોષણ સામે પ્રજાકીય બળ ઊભું કરી શાંતિપૂર્ણ તથા લોકશાહી પદ્ધતિ દ્વારા લડત આપવાની બાબતમાં પણ મહાજનોએ કદી પાછી પાની કરી નથી એ આગવું લક્ષણ મહાજનોનું

રહ્યું છે.

દેશની પ્રજામાં આઝાદીનું જોશ ભરનાર મહાત્મા ગાંધીએ સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધ કરાય એવી ઐતિહાસિક દાંડીકૂચ ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ સાબરમતી આશ્રમ અમદાવાદથી શરૂ કરી હતી. સમગ્ર દેશમાં આઝાદી અર્થે લોકજાગૃતિનું કાર્ય કરનાર આ કૂચ શહેરના અવિસ્મરણીય ઈતિહાસનું સોનેરી પૃષ્ઠ છે. આ શહેરે અનેક નામાંકિત વ્યક્તિત્વો દેશના ચરણે ધર્યા છે.

૧લી મે ૧૯૬૦ ના રોજ ભાષાકીય ધોરણે અલગ ગુજરાત રાજયની સ્થાપના થતાં તેના પ્રથમ પાટનગર તરીકે અમદાવાદ રહ્યું હતું. જો કે સાત વર્ષ બાદ ૧૯૬૭ થી રાજયના મોટાભાગના વિભાગો અમદાવાદથી ૩૦ કિ.મી. દૂર ગાંધીનગરમાં વસાવવામાં આવ્યા છે. ૫૦ લાખથી વધુ વસ્તી ધરાવતું ગુજરાતનું આ એકમાત્ર શહેર છે. જેણે આઝાદી પછીના ગાળામાં પણ વણથંભી વિકાસકૂચ ચાલુ રાખી છે. અમદાવાદનો આધુનિક વિકાસ ગુજરાત રાજયની સામાજિક–આર્થિક અને રાજકીય વિકાસનું પ્રતીક છે.

**પ્રકરણ – ૧**

## વિષય પસંદગી અને અભ્યાસપદ્ધતિ

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પત્રકારત્વ ક્ષેત્રના વ્યાવસાયિકોને સાંકળતો અભ્યાસ વિષય પસંદ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે વ્યવસાયને સાંકળતા અનેક અભ્યાસો સમાજશાસ્ત્રમાં થયાં છે ખરાં પરંતુ બહુ ઓછા અભ્યાસો પત્રકારત્વના વ્યવસાયીઓ પર થયેલા છે. આ વ્યવસાયીઓ પણ અન્ય વ્યવસાયીઓની જેમ કાર્યરત છે એમ કહી શકાય. પણ આ વ્યવસાય એક રીતે પ્રજાની સેવા સાથે પણ સંકળાયેલો છે તેથી તેમનો અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે. અભ્યાસ વિષયની પસંદગી પાછળના કારણો અને સંશોધનની અભ્યાસ પદ્ધતિઓની નીચે પ્રમાણે વિસ્તૃત સ્પષ્ટતા કરી છે :

## (ક) વિષય પસંદગીનાં કારણો

### (૧) પત્રકારત્વ અને સમાજશાસ્ત્રને સંમિલિત કરીને વ્યાપક સંશોધનનો વૈજ્ઞાનિક પ્રયાસ :

સમાજશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી અભ્યાસો ઘણે ભાગે જ્ઞાતિ, ધર્મ, કુટુંબ વગેરે વિષયવસ્તુના આધારે થતા જોવા મળે છે. આ સિવાયના વિષયોને સ્પર્શતું સંશોધન ખેડાણ ખૂબ ઓછું જોવા મળે છે. એ બાબતને ઘ્યાનમાં લઈને કુટુંબ કે જ્ઞાતિ ઉપર સંશોધન હાથ ધરવાના બદલે એક નવીન વિષય પર સંશોધન કરવાના ઉદ્દેશથી પત્રકારત્વને સમાજશાસ્ત્ર સાથે જોડીને પત્રકારત્વની ધરોહર અથવા તો કરોડરજ્જુ સમા પત્રકારો પર શોધ સંશોધન કરવાનું વિચાર્યું. આ વિષય પસંદગી પાછળનું એક કારણ વર્ગખંડમાં પત્રકારત્વની તાલીમ ઉપરાંત અમદાવાદ અને મુંબઈનાં વર્તમાનપત્રોમાં પત્રકાર તરીકેની સુદીર્ઘ સેવાઓને ગણાવી શકાય. તો સમાજશાસ્ત્રના એક અભ્યાસુ વિદ્યાર્થી તરીકેની સમાજશાસ્ત્રીય તાલીમ પણ વિષય પસંદગી પાછળના પરિબળમાં દર્શાવી શકાય. સમાજશાસ્ત્ર અને પત્રકારત્વની વર્ગખંડમાં શાસ્ત્રીય તાલીમ પછી જયારે જયારે પત્રકાર તરીકે સેવારત હતો તે સમયે હંમેશા સમાજશાસ્ત્રીય દષ્ટિએ કોઈપણ ઘટનાને મૂલવવાની સૂઝ આપોઆપ આવી હતી. પત્રકાર

તરીકેના સમયે અંગત રીતે પત્રકારત્વને જોયું હતું. જે તે સમયની કોઈ સામાજિક સમસ્યા બાબતે સમાજમાં લેખ, સમાચાર કે અહેવાલ લેખન મારી કલમે પાંગરતું ત્યારે સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ તેની મુલવણી સમાજશાસ્ત્રના દીક્ષાર્થી તરીકે પ્રતિબિંબિત થતી હતી. એટલે અંગત રીતે ઘણું જોયું હતું અનુભવ્યું હતું પરંતુ વૈજ્ઞાનિક સંશોધનનો અભાવ તેમાં ચોક્કસ જણાતો હતો. આથી પત્રકારત્વ અને સમાજશાસ્ત્રને સંકલિત કરીને સંશોધનની સુહાની સફરનો વિચાર સ્ફૂર્યો. આ વિચાર પાછળ વૈજ્ઞાનિક આધાર પર વ્યાપક સંશોધન કરવાનો હેતુ હતો. જે આ સંશોધનમાં પ્રયોજયો છે. આમ ટૂંકમાં કહું તો પત્રકારત્વ અને સમાજશાસ્ત્રના અનુપારંગત દિક્ષાર્થી તરીકે આ વિષયની પસંદગી કરી છે.

## (૨) <u>'વ્યવસાયનું સમાજશાસ્ત્ર'</u>

સમાજશાસ્ત્રના પીએચ.ડી. અભ્યાસોમાં 'વ્યવસાયનું સમાજશાસ્ત્ર' વિષય પર સંશોધન બહુ ઓછું થયું છે. અને વ્યવસાયિક તરીકેના તબીબો, શિક્ષકો, નર્સીસના અભ્યાસો જરૂર થયા છે પરંતુ તે અભ્યાસોમાં 'સોશિયોલોજી ઓફ મેડિસિન' કે 'સોશિયોલોજી ઓફ એજયુકેશન' વિષય સંશોધનનું મુખ્ય હાર્દ રહ્યું છે. એ બાબતને લક્ષમાં લઈને 'વ્યવસાયના સમાજશાસ્ત્ર'ને પત્રકારત્વ અને પત્રકારને કેન્દ્રસ્થાને સંશોધન અભ્યાસ વિષય તરીકે પસંદગી કરી છે.

વ્યવસાયનું સમાજશાસ્ત્ર ચકાસવાના અભ્યાસો પશ્ચિમી દેશોમાં સારા પ્રમાણમાં થાય છે. ભારતમાં પણ વિવિધ પ્રદેશોમાં આ વિષય પર સંશોધન ખેડાણ ઠીક ઠીક પ્રમાણમાં રહ્યું છે. પરંતુ ગુજરાતમાં વ્યવસાયનું સમાજશાસ્ત્ર વિકસ્યું નથી. વિવિધ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં તે સ્થાન પામ્યું નથી તો સંશોધકોએ પણ આ ક્ષેત્રમાં સંશોધનથી પોતાની જાત અળગી રાખી છે. આ સંજોગોને આધારે તદ્દન નવા વિષય પર સંશોધન કરવાનું મેં વિચાર્યું. જેથી સંશોધન અભ્યાસ બાદ પણ મારું સંશોધન આ ક્ષેત્રમાં જેમને સંશોધન કરવું હોય તેમને મદદરૂપ બની શકે એવા આશયથી વ્યવસાયનું સમાજશાસ્ત્ર અને સમાજના અભિન્ન અંગ તરીકે જોડાયેલા પત્રકારોના સમાજદાયિત્વ વિશે વિસ્તૃત સંદર્ભ માહિતી મળી શકે. આ વિષય

વણખેડાયેલો વિષય રહ્યો હોઈ, આ ક્ષેત્રે સંશોધન કરવાનો આ રીતનો મારો નાનકડો પ્રયાસ છે.

## (૩) આંતરવિદ્યાકીય અભ્યાસ

યુનિવર્સિટી ગ્રાંટસ કમિશન સામાજિક સંશોધન અભ્યાસોમાં ત્રણ બાબતો પર સવિશેષ ભાર મૂકે છે. જેમ કે –

૧. મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ

૨. ઈતિહાસવિહોણાઓના ઈતિહાસ પર દ્દષ્ટિપાત કરાવતાં સંશોધન

૩. આંતરવિદ્યાકીય સંશોધન

આ રીતે મારા સંશોધનમાં પત્રકારત્વના ઈતિહાસને પણ વણી લેવામાં આવ્યો છે. ઇતિહાસ વિષયનો કોઈ સંશોધક જો મોગલકાળનું સંશોધન કરતો હોય તો તે સમયના સમાજજીવનને પણ જોવું પડે. આ વખતે તેની પાસે સમાજશાસ્ત્રની સમજણ જરૂરી બને છે તો સમાજશાસ્ત્રના સંશોધકને માટે પણ ઈતિહાસને આધાર બનાવીને સંશોધન કરવું પડે કારણ કે વર્તમાનને સમજવો હોય તો ઈતિહાસ તપાસવો જરૂરી બને છે. આથી પત્રકારત્વના ઈતિહાસને આ સંશોધનમાં સામેલ કર્યો છે. ઈતિહાસ અને સમાજશાસ્ત્રના સમન્વયથી આંતરવિદ્યાકીય અભ્યાસ થઈ શકે એ બાબત પણ વિષય પસંદગી માટે મહત્વની રહી છે.

દરેક સામાજિક વિજ્ઞાનો એકબીજા સાથે એવા તાણાવાણાથી જોડાયેલા છે કે એથી Allied Science તરીકે ઓળખ પામ્યા છે. કોઈપણ સમાજ વિજ્ઞાન એકલું અટૂલું વિકાસ પામી શકતું નથી અને જયારે સંશોધનની વાત હોય ત્યારે જુદાં જુદાં સામાજિક વિજ્ઞાનો વચ્ચેનો સહસંબંધ ચાવીરૂપ સંશોધન તારવવામાં સહભાગી બને છે.

મારા અભ્યાસમાં આંતરવિદ્યાકીય અભ્યાસની આ ખૂબીઓને દર્શાવી શકાય એ આશયથી આ વિષય પસંદ કર્યો છે.

## (૪) ૨૧મી સદીના પત્રકારત્વનાં વિવિધ પાસાંઓ

ભારતીય પત્રકારત્વની વાત આપણે જયારે કરતાં હોઈએ તો પત્રકારત્વના પ્રારંભ કાળને ચોક્કસ જોવો પડે. ૧૯મી સદી એ ભારતમાં પુનર્જાગરણની સદી હતી. રાજા

રામમોહન રાયથી શરૂ કરીને નર્મદ સુધીના તમામ સમાજસુધારકો પત્રકારત્વ સાથે સંકળાયેલા હતા. પત્રકારત્વ પુનર્જાગરણના સેનાપતિ હતા. એ રીતે ૧૯મી સદી સમાજના જડ રીતિરિવાજો, માન્યતાઓની સામે બાથ ભીડીને સામાજિક પરિવર્તન આણનારી સદી હતી. તો ૨૦મી સદી એ આઝાદી માટે જંગ ખેલનારા ક્રાંતિકારીઓ અને ગાંધીવિચાર સાથે જોડાયેલા અહિંસક લડતના અનુયાયીઓની સદી હતી. સ્વાતંત્ર્ય સંગ્રામ માટે લડનાર આ જહાલ અને મવાળ બન્ને પક્ષના સૈનિકોએ પત્રકારત્વને આઝાદીના આંદોલનમાં સામેલ કર્યું હતું. એ રીતે ૨૦મી સદીનું પત્રકારત્વ સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે વણાયેલું 'રાષ્ટ્રવાદ' ની ભાવના ઉજાગર કરતું પત્રકારત્વ હતું. એ સમયમાં રાજકીય જાગૃતિનું માધ્યમ અખબાર હતું. પરંતુ આજે ૨૧મી સદીમાં જયારે 'શીત યુદ્ધ' સમાપ્ત થઈ ગયું છે. વિશ્વમાં રશિયાના ભાગલા પછી એકમાત્ર મહાસત્તા અમેરિકા રહ્યું છે. ત્યારે પત્રકારત્વ જે ૧૯મી સદીમાં સમાજસુધારણા અને ૨૦મી સદીમાં આઝાદીની લડતના રંગે રંગાયેલું હતું તેમાં બદલાવ આવ્યો છે. વૈશ્વિકરણના પ્રવાહમાં આજનું પત્રકારત્વ વ્યકિતને ધ્યાનમાં રાખીને ચાલી રહ્યું છે. અગાઉની બે સદીમાં આટલું ખુલ્લાપણું જોવા મળતું ન હતું. એક નિશ્ચિત મિશન તે વખતે સંકળાયેલું હતું. લોકજાગૃતિ એ મુખ્ય વિચાર હતો. લોકોની રહેણીકરણી, પોષણ–આહાર વગેરે બાબતો પર ખાસ ધ્યાન અપાતું નહીં. આજે વાચકના રસ મુજબ વર્તમાનપત્રો પ્રસિદ્ધ થઈ રહ્યાં છે. વિજ્ઞાન અને પ્રાદ્યોગિકીના વિનિયોગથી પત્રકારત્વ વધુ વિસ્તૃત બન્યું છે. આમ, ભૂતકાળની બે સદી અને વર્તમાન ૨૧મી સદીમાં પત્રકારત્વનું કલેવર કેવું બદલાયું છે તે સમજવાના પ્રયાસરૂપે આ વિષયની પસંદગી કરી છે.

### (૫) <u>અમદાવાદ : સમગ્ર ગુજરાત પર અસરકર્તા</u>

ગુજરાતનું પાટનગર ગાંધીનગર છે. પણ મુખ્ય શહેર અમદાવાદ છે. ધંધારોજગારથી ધમધમતું અને આગવી સાંસ્કૃતિક ઓળખ ધરાવતા આ શહેરની અસર આખા રાજયમાં ઝીલાતી રહે છે. ગુજરાતી પત્રકારત્વનો ઉદ્દભવ ભલે મુંબઈથી થયો હોય પણ અમદાવાદ અને તેના પત્રકારત્વને ચોક્કસ મહત્વનું ગણાવી શકાય. ગુજરાતમાં સૌથી

વધુ પત્રકારો આ શહેરમાં છે આટલું જ નહીં મોટા ગજાના ગુજરાતી અખબારોની મુખ્ય આવૃત્તિ આ શહેરમાંથી પ્રસિદ્ધ થાય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમૂહ માધ્યમની વિભાગીય કચેરીઓ અને સંવાદદાતાઓ અમદાવાદ શહેરમાં કાર્યરત છે. આ દૃષ્ટિએ અમદાવાદના પત્રકારોના સામાજિક અન્વેષણનો પ્રયાસ આ સંશોધનમાં કર્યો છે.

## (ખ) <u>અભ્યાસના હેતુઓ :</u>

(૧) ગુજરાતના મહત્વના મહાનગર તરીકે અમદાવાદનું સ્થાનિક કક્ષાએ 'વ્યવસાયનું સમાજશાસ્ત્ર' ચકાસવું.

(૨) ગુજરાતના પત્રકારત્વના ઈતિહાસને પ્રારંભથી વર્તમાન સુધી સ્પષ્ટ કરવો.

(૩) પત્રકારોનાં મનોવલણો અને માન્યતાઓને સ્પષ્ટ કરવાં.

(૪) પત્રકારની પૃષ્ઠભૂમિ ચકાસવી.

(૫) પત્રકારત્વને સામાજિક – આર્થિક પાસાંએ સમજવું.

(૬) દ્વિભાષી રાજયમાંથી અલગ પડેલા ગુજરાત રાજયમાં છેલ્લા ૨૫–૩૦ વર્ષની જે ઘટનાઓ આકાર પામી હતી તે સંદર્ભે આ ઘટનાઓને પત્રકારોએ કેવી રીતે જોઈ હતી તે સ્પષ્ટતા કરવા માગીએ છીએ.

(૭) આ તમામ બાબતોને આધારે ગહન સમીક્ષા કરીને ચોક્કસ સુચનો અને તારણો દર્શાવવા માગીએ છીએ.

## (ગ) <u>અભ્યાસ પદ્ધતિ</u>

સમાજશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાન છે. આથી સમાજશાસ્ત્રીય સંશોધનની અભ્યાસ પદ્ધતિ વૈજ્ઞાનિક હોય છે. છતાં પણ વિષય વિશિષ્ટતાના પરિણામે માહિતી મેળવવા માટે જુદી જુદી અભ્યાસ પદ્ધતિઓનો સમાજશાસ્ત્રના સંશોધકો ઉપયોગ કરતા હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં ઉપયોગમાં લીધેલી પદ્ધતિની ચર્ચા નીચે કરવામાં આવી છે.

સામાજિક વિજ્ઞાનોમાં સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા અભ્યાસ સૌથી વધુ થાય છે. છેલ્લા ત્રણેક દાયકાથી સામાજિક વિજ્ઞાનોમાં ગુણાત્મક સંશોધનનું મહત્વ વધવા લાગ્યું છે. તેમ છતાં આ સંશોધનમાં ગુણાત્મક સંશોધન અને સંખ્યાત્મક સંશોધનનો વિનિયોગ કરવામાં આવ્યો છે. કારણ કે સમાજવિજ્ઞાનો પૈકી સમાજશાસ્ત્ર એવો વિષય છે કે જેમાં બન્ને સંશોધનો દ્વારા સંશોધન થઈ શકે છે. આ પ્રયોજન પાછળનો અર્થ સંશોધન તારણને આધારે સિદ્ધાંત ઘડતરમાં ઉપયોગી બનાવવાનો છે. આમ, પ્રસ્તુત સંશોધનમાં સંખ્યાત્મક અને ગુણાત્મક બન્નેનો શાસ્ત્રીય ઉપયોગ કર્યો છે. બંને સંશોધનમાં માહિતી સર્વેક્ષણ અને મુલાકાત દ્વારા મેળવી છે.

સામાજિક વિજ્ઞાનમાં માહિતી પ્રાપ્ત કરવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. વિષયની વિશિષ્ટતાને ઘ્યાનમાં લઈને અને ઉત્તરદાતા પત્રકારો શિક્ષિત હોવાથી તેમના માટે પ્રશ્નાવલિ તૈયાર કરવાનું નક્કી કર્યું. પ્રશ્નાવલિમાં ખુલ્લા અને બંધ પ્રકારના પ્રશ્નો મૂકવામાં આવ્યા હતા. ખુલ્લા પ્રકારના પ્રશ્નો એ કહી શકાય કે પત્રકારોને જે માહિતી પૂછવામાં આવી હોય તે ઉપરાંત ક્ષેત્રના એમના આગવા અનુભવની વાત એમને જણાવવી હોય તો અલગથી જવાબો આપી શકે. વ્યવસાયનું સમાજશાસ્ત્ર ચકાસવાનો આ અભ્યાસ હોઈ પત્રકારત્વમાં કાર્યરત પત્રકારોને માટે એક લાંબી પ્રશ્નાવલિ તૈયાર કરવામા આવી. જેમાં જ્ઞાતિ, ધર્મ, ઉંમર, વતન, રહેણાંક વિસ્તાર, રહેણાંકનો પ્રકાર, જીવન જરૂરિયાતનાં વિવિધ સાધનોનો ઉપયોગ, શિક્ષણ, વેતન, કયા કારણસર પત્રકારત્વમાં સેવારત થયા તેવા હેતુલક્ષી પ્રશ્નો મૂકવામાં આવ્યા હતા. ઉપરાંત અમદાવાદના પત્રકારત્વની વિશેષતા–મર્યાદાઓ, પત્રકાર તરીકેના વિશિષ્ટ અનુભવો, મહિલાઓ, દલિતો અને લઘુમતી સમાજની આ વ્યવસાયમાં સામેલગીરી, તાલીમની જરૂરિયાત, સંશોધન પત્રકારત્વ (ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ) માં પડતી મુશ્કેલીઓ વગેરે અભ્યાસમૂલક પ્રશ્નો પણ મૂકવામાં આવ્યા. પ્રસ્તુત અભ્યાસમાં વ્યવસાયનું સમાજશાસ્ત્ર તપાસવાનું હોઈ એવું નક્કી કરવામાં આવ્યું કે અમદાવાદના વિવિધ અખબારો સાથે જોડાયેલા પત્રકારો કે જેઓ પત્રકારત્વમાં ઠીક ઠીક કહી

શકાય તેવો અનુભવ ધરાવે છે તેમની પસંદગી કરવી. આ મુજબ 'પર્પઝ યુઝ સેમ્પલિંગ મેથડ' અન્વયે ઉત્તરદાતાઓની પસંદગી કરીને અભ્યાસમાં સેમ્પલિંગની વ્યવસ્થા ઊભી કરવામાં આવી. પત્રકારત્વમાં હાલ રિપોર્ટિંગ સાથે સંકળાયેલા ઉત્તરદાતાઓ પાસેથી માહિતી એકત્રિત કરવાના આશયે 'મુલાકાત અનુસૂચિ' તૈયાર કરી. જેને આખરી ઓપ આપતા પહેલાં પૂર્વ ચકાસણી હાથ ધરી. આ પૂર્વ ચકાસણી દરમિયાન કેટલાક ફેરફારો હાથ ધરવાનું જણાતાં પ્રશ્નાવલિમાં થોડા જરૂરી જણાયેલા સુધારા કરીને પ્રશ્નાવલિને આખરી સ્વરૂપ આપ્યું. તે પછી ઉત્તરદાતાઓ પાસેથી તેમના વ્યવસાયના સ્થળે એટલે કે તેઓ જે ક્ષેત્ર સંભાળતા હોય તેવા સ્થળે  ગુજરાત યુનિવર્સિટી, મ્યુનિ.કોર્પોરેશન અને તેમની સંસ્થા ખાતે જઈને માહિતી મેળવવામાં આવતી હતી.

મોટાભાગના ઉત્તરદાતાઓને લેખિત પ્રશ્નોત્તરીની નકલ આપીને ઉત્તરો મેળવાયા છે. કેટલાક કિસ્સામાં ઉત્તરદાતાઓને પ્રશ્નાવલિ અનુસાર પ્રશ્ન પૂછીને તેમની સામે જ ઉત્તરો મેળવીને માહિતી મેળવી હતી.

આ ઉપરાંત  પત્રકારત્વના ક્ષેત્રમાં જેમણે ૨૫ વર્ષથી વધુ સેવા આપી હોય તેવા પીઢ પત્રકારો, તંત્રીઓની મુલાકાત લઈને તેમની પાસેથી જે તે સમયના બનાવો જેવા કે અનામત વિરોધી આંદોલન, કટોકટીના સમયગાળાનું પત્રકારત્વ, અમદાવાદનું સમાજજીવન અને પત્રકારત્વની ભૂમિકા, જે તે સમયના બનાવો સંદર્ભની અનુભવકથા અને આ ઘટનાઓ પાછળ કઈ સામાજિક–રાજકીય પરિસ્થિતિ અસરકર્તા હતી. પત્રકારત્વ કઈ રીતનું હતું. વર્તમાનપત્રોમાં સંબંધિત સમસામયિક ઘટનાનું નિરૂપણ કેવું થતું હતું સમાજની સહિષ્ણુતા કેવી રહી હતી, રાજકીય પક્ષો અને નેતાઓની ભૂમિકા કેવી હતી, પ્રબુદ્ધ નાગરિકો, સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ અને મહાજનો કેવી રીતે કાર્યરત હતાં અડધો અડધ જનસંખ્યા ધરાવતા મહિલાઓના વર્ગનું ચિત્રણ ખબરોમાં કેવું થાય છે, અમદાવાદ શહેરનો બહુ મોટો ભાગ એવા મધ્યમવર્ગનો ઝોક કઈ તરફ હતો, સમાજના વિવિધ વર્ગોમાં એકત્વની ભાવના પેદા કરવામાં પત્રકારત્વ ઉપયોગી બન્યું હતું, કોઈ ચોક્કસ જૂથ કે જ્ઞાતિ સમૂહની તરફદારી કરવામા

આવતી હતી ? પીળું પત્રકારત્વ અને મિશનરી પત્રકારત્વ વ્યવસાય કેમ બન્યું ? એવા સવાલો દ્વારા માહિતી મેળવી.

આ વરિષ્ટ પત્રકારોના દીર્ઘ ઈન્ટરવ્યુઝના આધારે ગુજરાતના છેલ્લા ૩૦–૪૦ વર્ષના ઈતિહાસને પત્રકારની દષ્ટિએ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ મુલાકાત પદ્ધતિમાં ઉત્તરદાતા એવા વરિષ્ટ પત્રકારની પસંદગી તેમની સહમતિના આધારે કરવામાં આવી. દરેક ઉત્તરદાતા પાસેથી અલગ અલગ ઘટનાઓ વિશેની માહિતી એકત્ર કરવામાં આવી છે. મુલાકાત પદ્ધતિમાં "સ્નો બોલ ટેકનિક" નો ઉપયોગ કરવામાં આવ્યો.

આ મુલાકાત પદ્ધતિ દ્વારા પત્રકારો જે ભદ્ર વર્ગમાંથી આવે છે. સમાજમાં તેમનું અદકેરું સ્થાન છે, તેઓ ગુજરાતી સમાજ વિશે શું જાણે છે ? અને સમાજને કેવીરીતે સમજે છે ? એ સમજ મેળવવાનો પ્રયાસ અભ્યાસ કરવામાં આવ્યો છે.

આ રીતે માહિતી એકત્રીકરણ પછી કોડબુક બનાવીને દરેક પ્રશ્નાવલિની માહિતીનું કોડશીટમાં કોડીગ કરીને પ્રાપ્ત થયેલી વિવિધ માહિતીના આધારે કોષ્ટકો તૈયાર કર્યા. કેટલીક આંકડાકીય માહિતીઓ પણ તારવી. તેવી જ રીતે મુલાકાત અનુસૂચિના આધારે પ્રાપ્ત થયેલી માહિતીના આધારે વિવિધ બાબતોનાં તારણો પ્રાપ્ત કર્યા.

આ રીતે પ્રશ્નાવલિ અને મુલાકાત પદ્ધતિ દ્વારા જે માહિતી પ્રાપ્ત થઈ તેના આધારે તેમજ અભ્યાસને સંબંધિત માહિતીને નીચેના પ્રકરણોમાં રજૂ કરવામાં આવી છે.

**પ્રકરણ : ૨ –** સંશોધન સાહિત્યની સમીક્ષા

**પ્રકરણ : ૩ –** ગુજરાતનું પત્રકારત્વ : એક સામાજિક અભ્યાસ

**પ્રકરણ : ૪ –** અમદાવાદના પત્રકારો : સામાજિક–આર્થિક પશ્ચાદ ભૂમિકા

**પ્રકરણ : ૫ –** અમદાવાદનું પત્રકારત્વ (સમાજશાસ્ત્રીય વિશ્લેષણ)

**પ્રકરણ : ૬ –** આધુનિક અમદાવાદનુ વિશ્લેષણ

**પ્રકરણ : ૭ –** અભ્યાસનાં તારણો અને સુચનો

## (ઘ) <u>સંશોધનના અનુભવો :–</u>

સામાન્ય રીતે પત્રકારો એટલે માહિતી એકત્ર કરીને તેમના માધ્યમમાં રજૂ કરે તેને કહેવામાં આવે છે. જેઓ રોજબરોજ વિવિધ માહિતી મેળવીને રજૂ કરે છે તેમની પાસેથી અભ્યાસના ઉત્તરદાતાઓ તરીકે માહિતી મેળવવાની અને જેઓ વખતોવખત ઈન્ટરવ્યુઝ કરતા હોય તેમના ઈન્ટરવ્યુ લેવાની અભ્યાસમાં તક મળી. સંશોધક તરીકે મારો આ અનુભવ રોમહર્ષણ પેદા કરનારો રહ્યો.

ઉત્તરદાતાઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરવા માટે પ્રારંભમાં પ્રશ્નાવલિની ૩૦૦ નકલ કરાવીને સંબંધિત ઉત્તરદાતાઓને રૂબરૂ પહોંચાડી. માહિતી એકત્રીકરણની પ્રથમ દિવસે શરૂઆત કરી તે દિવસે ત્રણ પત્રકારોએ તો તેઓ જે ફીલ્ડનું રિપોર્ટિંગ કરતા હતા તે સ્થળે પાર્કિંગની જગ્યાએ વાહન ઉપર બેસીને બહુ થોડા સમયમાં પ્રશ્નાવલિની તમામ માહિતી પોતે જ ભરી આપી. પરંતુ, પહેલા દિવસના સુખદ અનુભવ જેવો અનુભવ દરેક પાસેથી ન થયો. એક ઉત્તરદાતા કે જેઓ પત્રકારત્વના શિક્ષણ કાર્ય સાથે પણ સંકળાયેલા છે તેમણે પીએચ.ડી. કાર્યો વિશે લગભગ એક કલાક વાતો કરી પરંતુ જયારે પ્રશ્નાવલિ ભરી આપવાની વાત કરી ત્યારે સમયનો અભાવ રજૂ કર્યો !

પત્રકારના કામના કલાકો નિશ્ચિત નથી હોતા તેવી જ રીતે ક્ષેત્રકાર્ય સાથે સંકળાયેલા હોઈ તેઓ તેમની સંસ્થામાં માત્ર અહેવાલ લેખન અર્થે આવતા હોય છે. દિવસભરની દોડધામ બાદ સમય માંગી લે તેવી પ્રશ્નોત્તરીમાં સમાવિષ્ટ પ્રશ્નોના ઉત્તર માટે તેઓ જયારે સમય નથી અથવા તો અન્ય કામ હોવાની કે ફીલ્ડમાં જવાનું હોવાની રજૂઆત કરતા હતા એ રજૂઆતોમાં સચ્ચાઈનો રણકો રહેતો. આથી ઘણા બધા ઉત્તરદાતાઓને એકથી વધુ વાર પ્રશ્નાવલિની નકલ આપીને માહિતી એકત્રિત કરવી પડી છે. ઘણાં કિસ્સામાં તો 'પ્રશ્નાવલિનું પત્રક ગુમ થઈ ગયું' – એ સામાન્ય સૂર રહ્યો હતો. તેમ છતાં ઘણાં પત્રકારોએ તેમની ભરચક કામગીરી વચ્ચે પણ સમય કાઢીને ઉત્તરો આપ્યા છે એ નોંધનીય છે. એક પત્રકારે તો રાતના દોઢ વાગે ઉત્તરો લખીને બીજા દિવસે સામેથી મને મળી જાય એવી વ્યવસ્થા પણ કરી હતી.

સંશોધન દરમિયાન મને એક પ્રસંગ ટાંકવાનું મન થાય છે. જયારે પ્રશ્નાવલિને પૂર્વ ચકાસણી કર્યા બાદ અંતિમ સ્વરૂપ આપ્યું તે પછી હું એક અખબારની કચેરીએ પત્રકારો પાસે પ્રશ્નાવલિ લઈને ગયો. એ સમયે અમદાવાદથી અન્ય એક અખબાર શરૂ થવાનું હતું. આથી, એ કચેરીના પત્રકારો એમ સમજયા કે નવા શરૂ થઈ રહેલા અખબાર દ્વારા 'વ્યવસ્થિત મોજણી' કરવા માટે જ હું તેમની પાસે પહોંચ્યો છું. જો શરૂઆતના તબક્કે જ આવી ગેરસમજ થાય તો સ્વાભાવિક છે સંશોધન કાર્ય પર અને તારણો પર તેની અવળી અસર પડે. આથી, એ સમયે મેં માહિતી એકત્ર કરવાની કામગીરી થોડો વખત બંધ કરી દીધી. જયારે પત્રકાર જગતમાં જે નવા અખબારની પ્રસિદ્ધિની વાત થતી હતી તે હકીકત બની એ પછી લગભગ દોઢ માસનો સમય વીત્યો પછી મેં પુનઃ ઉત્તરદાતાઓનો સંપર્ક કરીને માહિતી એકત્ર કરવાનું કામ હાથ ધર્યું. આમ, માહિતી એકત્રીકરણની કામગીરી શરૂ કરી એના પ્રારંભે જ આ કામગીરી સાડાચાર મહિના મુલત્વી રાખવી પડી હતી !

પત્રકારો તેમના ફીલ્ડમાંથી સમાચારો પ્રાપ્ત કર્યા પછી લગભગ સાત વાગ્યા પછી જ પોતાની સંસ્થા ઉપર પહોંચતા હતા. અને એ પછી પણ તેઓને સમયબદ્ધ રીતે સમાચારપત્રની કામગીરી સાથે સંકળાયેલા હોઈ રાત્રે જ મોકળાશ પામતા હતા. આથી, મોટાભાગના ઉત્તરદાતાઓ પાસેથી મોડી રાત્રે ૧૦ પછી જ માહિતી મેળવવાનો ઉપક્રમ ગોઠવ્યો હતો.

સંશોધક માટે આવી પરિસ્થિતિઓ આવતી જ હોય છે. મારી દૃષ્ટિએ આ કોઈ મુશ્કેલી નથી પરંતુ મને સૌથી વધુ મુશ્કેલી એ લાગી છે કે પત્રકારો પત્રકારત્વની આચારસંહિતાને અનુસરીને જયારે પોતાના સ્ત્રોત (Source)નું નામ કયારેય જાહેર કરતા નથી. એટલી ઈમાનદારી તેઓ વ્યવસાય હોવા છતાં ધરાવે છે. જે તે માહિતીને પ્રમાણભૂત રીતે ચકાસણી અવશ્ય કરે છે. આ તેમના વ્યવસાયનો વણલખ્યો સિદ્ધાંત હોય છે. તેમ છતાં મારા સંશોધન કાર્ય માટે અમદાવાદમાં વ્યાપક અનુભવ ધરાવતા કેટલાંક પત્રકારોએ આ ક્ષેત્રની આધારભૂત માહિતી પૂરી પાડી શકે તેમ હોવા છતાં પ્રશ્નાવલિના ઉત્તરો આપવાની તૈયારી દર્શાવી ન

હતી. આ અનુભવ મારા માટે પીડાકારક રહ્યો. વરિષ્ટ પત્રકારોના ઈન્ટરવ્યુના અનુભવો ખૂબ જ સારા રહ્યા છે. એકબાજુ રિપોર્ટર્સની મીટિંગમાં તેમને ખાસ લેખો તૈયાર કરવા માટે બેઠક બોલાવી હોય. પહેલા પાને મુખ્ય હેડિંગ કયા સમાચારનું કરવું એનો નિર્ણય લેવાનો હોય કે તંત્રીલેખનો વિષય કયો રાખવો એ પ્રશ્ન હોય તેમ છતાં સમય ફાળવવાની કોઈ કરકસર સિવાય 'ઈનડેપ્થ ઈન્ટરવ્યુઝ' તેમણે આપ્યા છે. આમ સંશોધન દરમિયાન થયેલા મારા અનુભવો ચિરસ્મરણીય છે.

## (ચ) <u>સંશોધન અભ્યાસનું મહત્વ</u>

'વ્યવસાયનું સમાજશાસ્ત્ર' એ સમાજશાસ્ત્રમાં હજુ ઓછો ખેડાયેલો વિષય છે એમાં પણ તબીબો–નર્સો, શિક્ષકોના વ્યવસાય સંબંધિત અભ્યાસો થયા છે. પરંતુ પત્રકારત્વ, અને તેની સાથે અતૂટ જોડાયેલા પત્રકારોના સમાજજીવન, તેમના સામાજિકીકરણની પત્રકારત્વ પર અસર અને નાના પાયા પરથી વિશાળ પાયા પર એક સમૂહ માધ્યમના પ્રતિનિધિ તરીકે સમાજમાં બનતી વિવિધ ઘટનાઓ કેવી રીતે પ્રતિબિંબિત થાય છે. એ બાબતે પ્રકાશ પાડતા અભ્યાસો હજુ થયા નથી. આ સંદર્ભે મારો અભ્યાસ વિષય તદ્દન અલગ અને સંશોધન ક્ષેત્રમાં આગવો કહી શકાય તેવો અભ્યાસ છે એમ કહેવું ઉચિત ગણાશે. સમૂહ માધ્યમો આપણને સીધી ખબર ન પડે તેવી રીતે અસર નિપજાવે છે. આમ છતાં તેના મૂળમાં રહેલા પત્રકારો વિશે, તેમના વ્યવસાય સંબંધિત બાબતો વિશે સંશોધન ઓછું થયું છે. આ બાબતને મુખ્ય હાર્દરૂપ લઈને અભ્યાસ હાથ ધર્યો છે મારી દૃષ્ટિએ આ મહત્વનું લક્ષણ છે.

સંશોધન અભ્યાસમાં આંતરવિદ્યાકીય અભિગમ અપનાવીને માત્ર સમાજશાસ્ત્ર જ નહીં પરંતુ ઈતિહાસને પણ સાંકળ્યો છે. મનોવિજ્ઞાન કહે છે કે વ્યકિતનું વર્તન સમજવા માટે તેનું બાળપણ તપાસવું પડે. તેવી જ રીતે સમાજમાં બનતી વિવિધ સમસામયિક ઘટનાઓના મૂલ્યાંકન માટે સમાજવિજ્ઞાનને ઈતિહાસ તપાસવું પડે. આ અભ્યાસમાં સમાજશાસ્ત્ર, ઈતિહાસ અને પત્રકારત્વ એમ ત્રણેય વિષય પર સંશોધન દૃષ્ટિ રાખી છે. ત્રિવેણી સંગમ સમાન આ ત્રણેય વિષયોના સહઅભ્યાસનો પ્રયાસ મારી દૃષ્ટિએ અગત્યનો છે.

આ અભ્યાસ દ્વારા પત્રકારોના સામાજિક–આર્થિક પશ્ચાદભૂની માહિતી પ્રાપ્ત કરીને પત્રકારોના વિશિષ્ટ પાસાં ઉપસાવવાનો સ્તુત્ય અભ્યાસ ઉપયોગી બની રહેશે એવી શ્રદ્ધા છે.

અગાઉ વર્ણવ્યા મુજબ આ શોધ નિબંધ એક રીતે પીએચ.ડી.ના અન્ય અભ્યાસોની સરખામણીએ નવો છે. આ વિષયના પ્રારંભિક સંશોધનનો નાનકડો પ્રયાસ આ વિષયને આનુષંગિક સંશોધનો પ્રયોજવા માટે નવ સંશોધકો માટે ઉપયોગી પુરવાર થશે.

## (છ) <u>સંશોધન અભ્યાસની મર્યાદા</u>

પ્રસ્તુત અભ્યાસ વ્યવસાયિકો સાથે સંકળાયેલો છે. પરંતુ વ્યવસાયિકો તેમના વ્યવસાયના કારણે સમય ખેચેંલો હોય છે. આથી શિક્ષકો, નર્સોના વ્યવસાયિક અભ્યાસોમાં મોટા નિર્દેશ મળી શકે તેવી સુખદ સ્થિતિ આ અભ્યાસમાં નથી. નિમ્ન નિદર્શની સમસ્યા અભ્યાસ શોધની એક મર્યાદા ગણાવી શકાય. આ ઉપરાંત અભ્યાસમાં વ્યવસાયિકો – (ઉત્તરદાતાઓ)ને સામેલ કરવાના છે તેમને ઠીક ઠીક પ્રમાણમાં કહી શકાય તેવો અનુભવ પત્રકારત્વના ક્ષેત્રમાં હોય. એની પાછળ અભ્યાસમાં તેમની પાસેથી અનુભવજન્ય માહિતી વિસ્તૃત પ્રમાણમાં મેળવીને એક સ્પષ્ટ ચિત્ર ઉપસાવવાનો શોધનિબંધ પાછળનો હેતુ જળવાય રહે એ રહ્યો હતો. જેના પરિણામે ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવામાં મુશ્કેલી પડી છે.

આ અભ્યાસમાં ઉત્તરદાતાઓનું નિદર્શ સમાજશાસ્ત્રીય શોધ નિબંધોમાં જે રીતે હોય છે તેટલું મળી શકયું નથી. જો કે તેની સાથો સાથ આ એક નાના પાયા પરનો અભ્યાસ હોવાથી અને યુનિવર્સિટી શિક્ષણ સાથે સંકળાયેલો અભ્યાસ હોવાથી સમય–મર્યાદાને લક્ષમાં લેતા વધુ સમય ફાળવવો યોગ્ય ગણાય નહી આથી ઓછા નિદર્શ છતાં પણ એમાં એવી બાબત પ્રશ્નાવલીમાં મૂકવામાં આવી હતી કે જેના આધારે સમગ્ર ગુજરાતના પત્રકારત્વ સાથે સંકળાયેલા વ્યવસાયિકોનું સમાજશાસ્ત્રીય દ્રષ્ટિએ સંશોધન કરી શકાય અને સમગ્ર સામાન્યીકરણ તારવી શકાય.

પત્રકારત્વના વ્યવસાયમાં અન્ય વ્યવસાયિકો જેવા કે તબીબ, નર્સ, શિક્ષકોની જેમ મોટી સંખ્યા મળી શકે નહી, કારણ કે આ વ્યવસાયિકોની સરખાણીએ પત્રકારત્વના

વ્યવસાયિકોની સંખ્યા ખૂબ જ ઓછી છે. આથી પણ અભ્યાસ અર્થે બહુ મોટું નિદર્શ કે જે સામાન્ય રીતે અન્ય વ્યવસાયિકોમાં સરળતાથી મળી શકે છે એવું નિર્દેશ મને પ્રાપ્ત થવું મુશ્કેલ હતું. આ બાબત પણ મારા અભ્યાસની મર્યાદા બની છે એમ હું દર્શાવી શકું છું.

ટૂંકમાં અભ્યાસમાં મોટા નિદર્શની ગેરહાજરી, વ્યવસાયિકોની ઓછી સંખ્યા અને અભ્યાસ નિબંધ નિશ્ચિત સમય મર્યાદામાં રજૂ કરવા જેવા કારણોને મારા અભ્યાસની મર્યાદા લેખાવી શકાય.

**પ્રકરણ – ૨**

## સંશોધન સાહિત્યની સમીક્ષા

### પ્રસ્તાવના

સમાજશાસ્ત્રમાં સામાન્ય સમાજશાસ્ત્ર ઉપરાંત સમાજશાસ્ત્રની વિવિધ શાખાઓ જેવી કે, ધર્મનું સમાજશાસ્ત્ર, ઔધોગિક સમાજશાસ્ત્ર, કુટુંબનું સમાજશાસ્ત્ર, પર્યાવરણનું સમાજશાસ્ત્ર, શિક્ષણનું સમાજશાસ્ત્ર વગેરે વિકસ્યાં છે. વ્યવસાયને આનુષંગિક જે અભ્યાસો થયા છે તેને વ્યવસાયના સમાજશાસ્ત્રમાં સમાવવામાં આવે છે. આ મુજબ જોઈએ તો વ્યવસાયનું સમાજશાસ્ત્ર અભ્યાસનું એક આગવું ક્ષેત્ર છે. અલબત્ત, આ ક્ષેત્રે નહીવત સંશોધન ખેડાણ થયું છે. છતાંય વર્તમાન યુગમાં જયારે વ્યવસાયિકતાનો પ્રભાવ દરેક સ્તરે વિસ્તરી રહ્યો છે. ત્યારે "વ્યવસાયના સમાજશાસ્ત્ર" સંશોધન થકી અલગ ઓળખ પ્રસ્થાપિત કરવાના પ્રયાસો સાથે વિકાસકૂચ કરી રહ્યું છે. એ ધ્યાનમાં લેતા આપણે સૌ પ્રથમ વ્યવસાય (Profession કે Occupation) વિશે સમજ મેળવીએ.

પ્રસ્તુત અભ્યાસ વ્યવસાયનું સમાજશાસ્ત્ર (Sociology of Profession) સાથે સંકળાયેલો છે. વ્યવસાય પત્રકારત્વનો છે. આ સંદર્ભે વ્યવસાયની સ્પષ્ટ સમજ સૈદ્ધાંતિક દ્રષ્ટિએ મેળવવી જરૂરી છે. પત્રકારત્વ એ વ્યવસાય ખરો પણ તેની એક ઉજળી બાજુ એ પણ છે કે વ્યવસાયની સાથે તેમાં સેવા સમાયેલી છે. આ મુજબ પત્રકારત્વને સેવાકીય વ્યવસાય તરીકે ગણાવી શકાય. જી. ડંકન A New Dictionary of Sociology : Page-148 માં વર્ણવે છે કે સમાજનાં મૂળભૂત મૂલ્યો માટે ઉચ્ચતમ રીતે યોગ્ય હોય તેવા વ્યવસાયની શરતો સેવાકીય વ્યવસાયનો નિર્દેશ કરે છે. સમાજની વિવિધ સમસ્યાને યોગ્ય રીતે સમજી તેના નિરાકરણ અર્થે સુચારુ ભૂમિકા ભજવવાનો પ્રયાસ સેવાકીય વ્યવસ્થાનો હોય છે. જી. ડંકન આ રીતે વ્યવસાય અને સેવાકીય વ્યવસાયની સ્પષ્ટતા તેમના પુસ્તકમાં આપે છે. તેમણે આપેલી વ્યાખ્યા મુજબ

પત્રકારત્વના વ્યવસાયને સેવાકીય વ્યવસાયની શ્રેણીમાં મૂકી શકાય, કારણ કે પત્રકારત્વ સમાજની વિવિધ ઉકેલ માગતા કોયડા સમાન સમસ્યાઓના નિર્મૂલન અર્થે કાર્યરત હોય છે. અન્ય સેવાકીય વ્યવસાયોની સરખામણીએ પત્રકારત્વ વધુ ઉપયોગી અને પરિણામલક્ષી કામગીરી કરે છે. આમ, પત્રકારત્વ વધુ ઉપયોગી અને પરિણામલક્ષી કામગીરી કરે છે. આમ, પત્રકારત્વ એ એવો સેવાકીય વ્યવસાય છે જેમાં સમાજનું ઈષ્ટ શેમાં છે એની ભાવના સંકળાયેલી છે. આ વ્યવસાય સમાજમાં એક જાગ્રત સંત્રી તરીકેની ભૂમિકા ભજવે છે એમ કહી શકાય.

વિલિયમ પી. સ્કોટ વ્યવસાયનું સમાજશાસ્ત્રની પરિભાષા આપતાં કહે છે કે વ્યવસાય કે વ્યવસાયિકતાની સર્વગ્રાહી સમીક્ષા અર્થે સમાજશાસ્ત્રના સિદ્ધાંતો પ્રયોજવામાં આવે તેને વ્યવસાયનું સમાજશાસ્ત્ર કહેવાય. વધુમાં તેઓ કહે છે કે વ્યવસાયની વિવિધ ઢબોએ વ્યવસાયના સમાજશાસ્ત્રના સંશોધનનો એક મહત્વનો ભાગ છે.

આ અભ્યાસ પત્રકારોની વ્યવસાયિક ભૂમિકાનો અભ્યાસ છે. તે જોતાં દરજ્જો અને ભૂમિકાના સમાજશાસ્ત્રીય ખ્યાલ પૈકી ભૂમિકા સંબંધના સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોની ચર્ચા કરવી જરૂરી બને છે. સમાજશાસ્ત્રમાં ભૂમિકા સંબંધે થયેલા વિશિષ્ટ પાસાંઓની સૈદ્ધાંતિક ચર્ચા અન્ય પ્રકરણમાં કરવામાં આવી છે. જેથી અત્રે એ પુનરાવર્તન દોષ ટાળું છું.

પત્રકારો વ્યવસાયિક છે તે મુજબ તેમનો અભ્યાસ વ્યવસાયના સમાજશાસ્ત્રનો એક ભાગ છે. તદુપરાંત વ્યવસાયની દ્રષ્ટિએ પત્રકારત્વને જોઈએ તો આજની ૨૧મી સદીમાં પત્રકારત્વના વ્યવસાયને પ્રોફેશન (Occupation) કહેવામાં આવે છે. તે પ્રમાણે આ વિષય પ્રોફેશનના સમાજશાસ્ત્રનો નો પણ ભાગ છે એમ કહી શકાય.

અગાઉ આપણે જોયું કે પત્રકારત્વ સેવાકીય વ્યવસાય તો છે જ પરંતુ તેની સાથે તે વિશિષ્ટ પ્રકારનો પણ વ્યવસાય છે. સમાજશાસ્ત્રમાં વ્યવસાયના સમાજશાસ્ત્રની જે આગવી પેટા શાખા વિકસેલી છે તેમાં એ.એમ.કાર – સૌંડર્સ અને પી.એ. વિલ્સન તેમના શાસ્ત્રીય અભ્યાસ નિબંધ (૧૯૩૩) માં એમ દર્શાવે છે કે વિશિષ્ટ વ્યવસાયની ચોક્કસ લાક્ષણિકતાઓ

હોય છે. અને અન્ય વ્યવસાયોમાં પણ ઘણેભાગે આ જ બાબત સીધી કે આડકતરી નિષ્પન્ન થતી જોઈ શકાય છે. સમાજશાસ્ત્રની એક પેટાશાખા તરીકે વ્યવસાયના સમાજશાસ્ત્ર બાબતે આ સમાજવિજ્ઞાનીઓએ સર્વપ્રથમવાર નિબંધ લખ્યો હતો. આ અભ્યાસ સમાજશાસ્ત્રની આગવી પેટાશાખા વ્યવસાયના સમાજશાસ્ત્રની શરૂઆત દર્શાવતો અભ્યાસ છે એમ કહી શકાય.

સમાજશાસ્ત્રી મોરીસ કોગને કેટલાંક અભ્યાસોના આધારે વ્યવસાય બાબતે એવું તારણ આપ્યું હતું કે વ્યવસાય એટલે "કારકિર્દી". જેનો મહાવરો વિદ્વત્તા ઉપરાંત વિજ્ઞાનના સૈદ્ધાંતિક માળખાની સમજ અને કુશળતા હેઠળના મહાવરાની શોધ. આ સમજ અને કુશળતાને માનવી પોતાના જીવન ઉપયોગી વ્યવહારમાં મૂકે છે.

જોફરી મિલરસન "પ્રોફેશન" સંબંધેના વિવિધ લેખકોએ દર્શાવેલા મંતવ્યોના આધારે નીચે મુજબ પ્રોફેશન અંગે તારણો દર્શાવે છે :

(૧) વ્યવસાય એ કુશળતા પર આધારિત વ્યવહારુ જ્ઞાન સાથે સંકળાયેલો છે.

(૨) કુશળતા માટે શિક્ષણ અને તાલીમ જરૂરી છે.

(૩) વ્યવસાયિકે સ્પર્ધામાં હંમેશાં સારો દેખાવ કરવો અનિવાર્ય છે.

(૪) વ્યવસાયિક આદર્શોને વળગી રહીને સમાજમાં ઐકય જાળવવું જોઈએ.

(૫) સેવાઓ વ્યકિતગત ઉપરાંત સમાજ માટેની પણ છે.

(૬) વ્યવસાય એ સુયોજિત છે.

આ તારણો બાદ તેઓ નોંધે છે કે ઘણા એવા વ્યવસાયો છે જેમાં માત્ર આર્થિક ઉપાર્જનનો ખ્યાલ હોતો નથી. તેઓ વળતર જરૂર મેળવે છે પરંતુ, વળતરની સાથે સેવાનો ખ્યાલ જોડાયેલો હોય છે. જેમાં સમાજસેવક, તબીબ, નર્સ ઉપરાંત પત્રકારનો પણ એક વ્યવસાય તરીકે સમાવેશ થઈ શકે. આમ, પત્રકારત્વ એ સેવા સાથે સંકળાયેલો વિશિષ્ટ વ્યવસાય ગણાવી શકાય.

આ વિષય વ્યવસાય સાથે સીધી નિસ્બત ધરાવતો હોવાથી વ્યવસાયના સમાજશાસ્ત્રનો ભાગ છે. આથી અભ્યાસ સમાજશાસ્ત્રની વિવિધ પેટાશાખાઓ સાથે સંકળાયેલો છે દર્શાવવા તેને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય :

(૧) વ્યવસાય (Occupation) નું સમાજશાસ્ત્ર

(૨) વિશિષ્ટ પ્રકારના વ્યવસાય (Profession)નું સમાજશાસ્ત્ર

જહોન ગુટેનબર્ગે ફરતા ટાઈપની શોધ કરીને વૈશ્વિક ક્રાંતિ સર્જી. ગુટેનબર્ગના આ આવિષ્કારને પરિણામે દુનિયામાં ઝડપભેર બદલાવ આવ્યો. જાણીતા સમાજશાસ્ત્રી ડો.વિદ્યુત જોષીએ 'સામાજિક સંશોધન' વિષય પરના તેમના સમાજશાસ્ત્ર પરિષદ આયોજિત વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે રેનેસાં પછીના આ સમયગાળામાં સંશોધન પાછળનો મૂળ અર્થ પેદા થયો. જગતમાં જે કંઈ બને છે તેનાં કારણો જાણી શકાય છે એવું 'રેશનાલિઝમ' પેદા થયું. અને એના પરિણામે સામાજિક વિજ્ઞાનનો જન્મ થયો. જગતમાં જે કાંઈ ઘટના બને તે બુદ્ધિથી–તર્કથી જાણી શકાય – પ્રમાણિત કરી શકાય એ સિદ્ધ કરતો વૈજ્ઞાનિક સિદ્ધાંત અસ્તિત્વમાં આવ્યો. એ મુજબ પત્રકારત્વ ભલે સમાજશાસ્ત્રથી તદ્દન અલાયદું ક્ષેત્ર હોય પણ તેમાં ઓતપ્રોત થયેલી વ્યકિત તો સમાજની છે. અને તેને સમાજ સાથે સીધી નિસ્બત છે. આ મુજબ પત્રકારત્વ સાથે સંકળાયેલા વ્યવસાયિકો પણ સમાજશાસ્ત્રના અભ્યાસનો વિષય છે.

"ધ રાઈઝ ઓફ પ્રોફેશનાલિઝમ" નામના એક લેખમાં એમ.એલ.લાર્સન એવું નોંધે છે કે વ્યવસાયિક કાર્ય શરતો માત્ર સામાન્ય વિચારધારા જ નહીં પરંતુ વ્યકિતત્વનો વિકાસ કરે છે. વ્યવસાયિકનો સત્તા અને અધિકારિતાનો ભાવ ફકત તેના વિશિષ્ટ જ્ઞાન વાસ્તવિક પ્રભુત્વથી જ માત્ર નહીં પરંતુ આંતરવૈયકિતક સંબંધો સાથે પણ સંબંધ ધરાવે છે. આજે તો વ્યકિતગત વ્યવસાયિક સેવાને સામાજિક પરિસ્થિતિઓના એક વૈચારિક ઈલાજ રૂપે કાર્યરત બનાવી શકાય એવો દ્રઢ વિશ્વાસ સમાજશાસ્ત્ર ધરાવે છે. પત્રકારત્વના વ્યવસાયમાં જુદાં જુદાં જે વ્યવસાયિકો કાર્યરત છે તેમનું સમાજજીવન, સમાજમાં તેમનું સ્થાન, સમાજ અને તેમની વચ્ચેનું પરસ્પરાવલંબન અથવા એકબીજા સાથેનો સંબંધ સ્પષ્ટ કરવા માટે તથા આ

વ્યવસાયિકો કેવી રીતે વિકસિત થાય છે, તેમની ભૂમિકા પત્રકારત્વના વ્યવસાયના સંદર્ભમાં કેવા પ્રકારની છે ? ભારત જેવા વૈવિધ્ય વિશાળતા ધરાવતા દેશમાં જ્ઞાતિ, ધર્મ, શિક્ષણની આ વ્યવસાયિકો ઉપર કેવી અસર પડે છે તો સાથોસાથ વ્યવસાયને કારણે સમાજમાં તેમની છાપ કેવી છે એનો તાગ મેળવવાના પ્રયાસો અનેક સમાજશાસ્ત્રીઓએ કર્યા છે. પશ્ચિમના સંશોધકોએ વ્યવસાય અને સમાજશાસ્ત્રને સાંકળતા સંશોધન અભ્યાસો કર્યા છે. અગાઉ ચર્ચા કરી હતી તે મુજબ સમાજશાસ્ત્રની દૃષ્ટિએ સમાજશાસ્ત્રીય ખ્યાલો જેવા કે દરજ્જો અને ભૂમિકા મહત્વના છે. આ બાબતને ધ્યાનમાં લઈને પત્રકારો સમાજની કોઈ ઘટના પરત્વે કેવો અભિગમ ધરાવે છે અને તેને પોતાના વ્યવસાયિક માધ્યમમાં કેવી રીતે રજૂ કરે છે. સમાજમાં તેની કેવી અસર નિપજે છે તે તપાસવાનો પ્રયાસ પ્રસ્તુત અભ્યાસમાં કર્યો છે. અર્થાત પત્રકારત્વના વ્યવસાયને કેન્દ્રમાં રાખીને સમાજશાસ્ત્રીય અભિગમથી મૂલવણી કરવામાં આવી છે. અમેરિકન સમાજશાસ્ત્રમાં વ્યવસાયના સમાજશાસ્ત્રને લગતા ઘણા અભ્યાસો થયા છે. જેમાં કેપ્લો–૧૯૫૭, હોલ–૧૯૬૯, અને મોન્ટાગ્ના–૧૯૭૭ના અભ્યાસો નોંધપાત્ર છે.

સમાજશાસ્ત્રી કેપ્લોએ "વ્યવસાયના સમાજશાસ્ત્ર"ના મુદ્દાઓની જે ચર્ચા કરી છે તે આ મુજબ દર્શાવી શકાય :

- ક. વ્યવસાયિક સંસ્થાઓ
- ખ. વ્યવસાયિક વિચારસણીઓ
- ગ. મજૂર બજારનું સમાજશાસ્ત્ર
- ઘ. વ્યવસાય અને કુટુંબ
- ચ. સ્ત્રીઓના વ્યવસાયો
- છ. વ્યવસાયિક દરજ્જાનું માપન

ભારતમાં સમાજશાસ્ત્રની જુદી જુદી શાખાઓના તબક્કાવાર થઈ રહેલા વિકાસને લક્ષમાં લઈને કેવા પ્રકારના સંશોધનો થયા છે તેની સમીક્ષા દર્શાવવાનો અને એ દ્વારા હજુ કેવા સંશોધનોની જરૂરિયાત છે એ તરફ અંગુલીનિર્દેશ કરવાનો પ્રયાસ ઈન્ડિયન કાઉન્સિલ

ઓફ સોશિયલ સાયન્સ રિસર્ચ (આઈસીએસએસઆર) દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં ડો.શર્માએ (૧૯૭૯ : ૨૫૩ : ૩૨૬) પ્રોફેશનના સમાજશાસ્ત્રને લગતા લેખોની ચર્ચા કરી છે. આ સમીક્ષા લેખમાં ૩૦૦ ઉપરાંત પ્રકાશિત અને અપ્રકાશિત લેખો કે જે પ્રોફેશનને લગતા છે તેની નોંધ કરી છે. જો કે તેમાં માત્ર જુદાં જુદાં સંશોધનોની ચર્ચા જ કરવામાં આવી છે. વિવિધ સંશોધન નિબંધો બાબતે વિગતવાર વર્ણન કે સારાંશ આપવામાં આવ્યો નથી. એની પાછળનું કારણ એવું દર્શાવી શકાય કે ભારતમાં સમાજશાસ્ત્રની જુદી જુદી શાખાઓમાં થયેલા અભ્યાસોની સમીક્ષા કરવાનો અને તે દ્વારા જે તે શાખામાં થયેલા વિકાસને ધ્યાનમાં લઈને હજુ આ શાખાઓના સંશોધનોમાં કેવી કચાશ રહી જાય છે તે શોધીને તે દૂર કરવાના ઉપાયો દર્શાવવાનો પ્રયાસ ICSSR (Indian Council of Social Science Research) દ્વારા કરવામાં આવ્યો છે.

તેવી જ રીતે ડી.ચેકી તેમના The Sociology of Contemporary India (P.159) માં વ્યવસાયના સમાજશાસ્ત્ર વિષય પરના અભ્યાસોની સમીક્ષા કરતાં લખે છે કે સમાજશાસ્ત્રની આ પેટાશાખામાં આ પ્રકારના અભ્યાસો પ્રાથમિક સ્તરે એકમલક્ષી અભ્યાસો છે. જેમાં મોટાભાગના અભ્યાસો ભારતના ગ્રામીણ વિસ્તારો પર કેન્દ્રસ્થ થયેલા છે. બહુ થોડા અભ્યાસો શહેરી વ્યવસાય ઉપર થયા છે. આ અભ્યાસો સેકન્ડરી ડેટાના ઉપયોગ સાથે થયેલા હોવાનું નોંધતા તેઓ ઉમેરે છે કે આ અભ્યાસોમાં વ્યવસાય જ્ઞાતિ વ્યવસ્થાને કઈ રીતે અસર કરે છે અથવા તો જ્ઞાતિ વ્યવસ્થા વ્યવસાયને કઈ રીતે અસર કરે છે તે બાબત વિવિધ સંશોધનોમાં વારંવાર જોવા મળે છે, ઉદાહરણ તરીકે જોઈએ તો –

¤ ભારતમાં જ્ઞાતિ વ્યવસ્થા કેવી રીતે ઉદ્દભવી ?

¤ જ્ઞાતિ વ્યવસાયનું માળખું વ્યવસાયના સંદર્ભમાં કેટલું સજ્જડ છે ?

આવી બાબત સંશોધનોમાં વધારે જોવા મળે છે. જો કે તેઓ ભારતીય સમાજની જ્ઞાતિ વ્યવસ્થા અને યુરોપીયન સમાજ વચ્ચેનો એક તુલનાત્મક અભ્યાસ થયો હોવાનું નોંધે છે.

Sociology Journal of Abstract and Review માં સુશ્રી રંજના રાઘવચારીના

પીએચ.ડી. થીસીસ "Conflicts and Adjustments of Nurses"ની નોંધ કરવામાં આવી છે. આ અભ્યાસમાં સંશોધકે વ્યવસાયના સ્થળે અન્ય પુરુષકર્મીઓના વ્યવહારના સંબંધે સંશોધન પર વિશેષ રસ દર્શાવ્યો છે. વ્યવસાયના સમાજશાસ્ત્રની વિગતો ચકાસી હોય તેમ થીસીસના સારાંશમાં જણાતું નથી.

ગુજરાત યુનિવર્સિટીના સંશોધક વિદ્યાર્થીઓએ નર્સોને લગતા અભ્યાસો કર્યા છે. જેમાં કાપડિયાએ અમદાવાદની પરિચારિકાઓનો અભ્યાસ (૧૯૬૪) કોન્ટ્રાકટરનો નડિયાદ શહેરની પરિચારિકાઓનો અભ્યાસ (૧૯૬૬), કાપડિયાનો અમદાવાદની નર્સો (૧૯૬૯) નો અભ્યાસ અને ત્રિવેદીએ વ્યવસાયી સ્ત્રીઓની બેવડી ભૂમિકાના સંદર્ભમાં સિવિલ હોસ્પિટલમાં નોકરી કરતી મહિલાઓને લગતો અભ્યાસ કર્યો છે. સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રા.સારિકાબેન દવેનો 'અમદાવાદના આયુર્વેદિક ડોકટર, ને લગતો (૧૯૯૭) અભ્યાસ છે. આ અભ્યાસોમાં તબીબી સમાજશાસ્ત્રના કેન્દ્રસ્થાને સંશોધન થયું છે. સમાજશાસ્ત્રીય ખ્યાલો અને સિદ્ધાંતોનો ઉપયોગ કરીને સમાજશાસ્ત્રીય રીતે તબીબી ક્ષેત્રનો અભ્યાસ છે.

કોઈપણ પ્રદેશનો ઈતિહાસ એ મહામુલો દસ્તાવેજ ગણાય પત્રકારત્વનો ઈતિહાસ પણ એ દ્દષ્ટિએ ઉપયોગી છે. ડૉ.રતન માર્શલે ૧૯૫૪માં ગુજરાતી ભાષામાં પત્રકારત્વનો વિષય લઈને સૌ પ્રથમવાર પીએચ.ડી. કક્ષાનું સંશોધન કર્યુ હતું.એ જ રીતે યાસીન દલાલે સૌરાષ્ટના અખબારો પર ૧૯૮૧માં સંશોધન કર્યુ હતું.

પીએચ.ડી. કક્ષાના સંશોધનની વાત કરીએ તો ડૉ.પ્રીતીબેન શાહે સમૂહ માધ્યમો અને સાહિત્ય વિષય પર અને ડૉ.વિનોદ જોષીએ રેડીયો નાટક ઉપર મહાનિબંધ લખ્યો છે.

પત્રકારત્વના શિક્ષણ સાથે સંકળાયેલા પ્રા.કે.ઈ.ઈપને થોડાં વર્ષો પહેલા પત્રકારત્વનું શિક્ષણ મેળવતા વિધાર્થીઓ પર કરેલા સંશોધન અંગેનો તા.૧૫ જુલાઈ ૨૦૦૭ના રોજ હિન્દુ અંગ્રેજી દૈનિક માં તેમનો લેખ પ્રસિધ્ધ થયો છે.આ લેખમાં સંશોધન તારણો રજુ કરતાં તેમણે દર્શાવ્યું છે કે આ વિધાર્થીઓએ લખવાની ફાવટ હોવાથી નોકરીમાં સંતોષ અને સર્જનાત્મક કામ કરવાનો આનંદ પત્રકારત્વમાં મળે છે, આ ઉપરાંત પત્રકારત્વ ક્ષેત્રની મોહિની અને જાહેર જીવનની મોટી

વ્યકિતઓ સાથે રહી શકાય, સંબધ કેળવી શકાય છે.એ લાલચ સાથે આ ક્ષેત્ર પસંદ કર્યુ છે.

પ્રા.ઈપનનું આ સંશોધન પત્રકારત્વક્ષેત્રમાં શિક્ષણ મેળવી રહેલા વિદ્યાર્થીકેન્દ્રી છે.પરતું પત્રકારત્વક્ષેત્રમાં પણ સંશોધનનું પ્રમાણ ઓછું છે ત્યારે આ સંશોધનની નોંધ લેવી જોઈએ એ આશયથી તેનો ઉલ્લેખ કર્યા છે.

ઉપર્યુકત સંદર્ભ સાહિત્યની સમીક્ષામાં વ્યવસાયનાં સમાજશાસ્ત્રને લગતા અભ્યાસ નથી. 'વ્યવસાયનું સમાજશાસ્ત્ર' વિષય પર અભ્યાસ કરવો હોય તો કયા દ્દષ્ટિબિંદુથી કેવા ચોક્કસ મુદ્દાઓ ઉપર અભ્યાસ કરવો જોઈએ તેનું માર્ગદર્શન મળે છે. સંશોધન સાહિત્યની સમીક્ષાનો હેતુ અભ્યાસના વિષયને મદદરૂપ થવાનો અને વધુ ગહન અભ્યાસ થઈ શકે તે માટે છે. ઉપરાંત જે અભ્યાસો પ્રાપ્ત થયા છે તેની વિગતો તરફ ધ્યાન આપીને સંશોધન અભ્યાસને વધુ સ્પષ્ટતા તરફ લઈ જવાનો છે.

પશ્ચિમના દેશોમાં અને આપણા દેશમાં 'વ્યવસાયનું સમાજશાસ્ત્ર' કેટલું વિકસ્યું છે તેની માહિતી રજૂ કરવા સંશોધન સાહિત્યની સમીક્ષા કરી છે.

સમાજશાસ્ત્રના વિદ્યાર્થી માટે વિવિધ ભૂમિકાઓ ભજવનાર વ્યવસાયિકોનો અભ્યાસ કરવો જરૂરી છે. પરંતુ આ વિષયમાં સંશોધનોનું પ્રમાણ અતિ નિમ્ન સંખ્યામાં હોઈ સંશોધન સાહિત્યની સમીક્ષા થકી આ આખી બાબત પર વિશેષ દ્દષ્ટિ પડે તેવો પ્રયાસ કર્યો છે.

ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં છેલ્લા એક દાયકાથી પત્રકારત્વના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ થયા છે. પત્રકારત્વના વિદ્યાર્થીઓને અભ્યાસના ભાગરૂપે પત્રકારત્વ સંલગ્ન વિવિધ વિષયો પર શોધ નિબંધ રજૂ કરવાના હોય છે. આ અભ્યાસક્રમો પત્રકારત્વના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના છે પરંતુ જે શોધ નિબંધો રજૂ થયા છે તે અમદાવાદના પત્રકારત્વ અને સમાજજીવનને સંકળાયેલા હોઈ તેને તપાસવા જરૂરી ગણાય છે. આ રીતે ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના અનુસ્નાતક વિદ્યાર્થીઓ પૈકી ત્રણ શોધ નિબંધની નોંધ લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

હેની વિશ્વાસે "સ્ત્રી અત્યાચાર" અને ગુજરાતી પત્રકારત્વ" ( વર્ષ ૧૯૯૯–૨૦૦૦) શોધ નિબંધમાં એમ દર્શાવ્યું છે કે અમદાવાદના અખબારો સામાજિક સમસ્યાનો ભોગ બનેલી

સ્ત્રીની વેદના અહેવાલરૂપે પ્રસિદ્ધ કરે છે. પરંતુ અખબારો સમગ્ર ઘટનામાં બહુ ઊંડા ઊતરતા નથી. અને અહેવાલ લેખન પછી સમાચારનું ફોલોઅપ બહુ ઓછું જોવા મળે છે. તેઓ એવી પણ વાત નોંધે છે કે અનેક બંધનોને ફગાવીને આગળ વધતી 'આજની સ્ત્રી'નું પ્રતિબિંબ ગુજરાતી અખબારોમાં ઝીલાતું નથી. સ્ત્રીના સામાજિક આર્થિક સંઘર્ષ વિશે ઓછું સ્થાન મળે છે અને શહેરી શિક્ષિત મહિલાઓ–નોકરીયાત મહિલાઓની સરખામણીએ પ્રમાણમાં ઓછી શિક્ષિત એવી ગૃહિણીઓના પ્રશ્નો બાબતે અખબારો ઓછું લક્ષ આપે છે.

કિરણ કપૂરે " સ્ત્રી અત્યાચાર સંદર્ભે ગુજરાતી અખબારોની ભૂમિકા – વાચકની દૃષ્ટિએ" (અમદાવાદના અખબારોના સંદર્ભે) (ગુજરાત યુનિવર્સિટી વર્ષ ૨૦૦૫–૨૦૦૬) રજૂ કર્યો છે. જેમાં તેઓ તારવે છે કે અમદાવાદના અખબારોમાં સ્ત્રી અત્યાચારનું કવરેજ યોગ્ય રીતે થાય છે. જો કે ભાષા ઘણીવાર યોગ્ય હોતી નથી. અને મોટાભાગના કિસ્સામાં પત્રકારત્વની આદર્શ આચારસંહિતા બાજુએ મૂકીને ભોગ બનેલી સ્ત્રીની ઓળખ છતી થઈ જતી હોય છે. જેમણે તેમના અભ્યાસ તારણમાં અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીની ઓળખ જાહેર ન થાય તથા તેમના પુનર્વસન માટે અખબારો સમાજમાં જાગૃતિ ફેલાવે અને સ્ત્રીઓને કાયદાકીય માર્ગદર્શન પ્રાપ્ત થાય એવા સૂચનો દર્શાવ્યાં છે.

આ ઉપરાંત ઉમેશ સોલંકીએ 'ગુજરાતી અખબારોમાં જલચેતના' (ગુજરાત સમાચાર અમદાવાદ, અને ફૂલછાબ રાજકોટના સંદર્ભમાં) શોધ નિબંધમાં એમ દર્શાવ્યું છે કે બન્ને મોટા અખબારોમાં પાણીની હાલાકીના સમાચારો વધુ આવે છે. પાણી વ્યવસ્થાપનના સમાચાર ખૂબ ઓછા પ્રસિદ્ધ થાય છે. અખબારોમાં નિષ્ણાતોની કોલમનો અભાવ જોવા મળે છે. અખબારો વરસાદની આંકડાકીય માહિતીને ખૂબ પ્રાધાન્ય આપે છે. પાણી બચાવના કાર્યોને એટલું સ્થાન અહેવાલ કે લેખ રૂપે અપાતું નથી.

આ ઉપરાંત પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ 'ગુજરાત વિદ્યાપીઠના અનુસ્નાતકોએ કરેલા આ પ્રકારના અભ્યાસો પૈકી સુશીલા ચૌહાણે ગુજરાત સમાચારમાં આવતા સામાજિક સમસ્યાના સમાચારો : એક અધ્યયન' (વર્ષ ૨૦૦૪–૦૫) શોધ નિબંધમાં

એમ દર્શાવ્યું છે કે અમદાવાદના અખબારોને સામાજિક સમસ્યાના નિરાકરણમાં રસ નથી પરંતુ ફેલાવો વધે તેમાં રસ છે. આવા સમાચાર લેખનમાં લોકોને આકર્ષી શકે તેવી ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે. અખબારોની શૈલી વેપારી જેવી છે.

જ્યારે આ જ સંસ્થાના ખ્યાતિ પુરોહિતે 'અગ્રગણ્ય ગુજરાતી દૈનિકોમાં પ્રસિદ્ધ થતી એચ.આઈ.વી. એઈડ્ઝ અને સેક્સ વર્કર વિષયક – સમાચાર સામગ્રી એક અધ્યયન' – (વર્ષ ૨૦૦૪–૦૫)માં રાજયના અગ્રણી ગુજરાતી દૈનિકોની સમીક્ષા કરી છે. આ શોધ નિબંધમાં તેમણે દર્શાવ્યું છે કે એચ.આઈ.વી.એઈડ્ઝ અને સેકસ વર્કરના સમાચાર સનસનાટી સર્જવાના આશયથી અખબારો પ્રસિદ્ધ કરે છે. સમાચાર સામગ્રી જોઈએ તેટલી સામાજિક સંવેદના પેદા કરાવી શકતી નથી. આ પ્રકારના સમાચારો માટે નકારાત્મક દ્રષ્ટિ વધુ હોવાથી આ પરિસ્થિતિ જોવા મળે છે. સમાચાર વિષયક સામગ્રીમાં હકારાત્મક કરતાં નકારાત્મક વલણ વધુ જોવા મળે છે.

આમ પત્રકારત્વ ક્ષેત્રના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના શોધ નિબંધો પણ સંશોધન સાહિત્યની સમીક્ષા રૂપે રજૂ કર્યા છે. આની પાછળનો આશય પત્રકારત્વ અને ખાસ કરીને ગુજરાતી પત્રકારત્વમાં અમદાવાદને નિસ્બત છે તેવા અખબારોની ભૂમિકાના તાણાવાણા કેવા છે એ સ્પષ્ટ કરવાનો છે. ઉપરાંત હવે જે તે વ્યવસાયમાં જવા માટે તે વ્યવસાયનું શિક્ષણ જરૂરી બન્યું છે. ત્યારે શોધ નિબંધ રજૂ કરનાર વિદ્યાર્થીઓ આવતીકાલે પત્રકારો તરીકે સંભવ છે કે કાર્યરત થશે. આ દ્રષ્ટિએ તેમનું શોધકાર્ય અનુસ્નાતક શિક્ષણ સાથે જોડાયેલું હોવા છતાં તેના મહત્વને ધયાનમાં રાખીને સંશોધન સમીક્ષામાં તેને સ્થાન આપ્યું છે.

## પ્રકરણ – ૩

## ગુજરાતનું પત્રકારત્વ : એક સામાજિક અભ્યાસ

જયોર્જ બર્નાર્ડ શો ના કથન મુજબ "All Literature is Journalism" – જે કંઈ લખાય તે સઘળું પત્રકારત્વ એવી સાદી સમજ તેઓ આપે છે. પરંપરાગત વ્યાખ્યા મુજબ નવીન માહિતી એકત્ર કરવી, તેને લખવી, સંપાદિત કરવી અને પ્રસિદ્ધ કરવી તે પત્રકારત્વ ગણાય છે. એમ તો પરબ સામયિક (૧૯૮૦) ની નોંધ મુજબ ગુજરાત સમાચારના તંત્રીશ્રી શ્રેયાંસભાઈ શાહે એમ દર્શાવ્યું હતું કે પત્રકારત્વ અને સાહિત્ય વચ્ચેનો સબંધ સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે પત્રકારત્વ એટલે ઉતાવળે લખાયેલું સાહિત્ય. આમ, પત્રકારત્વ મૂળમાં કોઈ નવી જાણકારી, જ્ઞાન પૂરું પાડનાર એક માધ્યમ છે.

પત્રકારત્વ એ સમાજનો આયનો છે. સમાજની સારી નરસી બાજુઓને યથાતથ રજૂ કરીને સમાજને સ્વસ્થ રાખવાનું, સમાજની તંદુરસ્તી જાળવવાનું, લોકકલ્યાણનું કાર્ય, એ પત્રકારત્વની પાયાની ફરજ માનવામાં આવે છે. સમાજમાં વ્યાપ્ત વિવિધ નબળાઈઓને સાફ કરીને પત્રકારત્વ તેનો ધર્મ તેના અસ્તિત્વના પ્રારંભકાળથી જ બખૂબી નિભાવી રહ્યું છે. ઈ.સ.ની પહેલી સદીમાં રોમન સમ્રાટ જુલીયસ સીઝરે દૈનિક ઘટનાઓ (Acta Diurna)ના હસ્તલિખિત સમાચાર બુલેટીન જાહેર સ્થળોએ પ્રસિદ્ધ કરાવીને પત્રકારત્વનો પ્રારંભ કરાવ્યો હતો. એ પછી ક્રમશઃ પત્રકારત્વ સતત વિકસતું રહ્યું છે. અખબાર પ્રત્યાયનનું એક માધ્યમ છે. અખબારના જન્મ પહેલાં જયારે લેખિત ભાષાનો પ્રાદુર્ભાવ થયો ન હતો. ભાષાનો વિકાસ થયો ન હતો ત્યારે ચિત્રો, સંજ્ઞાઓ અને ઈંગીતો દ્રારા માહિતીની આપલે થતી હતી. એ દ્દષ્ટિએ પ્રત્યાયન એ માનવીના જીવનમાં ખૂબ જ ઉપયોગી રહ્યું છે. માનવીના જીવનમાં બંધિયારપણાને દૂર કરવા માટે તે ઉપયોગી રહ્યું છે એમ કહી શકાય. લભગભ પાંચ હજાર વર્ષ પહેલા બોલચાલની ભાષામાંથી લેખિત ભાષા વિકસી અને તેના વિકાસ પછી લેખન યુગ શરૂ થયો. એ સમયે ધાર્મિક જ્ઞાન અને રાજય આજ્ઞાઓ–હુકમોને સરળતાથી મળતા પરંતુ

ટકાઉ સાધન એવા પથ્થરો પર કોતરવામાં આવતી અને પછીના સમયમાં લખવામાં આવતા હતા. આપણે ત્યાં સમ્રાટ અશોકે કલિંગના યુદ્ધ પછી બૌદ્ધ ધર્મ અંગીકાર કરીને પોતાની નવી રાજ્ય આજ્ઞાઓને શિલાલેખોના માધ્યમથી પ્રજા સમક્ષ મૂકી હતી. આ ઉપરાંત લોકોને સૂચના આપવા માટે વિવિધ સંદેશાઓ મંદિર જેવા ધાર્મિક સ્થળોએ લેખિત કે ચિત્ર સ્વરૂપે પ્રદર્શિત કરાતા હતા. લેખનની ક્ષતિઓ નિવારવાના પ્રયાસો દરમિયાન ધીમે ધીમે મુદ્રણનો ઉદ્દભવ થયો. ચીનમાં બીબા અને કાગળની શોધ દ્વારા મુદ્રણ જગતનો આવિષ્કાર થયો. ઈ.સ.૧૪૫૦માં જહોન ગુટેનબર્ગે ફરતો ટાઈપ શોધ્યો. અને ઈ.સ.૧૪૭૬માં વિલિયમ કેક્સ્ટને ઈંગ્લેંડમાં પ્રથમ છાપખાનાનો પ્રારંભ કર્યો. ધાર્મિક પ્રચારના હેતુસર જન્મેલી અને વિકસેલી મુદ્રણકળા આજે તો સદીઓ જૂની થઈ ગઈ છે. પરંતુ નવું જાણવાની અને જાણેલું અન્ય લોકો સુધી પહોંચાડવાની મનોવૃત્તિના પરિણામે "સમાચાર" નું તત્વ જન્મ્યું અને સમાચાર જાણવાની તાલાવેલીમાંથી "સમાચાર પત્રો" – અખબારોનો જન્મ થયો. શિક્ષણનો પ્રસાર વધતાં પત્રકારત્વનું ક્ષેત્ર આજે વ્યાપક બન્યું છે. અખબારોની સામાન્ય માનવી ઉપર પ્રભાવક અસર થાય છે. જે આપણે સમાજમાં જોઈ શકીએ છીએ.

## ભારતીય પત્રકારત્વનો પ્રારંભ

આ અસર ભારતીય સમાજજીવન પર પણ ચોક્કસ પડી છે. ભારતનું પત્રકારત્વ અંગ્રેજી પત્રકારત્વને બાજુએ મૂકીએ તો પ્રજાની આકાંક્ષાઓ અને વિચારોનો પડઘો પાડતું રહ્યું હતું. જુલ્મી શાસન સામે પ્રજાને સંગઠિત કરવામાં અખબારોએ બહુ જ મોટી ભૂમિકા ભજવી છે. એમાં બેમત નથી. પ્રજાજીવનના શ્વાસ પત્રકારત્વએ ઝીલ્યા હતા. પ્રજાજીવન અને પત્રકારત્વનું ઘડતર એ બંને એમ કહી શકાય કે એક બીજાના સહારે ચાલ્યા હતા. ભારતીય સમાજજીવનને અસરકર્તા એવા ભારતીય પત્રકારત્વને નીચે મુજબ મુખ્ય તબક્કાઓમાં વહેંચી શકાય :

(૧) સ્વાતંત્ર્ય સંગ્રામ પૂર્વેનું પત્રકારત્વ

(૨) સ્વાતંત્ર્ય સંગ્રામની સાથે વિકસેલું રાષ્ટ્રવાદી પત્રકારત્વ

(૩) સ્વાતંત્ર્ય સંગ્રામ પછીનું પત્રકારત્વ

(૪) વર્તમાન સમયનું પત્રકારત્વ :

## સ્વાતંત્ર્ય સંગ્રામ પૂર્વેનું પત્રકારત્વ

ઉપર દર્શાવેલા વિવિધ તબક્કાઓ અનુસાર ભારતીય પત્રકારત્વ, ગુજરાતી પત્રકારત્વ અને અમદાવાદના પત્રકારત્વની ચર્ચા આગળ ઉપર આપણે કરીશું. ભારતીય પત્રકારત્વનો પ્રારંભ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પૂર્વે થયો હતો આ દૃષ્ટિએ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પૂર્વેનું પત્રકારત્વ એ ખૂબ જ અગત્યનું છે જેની ચર્ચા આપણે સૌપ્રથમ કરીશું.

જાણીતા પત્રકાર કાંતિ ભટ્ટ 'ગુજરાત દિપોત્સવી' (૧૯૯૭) અંકના તેમના લેખ 'ભારતીય પત્રકારત્વ' માં એમ દર્શાવે છે કે એક વાત સતત ઉલ્લેખાતી રહી છે કે ભારતમાં અંગ્રેજોએ પત્રકારત્વનો પ્રારંભ કરાવ્યો. જો કે આ વાત ખોટી છે એવા પ્રમાણો મળ્યાં છે ખરાં, પણ એ ઈતિહાસ નોંધ તરફ બહુ ઓછું ધ્યાન ગયું છે. હકીકત એ છે કે મોગલોના શાસનકાળમાં અખબારો વંચાતાં હતાં " મુન્ત ખાવત – અલ – લુબાબ " નામના એક ગ્રંથમાં મોગલ સૈનિકો અખબાર વાંચતા હતા એવો ઉલ્લેખ છે. જો કે ટાઈપથી છાપેલા સમાચારોની શરૂઆત ભારતમાં આવેલી ખ્રિસ્તી મિશનરીઓએ કરી હતી. ખ્રિસ્તી પાદરીએ ધર્મનો પ્રચાર કરવા આ મુદ્રિત માધ્યમનો ઉપયોગ કર્યો હતો. પરંતુ ભારતમાં ઈ.સ. ૧૭૬૭ માં વિલિયમ બોલ્ટસ નામના અંગ્રેજ સદગૃહસ્થે સ્વતંત્ર અખબાર શરૂ કરવાનો ઈરાદો જાહેર કર્યો હતો. પરંતુ તત્કાલીન અંગ્રેજ શાસકોએ આવી પરવાનગી નહી આપતા તેને દેશનિકાલની સજા કરી હતી.

## હિકી ગેઝેટ : ભારતનું પહેલું પત્ર

વર્તમાનપત્ર શરૂ કરવાનો વિલિયમ બોલ્ટસનો વિચાર તો મૂર્ત સ્વરૂપ પામી શકયો નહિ. પરંતુ વોરન હેસ્ટીગ્ઝ ( ઈ.સ.૧૭૭૨ – ૧૭૮૫ ) ના શાસનકાળ દરમિયાન જેમ્સ ઓગષ્ટ હિકીએ કંપની સરકારની સંમતિથી "બેંગાલ ગેઝેટ" (હિકી ગેઝેટ) નામે સાપ્તાહિક શરૂ કર્યું. તે પોતે જ નોંધે છે કે તેનો મુખ્ય આશય કંપનીના ગેરવહીવટ તથા તેના સર્વોચ્ચ અધિકારીઓ જેવા કે ગવર્નર જનરલ વોરન હેસ્ટીગ્ઝ, , સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયાધીશ સર ઈલીયાહ ઈમ્પે વગેરેના ગેરકૃત્યોને જાહેરમાં મૂકવાનો હતો. આ આશયને હિકીએ

અમલમાં મૂકયો એટલું જ નહી પરંતુ તેણે વોરન હેસ્ટીગ્ઝ, શ્રીમતી હેસ્ટીગ્ઝ, તેમના કુટુંબીજનો અને અન્ય અધિકારીઓ પર પણ પોતાના સાપ્તાહિકમાં અપ્રમાણિકતા અને લાંચ રૂશ્વતના આરોપો પ્રસિદ્ધ કર્યા હતા. જેના પરિણામે વોરન હેસ્ટીંગ્ઝે હિકી પર દાવો દાખલ કરીને ઈ.સ. ૧૭૮૨ માં તેને જેલમાં મોકલ્યો હતો. એ કારણે "બેંગાલ ગેઝેટ"નું પ્રકાશન બંધ થયું. આમ છતાં જયારે પણ ભારતીય પત્રકારત્વની વાત આવે ત્યારે હિકીને અખબારી અભિપ્રાય સ્વાતંત્ર્યના પ્રથમ લડવૈયા તરીકે સદૈવ યાદ કરવા પડશે.

હિકીના સાપ્તાહિકના અનુભવમાંથી બોધપાઠ લઈને અંગ્રેજ શાસકોએ "ચોથી જાગીર"ને અંકુશમાં રાખવાની તજવીજ હાથ ધરી હતી. જે અનુસાર જનરલ લોર્ડ વેલેસ્લીએ (૧૭૯૮ થી ૧૮૦૫) ઈ.સ.૧૭૯૯ માં ભારતના મુદ્રણાલયો અને અખબારો પર નિયંત્રણ મૂકતા કાયદાઓ કર્યા હતા. જે અનુસાર સરકારી અધિકારીની સંમતિ વગર કંઈપણ સમાચાર પ્રકાશિત કરવાની તથા યુરોપના યુધ્ધ વિશેના કોઈ સમાચાર પ્રકાશિત કરવાની બંદી ફરમાવવામાં આવી હતી. આ પ્રતિબંધ પાછળ કંપની સરકાર ભારતનું કોઈ રાજય (ખાસ તો ટીપુ સુલતાન) ફ્રાંસ સાથે ગુપ્ત સમજૂતી કરીને ભારતમાં અંગ્રેજી રાજયને પડકારી શકે એવી ભીતિ પણ હતી.

જો કે અત્રે એ બાબતનો ઉલ્લેખ કરવો ઘટે કે ઈ.સ.૧૮૧૮ માં જેમ્સ બંકીગહામે કેટલાક વેપારીઓએ સાથે મળીને શરૂ કરેલા "કલકત્તા ક્રોનિકલ"નું તંત્રી પદ સંભાળ્યું હતું. ભારતમાં તેણે પત્રકારત્વને પ્રજાભિમુખ બનાવ્યું હતું. પરંતુ શાસકોના રોષનો ભોગ તે પણ બન્યા હતા. એડવોકેટ જનરલે કરેલા બદનક્ષીના ફોજદારી કેસમાં તે જીત્યા તો ખરાં પરંતુ, આર્થિક રીતે પાયમાલ થઈ ગયા હતા. ઈ.સ.૧૮૨૩ માં તેમને દેશનિકાલ કરવામાં આવ્યો હતો. જવાહરલાલ નહેરુએ બકીગહામને ભારતમાં અખબારી સ્વાતંત્ર્યના પુરસ્કર્તા તરીકે બિરદાવ્યા છે. આમ, સ્વાતંત્ર્ય પૂર્વેના પત્રકારત્વની વાત માંડીએ ત્યારે આ બંને ગોરી ચામડીના મહામાનવોએ ભારતમાં પત્રકારત્વને પાંગરવાના કરેલા અથાગ પ્રયાસોની નોંધ લેવી પડે. અંગ્રેજ હોવા છતાં કંપની સરકાર સામે બગાવતનો બુંગિયો ફૂંકીને પત્રકારત્વની

પવિત્રતા જાળવી રાખવાના સિદ્ધાંતો ભારતીય પત્રકારત્વને આ રીતે તેની શરૂઆતના સમયથી જ મળતા રહ્યા છે.

## <u>સર્વપ્રથમ રાષ્ટ્રીય અખબારના પ્રણેતા : રાજા રામમોહન રાય</u>

ઈ.સ.૧૭૬૪ના બકસર યુદ્ધ અને ઈ.સ.૧૮૫૭ના પ્લાસીના યુદ્ધે ભારતીય રાજનીતિમાં પરિવર્તન સર્જર્યુ હતું. આ બે યુદ્ધોને પરિણામે બંગાળ અંગ્રેજોનું પ્રશાસનિક કેન્દ્ર બન્યું હતું. જેનું મહત્વનું પરિવર્તન એ રાજકીય અને પ્રશાસનિક એકીકરણના પરિવર્તનમાં દૃષ્ટિગોચર થાય છે. બંગાળમાં અંગ્રેજી કેળવણી પામેલો નવો મધ્યમવર્ગ અસ્તિત્વમાં આવ્યો. જે ભારતીય મૂલ્યોની સાથે સાથે પશ્ચિમી મૂલ્યો અને સભ્યતાની સાથે સંપર્કમાં આવ્યો. આથી પરંપરા અને પરિવર્તનનો સુમેળ સાધીને સમાજના કલ્યાણનો ખ્યાલ તેઓમાં વિકસ્યો અને પત્રોએ એને સાથ આપ્યો હતો.

રાજા રામમોહન રાય અને હેનરી વિવિયન ડેરેઝીયો (યંગ બંગાળ મૂવમેન્ટ)થી ભારતીય સમાજને તર્કની એરણે ચકાસવાની શરૂઆત કરી અને તેનું સૌથી મહત્વનું માધ્યમ હતું – "પત્રકારત્વ".

હિકી અને બકીંગહામના પત્રકારત્વમાંથી પ્રેરણા પામીને રાજા રામમોહન રાય ભારતમાં સર્વપ્રથમ રાષ્ટ્રીય અખબારની સ્થાપના કરી. એક રીતે તેમને ભારતીય પત્રકારત્વના સંસ્થાપક તરીકે ઓળખાવી શકાય. ' Pen is mightier than sword ' એ ઉકિતને વળગીને તેમણે સમાજ સુધારણાની જગાવેલી આહલેકમાં કલમનો યથાર્થ ઉપયોગ ઈ.સ.૧૯૨૧–૨૨ માં 'સંવાદ કૌમુદી' અખબારથી કર્યો. ભારતીય સમાજ સુધારાના જયોતિર્ધર રાજાએ ફારસીમાં <u>"મિરત–ઉલ–અખબાર"</u> અને અંગ્રેજીમાં 'બ્રાહ્મી નિકલ' સામયિક શરૂ કર્યુ હતું.

ભારતમાં સમાજ સુધારણાના અગ્રદૂત રાજા રામમોહન રાયે એ સમયના સતીપ્રથાના મહાદૂષણ સામે 'સંવાદ કૌમુદી'માં લેખો લખીને આ દૂષણ નાબૂદ કરવામાં અગ્રિમ ફાળો આપ્યો હતો. રાજા રામમોહન રાય વર્તમાન પત્રને સમાજ સુધારાનું પ્રબળ માધ્યમ બનાવીને ક્રાંતિના જનક બન્યા હતા.

ભારતીય પત્રકારત્વની સૌથી મોટી વિશેષતા એ રહી છે કે લગભગ તમામ આધુનિક સમાજ રાજકીય ચિંતકોએ પોતાના વિચારોને પ્રસરાવવા માટે વર્તમાન પત્રનો એક સબળ માધ્યમ તરીકે ઉપયોગ કર્યો. રાજા રામમોહન રાયે શરૂ કરેલા વર્તમાનપત્રનો સમાજ સુધારણાનો આશય ટોચ અગ્રતા ધરાવતો હતો. તેવી જ રીતે ભારતના વિવિધ પ્રદેશોમાં પણ આ જ રસ્તે સમાજ સુધારણા અર્થે પત્રકારત્વ ખીલ્યું હતું. સમાજમાં વ્યાપ્ત અંધશ્રદ્ધા, પાખંડ અને ધર્મના નામે ચાલતા ધતિંગો સામે લડીને પરિવર્તનના વાહક બનવાનું શ્રેય આ વર્તમાનપત્રોએ મેળવ્યું હતું. એ પછીના ગાળામાં આ અખબારોએ સમાજ સુધારણાના મિશનની સાથે સ્વાતંત્ર્ય પ્રાપ્તિના મિશનને સામેલ કરીને એક શાસક સામે અને બીજી સમાજની તદ્દન ગેરવાજબી પરંપરાઓ સામે – એમ બેવડી લડત ચલાવી હતી. તેના ફળસ્વરૂપે ભારતીય જનસમૂહ પર ધારી અસર પડી હતી. ભારતીય પત્રકારત્વની શરૂઆતથી જ વિશેષતા એ રહી છે કે લગભગ તમામ આધુનિક સમાજ રાજકીય ચિંતકોએ પોતાના રાજકીય ચિંતનની સાથે પોતાના સ્વપ્નનાં ભારતને પ્રજા સમક્ષ પત્રકારત્વના માધ્યમથી મૂક્યું હતું.

ગુજરાતી વિશ્વકોશમાં દર્શાવેલી વિગતો અનુસાર જોઈએ તો રાજા રામમોહન રાયે શરૂ કરેલા અભિયાનમાં સાથ આપવા માટે ૧૮૩૧થી ૧૮૩૩ના સમયગાળામાં ૩૩ અંગ્રેજી વર્તમાનપત્રો અને ૧૬ બંગાળી સામયિકો પ્રગટ થતાં હતાં. જેમાં દ્વારકાનાથ ટાગોરનું "બેંગોલ હેરલ્ડ" (અંગ્રેજી) તથા બંગદૂત (બંગાળી), અને ૧૮૫૩માં ગિરીશચંદ્ર ઘોષે શરૂ કરેલું "હિન્દુ પેટ્રીએટ" નોંધનીય છે. હિન્દુ પેટ્રીએટ પછીથી પ્રસિદ્ધ સમાજ સુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે સંભાળ્યું હતું. ૧૮૭૧ માં કેશવચંદ્ર સેને "ઈન્ડિયન મિરર"નું સંપાદક પદ શોભાવ્યું હતું. આમ, બંગાળમાં સામાજિક સુધારણા, રાજકીય જાગૃતિ સાથે પત્રકારત્વ પાંગરતું રહ્યું. જેની અસર દેશના વિવિધ પ્રદેશોમાં ક્રમશઃ પહોંચતી ગઈ અને સામાજિક સુધારણા અને રાજકીય ચિંતનની સહિયારી વાત ખેડાતી ગઈ.

૧૮૫૭માં અંગ્રેજી શાસન સામેના સૌપ્રથમ જંગને અંગ્રેજ માલિકીના પત્રોએ 'સિપાઈઓના બળવા' તરીકે પ્રચાર કર્યો હતો. જયારે અન્ય પત્રોએ આ મહાન ઘટનાના ઐતિહાસિક મૂલ્યની લગભગ નોંધ લીધી ન હતી એમ કહીએ તો ખોટું નથી. ૧૮૫૭ના પ્રથમ જંગને ભારતીય પત્રકારત્વે યોગ્ય સ્થાન આપ્યું ન હતું એ હકીકત છે.

૧૮૫૭ના વિપ્લવ દરમિયાન અંગ્રેજ માલિકીનાં પત્રોએ ઝેરી પ્રચાર કર્યો હતો. જયારે અન્ય પત્રોએ આ મહાન ઘટનાનું ઐતિહાસિક મૂલ્ય લગભગ અવગણ્યું હતું. ૧૯મી સદીની શરૂઆતમાં એંગ્લો–ઈન્ડીયન અખબારો તથા તંત્રીઓનો ઘણો પ્રભાવ રહ્યો. કલકત્તામાં "ધી ઈગ્લિશમેન" અને સ્ટેટસમેન", મુંબઈમાં "ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા" મદ્રાસ ટાઈમ્સ" અને "મદ્રાસ મેઈલ", લાહોરમાં "ધ પાયોનિયર" વૃત્તપત્રો આમાં મુખ્ય હતા. એંગ્લો ઈન્ડિયન પત્રકારત્વને "ધ સ્ટેટસમેન" (૧૮૫૭)ના રોબર્ટ નાઈટે (Robert Knight) આગળ વધાર્યુ હતું. રુડયાર્ડ કિપ્લીગ ૧૮૮૩માં "ધ સિવિલ એન્ડ મિલિટરી ગેઝેટ"નો સહાયક તંત્રી બન્યો. ત્યારબાદ તે "પાયોનિયર"માં જોડાયો હતો. બંગાળના ભાગલા લોર્ડ કર્ઝને પાડયા એની સામે ઉગ્ર રાષ્ટ્રવાદી પત્રકારત્વ નીપજયું એમ કહી શકાય. સુરેન્દ્રનાથ બેનરજીના "બેંગોલી" એ તેમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ ઉપરાંત બિપીનચંદ્ર પાલના "ન્યુ ઈન્ડિયા" અને "વંદે માતરમ" અને ઈ.સ.૧૯૨૨માં મૃણાલકાન્ત ઘોષ, પ્રફુલકુમાર સરકાર અને સુરેશચંદ્ર મજમુદારે શરૂ કરેલ "અમૃત બજાર પત્રિકા"ને યાદ કરી શકાય. તેવી જ રીતે "યુગાન્તર" અને "બસુમતી" સહિતના પત્રોને પણ આ સમયે નોંધવા જોઈએ. આ બધા પત્રોના પત્રકારોએ પત્રકારત્વને લોકોમાં લોકપ્રિય બનાવ્યું હતું.

હિંદી ભાષાનું પત્રકારત્વ જોઈએ તો સર્વપ્રથમ દૈનિક ઈ.સ.૧૮૫૪માં શરૂ થયું હતું. સ્વાતંત્ર્ય પૂર્વેના ગાળામાં બનારસમાંથી ઈ.સ.૧૯૨૦માં શરૂ થયેલું "આજ" ડો. રાજેન્દ્રપ્રસાદ દ્વારા શરૂ થયેલું સાપ્તાહિક "દેશ"નો પણ સમાવેશ એમાં થઈ શકે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના પત્રોમાં "હિંદુસ્તાન", "પંજાબ કેસરી", "નવભારત ટાઈમ્સ", "જનસત્તા", "દૈનિક સહારા", "દૈનિક ભાસ્કર" વગેરે ઉલ્લેખનીય છે. હિંદી પત્રકારત્વે ફેલાવા ઉપરાંત

ગુણવત્તાની દ્દષ્ટિએ કાઠું કાઢીને ઝડપી વિકાસ સાધ્યો છે.

ઉર્દૂ પત્રકારત્વનો પ્રારંભ ઈ.સ.૧૮૫૨ માં થયો હતો. જેને ઈ.સ.૧૯૨૨માં મૌલાના અબુલ કલામ આઝાદે "અલ–હિલાલે" દ્વારા નવો જ આયામ આપ્યો હતો. ઈ.સ.૧૯૨૩માં આર્યસમાજ દ્વારા લાહોરમાંથી "મિલાપ" તથા અન્ય માલિકો દ્વારા શરૂ થયેલા "પ્રતાપ"ની ગણના મોખરાના પત્રોમાં થતી હતી. ઈ.સ.૧૯૨૩ માં દિલ્હીમાંથી સ્વામી શ્રદ્ધાનંદે "તેજ" શરૂ કર્યું હતું. આજે પણ આંધ્રપ્રદેશ, જમ્મુ–કાશ્મીર, ઉત્તરપ્રદેશ, બિહાર , મહારાષ્ટ્ર વગેરે રાજયોમાંથી ઉર્દૂ વર્તમાનપત્રો પ્રસિદ્ધ થઈ રહયાં છે.

મરાઠી ભાષાના પત્રકારત્વે રાજકીય સ્વાતંત્ર્યની સાથે સાથે સમાજ સુધારણા પરત્વે ઘણો મોટો ફાળો આપ્યો છે. ઈ.સ.૧૮૮૧ માં શરૂ થયેલા લોકમાન્ય તિલકના "કેસરી" તથા "મરાઠા" (અંગ્રેજી) એ મોખરાનું સ્થાન ધરાવતા હતા. લાલશાસ્ત્રી જાબેંકર કે જે મરાઠી પત્રકારત્વના પિતામહ ગણાય છે તેમણે ઈ.સ.૧૯૩૨માં "બોમ્બે દર્પણ" માસિક શરૂ કર્યું હતું. જે પાછળથી સાપ્તાહિક બન્યું હતું. એ.આર. કોલહાટકરના "સંદેશ" કે.પી.ખાંડેલકરના "લોકમાન્ય" અને "નવાકાળ" સદાનંદના "નવશકિત" એન.બી. પારૂલકરના "સકાલ" અને પાછળથી શરૂ કરાયેલા પત્રો – "મહારાષ્ટ્ર ટાઈમ્સ", "લોકસત્તા" વગેરેએ મહત્વનું પ્રદાન મરાઠી પત્રકારત્વમાં કર્યું છે. મરાઠી પત્રકારત્વને વિકસાવવામાં જી.જી. આદરકર, એસ.એમ. પરાંજપે, એન.સી. કેળકર, મામા વરેરકર, આચાર્ય અત્રે, એલ.બી. ભોપટકર, જી.ટી. મધોલકર, વી.એમ. સાઠે, ગડકરી વગેરેનું પ્રદાન નોંધપાત્ર છે.

દક્ષિણ ભારતમાં કેરળનું "મલયાળમ મનોરમા" સૌથી વધુ ફેલાવો ધરાવતું ભારતીય ભાષાનું દૈનિક છે. ઈ.સ.૧૯૮૦માં દેશી રાજય ત્રાવણકોરના કોટ્ટાયમમાં તે શરૂ કરાયું હતું. ઈ.સ.૧૯૨૩માં કાલિકટમાંથી શરૂ કરાયેલ "માતૃભૂમિ" અસહકારની લડતના વાહક તથા કોંગ્રેસના મુખપત્ર તરીકે શરૂ કરાયું હતું. આ બે પછી ત્રીજા નંબરે "કેરળ કૌમુદી" આવે છે. ઈ.સ.૧૮૪૩માં મેંગલોરમાંથી શરૂ થયેલ "મેંગ–લૂરા સમાચાર" સર્વપ્રથમ પત્ર હતું. તેનો

ઉદ્દેશ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાનો હતો. મિશનરીઓ દ્વારા પ્રગટ થયું હતું ઈ.સ.૧૮૫૯માં તે વખતના મૈસુરના મહારાજાના આશ્રયે "માયસુર વૃતાંત બોધિની" શરૂ કરાયું હતું. એમ.વેંકટકૃષ્ણૈયાએ ઈ.સ.૧૮૮૫માં "વૃતાંતચિંતામણિ" શરૂ કર્યું હતું. જેઓ કર્ણાટકમાં કન્નડ ભાષાના આધુનિક પત્રકારત્વના પિતા ગણાય છે.

છેક ૧૯૧૪માં મહિલાઓએ પત્રકારત્વના ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું. જેમાં ટી.સંજીવમ્મા તથા તિરૂમલામ્મા (૧૯૧૬)નાં નામો ઉલ્લેખનીય છે. "પ્રજાવાણી" અને તેનું ભગિની પત્ર "ડેક્કન હેરલ્ડ" લોકપ્રિયતામાં અત્યારે મોખરે છે. "પ્રજાબંધુ" તથા "ગુજરાત સમાચાર"(અમદાવાદ)ના તંત્રી ઈન્દ્રવદન બળવંતરાય ઠાકોરે બેંગ્લોરમાં કાયમી વસવાટ કર્યો તે પછી "ડેક્કન હેરલ્ડ"માં ઉચ્ચ પદે જોડાઈ તેના વિકાસમાં ખૂબ મોટો ફાળો આપ્યો હતો એ ઉલ્લેખનીય છે.

આંધ્રપ્રદેશમાં તેલુગુ ભાષાના પત્રકારત્વે પણ સ્વાતંત્ર્ય પૂર્વે અને તે પછી ઘણું નામ કાઢયું છે. ૧૮૧૫ માં બેલ્લારીથી શરૂ કરાયેલ "સત્યદૂત" તેલુગુનું પ્રથમ પત્ર (માસિક) હતું. એનો ઉદ્દેશ ભગવાન ઈસુનો સંદેશ ફેલાવવાનો હતો. ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે શરૂ થયેલા પત્રોના પ્રતિકાર માટે વૈદિક ધર્મનો પ્રચાર કરનારાં પત્રો પણ આ અરસામાં શરૂ થયા હતાં. ૧૮૬૪માં વેદ સમાજ દ્વારા શરૂ કરાયેલ "તથ્યબોધિની" આવું એક પત્ર હતું. તેમાં ઋગ્વેદના શ્લોકો તથા તેનું તેલુગુ ભાષાંતર પ્રગટ કરાતું હતું.

વીરાસલિતગમ પન્ટુલુ તેલુગુ પત્રકારત્વના પિતા લેખાય છે. ૧૮૯૫ અને તે પછી તેમણે વિવિધ પ્રકારના પત્રો શરૂ કર્યા હતાં.

૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના થઈ તે પછી "આંધ્ર પ્રકાશિકા" નામનું સમાચાર સાપ્તાહિક એ.પી.પાર્થસારથી નાયડુએ શરૂ કર્યું હતું. ૧૯૫૩માં આંધ્રપ્રદેશ રાજયની રચના પછી તેલુગુ પત્રકારત્વ ખૂબ વિકસ્યું છે. જો કે એ પહેલાં ૧૯૪૭માં રામોજી રાવે હૈદરાબાદમાં "ઈનાડુ" શરૂ કરીને નવો ઈતિહાસ સર્જયો હતો.

તમિળ ભાષાના પત્રકારત્વનો વિકાસ પ્રમાણમાં મંદ રહ્યો છે. સર્વપ્રથમ તમિળ સામયિક "તમિળ પત્રિકા" ૧૮૩૧માં શરૂ કરાયું હતું. શરૂઆતનાં પત્રો ધાર્મિક અને બિનરાજકીય હતાં. ૧૮૮૨માં "સ્વદેશમિત્રન"ના આરંભ સાથે સાચા અર્થમાં તમિળ પત્રકારત્વના શ્રીગણેશ થયા. જી.સુબ્રમણ્યમ ઐયરે સાપ્તાહિક શરૂ કર્યું હતું. મહાન કવિ સુબ્રમણ્યમ ભારતીએ તેના દ્વારા પત્રકારત્વમાં પ્રવેશ કર્યો હતો. ૧૯૩૪માં એકસપ્રેસ જૂથના "દિનમણિ"ના પ્રકાશન સાથે તમિળ પત્રકારત્વમાં એક વીજળીક સંચાર થયો. તેના તંત્રી ટી.એસ.ચોકલિંગમ અને સહતંત્રી એ.એન. શિવરામન તમિળ પત્રકારત્વના ભીષ્મ પિતામહ ગણાય છે.

૧૯૪૨માં એ.બી. આદિત્યને "દિન થાંતિ" (Dina Thanti) નામનું દૈનિક અર્ધશિક્ષિત અને નીચલા વર્ગના વાચકો માટે શરૂ કર્યું. મદ્રાસ રાજયમાં દ્રવિડ કળગમ અનેદ્રવિડ મુનેત્ર કળગમ જેવા પક્ષોની સ્થાપના પછી આદિત્યન કોંગ્રેસ છોડી તેમાં જોડાયા અને તેમણે આ પત્રને સાવ સામાન્ય માણસ સુધી પહોંચાડી પત્રકારત્વને નવો વળાંક આપતો ઈતિહાસ સર્જ્યો. આજે તેનો ફેલાવો સૌથી વધુ છે. બીજા નંબરે "દિનમણિ" આવે છે. ત્રીજા નંબરે "દિનમિલાર" આવે છે જે ૧૯૫૧માં શરૂ થયું હતું. એસ.એસ. વાસને રાજયમાં સામયિકોના પ્રકાશન ક્ષેત્રે "આનંદનિકેતન" (૧૯૨૪) દ્વારા નવો યુગ શરૂ કર્યો. એના તંત્રી આર.કૃષ્ણમૂર્તિએ પછી પોતાનું સાપ્તાહિક "કલ્કિ" શરૂ કર્યું. તેનો ફેલાવો અત્યારે સૌથી વધુ છે. ચો. રામાસ્વામીનું "તઘલખ" ખૂબ લોકપ્રિય બન્યું છે.

## ગુજરાતી પત્રકારત્વનો ઉદ્દભવ અને વિકાસયાત્રા

"ધી બોમ્બે કુરિયર" નામના અંગ્રેજી અખબારમાં ૨૮ જાન્યુઆરી, ૧૭૯૭ના અંકમાં પહેલવહેલી વાર ગુજરાતી ભાષામાં જાહેરખબર માટે ગુજરાતી બીબાં બનાવનાર જીજીભાઈ બહેરામજી છાપગર (૧૭૫૪–૧૮૦૪) "ધી બોમ્બે કુરિયર"માં કમ્પોઝિટર, પ્રિન્ટર અને અંગ્રેજી બીબાં પાડવાનું કામ કરતા હતા. અત્યારની ગુજરાતી મુદ્રાઓના આદિ સ્વરૂપને આકાર આપનાર જીજીભાઈ હતા. જીજીભાઈએ તેનાં ગુજરાતી બીબાંનો ઉપયોગ

પયગંબર જરથુસ્તનાં જીવનચરિત્રનું પુસ્તક છાપીને કર્યો, આજે એ પુસ્તક અપ્રાપ્ય છે. ત્યારપછી, ૧૮૧૨માં ફરદુનજી મર્જબાને ગુજરાતી છાપખાનું મુંબઈના ફોર્ટ વિસ્તારમાં સ્થાપીને, પહેલું ગુજરાતી છાપખાનું શરૂ કર્યુ અને ત્યાંથી જ ગુજરાતી અખબારનો પણ પ્રારંભ થયો.

ફરદુનજી મર્જબાનનો જન્મ ઈ.સ.૧૭૮૭માં સુરતના કણપીઠ વિસ્તારમાં થયો હતો. ત્યાં તેમણે પારસી ભાષાનું જ્ઞાન મેળવ્યા પછી ૧૨ વર્ષની વયે (ઈ..૧૭૯૯)મુંબઈ નાસી ગયા; અને ફરી પાછા ફર્યા. ૧૮૦૫માં એ મુંબઈ ગયા ત્યારે ત્યાં કાયમી નિવાસ કર્યો. ત્યાં કદમી પંથના વડા દસ્તુર મુલ્લાં ફિરોઝ બીન મુલ્લાં પાસે અરબી, ફારસી અને જરથોસ્તી ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. બુક બાઈન્ડિંગનું કામ પણ કર્યું. તેને માટે ૧૮૦૮માં દુકાન શરૂ કરી, તેમાં કંઈ કામ ન મળતાં દેશી સિપાહીઓની ટોપી માટે ખોખાં પૂરા પાડવાનો વ્યવસાય કર્યો. ત્યાર પછી અનેક ગામોમાં પોતાના આડતિયાઓ રાખીને ટપાલ વ્યવહાર શરૂ કર્યો. એ વ્યવસાય બહુ સારો ચાલ્યો. આ વર્ષોમાં તેમની મૈત્રી જીજીભાઈ સાથે થઈ. જીજીભાઈ "ધી બોમ્બે કુરિયર" માં ગુજરાતી જાહેરખબર મુદ્રિત કરવાનું કામ કરતા હતા. ફરદુનજીએ તેમની સાથે પ્રિન્ટિંગ પ્રેસ નાંખ્યું અને જાતે ગુજરાતી ટાઈપોનો એક સેટ લોઢા પર કોતર્યો, પોતે જ ત્રાંબાની તકતીઓ ઠોકી પોતે જ તેને સીસામાં ઉતારી ટાઈપો પાડયા. આ કામમાં તેને જીવણજી લુહારની પણ મદદ મળી. ૧૮૧૨માં શરૂ કરેલાં આ છાપખાનામાં ફરદુનજીએ ૧૮૧૪માં વિક્રમ સંવત ૧૮૭૧નું પંચાંગ પ્રકાશિત કર્યું. ૧૮૧૫ માં "ફારસી દબેસ્તાન" નો ગુજરાતી અનુવાદ પુસ્તકરૂપે છાપ્યો. એ જ વર્ષે "ખોરદેહ અવેસ્તા"નું પુસ્તક પણ બહાર પાડયું. આ પછી ફરદુનજીને ગુજરાતી અખબારનો વિચાર સુઝયો. પ્રાદેશિક ભાષામાં વર્તમાનપત્રનાં પ્રકાશનનો એ સાહસિક વિચાર હતો. ત્યાંના તત્કાલીન ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલફિન્સ્ટને આ વિચારને ટેકો આપ્યો. ફરદુનજીએ અખબારી સામગ્રીની સગવડો માટે કલકત્તાથી અંગ્રેજી, ફારસી, મરાઠી ભાષાનાં બીબાં પણ મંગાવ્યાં અને ૧૦ જૂન, ૧૮૨૨માં "મદેહનજર" બહાર પાડી. તેમાં પ્રકાશિત થનારા સાપ્તાહિક "શેરી મુમબઈના સમાચાર"માં

કઈ કઈ સામગ્રી અપાશે તેનો વિગતે ઉલ્લેખ હતો. ઉપરાંત તેનું લવાજમ અને ગવર્નરનો આભાર વ્યક્ત કરતી વિગતો પણ હતી.

**પહેલું ગુજરાતી પત્ર : "શેરી મુમબઈના સમાચાર"**

ગુજરાતી ભાષાના પહેલાં પત્રનો પ્રારંભ ઉત્સાહજનક હતો. શરૂઆતમાં જ ૧૫૦ ગ્રાહકો નોંધાયા. સરકારે ૧૨૦૦ રૂપિયાની સહાય કરી. ફરદુનજી પોતે પત્રના તંત્રી બન્યા અને જુલાઈ, ૧૮૨૨ના દિવસે "શેરી મુમબઈના સમાચાર" (આજનું મુંબઈ સમાચાર)નો પહેલો અંક બહાર પડયો.

શરૂઆતમાં આ પત્ર સાપ્તાહિક હતું. દર સોમવારે પ્રગટ થતાં આ પત્રમાં પાંચથી છ પાનાં રહેતાં, તેમાં મુખ્યત્વે વ્યાપાર અને થોડાક સમાચારો, મૃત્યુનોંધ, કવિતાઓ વગેરે સામગ્રી પણ રહેતી હતી. ૩ જાન્યુઆરી, ૧૮૩૨થી એ દૈનિક બન્યું અને તેનું કદ એક પાનાનું રાખવામાં આવ્યું. ૧૮૩૩માં ફરી તે સપ્તાહમાં બે દિવસ જ પ્રકાશિત થવા માંડયું. ૧૮૫૫થી તેણે ફરી દૈનિકનું સ્વરૂપ લીધું, ત્યાર પછી તે અખબાર તરીકે ચાલુ રહ્યું છે અને આજે પણ તેનું પ્રકાશન ચાલુ છે.

ફરદુનજી મર્જબાન પછી તહેમુલજી રૂસ્તમજી મિરઝા તંત્રીપદે આવ્યા. બે વર્ષ પછી તેમનું ક્ષયરોગથી અવસાન થતાં કાવસજી હોરમસજી મામાએ એ પદ સંભાળ્યું. તંત્રીઓની પરંપરામાં મોટા ભાગે પારસી સદગૃહસ્થો હતા, પણ જનાર્દન વાસુદેવ (મુંબઈની વડી અદાલતના પહેલા હિન્દી ન્યાયમૂર્તિ) અને વિનાયક વાસુદેવ પણ બિનપારસી તંત્રીઓ તરીકે કામ સંભાળી ચૂકયા હતા. "મુંબઈ સમાચાર"ને વ્યાપારી વર્ગનું માનીતું બનાવવાનું કાર્ય મેહરજી પાલણજી માદને કર્યું. ૧૮૯૮માં એ "મુંબઈ સમાચાર"ના તંત્રી હતા. ૧૯૩૦માં આ પત્ર મહાત્મા ગાંધીજીની નીતિને ટેકો આપીને સ્વતંત્રતાની લડતમાં સક્રિય બનવા માંડયું હતું, ત્યારે તેમના તંત્રી સોરાબજી કાપડિયાને કેદની સજા થઈ હતી.

૧૮૩૨ની ૧૨મી માર્ચે મુંબઈમાંથી સર જમશેદજી જીજીભાઈના પ્રયત્નોથી "શ્રી મુમબઈના જામે જમશેદ" સાપ્તાહિકની શરૂઆત થઈ. તેના તંત્રી પેસ્તનજી માણેકજી

મોતીવાળા હતા. ચાર પાનાંનું આ સાપ્તાહિક ૧૮૩૮થી અર્ધસાપ્તાહિક થયું અને ૧ ઓગષ્ટ, ૧૮૫૩ થી દૈનિક તરીકે બહાર પડવા માંડયું. એકવીસ વર્ષના ગાળામાં આ પત્રે પારસી સમાજની સમસ્યાઓ પર વધુ ધ્યાન આપ્યું. જરથોસ્તી ધર્મ સામેના ઈસાઈ હુમલાઓનો વળતો જવાબ આ પત્રે નવરોજી ફરદુનજી અને એદલજી દોરાબજી સંજાણાની સહાયથી મજબૂત રીતે આપ્યો. સાવંતવાડી રાજય અને તેને લગતી વિગતો છાપવાથી તે સરકારી નજરમાં પણ આવી ગયેલું. એ જ અરસામાં ૧૩ જૂન, ૧૮૫૭થી સરકારે દેશી વૃત્તપત્રો પર અંકુશ રાખવા જે કાનૂન અમલમાં મૂકયો, તેનો ભોગ "જામે જમશેદ" બન્યું. ૧૫ મે, ૧૮૫૮ના અંકમાં ઉપર્યુકત ઘટનાના સમાચાર છાપતાં સરકારે તેનો પ્રકાશન પરવાનો પાછો લઈ લીધો, પરંતુ ઘટતો ખુલાસો કરવામાં આવતાં ત્રણ દિવસ પછી "જામે જમશેદ" ફરી પ્રગટ થવા માંડયું. પછી સત્તર વર્ષીય કેખુશરૂ તંત્રી બન્યા, પરંતુ ઝાઝો સમય એ ટકી શકયા નહીં. કેમ કે જામે જમશેદની નીતિ સમાજના રૂઢિ પૂજકો તરફી હતી. કેખુશરૂની કરસનદાસ મૂળજી સાથેની મૈત્રી પછી ૧૮૬૨માં તે "રાસ્ત ગોફતાર"માં જોડાઈ ગયા. જામે જમશેદ પણ રતન રૂસ્તમજી માર્શલના શબ્દોમાં "પારસી ગુજરાતીનું ઝંડાધારી રહ્યું છે." તેણે પારસી કોમમાં અદ્યતન સુધારો થાય તે માટે ઝનૂની જંગ ખેલ્યા છે. ગુજરાતી પત્રકારત્વના ઉદ્દભવ અને વિકાસનો યશ પારસીઓને ફાળે જાય છે.

મુંબઈમાંથી આ ગાળામાં ૧૮૩૫ થી ૧૮૮૮ સુધીમાં પ્રગટ થયેલા અન્ય પત્રોમાં મુમબઈનું દૂરબીન (તા.૧૫ ડીસેમ્બર'૧૮૩૭), શ્રી મુમબઈ વરતમાન (૧૮૪૪), વ્યાપારપત્ર (૧૮૪૬) જ્ઞાન પ્રકાશ (૧૮૪૭) નો સમાવેશ થાય છે. પણ આ એકપણ વધુ સમય ટકી શકયા નહિ.

આ ગાળામાં ગુજરાતમાં પણ વિવિધ કુરિવાજો સામે લોકોમાં અસંતોષ ફેલાયો હતો. આ સમયમાં સ્થપાયેલી માનવધર્મ સભા, કેળવણીના પ્રચારવાંચ્છુ ફોર્બસની પ્રેરણાથી ૧૮૪૮માં "ગુજરાત વર્નાકયુલર સોસાયટી"ની સ્થાપના થઈ. આ સંસ્થા દ્વારા ૧૮૪૯માં "વરતમાન"નો પ્રારંભ થયો. કવિ નાનાલાલે નોંધેલી માહિતી પ્રમાણે ઈ.સ.૧૮૪૫ના

અરસામાં બાજીભાઈ અમીચંદ અમદાવાદમાં પહેલવહેલું શિલા છાપખાનું લઈ આવ્યા અને તેમાં "વરતમાન" છાપવું શરૂ થયેલું. (માર્શલ રતન ગુજરાતી પત્રકારિત્વનો ઈતિહાસ, ૧૯૫૦) ૧૮૬૪ સુધી ચાલેલા આ અઠવાડિકે પ્રજામાં વાંચવાનો શોખ વધાર્યો હતો.

"વરતમાન" પછીનું આ સમયનું બીજું મહત્વનું પત્ર તે મુંબઈથી પ્રકાશિત થયેલું "રાસ્ત ગોફતાર". મુંબઈમાં તે સમયે પાંચ પારસીપત્રો હતા. આમ છતાં, એક સારા સુધારાવાદી પત્રની ખોટ પૂરી કરવા "રાસ્ત ગોફતાર" અસ્તિત્વમાં આવ્યું.

દાદાભાઈ નવરોજીએ પારસી સમાજના ઉત્કર્ષ માટે તા.૧ ઓગષ્ટ, ૧૮૫૧ના દિવસે સ્થાપેલા "રહનુમાએ મજદયા સન સભા" ની સ્થાપના કરી અને આ મંડળે પછી ટૂંક સમયમાં ૧૫ નવેમ્બર, ૧૮૫૧ના રોજ "રાસ્ત ગોફતાર" શરૂ કર્યું. "રાસ્ત ગોફતાર" એટલે "સચ્ચાઈનો વકતા". "રાસ્ત ગોફતાર"ના પહેલા અંક (૧૫ નવેમ્બર, ૧૮૫૧)ની એક હજાર નકલ છાપવામાં આવી. અને તે બધી નકલો મફત વહેંચવામાં આવી ! તેના પહેલાંનાં ત્રણ અંકોમાં દાદાભાઈએ પારસીઓ પરના આક્રમણનો દર્દભર્યો ખ્યાલ આપ્યો. શરૂઆતમાં આ પત્ર મહિનામાં બે વાર બહાર પડતું. જાન્યુઆરી, ૧૮૫૨ થી તે સાપ્તાહિક બન્યું. શરૂઆતમાં તે કેવળ પારસી સમાજ માટે ઝૂઝનારું પત્ર હતું, અને તેનોયે ઘણો પ્રભાવ પડયો. છ વર્ષ પછી આ પત્રે "તમામ દેશી લોકના લાભને માટે" પોતાની નીતિ ધારણ કરી.

"રાસ્ત ગોફતારે" જે કામ પારસી સમાજમાં ઉપાડયું, તેવું સુધારાનું કામ વધુ સાહસિકતાથી ગુજરાતમાં "સત્યપ્રકાશ" દ્વારા શરૂ થયું. "સત્યપ્રકાશ"ની કહાણી પણ ગુજરાતી પત્રકારત્વમાં તડકી છાંયડી અનુભવનાર પત્રની કહાણી છે. તેના દ્વારા ગુજરાતના સમર્થ સુધારાવીર અને નીડર પત્રકાર કરસનદાસ મળ્યા અને "મહારાજ લાયબલ મુકદમા"એ તો આ પત્રને ખૂબ જાણીતું બનાવ્યું. મંગળદાસ નથુભાઈની સહાયથી કરસનદાસે ૧૮૫૨માં "સત્યપ્રકાશ" શરૂ કર્યું. પ્રારંભે તે સાપ્તાહિક હતું.

કરસનદાસની એક ઉત્તમ પત્રકાર તરીકેની ઓળખ માટે "મહારાજ લાયેબલ" કેસ પૂરતો છે. કરસનદાસ મૂળજીએ વૈષ્ણવ ધર્મના આચાર્યો દ્વારા ધર્મના નામે ચાલતા અનિષ્ઠો

સામે બાંયો ચડાવી લેખો લખતા ૧૮૬૦–૬૪માં તેમની સામે કેસ થયો. જેમાં તેમની જીત થઈ હતી. ગુજરાતી સમાજમાં વ્યાપેલાં ધાર્મિક અનિષ્ઠોની સામે ઝુંબેશ ઉપાડીને સમાજ સુધારણાનું મહત્વનું કાર્ય તેમણે કર્યું હતું.

૧૮૬૨માં "સત્યપ્રકાશ" રાસ્ત ગોફતારમાં જોડાતા રાસ્ત ગોફતારનું નામ "રાસગોફતાર અને સત્યપ્રકાશ" રહ્યું.

સુધારાવાદને કેન્દ્રમાં રાખનારા આ પત્રકારત્વ પછી એક રાજકીય વિસ્ફોટની અસર થઈ તે ૧૮૫૭નો દેશવ્યાપી વિદ્રોહ હતો, જેમાંથી કેટલાક પત્રો ૧૮૫૭ના ગાળા દરમિયાન બંધ રહ્યાં હતાં પણ પછી ફરી પ્રકાશિત થવા માંડયાં. દેખીતી રીતે જ ૧૮૫૭ પૂર્વેનાં, લગભગ બધાં પત્રોનો પ્રારંભ તપાસીએ તો ખ્યાલ આવશે કે આ પત્રો બે સમાંતર પ્રવાહો–કેળવણી અને સુધારાવાદનાં સંતાનો હતાં, જે પ્રવાહ પછીથી પણ પાતળો પડયો નહીં. લગભગ દરેક ભાષામાં આ વર્ષો દરમિયાન કોઈને કોઈ પત્ર શરૂ થવા માંડયાં હતાં.

૧૮૫૭માં લાયસન્સ એકટ હેઠળ બંધ થયેલા વર્તમાનપત્રોનો થોડા વર્ષો પછી ફરી ઉદય થયો. મહિપતરામે "સત્ય દીપક" (૧૮૬૨), ૧૮૫૮માં "પારસી પંચ", ૧૮૬૩માં સુરતમાંથી સુરત મિત્રનો પ્રારંભ થયો. જે પાછળથી "ગુજરાત મિત્ર"માં ફેરવાયું અને હજુ આજે પણ પ્રસિદ્ધ થાય છે. કવિ નર્મદે ૧૮૬૪ની પહેલી સપ્ટેમ્બરે "ડાંડિયો" શરૂ કર્યું. અર્વાચીનોમાં નર્મદને આદ્ય પત્રકાર તરીકે મૂલવવા માંડ પાંચ વર્ષ ચાલેલું "ડાંડિયો" પણ પૂરતું છે. આ પત્ર દ્વારા નર્મદે સમાજ સુધારણાની સાથોસાથ ગુજરાતી ભાષાનું કાઠું ઘડવામાં મહત્વનો ફાળો આપ્યો છે.

૧૯મી સદીમાં નર્મદ અને કરસનદાસ મૂળજીએ વિધવા પુનર્વિવાહ અંગે "ડાંડિયો" માં અનેક લેખો લખી સ્ત્રીઓ સંબંધી અનિષ્ઠો ઉપર સમાજનો દ્દષ્ટિકોણ બદલવા પ્રયાસ કર્યો તો મહિપતરામ રૂપરામે પોતે વિદેશપ્રવાસે જઈ ભારતીય ધર્મ સામે રીતસર જંગ શરૂ કર્યો. "ડાંડિયો" એ ખરેખર પુનરુત્થાનવાદી ગુજરાતી વિચારોનો અગ્રદૂત હતું. આ સુધારાવાદીઓમાં કવિ દલપતરામનો પણ સમાવેશ થાય છે. આ સર્વે સમાજ સુધારકોએ

રાજા રામમોહન રાયના માર્ગે આગળ ચાલીને પશ્ચિમના તર્કવાદના સિદ્ધાંતથી સમાજ સુધારણા યજ્ઞને આગળ ધપાવવાના પ્રયાસો કર્યા હતા. રાજા રામમોહન રાયની જેમ તેઓ "જર્મી બેન્થામ"ના ઉપયોગિતાવાદી અભિગમથી પ્રભાવિત થયા હતા. અન્ય એક ગુજરાતી સાક્ષર બહેરામજી મલબારીએ "ઈન્ડિયન સ્પેકટેટર" પત્રનો પ્રારંભ કર્યો ત્યારથી જ બાળલગ્ન જેવા અનિષ્ટને દૂર કરવાના સઘન પ્રયાસો હાથ ધર્યા હતા. જેના પરિણામે Age of Consent Bill (સંમતિવય ધારો) ૧૮૯૧માં અંગ્રેજ સરકારે પસાર કર્યો હતો.

ગુજરાતમાં એકબાજુ પુનરુત્થાનવાદીઓ પશ્ચિમી સમાજની સીધી અસર હેઠળ સુધારણાના માર્ગે આગળ ધપ્યા હતા તો એક વર્ગ એવો પણ હતો કે જેમણે ગુજરાતનાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યોમાં પ્રતિ સુધારણા દ્વારા સમાજ પરિવર્તન શકય છે એ દિશા બતાવી હતી. જેના વાહક તરીકે મણિલાલ નભુભાઈ દ્વિવેદી (સુદર્શન) ઈચ્છારામ સૂર્યરામ તથા નવલરામ જેવા અગ્રણીઓ હતા. તો પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિના સમન્વય દ્વારા સુધારણા આણવાના પ્રયાસોના અગ્રદૂત ગોવર્ધનરામ ત્રિપાઠી હતા.

સૌરાષ્ટ્રના મોખરાના સમાજ સુધારક મણિશંકર જટાશંકર કિકાણીએ ઈ.સ.૧૮૫૬માં રાજકોટમાં "સૌરાષ્ટ્ર વિદ્યાવર્ધક મંડળી" સ્થાપી અને ઈ.સ.૧૮૬૨માં "સૌરાષ્ટ્ર દર્પણ" નામનું સામયિક શરૂ કરી સૌરાષ્ટ્રમાં સામાજિક સુધારણાને વેગ આપ્યો. ઈ.સ.૧૮૬૮માં તેમણે "વિજ્ઞાન વિલાસ" નામનું સામયિક શરૂ કરી સમાજ સુધારણા પ્રવૃત્તિને વધુ વેગવાન બનાવી હતી.

તેવી જ રીતે ગુજરાત વર્નાકયુલર સોસાયટી અને ગુજરાત વિદ્યાસભાએ શરૂઆતમાં શૈક્ષણિક અને ત્યારબાદ સમાજ સુધારામાં અગ્રગણ્ય ફાળો આપ્યો. મુંબઈ યુનિવર્સિટીમાં ભણેલો યુવા ગુજરાતીઓનો નવો મધ્યમવર્ગ તેના પ્રસારનો વાહક હતો. જેણે સમાજ સુધારણાની આહલેક પત્રકારત્વ દ્વારા સમાજમાં પેટાવી હતી અને વ્યાપક સફળતા પ્રાપ્ત કરી હતી. ૧૯મી સદી એ રીતે ગુજરાતી પત્રકારત્વના ઉદ્દભવ અને સમાજ વિકાસ માટે અતિ મહત્વની બની રહી હતી.

## <u>ગુજરાતી પત્રકારત્વનો વિશિષ્ટ આયામ : વિદેશી ધરતી પર ક્રાંતિનું પત્રકારત્વ</u>

સ્વાતંત્ર્ય ચળવળના સમયની એક બાબત પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું પડે તેમ છે. એ સમયે રાષ્ટ્રવાદી અખબારો સમયની માંગ પ્રમાણે આવ્યા હતા કારણ કે અંગ્રેજી અખબારોનો બહુ મોટો વર્ગ શાસકોની કદમપોશી કરવામાં લાગ્યો હતો. તેમને માટે આઝાદીનું આંદોલન રાજદ્રોહ સમાન હતું અને આંદોલનની નકારાત્મક બાજુઓ જ તેમાં સ્થાન પામતી હતી. અંગ્રેજી શાસકોની ભકિત કરવાનું આ અખબારોનું વલણ સામાન્ય માણસના દિલમાં આઝાદીનો જે વિચાર હતો તેને સ્થાન આપતી નહી. આ સંજોગોમાં ગાંધી, સરદાર, નહેરુ વગેરે આઝાદીના લડવૈયાઓની અપીલમાં સામાન્ય ભારતીયોને વધારે રસ હતો. ક્રાંતિકારી દેશભકતોના કારનામાઓમાં તેને નિસ્બત હતી પરંતુ ભારતીય અંગ્રેજી પત્રકારત્વ તે તરફ દુર્લક્ષ સેવતું હતું. સરેરાશ ભારતીયને રાષ્ટ્રીય આઝાદી આંદોલન વિશેની જાણકારી પૂરી પાડતા વર્તમાનપત્રો અને લેખસામગ્રી જોઈતી હતી. યાદ રહે કે આ કામ કેવળ ભાષાકીય પત્રકારત્વે કર્યું હતું. અને જેમાં ગુજરાતી પત્રકારત્વ અગ્રગણ્ય હતું. તેવી જ રીતે પત્રકારત્વની વાત આપણે જયારે કરીએ ત્યારે ત્રણ મહાન ગુજરાતીઓને યાદ કરવા પડે. ૧૯મી સદીના પ્રારંભકાળે ગુજરાતના કેટલાંક ઉગ્ર રાષ્ટ્રવાદીઓ ઈંગ્લેન્ડ, ફ્રાન્સ અને અમેરિકા જઈ પહોંચ્યા હતા. આમાંના એક હતા કચ્છ–માંડવીના પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા, કંથારિયા ગામ લીંબડી જી.સુરેન્દ્રનગરના સરદારસિંહ રાણા અને પારસી સન્નારી મેડમ ભિખાઈજી કામા હતા. આ ગુજરાતીઓએ ક્રાંતિના પત્રકારત્વનો પ્રારંભ કર્યો. શ્યામજી કૃષ્ણ વર્માએ ૧૯૦૫માં લંડનમાં "ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ" બહાર પાડયું. તો સરદારસિંહ રાણા અને મેડમ ભિખાઈજી કામાએ "વંદે માતરમ" શરૂ કર્યું. મદનલાલ ઢિંગરાને લંડનમાં ફાંસી આપવામાં આવી તેની સ્મૃતિમાં તેમણે "મદન તલવાર" નામનું વર્તમાનપત્ર શરૂ કર્યું હતું. ઘણાં વર્ષો સુધી આ ત્રણેયના તંત્રીપદ હેઠળ વર્તમાનપત્રો ચાલ્યા અને જેના થકી આ અખબારોએ પશ્ચિમના દેશોમાં ભારતની આઝાદી માટે કલમ વડે આઝાદીનો જંગ છેડયો હતો. તો લાલા હરદયાળે સાન ફ્રાન્સિસ્કોથી "ગદ્દર" નામે અખબાર બહાર પાડયું. તે ચાર

ભાષામાં પંજાબી, ઉર્દુ, અંગ્રેજી અને ગુજરાતીમાં પ્રસિદ્ધ થતું હતું. ૧૦મી મે ૧૯૧૪ના રોજ ગુજરાતી "ગદ્દર"નો પ્રથમ અંક પ્રસિદ્ધ થયો. પીળા કાગળમાં છપાયેલાં એ પત્રમાં "ક્રાંતિના પ્રચારાર્થે વિના મૂલ્યે વિતરણ" એવી સૂચના હતી. જાણીતા પત્રકાર શ્રી વિષ્ણુ પંડયા આ પત્રની નોંધ કરતાં તેને "કશુંય મૂલ્ય લીધા વિનાનું આપણું એ પહેલું વિરલ પત્ર ગણાય" એમ કહે છે. તેમાં પ્રાદેશિક ભાષાના મહત્વ વિશે કહેવાયું હતું કે "ઈતિહાસ સર્જાય છે પ્રાદેશિક ભાષાથી અંગ્રેજીથી તો નહી જ". ગુજરાતી પત્રકારત્વની આવી તો ઘણી નાની નાની વાતો છે. જેણે આઝાદીના જંગને વિસ્તૃત ફલક ઉપર સમાજ સમક્ષ રજૂ કર્યો હતો.

## ગાંધીજીનું પત્રકારત્વ

૨૦મી સદીના પત્રકારત્વમાં મહાત્મા ગાંધી વિશિષ્ટ સંદર્ભે પ્રયોજાય છે. મહાત્મા ગાંધી ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના સૃષ્ટા તો હતા જ સાથોસાથ સ્વાતંત્ર્ય બાદના ભારતના ભવિષ્ય વિષે પણ તેમની પાસે આગવી દ્દષ્ટિ હતી. તેમણે રાજકીય સ્વતંત્રતાની સાથે સામાજિક સમરૂપતા વિષેના ચિંતનને પ્રજા સમક્ષ પોતાના પત્રો દ્વારા મૂકયું. અને સમગ્ર સમાજ ગોરા શાસનમાંથી માત્ર રાજકીય સ્વતંત્રતા જ નહી બલ્કે સમગ્રતયા સ્વતંત્ર ભારતીય સમાજ અને સમાન ભારતીય નાગરિક સમાજ એવો વિચારબીજ વાવવાનો પ્રયાસ કર્યો હતો. ગાંધીજીએ ઈ.સ. ૧૯૧૯માં ઈન્દુલાલ યાજ્ઞિકે શરૂ કરેલા "નવજીવન" નું તંત્રીપદ સંભાળી લેતા તે હિન્દનું મહત્વનું અખબાર બન્યું. એ પછી ગાંધીજીએ તેને માસિકમાંથી સાપ્તાહિક બનાવ્યું. ઈ.સ.૧૯૩૨માં ગાંધીજીએ નવજીવન ને બદલે "હરિજનબંધુ" શરૂ કર્યું. તેના તંત્રીઓમાં ગાંધીજી ઉપરાંત મહાદેવ દેસાઈ, કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા જેવા સંનિષ્ઠો રહ્યા હતા.

ગાંધીજીએ પત્રકારત્વનો ઉપયોગ સમાજના તમામ વર્ગોને જોડવામાં કર્યો. આઝાદીના આંદોલનમાં દરેક જ્ઞાતિ, ધર્મ કે વર્ગનો વ્યકિત જોડાય તેવા પ્રયાસો તેમણે પત્રકારત્વ દ્વારા હાથ ધર્યા. પ્રજા સાથે એક સીધો નાતો તેમણે અખબારના માઘ્યમથી જોડયો. તેમના અખબારની ભાષા એકદમ સરળ રહેતી હતી. આની પાછળનો ઉદ્દેશ સ્પષ્ટ હતો. સામાન્યમાં

સામાન્ય માનવી કે જે વાંચી શકતો હોય તેને વાંચવામાં તકલીફ ન પડે અને જે કંઈ લખ્યું હોય એ સમજવામાં મુશ્કેલી ના પડે તેવી અખબારની ભાષા હોવી જોઈએ. સાહિત્યિક શ્રૃંગાર વગરના તેમના વર્તમાનપત્રો એ ગાંધી વિચારના પ્રચાર પ્રસારની જબ્બર અસર સમાજ જીવન પર ફેલાવી હતી. તેમના તંત્રીપદે પ્રગટ થતાં અખબારની માત્ર ભાષા જ સરળ રહેતી એમ નહીં બલ્કે સમાજના વિવિધ પ્રશ્નો જેવા કે નિરક્ષરતા, ગરીબી, અસ્પૃશ્યતા , અંધશ્રદ્ધા વગેરેના ઉકેલ માટે પણ એક સંવાદ રચાતો હતો. આઝાદી મળ્યા પછી લોકશાહી દેશમાં પ્રજાનું ઘડતર કરવાનો પ્રયાસ ગાંધીજીના વિચાર જોડાણ ધરાવતાં પત્રકારત્વમાં જોવા મળે છે. રાષ્ટ્રના જન જનને આઝાદી સહિતના વિવિધ કાર્યોમાં જોડવાનો પ્રયાસ મહાત્મા ગાંધીજીએ અખબારની તાકાતને સમજીને પ્રયોજ્યો હતો. ગાંધીજીએ પણ સમાજ સુધારકોની જેમ સમાજની વિવિધ નબળાઈઓ નાબૂદ કરવાના એક ઈલાજરૂપે અખબારોનો આશરો લીધો હતો. ગાંધીનું પત્રકારત્વ એ સમયે પ્રજામાં એક પ્રચંડ ઉત્સાહનો સંચાર કરનાર ચાલક બળ સમાન હતું અને ગાંધીજીના પત્રકારત્વની અસર અન્ય અખબારોમાં પણ આવી હતી તેની નોંધ લેવી પડે.

## <u>અન્ય પત્રો</u>

તત્કાલીન અન્ય કેટલાક જૂના પત્રોની નોંધ પણ આવશ્યક છે. ૧૮૬૧માં ખેડામાંથી શેઠ પાનાચંદ અને કહાનદાસે "ખેડા વરતમાન" નામનું સાપ્તાહિક શરૂ કરેલું તે આજે પણ ચાલે છે. ૧૮૬૪માં "કાઠિયાવાડ સમાચાર" રાજકોટથી શરૂ થયું. ૧૮૯૯માં વડોદરાથી "શ્રી સયાજી વિજય"નો પ્રારંભ દામોદર યંદે નામના સજ્જને કર્યો. ગુજરાતી સાહિત્યિક ક્ષેત્રે તેનું પ્રદાન અવગણી શકાય તેવું નથી.

ઓગણીસમી સદીના અંત સુધીમાં આ સિવાય અનેક અખબારોએ પોતપોતાની રીતે કાર્ય શરૂ કર્યુ, તેમાંનાં કેટલાક અલ્પજીવી નીવડયા. કેટલાકનો પ્રભાવ નહિવત હતો પરંતુ પત્રકારત્વ તરફની દિશા ઊઘડી હતી તેને ગુજરાતે ઝડપથી અપનાવવા માંડી હતી એમ જરૂર લાગે છે. આ ગાળામાં મંચેરજી કાવસજી શાપુર લંગડા ઉર્ફે મનસુખનું "સતીઅ મીતર"

(૧૮૭૪), ફરામજી કાવસજી મહેતાનું "કયસરે હિન્દ" (૧૮૮૨) પીતાંબર ત્રિભુવનદાસ મહેતાનું "હિતેચ્છુ"(૧૮૭૩) "અમદાવાદ સમાચાર"(૧૮૬૦) પ્રજા મિલાપ(૧૮૬૩) પ્રજામત, હિન્દુસ્તાન, પ્રતિનિધિ, રાજપત્રિકા, ખેડા ખેતીવાડી (૧૮૭૮) શ્રીમાળી શુભેચ્છક (૧૮૮૩) પ્રિયવંદા (૧૮૮૬) સ્વદેશબંધુ (૧૮૮૫) ભરૂચ વર્તમાન (૧૮૬૧) દેશભકત (૧૮૯૬) ફ્રી પ્રેસ (૧૮૩૫) મુંબઈ શમશેરે કિઆની (૧૮૪૯) જ્ઞાનસાગર (૧૮૫૧) શમશેદર રમૂજ (૧૮૩) ,પારસીમિત્ર (૧૮૫૫) દોસ્તે હિન્દ (૧૮૬૮) પારસી રીફોર્મર (૧૮૫૨) સૂર્યોદય (૧૮૬૪) ધી યુનિઅન પ્રેસ (૧૮૬૯) દાતરડું (૧૮૭૪) કાઠિયાવાડ ટાઈમ્સ (૧૮૮૮) સિન્ધ વર્તમાન (૧૮૯૧) નવસારી પ્રકાશ (૧૮૯૭) મુંબઈ દૂરબીન (૧૮૩૭) મુંબઈ વર્તમાન (૧૮૪૪) અખબારે સોદાગર (૧૮૫૨) શમશેહર રમૂજ (૧૮૫૩) બાગે નશીહત (૧૮૫૪) દોસ્તે પારસી બાનુંઆન (૧૮૫૪) સુરીઅ પરકાશ (૧૮૫૬) ગુજરાતી રિવ્યૂ (૧૮૬૨) સોહમિત્ર (૧૮૬૮) ઈઅજદાં (યઝદાં) પરસ્ત (૧૮૬૮) મુંબાઈ દોસ્ત (૧૮૬૯) ઈન્ડીયન ક્રિટીક (૧૮૭૦) આર્યમિત્ર (૧૮૭૨) અવધૂત (૧૮૭૪) "ભૂત" અને "વર્તમાન", પખવાડિયાની મજાહ (૧૮૫૫) ભીમસેન (૧૮૯૪) સ્વતંત્ર (૧૮૯૫) નવસારી પ્રકાશ (૧૮૯૭) ગડગડાટ (૧૮૯૮) પંચદાંડ (૧૮૯૯) વગેરે નાનાં મોટા પત્રોનો નિર્દેશ મળે છે.

ઓગણીસમી સદીના અંતભાગે એક માતબર અખબાર "પ્રજાબંધુ" અમદાવાથી શરૂ થયું. તેભગુભાઈ ફતેહચંદ કારભારીએ જીવણલાલ દેસાઈના સહકારથી આ સાપ્તાહિકનો પ્રારંભ ૧૮૯૮ની ૬ માર્ચે કર્યો. દોઢ વર્ષ પછી "પ્રજાબંધુ"નું સુકાન ઠાકોરલાલ પ્રમોદરાય ઠાકોરે સંભાળ્યું અને ૧૯૦૫માં પોતાનું સ્વતંત્ર પ્રેસ પણ નાંખ્યું.

ગાંધીજીની અસહકાર અને સવિનય કાનૂનભંગની લડતને પ્રજાબંધુએ ખુલ્લો ટેકો આપ્યો હતો. સરકારે માગેલી જામીનગીરી "પ્રજાબંધુ"એ ન આપતાં પ્રકાશન મોકૂફ રાખ્યું. એ પછી ૧૬ નવેમ્બર, ૧૯૩૦થી પ્રકાશન ફરી શરૂ થયું. જો કે દોઢેક વર્ષ પછી ફરીવાર ૧૯૩૨માં તેને મોકુફ રાખવુ પડયું. એ દરમિયાન પ્રજાને સમાચાર મળી શકે એ હેતુથી

"સમાચાર પૂર્તિ"નો પ્રયોગ પ્રજાબંધુએ કર્યો ને તેમાંથી ૧૯૩૨માં "ગુજરાત સમાચાર" દૈનિક શરૂ થયું. "પ્રજાબંધુ" દ્વારા ગુજરાતને અનેક સમર્થ પત્રકારો મળ્યા હતા. ૧૯૪૦થી આ પત્રો – "પ્રજાબંધુ અને ગુજરાત સમાચાર" "લોકપ્રકાશન લિમિટેડ"ને સોંપાયા.

ગુજરાતી ભાષાના સીમાચિહન તરીકે આવેલાં ગાંધીજીનાં વર્તમાનપત્રોએ રાષ્ટ્રના સઘળા પ્રશ્નો પર મંતવ્યો જ નહિ, પણ દિશાદર્શન કરાવતાં પત્રકારત્વનો પરિચય આપે છે. ૧૯૧૫માં ગાંધીજી જયારે ભારત આવ્યા ત્યારે સ્વભાષામાં પ્રજાકીય ચેતના જગાવવા માટે ઈન્દુલાલ યાજ્ઞિકે "નવજીવન અને સત્ય" નામનું માસિક ગાંધીજીને સોંપ્યું. એ પછી "નવજીવન" સાપ્તાહિકનો પ્રથમ અંક તા.૭ સપ્ટેમ્બર ૧૯૧૯ના રોજ નીકળ્યો. જેની પાંચ હજાર નકલો ચપોચપ ખપી ગઈ હતી. ૧૯૩૨માં "નવજીવન"નું પરિવર્તન "હરિજન બંધુ"માં થયું.

ગુજરાતી પત્રકારત્વની જયારે આપણે વાત કરતા હોઈએ ત્યારે સવાલ એવો થાય કે ભૌગોલિક દ્દષ્ટિએ ગુજરાત જે રીતે વિવિધ ભાગોમાં વહેંચાયેલું છે તેવી રીતે પત્રકારત્વ વહેચાયેલું છે ? અલબત્ત આ સવાલમાં અન્ય કોઈ તફાવત નહી પણ ભૌગોલિક વિસ્તાર મુજબ જે તે વિસ્તારના રીતરિવાજો, પ્રજાની માનસિકતાને લક્ષમાં લેતું પત્રકારત્વ જોવા મળે છે કે કેમ ? એ સવાલ છે. આ મુદ્દાને ખૂબ ઊંડાણથી જોતાં આવો પ્રાદેશિક બદલાવ પત્રકારત્વમાં જોવા મળે છે. વિગતોમાં ઊંડા ઊતરતા ખ્યાલ આવે છે કે પોતપોતાના પ્રદેશ વિશેષના પરિબળોએ પણ પત્રકારત્વના વિકાસમાં ભાગ ભજવ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં નાનાં–મોટાં રાજ–રજવાડાંઓની સંખ્યા વિશેષ હતી. એમ કહી શકાય કે સૌરાષ્ટ્રની પ્રજા ગુલામોની ગુલામ હતી. મોટા ભાગનાં રજવાડાંઓમાં રાજાઓની સરમુખત્યારશાહી બરકરાર હતી. કેટલાક ગણતરીના રાજયો જેવાં કે જામનગર, ભાવનગર અને ગોંડલને બાદ કરીએ તો પ્રજાવત્સલ રાજવી સૌરાષ્ટ્રમાં શોધવો મુશ્કેલ હતો. રાજાઓ અને રાજયો પ્રત્યે લોકોમાં એકંદરે અસંતોષ હતો. આની સામે જે પ્રચંડ પ્રજા રોષ ઊભો થયો અને તેણે કાઠિયાવાડ રાજકીય પરિષદ નામનું સંગઠન રચ્યું. અને રાષ્ટ્રકારણ, રાજકારણ અને લોકકારણના

ત્રિવિધ વિચારોને પ્રજાની વાચા બનાવીને રાજા–રજવાડાઓના આપખુદ વહીવટ અને બ્રિટીશ સામ્રાજયવાદ સામે "સૌરાષ્ટ્ર" અખબાર દ્વારા જેહાદ ઉપાડી હતી. બીજી ઓકટોબર ૧૯૨૧ના દિવસે તેની શરૂઆત થઈ હતી. પ્રજા વિચારના અનેક સ્વરૂપો તેમણે વિશેષ લેખો, તંત્રી લેખોમાં આલેખ્યા. આ પત્ર કાર્ટુનને પણ પ્રસિદ્ધિ આપતું હતું. "સૌરાષ્ટ્ર" પત્રના પત્રકારો માત્ર પત્રકારો નહીં પરંતુ કર્મશીલો હતા. ઓગષ્ટ ૧૯૨૨માં "મોતીની ઢગલીઓ" લેખ સાથે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી તેમાં જોડાયા. અને પછી તો આ નાનકડા પરંતુ "તેજીલા તોખાર" સમા અખબારે સૌરાષ્ટ્ર પત્રકારત્વની એક આખી સ્કુલ – "સૌરાષ્ટ્ર સ્કૂલ"નું બહુમાન પ્રાપ્ત કર્યું. આમ ગુજરાતના પ્રદેશે પ્રદેશે વર્તમાનપત્રની આખી તાસીર બદલાઈ જાય છે. પત્રકારત્વની ભાષા, વિષય પ્રસ્તુતિ, સમાચાર મૂલ્ય સાવ બદલાઈ જાય છે. અમદાવાદ અને જૂનાગઢ આ બન્ને શહેરનાં વર્તમાનપત્રો ભલે એક જ બેનરના અને એક જ તંત્રીના તંત્રીપદેથી પ્રસિદ્ધ થતા હોવા છતાં તે બદલાઈ જાય છે. એની પાછળ શિક્ષિત સમાજ કે અશિક્ષિત સમાજ હોવાની બાબત મહત્વની નથી. પરંતુ જે તે પ્રદેશ પોતાની આસપાસ જે ઢબથી ત્યાં ઘટનાઓ બને છે તે લોકજીવનનો સંકેત આપે છે. વિવિધ જ્ઞાતિ સમૂહો, તેમના પારંપારિક રીતરિવાજોને આધારે, વર્તમાનપત્રમાં તે લખાતું અને છપાતું હોય છે. "સૌરાષ્ટ્ર"ની જ આપણે વાત ઉદાહરણ તરીકે લઈએ તો મેઘાણીની કલમે એ સમયના બહારવટિયાઓ વિશે લેખો આપ્યા. એ જો સૌરાષ્ટ્ર સિવાયનો કોઈ વાંચે તો તેને એમ લાગે કે સમાજ વ્યવસ્થાની તોડ ફોડ કરનારાને સત્કારે છે. હકીકતે તો બહારવટું ખેડવા પાછળ એક મહત્વનું કારણ અન્યાયની ધરી જવાબદાર હતી. આ લેખોમાં વ્યકિતપૂજા અને વ્યકિત વિશેષતા (Personality Cult)ના બદલે સામાજિક ન્યાયની માગણી વિશેષ રહેતી જોવા મળે છે. "સૌરાષ્ટ્ર"ના તંત્રી અમૃતલાલ શેઠે બર્માથી સુભાષચંદ્ર બોઝની ડાયરીઓ ભારત લાવવા માટે વેશપલ્ટો કરીને જીવના જોખમે સરહદ ઓળંગી હતી. ગુજરાત અને સૌરાષ્ટ્રના અખબારનવેશને ખુમારી અને બુલંદીના પાઠ ગળથૂથીમાંથી મળ્યા છે એમ વિષ્ણુ પંડયા ગુજરાતી પત્રકારત્વ : ૧૯૯૪ (ગુજરાત દિપોત્સવી અંક) લેખમાં ઉમેરે છે.

શ્રી પંડયા વધુમાં ઉમેરે છે કે ગુજરાતી પત્રકારત્વનો પ્રવાહ ચાર પ્રકારે જોઈ શકાય. એક પ્રવાહ મુંબઈના ગુજરાતી અખબારોનો, બીજો દક્ષિણ ગુજરાતનો, ત્રીજો તળ ગુજરાતનો એટલે કે અમદાવાદનો છે અને ચોથો કચ્છ–સૌરાષ્ટ્રનો છે. ગુજરાતના પ્રાદેશિક સ્તરના આ ચારેય પ્રવાહો એક બીજાને પોતાનાથી અલગ પાડે છે.

ભારતીય પત્રકારત્વનો વ્યવસ્થિત ઈતિહાસ લખવાના બહુ જૂજ પ્રયાસો આપણે ત્યાં થયા પણ જે થોડા ઘણા ઈતિહાસ ગ્રંથો છે એમાં ગુજરાતી પત્રકારત્વનો બહુ ગૌરવપૂર્વક ઉલ્લેખ કરાયો છે. ગુજરાતી પત્રકારત્વ એ આગવી અને વિશિષ્ટ સિદ્ધિ વડે ભારતીય પત્રકારત્વનું ધ્યાન અનેક પ્રસંગોએ આકર્ષિત કર્યું છે. રાષ્ટ્રીય ર્વમાનપત્રો કે દેશના બીજા પ્રદેશ વર્તમાનપત્રોથી પ્રભાવિત થયા વિના એણે ઘણીવાર રાષ્ટ્રના મુખ્ય પ્રવાહને પ્રભાવિત કર્યો છે એમ ચોક્કસ કહી શકાય. ઉદાહરણ તરીકે જોઈએ તો ટાઈમ્સ ઓફ ઈન્ડિયા જૂથનું ઈકોનોમિક ટાઈમ્સ વ્યાપાર–વાણિજય જગતનું શિરમોર અંગ્રેજી વર્તમાનપત્ર ગણાય છે. અંગ્રેજીમાં "વ્યાપાર–વાણિજય"નું આ વર્તમાન શરૂ કરવાની પ્રેરણા ગુજરાતી વર્તમાનપત્ર "વ્યાપાર"માંથી મેળવી હોવાનું ઈકોનોમિક ટાઈમ્સના તંત્રીએ પણ સ્વીકાર્યું છે.

૧૯૨૧માં હિન્દી રાષ્ટ્રીય મહાસભાનું અમદાવાદમાં અધિવેશન ભરાયું ત્યાં સુધી અમદાવાદમાં એકપણ દૈનિક નહોતું. ૧૯૨૧ના અંતભાગમાં શ્રી રામરાય મુન્શીની ભાગીદારીમાં શ્રી નંદલાલ બોડીવાળાએ "સ્વરાજય" નામનું દૈનિક શરૂ કર્યુ, પણ પત્રની આર્થિક પરિસ્થિતિ તંગ બનતાં તે બંધ થયું. આ પછી ૧૯૨૩ની ૨૮મી ઓગષ્ટે "સંદેશ" નામના સાંધ્ય દૈનિકની શરૂઆત કરી. એક પૈસાની કિંમતે વેચાતા સંદેશનું મૂલ્ય ૧૯૩૭ સુધી એ જ રહ્યું હતું. "સંદેશ"ની સ્પર્ધામાં આવેલું સમર્થલાલ વૈદ્ય અને ચીમનલાલ મોદીની માલિકીનું "અમદાવાદ સમાચાર" પાછળથી સંદેશમાં જોડાઈ ગયું.

૧૯૩૦માં ઐતિહાસિક દાંડીકૂચ વખતે સમાચારો પીરસવા માટે "સંદેશે" સવારનો વધારો બહાર પાડવા માંડયો એમાંથી સવારના દૈનિકનું સ્વરૂપ સંદેશે ધારણ કર્યું.

૧૯૩૪માં "સૌરાષ્ટ્ર"ના તંત્રી અમૃતલાલ શેઠે "જન્મભૂમિ"ની શરૂઆત કરી. છ વર્ષ

સુધી "જન્મભૂમિ"નું તંત્રીપદ સંભાળનાર શામળદાસ ગાંધીએ ૧૫ માર્ચ, ૧૯૪૧માં "વંદેમાતરમ" શરૂ કર્યું.

૧૯૩૬માં કકલભાઈ કોઠારીએ અમદાવાદમાંથી "પ્રભાત" અને "જય સૌરાષ્ટ્ર" દૈનિકો શરૂ કર્યા. આ પૈકીનું પ્રભાત હજુ પણ પ્રસિદ્ધ થાય છે. "સૌરાષ્ટ્ર"ના અનુગામી તરીકે રાણપુરથી "ફૂલછાબ" ચાલ્યું અને પાછળથી રાજકોટ ખસેડાયું અને દૈનિક બન્યું.

વિદેશોમાં પણ ગુજરાતીમાં પ્રકાશિત થતાં પત્રોની નોંધ લેવી ઘટે. જેમાં બર્માથી પ્રકાશિત થતાં "રંગૂન સમાચાર", બર્મા વર્તમાન" અને રમેશ રંગનાથ ગૌતમનું "બહ્મદેશ", લવજીભાઈ લાઠીયાનું "ગુજરાત દૈનિક" તથા "પ્રકાશ" અને વિશ્વમિત્ર" તો દક્ષિણ આફ્રિકામાંથી પ્રસિદ્ધ થતાં "ઈન્ડિયન ઓપિનિયન"માં ગુજરાતીમાં લેખો આવતા હતા. "ડેમોક્રેટ" નામનું દ્વિભાષી સાપ્તાહિક, "ઈન્ડિયન વોઈસ", અરુણ (વાર્ષિક), "કિરણ" (અર્ધવાર્ષિક), "ટાંગાનિકા ઓપિનિયન", ટાંગાનિકા હેરલ્ડ", ઝાંઝીબાર સમાચાર" દૈનિક અને સાપ્તાહિક તથા "ઝાંઝીબાર વોઈસ" વગેરે ઉલ્લેખનીય છે.

હાલમાં પાકિસ્તાન હેઠળના સિંધમાંથી પારસી સુસાર, સિંધ સેવક, મહાગુજરાત, અમન ચમન, પાખંડ પ્રકાશ, ઝાલર, સોહિણી, રાષ્ટ્રશકિત, લોકસેવક, સુદર્શન, પાકિસ્તાનનું અગ્રગણ્ય દૈનિક "ડોન" ગુજરાતી આવૃત્તિ બહાર પાડે છે.

દક્ષિણ ભારતમાં કોચીનમાંથી મલબાર સમાચાર અને નૌકા, મદ્રાસમાં જયોતિ વગેરે પત્રો બહાર પડતાં હતા.

ગુજરાતી પત્રકારત્વનો ૧૯૪૮ પૂર્વેનો પ્રાપ્ત વારસો મૂલ્યવાન હતો : રાષ્ટ્રીય સ્તરે "પહેલાં અખબારના પ્રારંભનું ગૌરવ, સુધારાવાદી પત્રકારત્વમાં ઐતિહાસિક મુકદમાઓ જીતનારાં પત્રો, સ્વદેશભકિત સાથે જોડાયેલાં અખબારો અને દેશી રાજયોના જુલમ સામે બહારવટું ખેડનારાં પત્રો" – આટલી નિર્ણાયક રેખા બીજા પ્રદેશોમાં ભાગ્યે જ દોરાઈ છે. તેથી જ, ગુજરાતી અખબારોએ કવિ નર્મદ, કરસનદાસ મૂળજી જેવા ઝુઝાર સુધારક–તંત્રીઓ જેવા આદ્ય દૈનિક–અધિપતિઓ, દાદાભાઈ નવરોજી, શ્યામજી કૃષ્ણ વર્મા,

મેડમ ભીખાઈજી કામા, છગન ખેરાજ વર્મા જેવા દેશભકત પત્રકારો, અમૃતલાલ શેઠ, કકલભાઈ કોઠારી અને ઝવેરચંદ મેઘાણી સરખા ગાંધીયુગમાં દેશી રજવાડા પ્રશ્ને જાગ્રત લેખક–પત્રકારો, હાજી અલારખિયા શિવજી, કનૈયાલાલ મુન્શી, મણિલાલ દ્વિવેદી, આચાર્ય આનંદશંકર ધ્રુવ, રામનારાયણ પાઠક, વિજયરાય વૈદ્ય સરખા સાહિત્યિક સામયિકોના સારસ્વતો, નારાયણ વિશનજી ઠકકર અને પુરુષોત્તમ વિશ્રામ માવજી સરખા સંસ્કૃતિપ્રેમી લેખક–પત્રકારો અને સ્વાતંત્ર્યયુગમાં લોકજાગૃતિનું નિમિત્ત બનેલું ગાંધી–પત્રકારત્વ આટલી ઊજળી પરંપરા ગુજરાતને મળી હતી. આઝાદી બાદ બીજા વિશ્વયુદ્ધ પછીની પરિસ્થિતિ અને ભારતની આઝાદીની સાથોસાથ થયેલું વિભાજન આ બંનેની અસર ગુજરાતના જનજીવન પર પડી. એ જ રીતે પત્રકારત્વ પણ તેથી અસ્પૃશ્ય ન રહ્યું. મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં મુસ્લિમ રાજયો (જૂનાગઢ, માણાવદર, માંગરોળ)ની પાકિસ્તાન સાથે જોડાણની જાહેરાતથી રચાયેલી "આરઝી હકૂમત", વડોદરા રાજયના વિલયનો પેચીદો પ્રશ્ન, રજવાડાંઓના ભારત–વિલયની પ્રક્રિયા અને તે દરમિયાન સૌરાષ્ટ્રનું ત્રીજા વર્ગના અલગ રાજય તરીકેનું અસ્તિત્વ, જમીનદારી–નાબૂદી અને ગણોત ધારાનાં પગલાં અને પ્રતિક્રિયાઓ, રજવાડાં–વિલયનો ભારેલો અગ્નિ, સૌરાષ્ટ્રમાં ભૂપતનું કેટલાક સામંતી તત્વો સાથે મળીને શરૂ કરાયેલું બહારવટું આ બધા ૧૯૪૭ના સૂર્યોદય સાથે ઉમટેલા સવાલો હતા. સ્વાભાવિક રીતે તેમાં અખબારોએ નિર્ણાયક ભૂમિકા ભજવવી પડી. "વંદેમાતરમ"ના તંત્રી શામળદાસ ગાંધીએ તો આરઝી હકૂમતનું નેતૃત્વ લઈને જૂનાગઢ–મુકિતમાં મહત્વનો ભાગ ભજવ્યો અને ત્યાર બાદ સૌરાષ્ટ્રમાં શાસક પક્ષના "બોલકા વિરોધ પક્ષ" તરીકે પણ પ્રજાભિમુખ બની રહ્યા હતા.

ગુજરાતી પત્રકારત્વ અને "સ્વાતંત્ર્ય સંઘર્ષ" એ આઝાદીના યજ્ઞકાર્યમાં એકમેક સાથે જોડાયેલી મહત્વની બાબત છે. સામાજિક અને રાષ્ટ્રીય આંદોલનોમાં અગ્રગામી રહેલા ગુજરાતી પત્રકારત્વનું એક મહત્વનું યોગદાન સાહિત્યિક પત્રકારત્વ પણ છે. સાહિત્યની ધારાને તેણે બરાબર વહેતી રાખી છે. મોટા ગજાના વિદ્વાનો–સારસ્વતો પત્રકારત્વ સાથે

સંકળાયેલા રહ્યા. અનેક સાહિત્યિક સામયિકો ગુજરાતી, વીસમી સદી, બુદ્ધિપ્રકાશ, કુમાર, માનસી, નવચેતન, ગુજરાતી શાળાપત્ર, શારદા ચિત્રમય જગત જેવા અનેક મર્યાદિત પરંતુ સમાજ ઉપયોગી બની રહયા. ગુજરાતના સાહિત્યિક પત્રકારત્વ થકી અનેક નવલકથાઓ, નવલિકાઓ, કવિતાઓને પ્રગટાવવામાં આ સામયિકો મોખરે રહયા.

ગુજરાતી પત્રકારત્વની જયારે આપણે વાત કરીએ ત્યારે સાહિત્યિક પત્રકારત્વને યાદ કરવું પડે. સાહિત્યિક પત્રકારત્વનો આઝાદી સમયથી ચાલી આવતો ક્રમ આજે પણ અવિરત ચાલુ રહ્યો છે. ઘરે ઘરે સાહિત્યિક અમી છાંટણા પહોંચાડવાનું કાર્ય અત્યારે પણ ચાલી રહ્યું છે. નાણાંકીય પ્રશ્નો છતાં આ સામયિકો શિષ્ટ વાંચનની વાચક ભૂખ સંતોષવાના પ્રયાસો કરી રહ્યા છે એ આનંદની વાત છે. આજે નવચેતન, અખંડ આનંદ, કુમાર, નિરીક્ષક, ભૂમિપુત્ર નર્યા માર્ગ જેવા સાહિત્યિક ઉપરાંત સમાજના વિવિધ પ્રશ્નો પરત્વે સમસંવેદન જગાવનારા સામયિકો ગુજરાતીમાં પ્રસિદ્ધ થઈ રહયા છે એ આનંદની વાત છે. (સંદર્ભઃપત્રકારત્વ અને પત્રસાહિત્ય ગુજરાત વિશ્વકોશ ખંડ–૧૦ પાન–૫૪)

## <u>અમદાવાદનું પત્રકારત્વ</u>

ભારતીય પત્રકારત્વની ઐતિહાસિક બાબતો જોઈએ ત્યારે ગુજરાતી પત્રકારત્વની અગત્યની ભૂમિકાની નોંધ લેવી પડે તેવી છે. જેમાં અમદાવાદનું પત્રકારત્વ પણ પોતાની હાજરી પૂરાવે છે. સ્વાતંત્ર્ય પૂર્વે, સ્વાતંત્ર્ય લડત, સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી અને આજે ૨૧મી સદીના પ્રારંભ કાળે પણ ગુજરાતી પત્રકારત્વ ઘણે ભાગે પ્રજાની સાથે રહ્યું છે. ગુજરાતી પત્રકારત્વે અનેક સામાજિક અનિષ્ટો સામે લડત ચલાવીને સુધારાઓ લાવવાની શરૂઆત કરી હતી. તો સ્વાતંત્ર્ય ચળવળ સમયે પણ રાષ્ટ્રવાદી વિચારોનું વાહક આપણું પત્રકારત્વ રહ્યું હતું. આઝાદી બાદ સબળ માધ્યમ તરીકે પોતાની હાજરી પૂરાવતું રહ્યું હતું. તો આજના સ્પર્ધાત્મક યુગમાં પણ પ્રજાકીય પ્રશ્નોને વાચા આપતું રહ્યું છે. બેશક સ્વાતંત્ર્ય અગાઉ અને સ્વાતંત્ર્ય ચળવળના સમયનું પત્રકારત્વ "મિશનરી" વિચારને વરેલું હતું. આજે તેમાં વ્યવસાયિક તત્વ ચોક્કસ જણાય છે. એ બાબતે અસંમત નથી. અત્યારના વર્તમાનપત્રો એ

ખરા અર્થમાં તો સમાચાર પત્ર (ન્યૂઝ પેપર્સ) કહેવાય. જયારે સ્વાતંત્ર્ય પહેલાનાં અખબારો વિચારપત્રો (વ્યુઝ પેપર્સ) હતા. તેમ છતાંય મહદ્અંશે આજના ગુજરાતી અખબારો પત્રકારત્વ ધર્મ સુપેરે બજાવતા રહ્યાં છે. અને આ સમાચારપત્રોની સાથે અનેક વિચારપત્રો ગુજરાતમાં પ્રસિદ્ધ થઈ રહ્યાં છે. અમદાવાદ ગુજરાતનું આર્થિક અને સામાજિક દ્દષ્ટિએ મહત્વનું નગર છે. મેગાસીટીનો દરજ્જો પણ તેને મળ્યો છે. આ દ્દષ્ટિએ અમદાવાદનું પત્રકારત્વ એ અત્યંત મહત્વનું છે. અમદાવાદના સમાજજીવનની અસર અમદાવાદના પત્રકારત્વે ઝીલી છે. અને એ મુજબ "વાચક રાજા"ના રસ પ્રમાણે પણ અખબારોમાં વિવિધ સામગ્રીને સ્થાન મળે છે. સ્વાતંત્ર્ય ચળવળ સમયે અમદાવાદના પત્રકારત્વે "સમાચાર પૂર્તિ" નામે નિયમિત પત્રની સાથે વિશેષ પાનાંઓની શરૂઆત કરી હતી. જે સમય જતાં રવિવાર પૂર્તિ તરીકે સમાચારપત્રોનું અંગ બની હતી. અને ભારતના અગ્રગણ્ય અખબારોએ અમદાવાદના પત્રકારત્વમાંથી પ્રેરણા લઈને આવી પૂર્તિઓ શરૂ કરી હતી. ત્યારબાદ દરરોજ જુદાં જુદાં વિષયો જેવા કે ધર્મ, સાહિત્ય, આરોગ્ય, રમતગમત જેવા વિશેષ વાચન અર્થેની પૂર્તિઓ પણ શરૂ થઈ હતી. જે આજે પણ દરેક વર્તમાનપત્ર આપી રહ્યું છે. તેવી જ રીતે રવિવારની વિશેષ પૂર્તિ ગ્લોસી પેપરમાં છાપવાની શરૂઆત પણ અમદાવાદના વર્તમાનપત્રોએ શરૂ કરી હતી. અને પછી ભારતીય પત્રકારત્વના વિવિધ ભાષા અખબારોએ તેને અનુસરવું પડયું હતું. આમ, અમદાવાદના પત્રકારત્વે સમાજ ઘડતરથી શરૂ કરીને જયારે પત્રકારત્વ વ્યવસાય બન્યું છે ત્યારથી સ્પર્ધાત્મક યુગમાં પણ આગવી રીતે પત્રકારત્વમાં નાવીન્ય લાવવાના પ્રયાસો જારી રાખ્યા છે.

આજનું શિક્ષણ અને આધુનિક શોધખોળો ઝડપભેર માણસ સ્વીકારતો થયો છે એટલે " ફાસ્ટ લાઈફ" એ જીવન લક્ષણ બન્યું છે. આ બાબતને અમદાવાદના પત્રકારત્વે ધ્યાનમાં લઈને સમય અનુસાર ફેરફારો વર્તમાનપત્રમાં શરૂ થયાં છે. અગાઉ વાચકોને સમાચારની એક જ સ્ટાઈલ મુજબ વર્તમાનપત્ર જે વર્ષોથી વાંચતો હતો તેની આદત હતી. આજે એવું રહ્યું નથી. દૈનિક ભાસ્કર જૂથનું ગુજરાતી વર્તમાનપત્ર "દિવ્ય ભાસ્કર" જયાં સુધી અમદાવાદથી

પ્રસિદ્ધ થયું ન હતુ ત્યાં સુધી ગુજરાતમાં બે જ છાપાંનું વર્ચસ્વ ગણાતું હતું. વર્તમાનપત્રો તો ઘણાં હતા પરંતુ સંદેશ અને ગુજરાત સમાચારના સરકયુલેશનની નજીક પહોંચી શકે એવું કોઈ ત્રીજું ગુજરાતી અખબાર આવ્યું ન હતું. એ કારણે એવી માન્યતા પણ હતી કે આ બે સિવાયનું કોઈ ત્રીજું અખબાર મોખરાનું અખબાર બની શકે નહી. પરંતુ, દિવ્ય ભાસ્કરે એ માન્યતાને ખોટી પાડી. આજના વાચકને સમયના અભાવે ઝડપભેર વર્તમાનપત્ર વાંચવું હોય છે. આથી, સમાચારોમાં ગ્રાફિકસ, ઘટનાની રસપ્રદ બાબતોને ટૂંકાણમાં બોકસ આઈટમ તરીકે મૂકવામાં આવી રહી છે. નવા વાચક વર્ગને ચિત્રાત્મક સમાચાર શૈલી આકર્ષી શકે છે એ વાતને અમદાવાદના પત્રકારત્વે અમલમાં મૂકીને એ રીતે અખબાર પ્રસિદ્ધ કરે છે. ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે ગુજરાત ભલે ચાર ભાગમાં વહેંચાતું હોય પરંતુ ૫૦ લાખથી વધુ વસ્તી ધરાવતા આ મહાનગરના પત્રકારત્વની અસર ગુજરાતી અન્ય વર્તમાનપત્રો ઝીલે છે. પશ્ચિમ ભારતના આ મહત્વના મહાનગરનું પત્રકારત્વ નવીન અભિગમ સાથે એક નવો ચીલો ચાતરવા હંમેશા અગ્રેસર હોય છે. હાલ અમદાવાદથી ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર જેવા મોટા ગજાના અખબારોની મુખ્ય આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે. આ ઉપરાંત જયહિન્દ, જનસત્તા, સમભાવ મેટ્રો, ગુજરાત ટુડે, વેસ્ટર્ન ટાઈમ્સ, બિન્દુ, પ્રભાત સહિત અંદાજે ૪૦ ઉપરાંત વિવિધ ગુજરાતી દૈનિક વર્તમાનપત્રો અમદાવાદથી પ્રસિદ્ધ થાય છે.

## <u>અમદાવાદનું પત્રકારત્વ અને પત્રકારત્વનું શિક્ષણ</u>

આજે તો વ્યવસાયના દરેક ક્ષેત્રમાં ખાસ શિક્ષણ અને વિશેષ તાલીમ આવશ્યક બની છે તેની અસરરૂપે પત્રકારત્વનું શિક્ષણ યુનિવર્સિટી કક્ષા સુધી વિસ્તર્યું છે પરંતુ પત્રકારત્વના શિક્ષણ શરૂ કરવાની ઘડીએ સ્થિતિ એવી હતી કે "પત્રકારો જન્મે છે, એ તાલીમથી કોઈ દિવસ તૈયાર થઈ શકે નહિ". જો કે આ માન્યતા ભારતમાં પણ આજેય અસ્તિત્વ ધરાવે છે તેમ છતાં પત્રકારત્વનું શિક્ષણ આપણે ત્યાં શરૂ થયું છે. અમેરિકામાં પત્રકારત્વના વ્યવસાયમાં આવનારા પૈકી ૬૫ થી ૭૦ ટકા પત્રકારત્વનું શિક્ષણ પ્રાપ્ત કરીને આવે છે. ભારતમાં અને ગુજરાતમાં પણ હવે તાલીમ પામેલા યુવાનોને પત્રકારત્વના વ્યવસાયમાં ઈચ્છનીય ગણવામાં

આવે એવી સ્થિતિ પેદા થઈ છે. યુનિવર્સિટી ગ્રાંટસ કમિશને પત્રકારત્વને એક અભ્યાસક્રમ તરીકે સ્થાન આપ્યું છે. અને ભારતની વિવિધ યુનિવર્સિટીઓમાં તેનું શિક્ષણ હવે અપાઈ રહ્યું છે.

ગુજરાતમાં પત્રકારત્વના શિક્ષણ સાથે વર્ષોથી જોડાયેલા યાસીન દલાલ "પત્રકારત્વનું શિક્ષણ" પુસ્તિકામાં વર્ણવે છે કે ૧૯૪૮ માં અમદાવાદમાં ગુજરાત વિદ્યાસભામાં પત્રકારત્વના શિક્ષણનો ડીપ્લોમા અભ્યાસક્રમ શરૂ થયો હતો. આમ ગુજરાતમાં પત્રકારત્વનું શિક્ષણ આપવાની શરૂઆત અમદાવાદમાં થઈ હોવાનો ઈતિહાસ છે.સંસ્થાનો આ અભ્યાસક્રમ સ્વાયત્ત હતો. એક વર્ષના અભ્યાસક્રમમાં ૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો હતો.

ગુજરાતમાં યુનિવર્સિટી કક્ષાએ પત્રકારત્વનો અભ્યાસક્રમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૯૭૩માં થયો હતો. એ પછી ક્રમશઃ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ જેવી કે ગુજરાત યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પત્રકારત્વના ડીગ્રી અને માસ્ટર ડીગ્રી કક્ષાના અભ્યાસક્રમો શરૂ થાય છે.

અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવે છે. આ શહેરમાં ઘણા વર્ષોથી પત્રકારત્વનો અભ્યાસક્રમ શરૂ થયો છે. અન્ય શહેરોની જેમ અમદાવાદમાં પણ પત્રકારત્વના શિક્ષણનો પ્રારંભ ખાનગી સંસ્થામાં શરૂ થયો હતો. એ પછી સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ યુનિવર્સિટી કક્ષાએ શરૂ થયા છે. ગુજરાત યુનિવર્સિટીમાં સ્નાતક કક્ષાએ બેચલર ઓફ કોમ્યુનિકેશન જર્નાલિઝમ એન્ડ પબ્લિક રીલેશનનો એક વર્ષનો અભ્યાસક્રમ ૧૯૮૭ થી શરૂ થયો છે. એ પછી થોડા વર્ષોમાં "માસ્ટર ઓફ જર્નાલિઝમ સ્ટડીઝ" અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ થયો છે. જયારે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એજયુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર દ્વારા માસ્ટર ઈન ડેવલપમેન્ટ કોમ્યુનીકેશનનો બે વર્ષનો અભ્યાસક્રમ ચાલે છે.

તેવી જ રીતે ગુજરાત વિદ્યાપીઠમાં પણ સમૂહ માધ્યમોનું શિક્ષણ અપાઈ રહ્યું છે. આ બંને સંસ્થાઓ સમૂહ માધ્યમો પૈકીના પ્રિન્ટ મીડિયા અને ઈલેકટ્રોનિક મીડિયાનું શિક્ષણ પ્રાપ્ત કરવા માગતા યુવાનોને વ્યવસાયની તાલીમ પ્રાપ્ત કરવામાં મદદરૂપ બને છે.

આ ઉપરાંત ભવન્સ ઈન્સ્ટીટયુટ અને હીરામણિ ઈન્સ્ટીટયુટ જેવી ખાનગી સંથાઓમાં ડીપ્લોમા જર્નાલિઝમના એક વર્ષના અભ્યાસક્રમોનું શિક્ષણ અપાઈ રહ્યું છે.

પત્રકારત્વના અભ્યાસક્રમોમાં થોડા વર્ષોથી સેલ્ફ ફાયનાન્સ બેઠકો પણ રાખવાનું શરૂ થયું છે. જે દર્શાવે છે કે પત્રકારત્વને એક વ્યવસાય તરીકે પસંદ કરવાનું યુવાનોમાં વલણ વધ્યું છે. પત્રકારત્વમાં પ્રવેશ મેળવવા માટે પાયાની જાણકારી અને જ્ઞાન આપવામાં પત્રકારત્વનું શિક્ષણ આપતી સંસ્થાઓ ઉપયોગી બની રહી છે. આ અભ્યાસક્રમોમાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક એમ બંને પ્રકારની તાલીમનું સંયોજન કરવામાં આવ્યું છે.

આજની ૨૧મી સદીમાં વ્યવસાયના કોઈપણ ક્ષેત્રમાં તાલીમનું મહત્વ વધ્યું છે. જેના કારણે હોટલ મેનેજમેન્ટથી શરૂ કરીને બ્યુટી કેર, ફેશન ડીઝાઈનીગ વગેરે ક્ષેત્રોમાં પણ શિક્ષિત બનાવવાના અભ્યાસો શરૂ થયા છે. અખબારો અને દશ્ય શ્રાવ્ય માધ્યમોમાં અનેક પરિવર્તનો આવ્યા છે. મુદ્રણ ટેકનિકથી માંડીને લેઆઉટ, ગ્રાફીકસ વગેરે નવી નવી બાબતો અખબારમાં આમેજ થતી જાય છે. પત્રકારત્વના વ્યવસાયનું પદ્ધતિસરનું શિક્ષણ વ્યવસાયમાં પ્રવેશ ઈચ્છુકો માટે ઉપકારક બની રહ્યું છે. પત્રકારત્વના શિક્ષણને કારણે મહિલાઓને આ વ્યવસાયમાં પ્રવેશવાનો મોકો પ્રાપ્ત થયો છે. પત્રકારત્વનું શિક્ષણ મેળવનાર યુવતીઓને સમૂહ માધ્યમોના વિવિધ ક્ષેત્રોમાં પ્રવેશવાની તક પૂરી પાડી છે એમ કહીએ તો અસ્થાને નહીં ગણાય.

## પ્રકરણ – ૪

## અમદાવાદના પત્રકારો : સામાજિક – આર્થિક પશ્ચાદ ભૂમિકા

સમાજશાસ્ત્રમાં વિકસેલી અનેક વિદ્યાકીય શાખાઓમાં "વ્યવસાયનું સમાજશાસ્ત્ર" વર્તમાન સમયમાં વિશેષ મહત્વનું બની રહ્યું છે. તેનું એક મહત્વનું કારણ એ છે કે ૨૧ મી સદીના ભારતમાં વ્યાવસાયિક વૈવિધ્ય, તેની જટિલતા અને તેની સાથે સાથે તેના કારણે ઉદ્દભવતી સામાજિક–આર્થિક ગતિશીલતા સમાજશાસ્ત્રીઓનું ધ્યાન ખેંચી રહી છે.૫૦ લાખથી વધુ વસ્તી ધરાવતા અમદાવાદ શહેરનો પત્રકારત્વનો ઈતિહાસ બ્રિટીશ યુગથી શરૂ થઈ ગાંધીયુગ અને સ્વાતંત્ર્ય ચળવળથી લઈને ૨૧મી સદી સુધી વિસ્તરેલો છે. આ ઈતિહાસ અને વર્તમાનને જોડતી એક મહત્વની કડી પત્રકારો પોતે જ છે. આથી તેઓના સમાજશાસ્ત્રીય અભ્યાસમાં સૌપ્રથમ માહિતી એ મેળવવી જરૂરી બને છે કે આ પત્રકારોની સામાજિક આર્થિક પશ્ચાદ–ભૂ કેવી છે ? આ ભૂમિકા તેઓની જાતિથી શરૂ થઈ જ્ઞાતિ ધર્મ અને આર્થિક વ્યવહારો સુધી વિસ્તરે છે. આ તમામ બાબતો અંગેની આંકડાકીય માહિતી અને તેનું વિશ્લેષણ અમદાવાદના પત્રકારોને સમજવા માટે જરૂરી આધાર પૂરા પાડશે.

અગાઉ દર્શાવ્યું તેમ આ પ્રકરણમાં પત્રકારોની સામાન્ય માહિતીનો સમાવેશ કરાયો છે. વ્યવસાયિક પત્રકારો કે જેઓ ઉત્તરદાતાઓ છે તેમને તેઓ જે સામાજિક–આર્થિક પૃષ્ઠભૂમિમાંથી આવે છે એ પૃષ્ઠભૂમિને સ્પષ્ટ કરતાં સવાલો પૂછવામાં આવ્યા હતા. આ સવાલોના જે ઉત્તરો પ્રાપ્ત થયા છે તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેના દ્વારા તેમની ઉંમર, મૂળવતન જ્ઞાતિ, ધર્મ, શિક્ષણ – વિશેષ શિક્ષણ, પત્રકારત્વ સિવાયનું શિક્ષણ, હાલના રહેણાંકનો પ્રકાર, રહેણાંક વિસ્તાર, મકાન બાંધકામ, કેટલા વર્ષથી હાલના રહેઠાણમાં વસે છે ? તેમણે અગાઉનું રહેઠાણ બદલ્યું છે ? અત્યારના વિસ્તારમાં જ અગાઉ રહેતા હતા કે અન્ય વિસ્તારમાં રહેતા હતા ? ટેલિવિઝન, ફ્રીઝ, વોશિંગ મશીન, એ.સી., મોબાઈલ,

કોમ્પ્યુટર, ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે કે કેમ ? ફોર વ્હીલર કે ટુ વ્હીલરની સંખ્યા વગેરે ભૌતિક સાધન સુવિધા અને જ્ઞાતિ, મૂળવતન જેવી પ્રમાણમાં પ્રાથમિક કક્ષાની માહિતી કહી શકાય પરંતુ સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ અત્યંત મહત્વની એવી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત હાલ તેઓ કયા માધ્યમમાં કાર્યરત છે તેમનો હોદ્દો અથવા તો કામનો પ્રકાર શું છે ? પત્રકાર તરીકે કયા કયા વર્તમાનપત્રોમાં સેવા આપી છે. છેલ્લા બે વર્ષ દરમિયાન વિશેષ વાંચનની વિગતો, પોતાના ઘરે કયા અખબાર કે સામયિક મંગાવો છો ? આ ઉપરાંત બહુ જ મહત્વના ગણાવી શકાય એવા બે સવાલો પત્રકારત્વને વ્યવસાય તરીકે સ્વીકાર્યું છે કે અન્ય કોઈ કારણસર ? અને પત્રકારોને વેતનપંચ અનુસાર પગાર મળે છે કે કેમ ? એવા સવાલો ઉત્તરદાતાઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આ સવાલોના ઉત્તરોના આધારે પ્રાપ્ત થયેલી માહિતીના વર્ગીકરણ દ્વારા અમદાવાદમાં પત્રકાર તરીકે કાર્યરત વ્યાવસાયિક કોણ છે ? તેઓ કેવા પ્રકારની સામાજિક–આર્થિક પશ્ચાદભૂમાંથી આવે છે ? જેની અસર તેમના વ્યવસાય પર કેવી પડે છે ? અને તેના આધારે તેમના વ્યવસાયની અસર સમગ્ર ગુજરાતના વાચકો ઉપર અને તે દ્વારા સમાજ જીવન પર કેવી પડી શકે છે ? તેનો અંદાજ મેળવવામાં આવ્યો છે.

આમ પ્રસ્તુત પ્રકરણમાં પત્રકારત્વ સાથે સંકળાયેલ વ્યવસાયિકોની ઝીણી ઝીણી પરંતુ સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ અતિ મહત્વની વિગતો પ્રશ્નાવલીના આધારે મેળવવામાં આવી છે તેને વર્ગીકૃત કરીને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

પ્રસ્તુત અભ્યાસ અમદાવાદના પત્રકારોનો છે. જેમાં કુલ ૫૯ ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે પૈકી ત્રણ મહિલા અને ૫૬ પુરુષ ઉત્તરદાતાઓ સમાવિષ્ટ છે. ઉત્તરદાતાઓની માહિતી દર્શાવતું કોષ્ટક નીચે મુજબ છે.

## જ્ઞાતિ

### કોષ્ટક–૧

| | | |
|---|---|---|
| હિન્દુ | ઉચ્ચ જ્ઞાતિ | 44 |
| | સામાજિક શૈક્ષણિક પછાત જ્ઞાતિ | 07 |
| | દલિત જ્ઞાતિ | 01 |
| મુસ્લિમ | સામાજિક શૈક્ષણિક પછાત જ્ઞાતિ | 01 |
| | ઉચ્ચ જ્ઞાતિ | 01 |
| જૈન | – | 03 |
| જ્ઞાતિ–ધર્મમાં માનતા નથી કે માહિતી આપી નથી | – | 02 |
| કુલ | | 59 |

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓનું ધર્મ અને જ્ઞાતિના આધારે વર્ગીકરણ જોઈએ તો સૌથી વધુ ઉત્તરદાતાઓ ઉચ્ચ જ્ઞાતિના છે. જે પૈકી ૪૪ હિન્દુ ધર્મ ઉચ્ચ જ્ઞાતિના અને ૪ ઉત્તરદાતાઓ ધાર્મિક લઘુમતી જૂથના છે. વસ્તી ગણતરી ૨૦૦૧ મુજબ અમદાવાદ શહેર ગુજરાતનું સૌથી મોટું અને વિસ્તારની દૃષ્ટિએ દેશમાં સાતમો ક્રમ ધરાવતું શહેર છે. અન્ય રાજયો અને ગુજરાતના વિવિધ શહેરોમાંથી અનેક લોકો સ્થળાંતર કરીને આ શહેરમાં વસ્યા છે.

૨૦૦૧ ની વસતી ગણતરી પ્રમાણે અમદાવાદ શહેરમાં મોટાભાગની વસતી હિન્દુ ધર્મના લોકોની નીચે (૮૩%) છે. પ્રસ્તુત અભ્યાસમાં પણ હિન્દુ ધર્મના ઉત્તરદાતાઓની ટકાવારી ઘણી વધારે ૮૮.૧૪% છે. જયારે ધાર્મિક લઘુમતી ઉત્તરદાતાઓની ટકાવારી ૮.૪૮% છે. કુલ ઉત્તરદાતાઓ પૈકી એક મહિલા ઉત્તરદાતાએ પોતે જ્ઞાતિ અને ધર્મમાં માનતા નથી. એવી સ્પષ્ટતા કરી છે. જયારે એક ઉત્તરદાતાએ જ્ઞાતિ અને ધર્મની વિગતો જાહેર કરી નથી.

ઉત્તરદાતાઓ કે જેઓ હિન્દુ ઉચ્ચ જ્ઞાતિના ધર્મના છે તેઓની આંકડાકીય વિગતો જોઈએ તો ઉચ્ચ જ્ઞાતિમાં સમાવિષ્ટ એવા બ્રહ્મણો – ૩૧, પાટીદાર – ૫, નાગર બ્રાહ્મણ –

૨, વૈષ્ણવ વણિક – ૩, અને કંસારા, રાજપૂત, બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના એક એક ઉત્તરદાતાઓ છે. જ્યારે લઘુમતીઓની વિગતો જોઈએ તો ત્રણ ઉત્તરદાતા જૈન અને એક ઉત્તરદાતા મુસ્લિમ સુન્ની વોરા છે.

આપણે જ્યારે ભૂતકાળ તરફ દ્દષ્ટિ કરીએ તો પરંપરાગત ભારતીય સમાજમાં વ્યવસાયો જ્ઞાતિ આધારિત હતા. દરેક જ્ઞાતિ નિશ્ચિત વ્યવસાય સાથે સંકળાયેલી હતી. જ્ઞાતિનો નિશ્ચિત વ્યવસાય એ અધિકાર તરીકે ગણાતો હતો. પત્રકારોનો વ્યવસાય શિક્ષણ સાથે સીધી નિસ્બત ધરાવતો વ્યવસાય છે. પરંપરાગત સમાજમાં શિક્ષણનો વ્યવસાય જ્ઞાતિની દ્દષ્ટિએ જોઈએ તો બ્રાહ્મણ જ્ઞાતિનું વ્યવસાયી વર્ચસ્વ હતું. પ્રસ્તુત અભ્યાસમાં પત્રકારત્વને આપણે શિક્ષણ આનુષંગિક વ્યવસાય તરીકે જોઈએ ત્યારે આ વાત આજે પણ એટલી જ સ્પષ્ટ રીતે જણાય છે. હિન્દુ ઉચ્ચ જ્ઞાતિ એવી બ્રાહ્મણ જ્ઞાતિની ટકાવારી ૫૫.૯૩% જેટલી થાય છે. એટલે કે અડધા કરતાં પણ વધારે લોકો પત્રકારત્વના વ્યવસાયમાં બ્રાહ્મણ જ્ઞાતિનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે આ વ્યવસાયમાં ઉત્તરદાતાઓના આધારે ઉચ્ચ જ્ઞાતિની ટકાવારી જોઈએ તો ૭૬.૨૭% જેટલી છે. જે બાબત નોંધનીય છે.

આઝાદી પછી શિક્ષણના પ્રસાર માટે વ્યાપક પ્રયાસો હાથ ધરાયા પરિણામે આજે દરેક જ્ઞાતિમાં શિક્ષણનું સ્તર સુધર્યું છે અને મહત્વ વધ્યું છે. અગાઉ કહ્યું તેમ પત્રકારત્વ શિક્ષણ સાથે સંકળાયેલું છે. અને વર્તમાન સમયમાં પત્રકારત્વનું વિશેષ શિક્ષણ આપતી સંસ્થાઓ પણ શરૂ થઈ છે. જેમાં કોઈપણ પ્રકારના ધર્મ કે જાતિભેદ સિવાય પ્રવેશ અપાય છે. વંચિત વર્ગો માટે અનામત બેઠકોની વ્યવસ્થા પણ આ સંસ્થાઓમાં નીચે છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં (બક્ષીપંચ) સમાવિષ્ટ જ્ઞાતિના ઉત્તરદાતાઓની વિગતો જોઈએ તો હિન્દુ ધર્મના પ્રજાપતિ જ્ઞાતિના બે અને રામી, સાધુ, પંચાલ, સુથાર, ગઢવી–ચારણ જ્ઞાતિના એક એક તથા એક મુસ્લિમ સિપાઈ જ્ઞાતિના સહિત એમ કુલ આઠ ઉત્તરદાતાઓ છે. શિક્ષણના પરિણામે સામાજિક અને શૈક્ષણિક વિકાસનો લાભ બંધારણીય ઈલાજરૂપે આવતા આ વર્ગમાં વ્યવસાયિક ગતિશીલતાની તકો તેઓ સ્વીકારતા

થયા છે. જો કે તેમની ટકાવારી ૧૩.૫૯% જેટલી છે. રાષ્ટ્રના વિકાસમાં સુગ્રથન લાવવાની જરૂરિયાત ઉપર આ બાબત અંગુલીનિર્દેશ કરે છે.

હિન્દુ ધર્મની નિમ્ન જ્ઞાતિ ગણાતી અનુસૂચિત જાતિના એકમાત્ર ઉત્તરદાતા છે. કુલ ઉત્તરદાતાઓની ટકાવારીની દૃષ્ટિએ તેમની ટકાવારી માત્ર ૧.૬૯% જેટલી થાય છે. આ બાબત એ સૂચવે છે કે આઝાદીના આટલા વર્ષો પછી પણ અનુસૂચિત જાતિના વિકાસ માટેના પ્રયાસોમાં કશુંક નક્કર કરવાની જરૂરિયાત છે.

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓનું ધર્મના પાયા પર વર્ગીકરણ કરીએ તો કુલ ૫૯ ઉત્તરદાતાઓમાંથી બાવન ઉત્તરદાતાઓ હિન્દુ, લઘુમતી જૂથો પૈકી બે ઈસ્લામ ધર્મી અને ત્રણ જૈન ધર્મી છે. એક ઉત્તરદાતાએ જ્ઞાતિ અને ધર્મ વિશેની માહિતી આપવાનું ટાળ્યું છે. જયારે એક ઉત્તરદાતા કે જે મહિલા છે તેમણે પોતે જ્ઞાતિ ધર્મમાં માનતા નથી એવું સ્પષ્ટ કહ્યું છે.

ઉત્તરદાતાઓના જ્ઞાતિવાર વર્ગીકરણ જોતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે બ્રાહ્મણ જ્ઞાતિના ઉત્તરદાતાઓ વધુ છે. પત્રકારત્વના વ્યવસાયમાં બંધિયારપણાનો અભાવ છે. દરેક વ્યકિત કે જે લેખનમાં માહિર હોય, રસ હોય તે આ વ્યવસાયમાં જોડાઈ શકે છે. તેમ છતાં પણ આ વ્યવસાયમાં કાર્યરત લોકોની વિગતો જોઈએ તો બ્રાહ્મણ જ્ઞાતિજનોનો પ્રભાવ દેખાય છે. બ્રાહ્મણો પરંપરાથી શિક્ષણ સાથે જોડાયેલા છે. આથી તેઓને આ ક્ષેત્રમાં તક ઉપલબ્ધ થાય છે. એ તો ખરું પણ સાથોસાથ જૂની પેઢીના પણ બ્રાહ્મણો આ ક્ષેત્રમાં હોઈ નવી પેઢીના તેમના સગાવહાલાંઓ આ વ્યવસાયમાં આવતા હોય છે. ભારતીય સમાજને જયારે વ્યવસાયની દૃષ્ટિએ જોઈએ તો પિતાના વ્યવસાયમાં પુત્ર આવતો હોય છે. જેમ કે શિક્ષકનો પુત્ર શિક્ષક થાય. તબીબનો પુત્ર તબીબ બને છે. અને સમાજ પણ તેવી જ રીતે આખી બાબતને જોતો હોય છે. આ દૃષ્ટિએ બ્રાહ્મણ વર્ચસ્વ આ વ્યવસાયમાં જોવા મળે છે એમ કહી શકાય.

લઘુમતી જૂથો પૈકી મુસ્લિમોમાં શિક્ષણ ઓછું છે. અને આ વ્યવસાય શિક્ષણ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે આથી આ વ્યવસાયમાં મુસ્લિમોનું પ્રમાણ ઓછું હોય એ શકયતા છે. જે આ

અભ્યાસના ઉત્તરદાતાઓની માહિતી પરથી સાબિત કરે છે કે આ માન્યતામાં તથ્ય જણાય છે. તેવી જ રીતે ગુજરાતમાં ખ્રિસ્તીઓને જોઈએ તો તેમણે દલિત જ્ઞાતિમાંથી ધર્મ પરિવર્તન કરીને ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે. રાજયના બહુમતી ખ્રિસ્તીઓએ ધર્મ પરિવર્તન કર્યું છે. એટલે અગાઉ દલિત હતા તેમનામાં શિક્ષણનો અભાવ હતો. ખ્રિસ્તીઓની નવી પેઢીમાં પુત્ર અને ઘણે અંશે પિતા અને દાદા શિક્ષિત હશે. પણ ચોથી પેઢી નિરક્ષર હોવાની સંભાવના બળવત્તર છે. આ દૃષ્ટિએ આ વ્યવસાયમાં તેમનું પ્રતિનિધિત્વ ઓછું જણાય છે.

તેવી જ રીતે લઘુમતી પૈકીના જૈનોમાં વ્યવસાયિક તરીકે નોકરી કરવી તેના બદલે સ્વતંત્ર ધંધો કે વ્યવસાય કરવાનું વલણ હોય છે. આથી પત્રકારત્વના વ્યવસાયમાં એક વ્યવસાયિક તરીકે તેઓની સંખ્યા ઓછી હોય છે. જૈનો પત્રકાર તરીકે ખૂબ ઓછી સંખ્યામાં છે. જે આપણા ઉત્તરદાતાઓની માહિતી પરથી તારવી શકાય છે. પણ સાથોસાથ એક મજાની બાબત એ છે કે અમદાવાદના પત્રકારત્વમાં ભલે વ્યવસાયી તરીકે જૈન જ્ઞાતિજનો ઓછા છે પરંતુ વર્તમાનપત્રોના માલિકો તરીકે જૈનો છે. અમદાવાદના જે કેટલાક વર્તમાનપત્રોના માલિકો જૈનો છે તે વર્તમાનપત્રોમાં ગુજરાતના અગ્રગણ્ય ગુજરાતી દૈનિકો ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સમભાવ મેટ્રો, જયહિન્દ, પ્રભાતને દર્શાવી શકાય. આમ માલિકો જૈન હોવા છતાં વ્યવસાયી તરીકે બ્રાહ્મણો મોટી સંખ્યામાં છે.

## વયજૂથ

### કોષ્ટક–૨

| વયજૂથ | હિન્દુ | | | મુસ્લિમ | | જૈન | જ્ઞાતિ કે ધર્મમાં માનતા નથી કે જણાવ્યું નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉચ્ચ | સા.અને શૈ. પ. વર્ગની જ્ઞાતિઓ | દલિત | ઉચ્ચ | સા.અને શૈ. પ. વર્ગની જાતિ | | | |
| 20-25 | 1 | - | - | - | - | - | - | 1 |
| 26-30 | 8 | - | - | - | - | 1 | 2 | 11 |
| 31-35 | 8 | 4 | 1 | 1 | 1 | - | - | 15 |
| 36-40 | 11 | - | - | - | - | 1 | - | 12 |
| 41-45 | 5 | 1 | - | - | - | - | - | 6 |
| 46-50 | 8 | - | - | - | - | - | - | 8 |
| 51-55 | 2 | - | - | - | - | - | - | 2 |
| 56-60 | - | - | - | - | - | 1 | - | 1 |
| 61-65 | - | 2 | - | - | - | - | - | 2 |
| ૬૬ કે તેથી વધુ | 1 | - | - | - | - | - | - | 1 |
| કુલ | 44 | 7 | 1 | 1 | 1 | 3 | 2 | 59 |

વયજૂથની માહિતી દર્શાવતા કોષ્ટક–૨ મુજબ વયજૂથ અનુસાર જો માહિતી મેળવીએ તો કુલ ઉત્તરદાતાઓ પૈકી સૌથી વધુ ઉત્તરદાતાઓ ૩૧થી ૩૫ના વયજૂથના છે. જે કુલ ઉત્તરદાતાની ટકાવારી અનુસાર જોઈએ તો ૨૫% જેટલા છે. આમ, ચોથા ભાગના ઉત્તરદાતાઓ આ વયજૂથના છે. જો ૪૦ વર્ષ સુધીની વયજૂથના ઉત્તરદાતાઓની વિગતો મેળવીએ તો ૨૬–૩૦ના વયજૂથમાં–૧૧, ૩૧–૩૫ના વયજૂથમાં–૧૫, અને ૩૬–૪૦ના વયજૂથમાં–૧૨ સાથે તેમની કુલ સંખ્યા ૩૮ થાય છે. જે ટકાવારીની દષ્ટિએ ૪૭.૮૫% જેટલી છે. આમ જોઈએ તો ઉત્તરદાતાઓ પૈકી અડધો અડધ ઉત્તરદાતા ૪૦ કે તેથી નીચેની વયજૂથમાં આવે છે.

ઉત્તરદાતાઓમાં આઠ ઉત્તરદાતાઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિના છે. આ પૈકીના પાંચ ઉત્તરદાતાઓ ૩૧ થી ૩૫ના વયજૂથમાં આવે છે. અને દલિત જ્ઞાતિના એકમાત્ર ઉત્તરદાતા છે. તેઓ પણ આ જ વયજૂથના છે. જે બાબત દર્શાવે છે કે શિક્ષણનો વ્યાપ

છેવાડાના માનવી સુધી અનામતના લાભ દ્વારા પહોંચાડવાનો પ્રયાસ થોડે ઘણે અંશે પણ ફળદાયી નીવડયો છે. જે મહિલા જ્ઞાતિ અને ધર્મમાં નથી માનતા તેઓ ૨૬ થી ૩૦ વર્ષના વયજૂથમાં આવે છે. જે બાબત યુવાનોમાં "બિનસાંપ્રદાયિકતા અને વિશ્વમાનવ"નો ખ્યાલ રજૂ કરે છે.

પત્રકારત્વના વ્યવસાયમાં કુશળતા અત્યંત જરૂરી છે. કુશળ વ્યકિતને વ્યવસાયમાં સારી તકો મળે એ સ્વાભાવિક છે. આ વ્યવસાયમાં પણ આ બાબત જોવા મળી છે. સામાન્ય રીતે આપણા દેશમાં ૫૮ વર્ષની વય નિવૃત્તિની વય છે. પરંતુ, ચાર પત્રકારો એવા છે જેઓની ઉંમર ૫૬ વર્ષ કરતાં વધારે છે છતાં તેઓ કાર્યરત છે. વયજૂથ પ્રમાણે જોઈએ તો એક ઉત્તરદાતા ૫૭ વર્ષની વય, એક ઉત્તરદાતા – ૬૩ વર્ષ, અન્ય એક ઉત્તરદાતા ૬૪ વર્ષ અને એક ઉત્તરદાતા – ૭૨ વર્ષની ઉંમરે પણ વ્યવસાયમાં છે.

વયજૂથની માહિતીનું વર્ગીકરણ એક બાબત તરફ ખાસ ધ્યાન દોરે છે કે વર્તમાન પત્રકારત્વના વ્યવસાયમાં નવી અને જૂની બંન્ને પેઢીનું યોગદાન છે. સામાન્ય રીતે જે કેટલાક વ્યવસાયોની ઓળખ અથવા તો છાપ એવી છે કે થોડો અનુભવ વ્યાવસાયિકને વધુ સજજ બનાવે છે. જેમ કે તબીબ કે વકીલનો વ્યવસાય આ અનુભવ જરૂરી ગણાય એવા વ્યવસાયમાં મૂકી શકાય તેમ પત્રકારત્વનો વ્યવસાય પણ અનુભવ માગી લે છે. કારણ સ્પષ્ટ છે કે પત્રકારને માત્ર કોઈ ઘટના નિપજે એ પછી માત્ર સમાચારલક્ષી અહેવાલરૂપે જ તેનું નિરૂપણ કરવાનું જ હોતું નથી પરંતુ તેની સાથે સાથે એક ઘટના કેવી અસર નિપજાવશે એનું પણ આકલન તેણે કરવાનું હોય છે. આ બાબત ધ્યાનમાં લેતાં આ વ્યવસાયમાં અનુભવી જરૂરી ગણાય છે.

આ અભ્યાસમાં જે ઉત્તરદાતાઓ છે તેમનું વયજૂથના આધારે વર્ગીકરણ જોઈએ તો પત્રકારત્વના જૂના જોગીઓ અને યુવાન પત્રકારોનું સહઅસ્તિત્વ જોવા મળે છે. પત્રકારત્વમાં જૂની અને નવી એમ બન્ને પેઢી યોગદાન આપી રહી છે. જેના પરિણામરૂપે પત્રકારત્વમાં આપોઆપ ઊંડાણ આવી શકે છે. નવી અને જૂની પેઢીના વ્યવસાયિક

સહઅસ્તિત્વને પરિણામે વાચક તરીકે નવા આવનાર યુવાનો, અને સાથે સાથે પ્રૌઢ વાચકો બન્ને વર્ગને એક સમાન રીતે લેખન અને સમાચાર વિશ્લેષણમાં નવા વિચારોના આકલન અખબારમાં દર્શન થઈ શકે છે.

**મૂળવતન**

**કોષ્ટક – ૩**

| મૂળવતન | હિન્દુ | | | મુસ્લિમ | | જૈન | જ્ઞાતિ કે ધર્મમાં માનતા નથી કે જણાવ્યું નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉચ્ચ | સા.અને શૈ. પ. વર્ગની જ્ઞાતિઓ | દલિત | ઉચ્ચ | સા.અને શૈ. પ. વર્ગની જાતિ | | | |
| ગાંધીનગર | 3 | 1 | - | - | - | - | - | 4 |
| સુરેન્દ્રનગર | 2 | 1 | - | - | - | 1 | - | 4 |
| ભાવનગર | 1 | 2 | - | - | - | 1 | - | 4 |
| વડોદરા | 1 | - | - | - | - | - | - | 1 |
| સુરત | 1 | - | - | - | - | - | - | 1 |
| નર્મદા | 1 | - | - | - | - | - | - | 1 |
| આણંદ | - | - | - | - | - | - | 1 | 1 |
| જામનગર | - | 1 | - | - | - | - | - | 1 |
| ખેડા | 5 | - | - | - | - | - | - | 5 |
| સાબરકાંઠા | 4 | - | - | - | - | - | - | 4 |
| અમદાવાદ | 11 | 1 | 1 | 1 | - | 1 | 1 | 16 |
| પોરબંદર | 3 | - | - | - | - | - | - | 3 |
| મહેસાણા | 2 | 1 | - | - | - | - | - | 3 |
| રાજકોટ | 1 | - | - | - | 1 | - | - | 2 |
| અમરેલી | 4 | - | - | - | - | - | - | 4 |
| જૂનાગઢ | 2 | - | - | - | - | - | - | 2 |
| બિહાર | 1 | - | - | - | - | - | - | 1 |
| દિલ્હી | 1 | - | - | - | - | - | - | 1 |
| પંજાબ | 1 | - | - | - | - | - | - | 1 |
| કુલ | 44 | 7 | 1 | 1 | 1 | 3 | 2 | 59 |

ગુજરાત વેપાર–વાણિજયની દ્રષ્ટિએ વિકસિત રાજય છે. અનેક મોટા મોટા ઉદ્યોગગૃહો અને ઉદ્યોગપતિઓ રાજયે આપ્યા છે. ભારતના વેપાર વાણિજયના ક્ષેત્રમાં શેરબજારની દ્રષ્ટિએ જોઈએ તો રતન ટાટા–અઝીમ પ્રેમજી અને મુકેશ–અનિલ અંબાણીની શેર માર્કેટ કેપ વેલ્યુ દેશના અન્ય પ્રદેશના ઉદ્યોગપતિઓની સરખામણીએ વધુ છે. મહાજન પરંપરાને વરેલા ગુજરાતે ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર હોઈ ધંધા–રોજગાર અર્થે રાજયમાં સ્થળાંતર કરે એ સ્વાભાવિક છે. ગુજરાતનું પાટનગર ભલે ગાંધીનગર હોય પરંતુ આર્થિક પાટનગર તરીકે તો ગુજરાતની ઓળખ અમદાવાદ જ રહ્યું છે. આથી માત્ર અન્ય પ્રદેશના લોકો જ નહીં પરંતુ, ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી રોજગારી અર્થે લોકો સ્થળાંતરિત થઈને અમદાવાદમાં વસે છે. પ્રસ્તુત અભ્યાસમાં કુલ ઉત્તરદાતાઓ પૈકીના ૩ ઉત્તરદાતાઓ અન્ય રાજયોમાંથી બિનગુજરાતીઓ અહીં અમદાવાદમાં સ્થાયી થયા છે. જેમની ટકાવારી ૫.૦૮% થાય છે. આ પૈકી એક ઉત્તરદાતા ગુજરાતી પત્રકારત્વ સાથે સંકળાયેલા છે.

તેવી જ રીતે જેઓ ગુજરાતના છે પરંતુ જેમનું મૂળવતન અમદાવાદ નથી તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૪૧ જેટલી છે. જે ટકાવારીની દ્રષ્ટિએ ૬૯.૫૦% થાય છે. આ બાબત દર્શાવે છે કે અમદાવાદ શહેર રોજગારી અને વ્યવસાયની તક આપે છે. આ શહેરમાં વ્યવસાયની તકો કામદાર વર્ગ ઉપરાંત શિક્ષિતો માટે પણ ઉપલબ્ધ છે.

આમ, જેમની ભાષા હિન્દી નથી તેવા બિનગુજરાતીઓ અને એવા ગુજરાતીઓ કે જેમનું મૂળ વતન અમદાવાદ નથી તેવા લોકોને પણ અમદાવાદે વ્યાવસાયિક તક પૂરી પાડી છે. મૂળવતન જેમનું અમદાવાદ છે તેવા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૭.૧૨% છે. એ પણ વ્યવસાયની ઉજ્જવળ તકો તરફ દ્રષ્ટિપાત કરાવે છે.

પત્રકારત્વ એ શિક્ષણ સાથે સંકળાયેલો વ્યવસાય છે. જેમાં કામ કરતો વ્યાવસાયિક પણ શિક્ષિત જોઈએ અને અખબારનો ઉપયોગ કરનાર (વાચક) પણ નિરક્ષર ના ચાલે. એટલે આપણે જયારે ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ જોઈએ છીએ ત્યારે સ્પષ્ટ થાય છે કે

ગુજરાતી પત્રકારત્વનો ઉદ્દભવ મહાનગર મુંબઈથી થયો હતો, કારણ સ્પષ્ટ છે કે ગ્રામીણ વિસ્તારની સરખામણીએ શહેરી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ સારું હોય છે. આથી પત્રકારત્વ મોટા શહેરોમાં ઉદ્દભવે છે અને વિકાસ પણ પામે છે. આ દ્દષ્ટિએ અમદાવાદમાં પણ પત્રકારત્વ વિકસ્યું છે. અને તેનો લાભ અમદાવાદના મૂળવતનીઓને સાંપડયો છે. એ બાબત ઉત્તરદાતા પત્રકારોના વતનની માહિતી વર્ગીકૃત કરતા જણાઈ આવે છે. તદઉપરાંત જે અન્ય જિલ્લાઓમાંથી અહીં આવીને વ્યવસાયમાં સીધેસીધા જોડાયા હોય એવું જવલ્લે જ બને શકય છે કે તેઓ તેમનું વતન છોડીને અમદાવાદમાં રોજગાર અર્થે સ્થાયી થયા હોય એ અગાઉ આ મહાનગરમાં શિક્ષણ પ્રાપ્ત કરવા આવ્યા હોય અને શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી આ વ્યવસાય સ્વીકાર્યો હોય. આમ, પત્રકારત્વ ઘણે ભાગે મોટા શહેરોમાં વિકસે છે. અને એ જેમ જેમ વિકસિત થતું જાય તેમ તેમ તેમાં રાજયના અન્ય વિસ્તારના લોકો વ્યવસાયિક તરીકે સ્થળાંતર કરીને સ્થાયી થાય છે.

માહિતી વર્ગીકૃત કરતાં એક બાબત એવી પણ જોવા મળી કે અમદાવાદની જેમ ગુજરાતના અન્ય મોટાં શહેરો જેવાં કે વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ છે ત્યાંથી અમદાવાદમાં સ્થળાંતર કરીને વસ્યા હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યા ઓછી છે પરંતુ જિલ્લાનું વડુંમથક હોય પરંતુ નગરીકરણ ઉપર દર્શાવેલા શહેરોની સરખામણીએ ઓછી માત્રામાં હોય તેવા શહેરો કે જિલ્લા મથકો જેવા કે સુરેન્દ્રનગર, ખેડા, સાબરકાંઠા, પોરબંદર જેવા સ્થળોએથી સ્થળાંતર કરીને અમદાવાદમાં વસ્યા હોય એવા ઉત્તરદાતાઓની સંખ્યા વધુ છે.

આ પરિસ્થિતિએ બાબતની દ્યોતક છે કે મહાનગરમાં પત્રકારત્વની તક હોય છે. અને જયાં વ્યવસાયની તક હોય ત્યાં બહુ સરળ બાબત છે કે વ્યવસાયિકોને પણ રોજગારીની તક હોય છે. આથી નગરવાદનું પ્રમાણ ઓછું ફેલાયું હોય તેવા વિસ્તારમાંથી વ્યવસાયિકો સ્થળાંતર કરીને નગરમાં આવતા જોવા મળે છે. વડોદરા, ભાવનગર, સુરત અને રાજકોટ એ આજે તો મહાનગરપાલિકાનો દરજ્જો ધરાવતા શહેર છે. આથી આ શહેર કે જિલ્લાના વતનીઓને જો

તેઓ શિક્ષિત હોય અને પત્રકારત્વના વ્યવસાયને સ્વીકારવા માગતા હોય તો તેમને આ વ્યવસાયની સ્થાનિક કક્ષાએ જ તક ઉપલબ્ધ હતી. ત્યાંથી મોટા ગજાના કહી શકાય એવા વર્તમાનપત્રો પ્રકાશિત થતા હોઈ તેમને માટે મૂળવતન છોડીને અમદાવાદમાં વ્યવસાયિક પત્રકાર બનવાની તક પ્રાપ્ત કરવાની જરૂરિયાત ન હતી. વ્યવસાયનું સમાજશાસ્ત્ર જયારે આપણે અભ્યાસમાં ચકાસી રહ્યા હોઈએ ત્યારે આ બાબત બહુ જ મહત્વની બની રહે છે.

**શિક્ષણ**

**કોષ્ટક – ૪**

| અભ્યાસ | હિન્દુ | | | મુસ્લિમ | | જૈન | જ્ઞાતિ કે ધર્મમાં માનતા નથી કે જણાવ્યું નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉચ્ચ | સા.અને શૈ. પ. વર્ગની જ્ઞાતિઓ | દલિત | ઉચ્ચ | સા.અને શૈ. પ. વર્ગની જાતિ | | | |
| બી.એડ. | 1 | - | - | - | - | - | - | 1 |
| હિન્દી ભાષારત્ન | 1 | - | - | - | - | - | - | 1 |
| ઈન્ટર સાયન્સ | - | 1 | - | - | - | - | - | 1 |
| સ્નાતક | 39 | 5 | 1 | 1 | 1 | 2 | 1 | 50 |
| અંડર ગ્રેજયુએટ | 1 | - | - | - | - | - | - | 1 |
| અનુસ્નાતક | 5 | - | - | - | - | - | 1 | 6 |
| ડિપ્લોમા–સિવિલ | - | 1 | - | - | - | - | - | 1 |
| ડિપ્લોમા–ફાર્મસી | 1 | - | - | - | - | - | - | 1 |
| એલ.એલ.બી. | 5 | - | - | - | 1 | - | - | 6 |
| **<u>વિશેષ શિક્ષણ</u>** | | | | | | | | |
| ડિપ્લોમા જર્નાલિઝમ | 10 | 2 | - | - | - | 1 | - | 13 |
| બી.જે.એમ.સી. | 5 | - | - | - | 1 | - | - | 6 |
| એમ.જે.એસ. | 2 | - | - | - | - | | 1 | 3 |
| એમ.ડી.સી. | 1 | - | - | - | - | 1 | | 2 |
| ડીપ્લોમા ફોટોગ્રાફી | 1 | - | - | - | - | - | - | 1 |

પત્રકારત્વનો વ્યવસાય શિક્ષણ સાથે સબંધિત છે. પત્રકારનું કાર્ય સમાજને શિક્ષિત અને માગદર્શિત કરવાનું કાર્ય છે. તે જોતા પત્રકાર શિક્ષિત હોય એ આવશ્યક માનવામાં આવે છે. ઉત્તરદાતા પૈકીના ૫૦ પત્રકારો સ્નાતક થયેલા છે. જે ટકાવારીની દૃષ્ટિએ ૭૨.૪૬% થાય છે. ૬ પત્રકારોએ અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. જ્ઞાતિના આધારે જોઈએ તો શિક્ષણનું વધુ પ્રમાણ બ્રાહ્મણ જ્ઞાતિના ઉત્તરદાતાઓમાં વિશેષ પ્રમાણમાં છે. ઉત્તરદાતા પૈકી ૭૮% ઉત્તરદાતાઓ બ્રાહ્મણ છે. ૬ ઉત્તરદાતાઓ કાયદાના સ્નાતક છે. શૈક્ષણિક લાયકાતમાં કેટલીક વિશેષતાઓ પણ જોવા મળે છે. જેમ કે ઉત્તરદાતાઓ પૈકી બી.એડ–૧, ઈન્ટર સાયન્સ–૧, અંડર ગ્રેજયુએટ–૧, ડિપ્લોમા સિવિલ–૧, અને ડિપ્લોમા ફાર્મસી–૧ ઉત્તરદાતા છે. આમ જોતાં કહી શકાય કે પત્રકારત્વ એ એવો વ્યવસાય છે કે જેમાં સ્નાતક કક્ષાનું શિક્ષણ ન લીધું હોય તેવા વ્યવસાયિકોને પણ જો તેમનામાં આંતરિક સૂઝ હોય તો વ્યવસાયિક તક મળે છે.

૨૦મી સદીના અંતભાગથી પત્રકારત્વને એક આગવો વ્યવસાય ગણીને પત્રકારત્વની ખાસ તાલીમના અભ્યાસક્રમો શરૂ થયા. પરંતુ કુલ ઉત્તરદાતાઓ પૈકી માત્ર ૨૪ ઉત્તરદાતાઓએ જ પત્રકારત્વનું વિશેષ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. જેમાં સૌથી વધુ ૧૩ ઉત્તરદાતાઓએ ડિપ્લોમા જર્નાલિઝમ, ૬ ઉત્તરદાતાઓ પત્રકારત્વમાં સ્નાતક અને ૫ ઉત્તરદાતાઓએ પત્રકારત્વમાં અનુસ્નાતક પદવી મેળવી છે. આમ, એક તરફ આજે કોઈપણ વ્યવસાયમાં તાલીમની જરૂરિયાત વિશેષ ભાર મૂકવામાં આવે છે. ખાસ પ્રકારના અભ્યાસક્રમોની ડિગ્રી કે ડિપ્લોમાના આધારે વ્યવસાયની તક મળતી હોય છે. આવી પરિસ્થિતિ લગભગ તમામ ક્ષેત્રમાં પ્રવર્તી રહી છે. ત્યારે પત્રકારત્વના વ્યવસાયમાં વિશેષ તાલીમ કે પત્રકારત્વનું વિશેષ શિક્ષણ મેળવીને વ્યવસાયમાં આવવાનું વલણ પ્રમાણમાં ઓછું જણાય છે. પત્રકારત્વ એ વ્યવસાયિક તાલીમ કે શિક્ષણના બદલે વ્યવસાય સ્વીકાર પછી વ્યવસાયી સફળ કેટલો થાય છે તે માપદંડ મુજબ ચાલતું હોય તેમ આ આંકડાકીય વર્ગીકરણ દર્શાવે છે. આ ઉપરાંત નવી પેઢીના પત્રકારો કે યુવાનો પત્રકારત્વ શિક્ષણ મેળવીને આ

ક્ષેત્રમાં પ્રવેશે છે તે બાબત જોવા મળે છે. જયારે જૂની પેઢીના પત્રકારોમાં આ બાબત જોવા મળતી નથી.

પત્રકારત્વની જે જૂની પેઢી છે એમણે પત્રકારત્વનું શિક્ષણ કોઈ કોલેજ કે વિશ્વ વિદ્યાલયોમાં મેળવ્યું ન હતું. અંગત રસ અને વ્યવસાય માટેની જરૂરી કેટલીક સૂઝના આધારે તેઓ પત્રકારત્વમાં પ્રવેશ્યા હતા. એ સમયે પત્રકારત્વનું શિક્ષણ આપતી સંસ્થા તો હતી પરંતુ પત્રકારત્વનું શિક્ષણ યુનિવર્સિટી કક્ષાએ પહોંચ્યું ન હતું. ગુજરાતમાં લગભગ દોઢ દાયકા અગાઉ પત્રકારત્વનો વ્યવસાય શિક્ષણ સાથે જોડાયો. ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં પત્રકારત્વના અભ્યાસક્રમો આ સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવ્યા હતા. જૂની પેઢીના પત્રકારો માટે પત્રકારત્વ સાથે સંકળાયેલું શિક્ષણ મેળવવાની જે તક ન હતી તે નવી પેઢીના પત્રકારોને પ્રાપ્ત થઈ. પરિણામે નવી પેઢીના મોટાભાગના પત્રકારો પત્રકારત્વનું શિક્ષણ મેળવીને આ વ્યવસાયમાં દાખલ થયા છે. હવે પત્રકારત્વના વ્યવસાયની જૂની પેઢી નવી પેઢીને ભલે કલાસરૂમ અને ન્યૂઝરૂમ વચ્ચે બહુ મોટો તફાવત હોવા છતાં પત્રકારત્વના શિક્ષાર્થીને વ્યવસાયમાં તક આપે છે.

આ ઉપરાંત કેટલાંક ઉત્તરદાતાઓ એવા છે કે જેમણે ડિપ્લોમા સિવિલ અને ડિપ્લોમા ફાર્મસીની પદવી પ્રાપ્ત કરી છે પરંતુ તેઓ તેમણે જે ક્ષેત્રમાં શિક્ષણ લીધું છે તેનાથી તદ્દન અલગ જ વ્યવસાયમાં કાર્યરત થયા છે. પત્રકારત્વ લેખન કૌશલ્યની સાથે સંકળાયેલું છે. આથી આ ક્ષેત્રમાં વિનયન શાખાના વિદ્યાર્થીઓને વધુ તક મળે એવું માનતા હોઈએ છીએ પરંતુ આ વ્યવસાય એ હકીકત તરફ ધ્યાન દોરે છે કે જે વ્યવસાયિક પાસે સમાચાર સૂઝ અને કલમની તાકાત હોય તો આ વ્યવસાયમાં જોડાઈ શકે છે.

ઉત્તરદાતાઓના શિક્ષણ અને વિશેષ શિક્ષણની માહિતી વર્ગીકરણમાં વ્યવસાયિકોમાં શિક્ષણ વૈવિધ્ય જોવા મળે છે. આ ઉપરાંત જ્ઞાતિગત શિક્ષણની વિગતો ચકાસીએ તો સૌથી વધુ પ્રમાણમાં બ્રાહ્મણ જ્ઞાતિના ઉત્તરદાતાઓ શિક્ષિત છે. સ્વાભાવિક છે હિન્દુ સમાજની જ્ઞાતિ કોટીક્રમિક માળખાની આ સૌથી ઉચ્ચ ગણાતી બ્રાહ્મણ જ્ઞાતિમાં શિક્ષણ એ પરંપરા છે. શિક્ષણ

આપવું એ રાજા–રજવાડાઓના કાળથી બ્રાહ્મણનું કર્મ ગણાયું છે. આથી, પેઢીઓ જૂની શિક્ષણ પરંપરા તેમના વારસામાં છે. વરસોથી શિક્ષણ સાથે નિસ્બત ધરાવતી આ જ્ઞાતિમાં લેખન વાચનનું પ્રમાણ સારું રહેતું આવ્યું છે. એટલે બ્રાહ્મણ ઉત્તરદાતાઓની ત્રણથી પાંચ પેઢી જો તપાસવામાં આવે તો એ પેઢી પણ શિક્ષિત જ હોય એવું તારણ નીકળે. પત્રકારત્વ શિક્ષણ ઉપરાંત ભાષા પ્રભુત્વ સાથે પણ સંબંધિત છે. જે જ્ઞાતિજનોમાં પેઢીઓથી શિક્ષણ સાથે નાતો છે તેમની પાસે ભાષા પ્રભુત્વ, ભાષા લાઘવ, ભાષાના ઉપયોગ અને વૈચારિક ચર્ચા પૂરી પાડી શકે તેવું ઘરનું વાતાવરણ હોય છે. આ બધી બાબતો પત્રકારત્વના વ્યવસાયમાં ઉપયોગી છે. વ્યવસાયની સજ્જતા માટે જે બાબતો જરૂરી છે એ બધી બાબતો બ્રાહ્મણ જ્ઞાતિ પાસે હોવાથી બહુ જ સહજ છે કે એ જ્ઞાતિના લોકો પત્રકારત્વના વ્યવસાયમાં તો હોવાના જ એટલું પૂરતું નથી પણ અન્ય જ્ઞાતિઓના વ્યવસાયિકોની સરખામણીએ તેમની સંખ્યા પણ વધુ હોવાની જ. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ પાસેથી એકત્ર કરેલી માહિતીમાં પણ પત્રકારત્વના વ્યવસાયમાં બ્રાહ્મણ જ્ઞાતિનું પ્રભુત્વ આથી જોવા મળે છે. ગુજરાતમાં કે અમદાવાદ શહેરમાં બ્રાહ્મણોની વસ્તીની ટકાવારી એક ટકો નહીં હોય પરંતુ પત્રકારત્વના વ્યવસાયમાં તેમની સંખ્યા અન્ય જ્ઞાતિજનોની સરખામણીમાં બહુમતીમાં હશે. પરંતુ વર્તમાન પત્રના માલિકો તરીકે બ્રાહ્મણ નથી કારણ વેપાર સાથે બ્રાહ્મણ જ્ઞાતિ સંકળાયેલી નથી. શિક્ષણની પરંપરા ધરાવતી આ જ્ઞાતિમાં વેપાર–વ્યવસાય સ્વીકારવાનું વલણ નથી. પરિણામે બહુ મોટી સંખ્યામાં બ્રાહ્મણ નોકરિયાત તરીકે જોવા મળે છે. ગુજરાતી વર્તમાનપત્રોમાં જે માલિક હોય છે તે પોતે વર્તમાનપત્રનો તંત્રી હોય છે. અમદાવાદના વર્તમાનપત્રોના માલિકોની માહિતી મેળવીએ તો બ્રાહ્મણ જ્ઞાતિનો માલિક શોધવો મુશ્કેલ થઈ પડે. પરંતુ અખબારમાં માલિક–તંત્રી પછીના બીજા નંબરના સ્થાને બ્રાહ્મણ જ્ઞાતિનો વ્યવસાયી અવશ્ય જોવા મળશે.

અન્ય જ્ઞાતિઓમાં બ્રાહ્મણની સરખામણીએ શિક્ષણનું પ્રમાણ ઓછું છે. જે પછાત અને દલિત જ્ઞાતિની વ્યકિત આજે પત્રકારત્વમાં છે એની માત્ર બે પેઢી જ શિક્ષિત હશે. જયારે બ્રાહ્મણમાં ચાર કે પાંચ પેઢી સુધી શિક્ષણ જોવા મળશે. પુરુષ તો ઠીક પરંતુ સ્ત્રીઓમાં પણ

બ્રાહ્મણ મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ વધુ હોય છે. સ્વાભાવિક છે કે શિક્ષણનું પ્રમાણ અન્ય જ્ઞાતિઓની સરખામણીએ બ્રાહ્મણ જ્ઞાતિમાં વધુ હોવાના કારણે શિક્ષણ સાથે સંબંધિત એવા પત્રકારત્વના વ્યવસાયમાં બ્રાહ્મણ જ્ઞાતિના વ્યવસાયીઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

**રહેણાંક વિસ્તાર**

**કોષ્ટક – ૫**

| વિસ્તાર | હિન્દુ | | | મુસ્લિમ | | જૈન | જ્ઞાતિ ધર્મની માહિતી આપી નથી કે માનતા નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉચ્ચ | સા.શૈ.પ. વર્ગની જ્ઞાતિઓ | દલિત | ઉચ્ચ | સા.અને શૈ. પ. વર્ગની જાતિ | | | |
| પૂર્વ વિસ્તાર | 3 | 2 | - | - | - | 1 | - | 6 |
| કોટ વિસ્તાર | 2 | - | - | 1 | 1 | - | - | 4 |
| પશ્ચિમ નદીપાર | 39 | 5 | 1 | - | - | 2 | 2 | 49 |
| કુલ | 44 | 7 | 1 | 1 | 1 | 3 | 2 | 59 |

અમદાવાદ શહેરની વચ્ચેથી સાબરમતી નદી વહે છે. જે શહેરને બે ભાગમાં વહેંચી દે છે. આ રીતે અમદાવાદની ઓળખ બની છે. નદીનો પશ્ચિમ છેડાનો વિસ્તાર નદી પારનો વિસ્તાર ગણાય છે. અને બીજા છેડાનો વિસ્તાર પૂર્વ અમદાવાદ તરીકે ઓળખાય છે. પરંતુ પૂર્વ વિસ્તારમાં કોટની રાંગ જયાં આવેલી છે એવા જૂના અમદાવાદને કોટ વિસ્તાર કહેવામાં આવે છે. આ કોટ વિસ્તારની ઓળખ પોળ અને મોહલ્લા તરીકે છે. આ વિસ્તાર તોફાનોની દ્દષ્ટિએ સૌથી વધુ સંવેદનશીલ વિસ્તાર ગણાય છે. કુલ ઉત્તરદાતાઓની સરખામણીએ માત્ર ચાર ઉત્તરદાતાઓ એવા છે જેઓ કોટ વિસ્તારમાં રહે છે. જેમાં બે હિન્દુ ઉચ્ચ જ્ઞાતિના, એક મુસ્લિમ ઉચ્ચ જ્ઞાતિના અને એક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિના મુસ્લિમનો સમાવેશ થાય છે. આ ચારેય ઉત્તરદાતાઓ પૈતૃક  નિવાસસ્થાનમાં રહે છે. જેમની ટકાવારી ૬.૮% જેટલી છે.

કુલ ઉત્તરદાતાઓ પૈકીના ૬ ઉત્તરદાતાઓ પૂર્વ અમદાવાદમાં રહે છે. જયારે બહુમતી

ઉત્તરદાતાઓ નદીપાર એટલે કે અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં સ્થાયી થયા છે. ૮૩% ઉત્તરદાતાઓ આ વિસ્તારમાં રહે છે.

ઉત્તરદાતાઓના રહેણાંકની વિગતો તપાસીએ તો હિન્દુ ઉચ્ચ જ્ઞાતિના ૩૯ ઉત્તરદાતાઓ અને લઘુમતી જૈન એવા બે ઉત્તરદાતાઓ પશ્ચિમમાં નદીપારના વિસ્તારમાં રહે છે. પશ્ચિમ વિસ્તારની જીવનશૈલી ઘણાભાગે ઉપલી જ્ઞાતિની જીવનશૈલી છે. ઉપલી જ્ઞાતિના લોકોમાં આનંદ પ્રમોદ મનોરંજનની બાબત સામેલ હોય છે. આ પ્રકારની સંસ્થાઓ ઉપરાંત ઉચ્ચ કક્ષાની શૈક્ષણિક સુવિધાઓ નદીપારના વિસ્તારમાં વધુ સારી મળે છે. આથી જો અગાઉ પૂર્વ કે કોટ વિસ્તારમાં તેઓ રહેતા હતા તેઓ સ્થળાંતર કરીને શહેરના સાબરમતી નદીની સામેના છેડે એટલે કે પશ્ચિમ વિસ્તારમાં સ્થાયી થયા છે. આ ઉપરાંત છેલ્લા થોડાં વર્ષોથી અમદાવાદના વિવિધ વર્તમાનપત્રોના કાર્યાલયો કોટ વિસ્તારની આસપાસ હતાં તેને ખસેડીને પશ્ચિમવિસ્તારમાં લઈ જવામાં આવ્યાં છે. વ્યવસાયનું સ્થળ બદલાવાના કારણે પણ વ્યવસાયિકોએ મોડીરાત સુધી કાર્યરત રહેવાનું હોઈ તેમના કામના સ્થળની આસપાસ રહેણાંકને યોગ્ય માનીને એ વિસ્તારમાં વસવાટ કર્યો હોય એવું જણાય છે.

પરંપરાગત અમદાવાદમાં પોળ વિસ્તાર એ દરેક જ્ઞાતિની ઓળખ સાથે જોડાયેલો હતો. જે તે પોળમાં એક નિશ્રિત જ્ઞાતિના લોકો વસતા હતા. અમદાવાદમાં પોળ વિસ્તારમાં મોટાભાગે આવું વસ્તી વિષયક ચિત્ર હોઈ અમદાવાદ બહારથી જે લોકો સ્થળાંતર કરીને આવે તેઓ નદીપારના વિસ્તારમાં રહેણાંક પસંદ કરે એ સ્વાભાવિક છે. અગાઉ આપણે મૂળવતન અંગેની કોષ્ટક–રમાં જે માહિતી જોઈ હતી તેમાં સ્પષ્ટ થયું હતું કે અમદાવાદ જેમનું મૂળવતન નથી એવા ગુજરાતના વિવિધ વિસ્તાર અને અન્ય રાજયના ૪૩ ઉત્તરદાતાઓ અહી આવીને વસ્યા છે. જૂના અમદાવાદમાં વસવાટના સ્થળો ચોક્કસ જ્ઞાતિ સાથે જોડાયેલા હતા. આ જોતાં અમદાવાદના પત્રકારોની બહુમોટી સંખ્યા નદીપારના વિસ્તારમાં સ્થાયી થયેલી જોવા મળે છે. આ ઉપરાંત એક બાબત એ પણ અત્રે નોંધવી જરૂરી છે કે સમાજમાં પત્રકારનો આગવો દરજ્જો છે. પત્રકાર કોઈપણ જ્ઞાતિનો હોય પરંતુ તેનો વ્યવસાયના આધારે દરજ્જો ઉચ્ચ છે. હવે નદીપારના

વિસ્તારમાં રહેતા લોકોની આછી માહિતી જોઈએ તો સમાજમાં જેમનો દરજ્જો ઊંચો છે એવા લોકો ત્યાં રહે છે. આમ, પત્રકાર પણ દરજ્જાની દૃષ્ટિએ સમાજમાં અગ્રસ્થાન ધરાવતો હોઈ અને તેની જીવનશૈલી પણ એવી જ હોવાથી નદીપારના વિસ્તારમાં રહેવાનું પસંદ કરતો હોવાનું જણાય છે.

**રહેઠાણનો પ્રકાર**
**કોષ્ટક – ૬**

| રહેઠાણનો પ્રકાર | હિન્દુ | | | મુસ્લિમ | | જૈન | જ્ઞાતિ ધર્મની માહિતી આપી નથી કે માનતા નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉચ્ચ | સા.શૈ.પ. વર્ગની જ્ઞાતિઓ | દલિત | ઉચ્ચ | સા.શૈ.પ. વર્ગની જ્ઞાતિઓ | | | |
| માલિકી | 40 | 7 | - | 1 | 1 | 2 | 2 | 53 |
| ભાડે | 4 | - | 1 | - | - | 1 | - | 6 |
| કુલ | 44 | 7 | 1 | 1 | 1 | 3 | 2 | 59 |

ઉત્તરદાતાઓ પૈકીના ૫૩ ઉત્તરદાતાઓ પોતાની કે પૈતૃક માલિકીના મકાનમાં વસવાટ કરે છે. જે ટકાવારીની દૃષ્ટિએ ૮૯% થાય છે. જયારે માત્ર ૧૧% ઉત્તરદાતાઓ ભાડાના મકાનમાં રહે છે. નોંધપાત્ર બાબત એ છે કે બક્ષીપંચની જ્ઞાતિના તમામ ઉત્તરદાતાઓ પોતાની માલિકીના મકાનમાં રહે છે. જયારે ભાડે રહેતા કુલ ૬ ઉત્તરદાતાઓ પૈકી ચાર ઉત્તરદાતા હિન્દુ ઉચ્ચ જ્ઞાતિના અને એક જૈન ધર્મના છે. ભાડે રહેતા પત્રકારોની દૃષ્ટિએ આ ઉચ્ચ જ્ઞાતિ–ધર્મના લોકોની ટકાવારી ૮૩% થાય છે. જે એકમાત્ર ઉત્તરદાતા દલિત જ્ઞાતિના છે તેઓ ભાડાના મકાનમાં રહે છે. બહુધા ઉત્તરદાતાઓ મકાન માલિકી ધરાવે છે જે દર્શાવે છે કે પત્રકારો આર્થિક દૃષ્ટિએ સંપન્ન છે.

કુલ ઉત્તરદાતાઓ પૈકી ૮૯% ઉત્તરદાતાઓ સ્વમાલિકી ધરાવે છે. આ બાબત એ દર્શાવે છે કે આ વ્યવસાયમાં કાર્યરત વ્યાવસાયિકો પોતે અત્યારે જે શહેરમાં અને જે વ્યવસાયમાં જોડાયેલા છે તે વ્યવસાય છોડીને અન્ય સ્થળ કે વ્યવસાય પસંદ કરવાના બદલે આ વ્યવસાય

અને આ જ શહેરમાં સ્થાયી થવા માંગે છે. આ ઉપરાંત તેઓ પોતાની માલિકીનું મકાન ધરાવી શકે તેટલું આર્થિક ઉપાર્જન તેઓ મેળવે છે. સામાન્ય રીતે નિમ્ન જ્ઞાતિ સમૂહના લોકો પાસે આર્થિક પ્રશ્નને પરિણામે મકાન માલિકી ન હોય એવું બને. પરંતુ ઉત્તરદાતાઓની માહિતીમાં ચિત્ર ઉલ્ટુ છે. હિન્દુ ઉચ્ચ જ્ઞાતિના ચાર અને એક–એક દલિત અને જૈન પાસે પોતાની માલિકીનું મકાન જ નથી. સામાજિક અને શૈક્ષણિક વર્ગના જે ઉત્તરદાતાઓ આ અભ્યાસમાં છે તે તમામ સાતેય ઉત્તરદાતાઓ પોતાની માલિકીનું રહેણાક ધરાવે છે.

**ઘરની સુવિધા**

**કોષ્ટક – ૭**

| રૂમ* | હિન્દુ | | | મુસ્લિમ | | જૈન | જ્ઞાતિ ધર્મની માહિતી આપી નથી કે માનતા નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉચ્ચ | સા.શૈ.પ. વર્ગની જ્ઞાતિઓ | દલિત | ઉચ્ચ | સા.શૈ.પ. વર્ગની જ્ઞાતિઓ | | | |
| 1 | - | - | 1 | - | - | 1 | – | 2 |
| 2 | 11 | 3 | - | - | - | 1 | - | 15 |
| 3 | 21 | 1 | - | - | - | | 1 | 23 |
| 4 | 6 | 1 | - | - | 1 | - | - | 8 |
| 5 | 5 | 2 | - | - | - | - | 1 | 8 |
| 6 | - | - | - | 1 | - | 1 | - | 2 |
| 7 | - | - | - | - | - | - | - | - |
| 8 | 1 | - | - | - | - | - | - | 1 |
| કુલ | 44 | 7 | 1 | 1 | 1 | 3 | 2 | 59 |

*(રસોડા સિવાય)

ઉત્તરદાતાઓના રહેઠાણ અંગેની વિગતોના વર્ગીકરણમાંથી એવી માહિતી સાંપડે છે કે ત્રણ રૂમ અને રસોડાના મકાન સૌથી વધુ ઉત્તરદાતાઓ પાસે એટલે કે ૨૩ ઉત્તરદાતાઓ પાસે છે. જયારે ૮–૮ ઉત્તરદાતાઓ પાસે ૪ રૂમ રસોડું અને ૫ રૂમ રસોડાનું મકાન છે. એક ઉત્તરદાતા અમદાવાદ શહેરના ધનાઢય વિસ્તારમાં ૮ રૂમ રસોડાનું મકાન ધરાવે છે. જયારે એકમાત્ર દલિત જ્ઞાતિના ઉત્તરદાતા અને એક જૈન ધર્મ ધરાવતા ઉચ્ચ જ્ઞાતિના ઉત્તરદાતા કે

જેઓ ભાડાના મકાનમાં રહે છે. તેઓ એક રૂમ અને રસોડામાં રહે છે.

આ માહિતીમાં એવી બાબત તારવી શકાય છે કે વ્યાવસાયિકોમાંથી ઘણા બધા લોકો ૩ અને ૪ રૂમ રસોડાનું રહેણાંક ધરાવે છે. આવા કુલ ૩૧ ઉત્તરદાતાઓ પૈકી ૨૭ ઉત્તરદાતાઓ ઉચ્ચ જ્ઞાતિના છે. જયારે ત્રણ ઉત્તરદાતાઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિના અને એક જ્ઞાતિ ધર્મમાં માનતા નથી તેમનો સમાવેશ થાય છે. દલિત જ્ઞાતિના એક વ્યવસાયી અમદાવાદ શહેરમાં ઠીક ઠીક વર્ષોથી કાર્યરત છે. પરંતુ તેઓ હજુ એક રૂમ અને રસોડાના મકાનમાં રહે છે. પત્રકારનો દરજજો ઉચ્ચ હોવાના પરિણામે તેમની જીવનશૈલી ઊંચી હોય છે. તેમ છતાં આ દલિત વ્યવસાયી એક રૂમ રસોડાના મકાનમાં વસવાટ કરે છે એ બાબત તેમનો આર્થિક અને સામાજિક દરજજો અન્યની સરખામણીએ હજુ ઊંચો આવ્યો નથી એમ દર્શાવે છે.

**મકાન – બાંધકામ**

**કોષ્ટક – ૮**

| મકાન બાંધકામ | હિન્દુ | | | મુસ્લિમ | | જૈન | જ્ઞાતિ ધર્મની માહિતી આપી નથી કે માનતા નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉચ્ચ | સા.શૈ. પ. વર્ગની જ્ઞાતિ | દલિત | ઉચ્ચ | સા.શૈ. પ. વર્ગની જ્ઞાતિ | | | |
| સ્વતંત્ર બંગલો | 1 | - | - | - | 1 | - | 1 | 3 |
| ફલેટ | 26 | 3 | - | - | - | 1 | 1 | 31 |
| ટેનામેન્ટ | 9 | 4 | 1 | 1 | - | 1 | - | 16 |
| પોળ / ચાલી | 2 | - | - | - | - | 1 | - | 3 |
| રો હાઉસ | 6 | - | - | - | - | - | - | 6 |
| કુલ | 44 | 7 | 1 | 1 | 1 | 3 | 2 | 59 |

ધંધા અને રોજગારના કારણે વિકસિત એવા અમદાવાદ શહેરમાં વસ્તી ગીચતાનું પ્રમાણ વધુ છે. આ બાબત મકાન–બાંધકામ અંગેની વિગતોમાં પણ સ્પષ્ટ જણાય છે. કુલ

ઉત્તરદાતાઓમાંથી ૩૧ ઉત્તરદાતાઓ એટલે કે ૫૨.૩૭% ઉત્તરદાતાઓ ફ્લેટમાં રહે છે. જયારે ૨૭.૧૧% ઉત્તરદાતાઓ ટેનામેન્ટમાં રહે છે. અમદાવાદની ઓળખ સમી અમદાવાદની પોળો છે. પરંતુ માત્ર બે જ ઉત્તરદાતાઓ પોળમાં રહે છે. જે બન્ને ઉચ્ચ હિન્દુ જ્ઞાતિના છે. જયારે એક ઉત્તરદાતા જૈન છે. તેઓ ચાલીમાં રહે છે. નવ ઉત્તરદાતાઓ પૈકી ત્રણ ઉત્તરદાતાઓ સ્વતંત્ર બંગલા અને છ ઉત્તરદાતાઓ રો–હાઉસમાં નિવાસ કરે છે.

મકાન બાંધકામની વિગતો જોતા જણાય છે કે અડધોઅડધ ઉત્તરદાતાઓ ફ્લેટમાં નિવાસ કરે છે. અગાઉના કોષ્ટકમાં આપણે જોયું હતું કે વ્યાવસાયિકો નદીપારના વિસ્તારોમાં વસવાટ વધુ કરે છે. અમદાવાદ શહેરના અન્ય વિસ્તારોની સરખામણીએ આ વિસ્તાર ધનાઢય ગણાય છે. અહીંની જીવન શૈલી પ્રમાણમાં ઉચ્ચ કક્ષાની છે. આ રીતે જોઈએ તો વ્યાવસાયિકોને આ વિસ્તારમાં જમીન અને મકાનોની કિંમત ખૂબ જ ઊંચી હોવાના પરિણામે સ્વતંત્ર બંગલા કે રો–હાઉસ પરવડી શકે એમ ન હોય સ્વાભાવિક છે કારણ કે આ વ્યવસાયમાં આવનાર વ્યાવસાયિકોની પૃષ્ઠભૂ વેપારી વર્ગમાંથી આવતા હોય એવી નથી. તેમના પિતા કે દાદા પણ કોઈ વ્યવસાયમાં નોકરિયાત જ રહ્યા હશે. આથી તેમના માટે ફ્લેટ બાંધકામની માલિકી મેળવવી જ શકય હોય એ સ્વાભાવિક છે. આથી ઉત્તરદાતાઓ પૈકીના ઘણા લોકો ફ્લેટમાં નિવાસ કરે છે તેમ કહી શકાય.

## કોષ્ટક – ૯

## મકાન વસવાટ સમયગાળો

| વસવાટ સમયગાળો | હિન્દુ | | | મુસ્લિમ | | જૈન | જ્ઞાતિ ધર્મની માહિતી આપી નથી કે માનતા નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉચ્ચ | સા.શૈ. પછાત વર્ગની જ્ઞાતિ | દલિત | ઉચ્ચ | સા.શૈ. પછાત વર્ગની જ્ઞાતિ | | | |
| એક વર્ષથી | 5 | - | - | - | - | - | - | 5 |
| ૨ વર્ષથી | 4 | - | - | - | - | - | - | 4 |
| ૩ વર્ષથી | 3 | - | - | - | - | - | 1 | 4 |
| ૪ વર્ષથી | 3 | - | - | - | - | - | | 3 |
| ૫ વર્ષથી | 2 | - | - | - | - | - | - | 2 |
| ૬ વર્ષથી | 1 | - | - | - | - | - | - | 1 |
| ૭ વર્ષથી | 1 | | 1 | - | - | 1 | - | 3 |
| ૮ વર્ષથી | 3 | - | - | - | - | - | - | 3 |
| ૯ વર્ષથી | - | - | - | - | - | - | - | - |
| ૧૦ વર્ષથી | 4 | 2 | - | - | - | - | - | 6 |
| ૧૧ વર્ષથી | - | - | - | - | - | - | - | - |
| ૧૨ વર્ષથી | 4 | - | - | - | - | - | - | 4 |
| ૧૩ વર્ષથી | - | - | - | - | - | - | - | - |
| ૧૪ વર્ષથી | 1 | - | - | - | - | - | - | 1 |
| ૧૫ વર્ષથી | - | 2 | - | - | - | - | - | 2 |
| ૧૬ વર્ષથી | - | - | - | 1 | - | - | - | 1 |
| ૧૭ વર્ષથી | 1 | - | - | - | - | - | - | 1 |
| ૧૮ વર્ષથી | 1 | - | - | - | - | - | - | 1 |
| ૧૯ વર્ષથી | 1 | - | - | - | - | - | - | 1 |
| ૨૦ વર્ષથી વધુ | 10 | 3 | - | - | 1 | 2 | 1 | 17 |
| કુલ | 44 | 7 | 1 | 1 | 1 | 3 | 2 | 59 |

ઉત્તરદાતાઓની સામાજિક–આર્થિક માહિતી એકત્રીકરણના ભાગરૂપે પ્રશ્નોત્તરીમાં

એક પ્રશ્ન એવો રાખવામાં આવ્યો હતો કે હાલના રહેણાંકમાં કેટલા વર્ષથી રહો છો ? આ પ્રશ્નના ઉત્તરનું ઉપરના કોષ્ટક અનુસાર વર્ગીકરણ કરીએ તો ૧૭ ઉત્તરદાતાઓ ૨૦ કે તેથી વધુ વર્ષથી એક જ મકાનમાં રહેતા હોવાનું જણાયું છે. જેમની ટકાવારી ૨૯% જેટલી થાય છે. જેમાં તમામ ઉત્તરદાતાઓમાં સૌથી વધુ વય ધરાવતા ઉત્તરદાતા તો ૫૦ વર્ષથી એક જ ઘરમાં રહે છે. પોળનું તેમનું નિવાસ સ્થાન તેમણે બદલ્યું નથી. એક–એક પત્રકારો એવા છે જેઓ ૧૪ થી ૧૯ વર્ષથી એક જ મકાનમાં રહે છે. જેમની સંખ્યા પાંચ જેટલી છે. એક જ વર્ષ અગાઉ રહેણાંક બદલ્યું હોય તેવા પાંચ, અને ત્રણ વર્ષ અગાઉ ,બે વર્ષ, ૩ વર્ષ અને બાર વર્ષથી બદલ્યું હોય તેવા ચાર–ચાર, જયારે ૪ વર્ષ, ૭ વર્ષ અને ૮ વર્ષથી મકાન બદલ્યું હોય એવા ત્રણ–ત્રણ, દશ વર્ષ અગાઉ રહેણાંક બદલ્યું હોય એવા ૬ ઉત્તરદાતાઓનો સમાવેશ થાય છે.

ઉત્તરદાતાઓની માહિતીમાંથી એ બાબત સ્પષ્ટ થાય છે કે ૨૯ જેટલા ઉત્તરદાતાઓએ છેલ્લા ૧૦ વર્ષમાં મકાન બદલ્યું છે. ૪૦ વર્ષથી નીચેની ઉંમર ધરાવતા ઉત્તરદાતાઓએ મહદ્અંશે મકાન બદલ્યું છે. એમનું રહેણાંક બદલવાનું કારણ સંયુકત કુટુંબમાંથી જીવનસાથી અને બાળકોના અભિગમવાળુ વિભકત કુટુંબની વ્યવસ્થા તરફનું છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને જે વ્યવસાયીઓ અમદાવાદમાં સ્થાયી થયા છે તેવા સ્થળાંતરિત વ્યાવસાયિકો તેમનું વતન છોડીને આવ્યા હોઈ સ્વાભાવિક છે કે તેઓ વિભકત કુટુંબ વ્યવસ્થા ધરાવતા હોય છે. ૨૦૦૧ની વસ્તી ગણતરીના અહેવાલમાં પણ એક બાબત જોવા મળી છે. જેમાં અમદાવાદ શહેરમાં બે રૂમ અને રસોડાના ફ્લેટમાં રહેનારાઓની સંખ્યા અગાઉના વસ્તી ગણતરી અહેવાલ ૧૯૯૧ની સરખામણીએ ઘણી વધી હોવાનું સાબિત થયું છે. વસ્તી ગણતરીના અહેવાલના આંકડાઓ અને અત્રે ઉત્તરદાતાઓની માહિતીના આંકડાઓ વિભકત કુટુંબ વ્યવસ્થા અમદાવાદ મહાનગરમાં ધીમે ધીમે પ્રસ્થાપિત થઈ રહી હોવાનું દર્શાવે છે.

જેઓ ૨૦ કે તેથી વધુ વર્ષથી એક જ નિવાસ સ્થાનમાં વસવાટ કરી રહ્યાં છે તેઓનાં સંતાનો પણ શિક્ષણપ્રાપ્તિના છેલ્લા વર્ષોમાં અભ્યાસ કરી રહ્યા હશે અથવા તો વ્યવસાયમાં જોડાયા પણ હશે. આ સંજોગોમાં કદાચ તેમના સંતાનો સંયુકત કુટુંબમાંથી છૂટા પડીને

વિભકત કુટુંબ વ્યવસ્થા અપનાવી હશે. પરંતુ જે જૂની પેઢીના પીઢ કહી શકાય તેવા પત્રકારો છે તેમણે પોતાનું નિવાસ સ્થાન બદલ્યું નથી, યથાવત રાખ્યું છે.

ઉચ્ચ જ્ઞાતિના લોકોની વિગતો જોઈએ તો છેલ્લા ૧૦ વર્ષમાં જેમણે મકાન બદલ્યું છે તે ૩૧ ઉત્તરદાતાઓ પૈકી ૨૬ ઉત્તરદાતાઓ છે. ટકાવારીની દ્દષ્ટિએ જે ૮૩% ઉપરાંત થાય છે. સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબની જયારે ચર્ચા થાય છે ત્યારે સંયુકત કુટુંબની ઉપયોગિતા સંદર્ભે આજે એક દલીલ સાંભળવા મળે છે કે આજના મોંઘવારીના જમાનામાં સંયુકત કુટુંબમાં જીવનનિર્વાહનો ખર્ચ ઓછો થાય. સમાજના લોકો સમાજશાસ્ત્રીય દ્દષ્ટિએ સંયુકત કુટુંબના લાભો જાણતા ન હોય પણ આર્થિક બાબત સાથે તે સંકળાયેલું છે એ શકય છે. તો જયારે સંયુકત કુટુંબ આર્થિક બાબતને કારણે ટકી રહ્યું હોય તો એ ઓછી આવક ધરાવતા કુટુંબોમાં ટકી રહે. આજે ઉત્તરદાતાઓ પૈકી સૌથી વધુ ઉચ્ચ જ્ઞાતિના છે. એટલે અન્ય જ્ઞાતિ કરતાં તેમની આર્થિક સંપન્નતા પ્રમાણમાં ઠીક ઠીક સારી હશે. આથી તેઓને માટે સંયુકત કુટુંબમાં માત્ર નાણાં પ્રશ્નને કારણે રહેવું પડે એવી સ્થિતિ નહીં હોય એમ પણ કહી શકાય છે.

આ ઉપરાંત એક બે મુદ્દા એવા પણ છે કે જે વ્યકિતના વિકાસ સાથે સંકળાયેલા છે. આજના જમાનામાં સંતાનોની શિક્ષણ સંસ્થાઓ અને વાલીને વ્યવસાયનું સ્થળ નજીક હોય તેવું નિવાસ સ્થાન જોઈએ છે એટલે આ બાબતને ઘ્યાનમાં લેતા પણ રહેણાંક સ્થળાંતર થયું હોય તેમ બની શકે છે.

**કોષ્ટક – ૧૦**

**અગાઉનો રહેણાંક વિસ્તાર**

| અગાઉનો રહેણાંક વિસ્તાર | હિન્દુ | | | મુસ્લિમ | | જૈન | જ્ઞાતિ ધર્મની માહિતી આપી નથી કે માનતા નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઉચ્ચ | સા.શૈ. પછાત વર્ગની જ્ઞાતિ | દલિત | ઉચ્ચ | સા.શૈ.પ. વર્ગની જ્ઞાતિ | | | |
| પૂર્વ કે કોટ વિસ્તારમાંથી નદીપાર | 6 | 3 | - | - | - | - | - | 9 |
| નદીપારથી પણ પોશ વિસ્તારમાં | 11 | 1 | 1 | - | - | - | - | 13 |
| એક જ વિસ્તારમાં મકાન બદલ્યું હોય | 9 | - | - | - | - | 2 | - | 11 |
| પહેલેથી એક જ મકાનમાં | 8 | 1 | - | - | 1 | 1 | 1 | 12 |
| પોશ વિસ્તારમાંથી અન્ય | 6 | 1 | - | - | - | - | - | 7 |
| બહારગામથી | 4 | 1 | - | 1 | - | - | 1 | 7 |
| કુલ | 44 | 7 | 1 | 1 | 1 | 3 | 2 | 59 |

મોટેભાગે નગરનો વિકાસ થાય તેમ તેમ લોકો ગીચ વિસ્તારમાં રહેતા હોય તો ભરચક વિસ્તારથી દૂર શહેરના વિસ્તારોમાં વસવાટ અર્થે જતા હોય છે. તેવું જ ઉત્તરદાતાઓની માહિતીમાંથી ચિત્ર ઉપસે છે. અગાઉ શહેરના પૂર્વ વિસ્તારમાં (કોટ વિસ્તાર

સહિત) વસતા ૯ ઉત્તરદાતાઓ તેમના રહેણાંક વિસ્તાર છોડીને નદીપારના વિસ્તારમાં વસવાટ અર્થે આવ્યા છે. તો તેર જેટલા ઉત્તરદાતાઓએ નદીપારના વિસ્તારમાં રહેતા હોવા છતાં પણ નદીપારના જ અન્ય ધનાઢય ગણાવી શકાય તેવાં વિસ્તારમાં પોતાનું રહેણાંક ખસેડયું છે. તો અગિયાર ઉત્તરદાતાઓએ આ બન્નેથી તદ્દન વિપરીત કહી શકાય તેમ કર્યું છે. આ ઉત્તરદાતાઓએ પોતાનું રહેણાંક બદલ્યું છે પરંતુ તેઓ જે વિસ્તારમાં રહેતા હતા એ વિસ્તારને છોડયો નથી. બલ્કે તે વિસ્તારમાં જ રહેવાનું પસંદ કર્યું છે. તો નદીપારના વિસ્તારમાં રહેતા સાત ઉત્તરદાતાઓએ પોશ વિસ્તાર છોડીને નદીપારના અન્ય વિસ્તારમાં વસવાટ કર્યો છે. સાત ઉત્તરદાતાઓ બહારગામ કે બહારના પ્રદેશમાંથી આવીને વસ્યા છે. જયારે બાર ઉત્તરદાતા એવા છે જેઓ જન્મથી જે મકાનમાં રહે છે તેમાં જ વસવાટ કરે છે.

જેઓ અગાઉ પૂર્વ વિસ્તાર કે કોટ વિસ્તારમાં રહેતા હતા તેઓ વિભકત કુટુંબ, નોકરીનું સ્થળ, સંતાનોના શિક્ષણ માટે સંસ્થાની નજીક, શાંત અને સલામત વિસ્તાર, વ્યવસાયનું સ્થળ નજીક ઉપરાંત ઉચ્ચ વર્ગની વ્યકિત તરીકેના પોતે મેળવેલા દરજ્જાના આધારે શહેરના નદીપારના વિસ્તારમાં વસવાટ અર્થે આવ્યા હોય તેવી શકયતા છે. આવા નવ જેટલા ઉત્તરદાતાઓ છે. જેમાં ૩ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જ્ઞાતિના છે.

કુલ ૧૩ ઉત્તરદાતાઓ એવા છે જેઓ નદીપારના વિસ્તારમાં રહેતા હતા પરંતુ આજે તેઓ અન્ય નદીપારના જ ગણાય તેવા ધનાઢય વિસ્તારમાં રહેવા ગયા છે. આર્થિક સદ્ધરતા અને સમાજમાં પોતાનો દરજ્જો ઊંચો આવતાં અથવા તો એ દર્શાવવા માટે આ ઉત્તરદાતાઓએ વિસ્તાર બદલ્યો છે પરંતુ કોટ વિસ્તાર કે શહેરના પૂર્વ વિસ્તારમાં રહેવા ગયા નથી.

અગિયાર ઉત્તરદાતા એવા છે જેમને નદીપારના જે વિસ્તારમાં તેઓ રહેતા હતા શકય છે કે ત્યાંનું વાતાવરણ અને ત્યાં રહેતા લોકો તેમની રહેણી કરણી, મિત્રજૂથો વગેરે અનુકૂળ આવી જતાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા સંતાનોના શિક્ષણને લક્ષ્યમાં રાખીને નિવાસસ્થાન બદલ્યું પરંતુ જે વિસ્તારમાં રહેતા હતા તે વિસ્તાર નહી છોડવાનું મુનાસિબ

માન્યું છે.

સાત ઉત્તરદાતાઓ એવા છે જેમણે શહેરના નદીપારના પોશ વિસ્તારમાંથી એ વિસ્તાર કરતાં પ્રમાણમાં થોડા નિમ્ન કહી શકાય એવા વિસ્તારમાં વસવાટ અર્થે સ્થળાંતર કર્યું છે. આ ઉત્તરદાતા પૈકી સૌથી વધુ હિન્દુ ઉચ્ચ જ્ઞાતિના છ ઉત્તરદાતાઓ છે. જે દર્શાવે છે કે કદાચ તેઓએ સંયુકત કુટુંબમાંથી વિભકત કુટુંબ વ્યવસ્થા સ્વીકારી હશે.

આ ઉપરાંત આ સિવાયના ઉત્તરદાતાઓ અમદાવાદના મૂળવતની નથી. પરંતુ આજે હતા જેઓ વ્યવસાય અર્થે અમદાવાદમાં સ્થાયી થયા છે. અને તેમણે નદીપારના વિસ્તારમાં નિવાસસ્થાન પસંદ કર્યું છે.

## ભૌતિક સાધન સુવિધા

ભૌતિક સાધન સુવિધા જેવી કે ટેલિવિઝન, મોબાઈલ, વોશિંગ મશીન જેવા પ્રશ્નોની માહિતી વર્ગીકૃત કરીએ તો કુલ ઉત્તરદાતા પૈકી ૫૭ પાસે ટેલિવિઝન અને ૫૪ પાસે રેફ્રીજરેટર છે. જેની ટકાવારી અનુક્રમે ૯૭% અને ૯૨% જેટલી થાય છે. એની સામે મોબાઈલ ધારક ઉત્તરદાતાની સંખ્યા ૪૩ છે જે ટકાવારીમાં ૭૩% થાય છે. વોશિંગ મશીન ૨૦ ઉત્તરદાતા પાસે છે. જયારે ઈન્ટરનેટના આજના જમાનામાં અત્યંત જરૂરી ગણાય તેવું કોમ્પ્યુટર માત્ર ૧૭ ઉત્તરદાતાઓ ધરાવે છે. અને પાંચ ઉત્તરદાતાઓ પાસે એરકંડીશનરની સુવિધા છે. ક્રેડિટ કાર્ડની સગવડ ૧૪ ઉત્તરદાતાઓએ મેળવી છે. ૫૬ ઉત્તરદાતાઓ પાસે ટુ વ્હીલર છે. પરંતુ ત્રણ ઉત્તરદાતાઓની પાસે વાહન નથી. ૧૪ ઉત્તરદાતાઓ ટુ વ્હીલર ઉપરાંત ફોર વ્હીલર ધરાવે છે. આ ઉત્તરદાતાઓ પાસે ફોર વ્હીલર તો છે પરંતુ એ પૈકી આઠ ઉત્તરદાતાઓ પાસે કોમ્પ્યુટર નથી. કુલ ઉત્તરદાતાઓમાંથી માત્ર ૨૭ ઉત્તરદાતાઓ ઈન્ટરનેટ સેવાનો તેમના વ્યવસાયમાં ઉપયોગ કરે છે.

ટેલિવિઝન એ આજના જીવનમાં જરૂરિયાતની વસ્તુ છે. અને જયારે પત્રકારને દરેક બાબતની જાણકારી મળે એ અત્યંત જરૂરી હોય છે. એમ છતાં પણ તમામ પત્રકારો પાસે ટેલિવિઝન સેટ નથી એ આશ્ચર્યજનક છે. હમણાં થોડા વખત પહેલા એક પ્રતિષ્ઠિત ગુજરાતી

સામયિકે હવે ગુજરાતી ઘરોમાં એક કરતાં વધારે ટેલિવિઝન સેટ હોય છે એવી સ્ટોરી કરી હતી. પણ તેમના જ વ્યવસાય પૈકીના પત્રકારો એવા પણ છે જેમના ઘરે "ઈડિયટ બોક્સ"ની ગેરહાજરી છે.

ટેલિવિઝન માહિતી મેળવવા માટે ઉપયોગી માધ્યમ છે. અને મીડિયા કર્મી માટે તો એ માહિતીનો એક મજબૂત સ્રોત છે. ચેનલ પત્રકારત્વ અને પ્રિન્ટ મીડિયા વચ્ચે ફેર એ છે કે પ્રિન્ટ મીડિયા કર્મીઓ ઘટના સ્થળે પહોંચે નહીં તો ચાલે પરંતુ કોઈ ઘટનાની તમામ વિગતો તેણે મેળવી લેવી પડે. તો એ સંજોગોમાં ટી.વી. તેના માટે કોઈ ઘટનાની જાણકારી માટે મહત્વનું સ્રોત તેના માટે છે. છતાં ટી.વી. સુવિધા ન વાપરનારા પત્રકારો પણ આ ક્ષેત્રમાં છે. આથી પણ આગળ વધીને જોઈએ તો તમામે તમામ પત્રકારો પાસે મોબાઈલ નથી. પત્રકાર જે ફીલ્ડનું રિપોર્ટિંગ કરતો હોય એ ફીલ્ડમાં તેને જાણકારી આપતા વ્યકિતઓ (પત્રકારો તેને સોર્સ તરીકે ઓળખે છે) હોય છે. આ વ્યકિતઓ તેમને માહિતી આપતા હોય છે. ઉપરાંત ઘણીવખત મીડિયા કર્મીઓ પણ જે ફીલ્ડ જેમને લગતું હોય તેની વિગતો એ જાણે તો તેને પહોંચાડતા હોય છે. આજની ઝડપી જિંદગીમાં આ સંજોગોમાં પત્રકાર પાસે મોબાઈલ હોવો એ લકઝરી નહી પરંતુ સોર્સ સાથે સીધા સંપર્ક માટે અત્યંત જરૂરી છે તેમ છતાં તેઓ મોબાઈલ વિના ચલાવે છે.

આ ઉપરાંત ત્રણ ઉત્તરદાતા એવા પણ છે કે જેમની પાસે કોઈપણ વાહન નથી. પત્રકાર માટે ટેલિવિઝન મોબાઈલ અને વાહન એ અત્યંત જરૂરી છે. તેમ છતાં પણ કેટલાંક પત્રકારો પત્રકારત્વના વ્યવસાયની આ પાયાની જરૂરિયાતો વિના વ્યવસાયમાં છે.

પત્રકારો વ્યવસાયને આધારે ઊંચો સામાજિક દરજ્જો ધરાવે છે. તેમ છતાં કુલ પૈકીના માત્ર ૧૪ પત્રકારો પાસે ક્રેડિટ કાર્ડ સુવિધા છે. નગરીય જીવનશૈલીમાં ક્રેડિટ કાર્ડ જેવા પલાસ્ટિક મની એ સ્ટેટસ સાથે સંકળાયેલું હોવા છતાં તેઓમાં મોટાભાગના ક્રેડિટ કાર્ડ ધારકો નથી.

પત્રકાર એટલે સમાજ સાથે રોજે રોજ પ્રત્યાયન સર્જતુ વ્યકિતત્વ. પ્રત્યાયનની એક

સરળ વ્યાખ્યા એવી થાય છે કે માહિતી આપનાર અને શિક્ષિત કરનાર. પરંતુ ઉત્તરદાતાઓના વર્ગીકરણ ઉપરથી એવી માહિતી સાંપડે છે કે કુલ ઉત્તરદાતાઓ પૈકી ૭૦ ટકા ઉપરાંતના ઉત્તરદાતાઓ પાસે કોમ્પ્યુટર નથી. અને વિશ્વને એક ગામડું બનાવી દેનાર સંચાર ક્રાંતિના આગવા સાધન એવા ઈન્ટરનેટ સુવિધાનો ઉપયોગ ઉત્તરદાતા પૈકીના અડધો અડધ વ્યવસાયીઓ જ કરી રહ્યાં છે. આ બાબત એ સ્થિતિ પર દ્દષ્ટિપાત કરાવે છે કે પત્રકાર તેના વ્યવસાયમાં જે ફીલ્ડના કાર્ય સાથે સંકળાયેલો છે તેના સિવાયની બહારની દુનિયા સાથે તેને જાણકારી મેળવવાની જિજ્ઞાશા નથી. પ્રસ્તુત અભ્યાસ અમદાવાદના પત્રકારો સાથે સંકળાયેલો છે. જો રાજયના સૌથી મોટા એવા મહાનગરના પત્રકારો "ઈન્ફર્મેશન ટેકનોલોજી એનેબલ" બન્યા નથી તો અન્ય શહેરો અને ગ્રામીણ ક્ષેત્રમાં કાર્યરત પત્રકારોની સ્થિતિ શી હશે એનો અંદાજ આપણે બાંધી શકીએ છીએ.

<u>**વ્યવસાયીના ઘરમાં સામયિક અખબારની ઉપલબ્ધિ**</u>

પત્રકારો એટલે લેખન વાંચન કાર્ય સાથે સંકળાયેલા વ્યવસાયીઓ એવી સમજ છે. આજની ઘટના આજે જ નિરૂપીને બીજા દિવસે વહેલી સવારે લોકો સમક્ષ તેઓ મૂકતા હોય છે. " ઉતાવળે સાહિત્ય સર્જતા સર્જકો " ગણાતા પત્રકારોનું ખાસ કરીને વર્તમાનપત્રોનું વાંચન કેવું છે એની માહિતી એકત્રીકરણમાં એ બાબત જાણવા મળી કે ૬ ઉત્તરદાતાઓ એવા છે જેઓ માત્ર તેમના ઘેર એક જ અખબાર મંગાવે છે આ એક અખબાર શકય છે કે પોતે જે અખબાર સાથે સંકળાયેલા છે એ હોય. પ્રસિદ્ધ રાજકીય સમીક્ષક અને એક સમયના કોલમિષ્ટ ડો. પ્રવીણ શેઠે ગુજરાતી અખબારો વિશે " ઈન્ડિયા ટુ ડે "ને જણાવ્યું હતું કે " ગુજરાતનો સરેરાશ વાચક વર્ગ હવે છાપાંઓની નીતિ સમજવા માટે બે અખબાર વાંચે છે. એક પોતાના ઘરે આવતું અને બીજું પડોશીનું". – હવે જયારે વાચક પણ બે છાપાં સવારના પહોરમાં વાંચી લેતા હોય ત્યારે વર્તમાન પત્રનો વાચક(પત્રકાર)માત્ર એક જ છાપું કેમ વાંચે છે ? એ બાબત સ્પષ્ટ થતી નથી પણ આ હકીકત છે.

અન્ય ૮ ઉત્તરદાતાઓ બે અખબાર અને ૧૩ ઉત્તરદાતાઓ ત્રણ અખબાર પોતાના

ઘેર મંગાવે છે તથા આઠ ઉત્તરદાતાઓ ચાર અખબાર, ૬ ઉત્તરદાતાઓ પાંચ અખબાર, પાંચ ઉત્તરદાતાઓ ૬ અખબાર, સાત ઉત્તરદાતાઓ ૭ અખબાર, ત્રણ ઉત્તરદાતાઓ આઠ અખબાર, એક ઉત્તરદાતા ૯ અખબાર અને બે ઉત્તરદાતાઓ ૧૦ અખબાર પોતાના ઘેર મંગાવે છે. કુલ પૈકીના ૨૫ ઉત્તરદાતાઓ અંગ્રેજી અખબાર મંગાવે છે. મજાની વાત એ પણ જોવા મળી કે આ ૨૫ પૈકીના બે અંગ્રેજી પત્રકારત્વ સાથે સંકળાયેલા પત્રકારો તેમના ઘેર બે થી વધુ ગુજરાતી અખબાર – સામયિક મંગાવે છે.

અંગ્રેજી પત્રકારો ગુજરાતી અખબારોમાં સમાચાર કેવા છે એ જાણવા માટે ગુજરાતી વર્તમાનપત્રો મંગાવે છે. પરંતુ અડધો અડધ ગુજરાતી વર્તમાનપત્ર સાથે સંકળાયેલા પત્રકારો અંગ્રેજી અખબાર મંગાવતા નથી. એની પાછળ કારણ એવું જણાય છે કે રાષ્ટ્રીય પત્રકારત્વ સાથે સંકળાયેલા અંગ્રેજી પત્રકારો પ્રાદેશિક સ્તરે જે વર્તમાનપત્રો આવે છે તેમાં વધુ માહિતી મળતી હોઈને દિવસ દરમ્યાન તેમને જો કોઈ કાર્ય સોંપવામાં આવે તો તલસ્પર્શી વિગતો પ્રાપ્ત થઈ જાય એ આશયથી ગુજરાતી વર્તમાનપત્ર મંગાવે છે. આ રીતે અંગ્રેજી પત્રકારોમાં "પ્રોફેશનાલિઝમ" જોવા મળે છે. એની પાછળનું અન્ય એક કારણ આર્થિક પણ છે. અંગ્રેજી પત્રકારત્વના વ્યવસાયીને જે વર્તમાનપત્ર ઘરે મંગાવે છે તેનું બિલ તેની સંસ્થા ચૂકવે છે જયારે ગુજરાતી પત્રકારત્વમાં પોતાના વર્તમાનપત્રની વિનામૂલ્યે પ્રત સિવાય અન્ય વર્તમાનપત્રો માટે સંસ્થા આર્થિક મદદ કરતી નથી એ પણ છે. આ ઉપરાંત ગુજરાતમાં ઘણા વર્ષો સુધી બે વર્તમાનપત્રો જ પ્રભાવી રહયા હતા. આથી પત્રકારોમાં પણ આ બે છાપાં ઉપર સવારમાં નજર નાંખી લેવી એવી એક પરિસ્થિતિ પત્રકારોમાં રહી છે એમ કહી શકાય.

વર્તમાનપત્રોમાં કાર્યરત પત્રકારની સરખામણીએ સામયિકમાં કામ કરતો પત્રકાર તેમના ઘેર વધુ વર્તમાનપત્ર મંગાવે છે એમ પણ માહિતી પ્રાપ્ત થઈ છે. સામયિક સાથે સંકળાયેલો પત્રકાર માત્ર અમદાવાદથી પ્રસિદ્ધ થતાં અખબારો ઉપરાંત રાજયના વિવિધ વિસ્તારોનું પ્રાદેશિક સ્તરે અગ્રક્રમે હોય તેવા અખબારો મંગાવે છે કારણ કે તેમનું કાર્ય દૈનિકપત્રમાં કામો કરતા પત્રકારથી જરા જુદા પ્રકારનું હોય છે. એણે સમાચાર પત્રમાં જે

સમાચાર આવ્યા હોય તે સમાચાર ઘટનામાં કંઈક નવીનતા શોધીને રજૂ કરવાની હોય છે આથી તે વધુ પ્રમાણમાં તેમના ઘેર સમાચાર પત્રો વધુ પ્રમાણમાં મંગાવે છે એમ કહી શકાય.

## <u>પત્રકારોના પગાર અને વેતનપંચ</u>

કામદારો, મજૂરો અને નોકરિયાતોના વેતનના પ્રશ્નોને વાચા આપવાનું કાર્ય પત્રકારત્વ કરે છે. પણ આ પત્રકારત્વના વ્યવસાયમાં કાર્યરત વ્યવસાયિકોને વેતનપંચ અનુસાર વેતન અપાય છે કે કેમ એવા પ્રશ્નના ઉત્તરમાં જાણવા મળ્યું કે અડધો અડધ પત્રકારોને વેતનપંચ અનસાર પગાર મળતો નથી. ૨૧ ઉત્તરદાતાઓએ સ્પષ્ટ જણાવ્યું કે પત્રકારને વેતનપંચ અનુસાર પગાર મળતો નથી. એક–એક ઉત્તરદાતાએ કાયમીને મળે છે, બધા જ પત્રકારોને નથી મળતો, લડત ચાલુ છે, અમુકને જ મળે છે એવાં ઉત્તર આપ્યા છે. જેમની સંખ્યા ચાર છે, જયારે બે ઉત્તરદાતાએ અમુકમાં નથી મળતો એવો જવાબ આપ્યો છે. એક ઉત્તરદાતાએ આ પ્રશ્ને અજાણ છે એમ દર્શાવ્યું છે. જયારે નવ ઉત્તરદાતાઓએ ઉત્તર આપવાનું ટાળ્યું છે. બાવીસ ઉત્તરદાતાઓએ વેતનપંચ અનુસાર પગાર મળે છે એવી માહિતી આપી છે. રસપ્રદ માહિતી એવી તારવી શકાઈ છે કે જેમણે વેતનપંચ અનુસાર પગાર મળે છે કે કેમ ? એનો ઉત્તર ટાળનાર પૈકીના મોટાભાગનાનો પગાર અન્યની સરખામણીએ ઓછો છે. તેમ છતાં તેમણે જવાબ આપવાનું ટાળ્યું છે. સમાજના પ્રશ્નો સામે બાંયો ચડાવતા પત્રકારો પોતાના વેતનના પ્રશ્ને ચુપકીદી સેવી લે છે એ બાબત નોંધનીય છે.

કેન્દ્ર સરકારે પત્રકારોને પણ અન્ય ક્ષેત્રના વ્યવસાયીઓ જેમ કર્મચારી ગણીને તેમના નિશ્ચિત વેતન માટે વખતો વખત વેતન પંચની રચના કરી હતી. અને એ અનુસાર તેમને પગાર આપવાનું ઠરાવાયું હતું. પરંતુ ગુજરાતી વર્તમાનપત્રોમાં થોડા વર્તમાનપત્રોને બાદ કરીએ તો વેતન પંચ અનુસાર પત્રકારોને પગાર ચૂકવાતા નથી. ફિલ્મી દુનિયાની જેમ પત્રકારત્વની દુનિયા ગ્લેમર સાથે જોડાયેલી છે ત્યાં પગારની બાબતમાં સમાનતા નથી. જો કે થોડાં વર્ષોમાં ગુજરાતમાં મોટા વર્તમાનપત્રોની અંદરો અંદરની સ્પર્ધાના પરિણામે પત્રકારોને અગાઉની સરખામણીએ વધુ પગાર મળતો થયો છે. કેટલાંક વર્તમાનપત્રો તો

વેતનપંચની ભલામણ કરતાં પણ બમણો પગાર પત્રકારોને ચૂકવે છે. એટલે વેતનપંચ કરતાં પણ બમણો પગાર મેળવનાર પત્રકારો ગુજરાતી વર્તમાનપત્રમાં છે તો વેતન પંચ અનુસાર પગાર નહીં મેળવતા પત્રકારો પણ છે. વેતનપંચ અનુસાર પગાર નહીં મેળવી શકતા પત્રકારોની સંખ્યા વધારે છે એમ તેઓની સાથેની ઔપચારિક વાતોમાંથી માહિતી મળે છે.

પત્રકારોનો એક વર્ગ એવું માને છે કે આ સ્પર્ધાત્મક વ્યવસાયમાં વ્યવસાયીએ પોતાની કુશળતા સાબિત કરવાની હોય છે એ પછી વેતનપંચની ભલામણની જરૂર પણ રહેતી નથી. પત્રકારો કોન્ટ્રાકટ સિસ્ટમ મુજબ વધુ પગાર મેળવીને કામ કરે છે અને સતત સ્પર્ધામાં ટકી રહીને ઊંચા પગાર મેળવે છે.

## <u>પત્રકારોને વેતન</u>

વ્યવસાયી માટે વેતન મહત્વનું છે. પત્રકારત્વના વ્યવસાયમાં કાર્યરત વ્યાવસાયિઓને વેતન કેટલું મેળવે છે એ બાબતે જાણકારી મેળવવાનો પ્રયાસ કરાયો હતો. જેમાં મળેલી માહિતી અનુસાર ૧૦ હજારથી વધુ પગાર મેળવનાર વ્યાવસાયિઓની સંખ્યા સૌથી વધુ ૨૭ છે. જયારે ૭ હજારથી વધુ અને ૧૦ હજાર સુધીનો પગાર મેળવી શકતા ઉત્તરદાતાઓ અને ૪ હજારથી વધુ અને ૭ હજાર સુધી પગાર મેળવતા ઉત્તરદાતાઓની સંખ્યા સમાન છે, એટલે કે ૧૨–૧૨ પત્રકારો આટલું પગાર ધોરણ મેળવી શકે છે જેમની કુલ સંખ્યા ૨૪ થાય છે. જયારે છ વ્યવસાયિઓ ૨ હજારથી વધુ અને ૪ હજાર સુધીનો પગાર મેળવી રહ્યાં છે.

આ માહિતી પરથી એમ તારવી શકાય વ્યવસાયી પૈકીના બહુમતી વ્યવસાયીઓ બહુ સારો પગાર મેળવી શકતા નથી. વ્યવસાયમાં સૌથી વધુ સમય આપવા છતાં તેમને એમની મહેનત અનુસાર પગાર અપાતો નથી. એક ઉત્તરદાતા ફ્રીલાન્સ પત્રકાર છે જેમણે જવાબ આપ્યો નથી. જયારે એક પત્રકારે તો એવો પ્રત્યુત્તર આપ્યો છે કે "રહસ્ય". આ ઉત્તર પત્રકારત્વના વ્યવસાયના પગારધોરણ વિશે ઘણું બધું કહી જાય છે. પ્રશ્નાવલિ ભરતી વખતે વિવિધ ઉત્તરદાતાઓ સાથે થયેલી વાતચીત અનુસાર પત્રકારત્વ એ એક વ્યવસાય બન્યો છે. પરંતુ અન્ય વ્યવસાયોની જેમ પત્રકારત્વના વ્યવસાયમાં સક્રિય પત્રકાર સંગઠનની

ગેરહાજરી છે. થોડાં વર્ષો અગાઉ ગુજરાત જર્નાલિસ્ટ એસોસિએશન અને વર્કિંગ જર્નાલિસ્ટ યુનિયન થોડે અંશે કાર્યરત હતું પરતું આજે તે માત્ર કાગળ ઉપર રહ્યું છે. આ યુનિયનોએ કોઈ દિવસ પત્રકારોને વેતનપંચ અનુસાર પગાર આપવાની માંગણી કરી હોય એવું જણાયું નથી એટલે મોટા વર્તમાનપત્રોને બાદ કરીએ તો લઘુ વર્તમાનપત્રોમાં કામ કરતા પત્રકારોનું આર્થિક શોષણ થાય છે પરંતુ પત્રકારત્વ યુનિયને આ મુદ્દે આંદોલન કે લડત આપી હોય એવું બન્યું નથી એવી ઔપચારિક વિગતો પત્રકારો સાથેની વાતચીતમાંથી જાણવા મળી છે. વ્યવસાયિકો પગારને વ્યકિતગત બાબત માનતા હોઈ ખૂબ મોટા સમૂહને સ્પર્શતી હોવા છતાં પત્રકારોના આર્થિક શોષણ સામે તેઓ અવાજ ઉઠાવતા નથી. આજે જર્નાલિસ્ટ યુનિયન નામ માત્રનું રહ્યું છે. અને તેના બદલે હવે જર્નાલિસ્ટ કલબ અસ્તિત્વમાં આવી છે.પત્રકારો આ કલબ દ્વારા માત્ર મિલન સમારંભ ને મનોરંજન કાર્યક્રમો યોજે છે. સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં પત્રકારોનું સંગઠન છે ખરું પરંતુ પોતાના આર્થિક પ્રશ્ન માટે સહિયારી લડત આપી શકતું નથી. તે બાબતની નોંધ લેવી પડે એમ છે.

## <u>વિશેષ વાંચન</u>

પત્રકારત્વ લેખનવાંચન સાથે જોડાયેલું છે. આ ક્ષેત્રના વ્યવસાયિકોમાં વાંચન અંગેની માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં ૨૧ ઉત્તરદાતાઓએ કોઈ જવાબ આપ્યો નથી. સાત ઉત્તરદાતાઓએ તેમની વ્યવસાયિક કામગીરીના પરિણામે અખબાર–સામયિક સિવાયના કોઈ વિશેષ વાંચન માટે સમયનો અભાવ હોવાનું જણાવ્યું છે. કેટલાંક ઉત્તરદાતાઓએ વિશેષ વાંચનની સ્પષ્ટ વિગતો આપવાના બદલે "ઘણું વાંચન કરતા રહીએ છીએ" , "ઘણું બધું વાંચ્યું છે એની યાદી આપવી જરૂરી નથી", "વંચાતું રહે છે યાદ આવતું નથી" – એવા ઉત્તર પણ આપ્યા છે. અન્ય જે ઉત્તરદાતાઓએ વિશેષ વાંચનની વિગતો દર્શાવી છે તેઓ વ્યકિતચરિત્ર, આત્મકથા, ઐતિહાસિક, ધાર્મિક આધ્યાત્મિક પુસ્તકો, સંગીત–ફિલ્મ અને રમતગમતને લગતાં પુસ્તકો, નાટયકૃતિઓ, કાવ્યસંગ્રહો, પ્રસિદ્ધ નવલકથાઓ, આર્થિક, સામાજિક વિકાસના પુસ્તકો, વિજ્ઞાન અને યુદ્ધકથાઓ, નવલકથાઓ

વાંચી હોવાનું દર્શાવ્યું છે. ગુજરાતી સાહિત્ય કૃતિઓની વાત કરીએ તો "ન હન્યતે, નર્મદા પરિકમ્મા, ચં.ચી. મહેતાની નાટયકૃતિઓ, જયંત ખત્રીની ટૂંકી વાર્તાઓ, સરસ્વતીચંદ્ર, મૃત્યુંજય, વગેરેનું વાંચન જણાય છે. ગુજરાતી પત્રકારો વિશ્વ સાહિત્યના ગુજરાતી અનૂદિત પુસ્તકો પણ વાંચે છે. જેમ કે "અડધી રાતે આઝાદી" "સળગતા સૂરજમૂખી(વાન ગોગ) "પોતાનો ઓરડો" (વર્જિનિયા વુલ્ફ), એનિમલ ફાર્મ (જયોર્જ ઓરવેલ) "હાઉ ડિડ ઈટ રિયલી હેપન" "વન હંડ્રેડ ઈયર્સ ઓફ સોલીટયુડ" ઉપરાંત અન્ય અંગ્રેજી પુસ્તકો જેવાં કે "ધ ગોડ ઓ. સ્મોલ થીંગ્સ" "ધ વિંગ્સ ઓફ ફાયર" "સાયકી ઓફ વર્લ્ડ લીડર્સ" "માય ફ્રોઝન ટર્બ્યુલન્સ ઈન કાશ્મીર" – ઉપરાંત ઈન્ડિયન મોડર્ન હિસ્ટ્રી, "મેનેજમેન્ટ થોટસ" જેવાં પુસ્તકોનો સમાવેશ થાય છે.

લેખન સાથે સંકળાયેલ વ્યકિત જેમ વધુ વાંચે તેમ તેમ તેનાં લખાણોમાં ઊંડાણ આવતું જાય અને લખાણોમાં પ્રવાહિતા આવતી જાય એમ કહેવાય છે. પરંતુ ૨૧ ઉત્તરદાતાઓએ વિશેષ વાચન અંગે કોઈ માહિતી આપી નથી જયારે સાત ઉત્તરદાતાઓએ વ્યવસાયિક કામગીરીના પરિણામે વિશેષ વાચન કરી શકતા હોવાનું સ્વીકાર્યુ છે. આ ઉપરાંત જેમણે માહિતી નથી આપી તેઓ વિશેષ વાંચન નહી કરી શકતા નથી એમ સમજી શકાય છે. ઉત્તરદાતા પત્રકારોનો બહુ મોટો વર્ગ લેખન સાથે સંકળાયેલો હોવા છતાં પણ વાચનથી દૂર રહે છે એ અકળાવનારી બાબત છે એમ કહી શકાય.

તેમ છતાં સમયના અભાવનું કારણ આપણે ઘ્યાનમાં લઈએ તો જેમણે વિશેષ વાચન વિશેની માહિતી આપી છે તેના પર નજર નાંખીએ તો તેમનું વાચન વૈવિઘ્યપૂર્ણ હોવાનું જણાય છે જે આનંદદાયક છે. વાચનમાં માત્ર ગુજરાતી નહીં અંગ્રેજી સાહિત્યનું વાચન પણ છે એ બાબત પ્રોત્સાહજનક છે.

આમ જોઈએ તો પત્રકારત્વના વ્યવસાયમાં સમયનો અભાવ રહેતો હોવા છતાં વૈવિઘ્યપૂર્ણ વાંચન પત્રકારોમાં જોવા મળે છે એમ કહી શકાય.

## <u>કામ / હોદ્દાનો પ્રકાર</u>

પત્રકારત્વના વ્યવસાયમાં કાર્યરત પત્રકારો માટે અખબારી સંસ્થાઓમાં કાર્ય અથવા હોદ્દાનો પ્રકાર જુદો જુદો હોય છે. કુલ ઉત્તરદાતા પૈકી સૌથી વધારે ૩૪ ઉત્તરદાતાઓ રિપોર્ટિંગના કાર્ય સાથે સંકળાયેલા છે. જયારે ૬ પત્રકારો સીનિયર રિપોર્ટર, ૪ સબ એડિટર, ૩ સીનિયર સબ એડિટર અને ૨–૨ રિપોર્ટર કમ સબ એડિટર, ચીફ સબ એડિટર, ચીફ રિપોર્ટર, અને બ્યુરો ચીફ તરીકે ફરજ બજાવે છે. જયારે એક–એક પત્રકારો ન્યૂઝ એડિટર, નિવાસી તંત્રી, ન્યૂઝ કો–ઓર્ડિનેટર અને ફ્રીલાન્સ સેવા આપે છે.

વર્તમાનપત્રમાં લેખન સાથે જોડાયેલી કોઈપણ વ્યકિત એટલે પત્રકાર. પરંતુ વર્તમાનપત્રોમાં વિવિધ કામગીરીના આધારે તેમના હોદ્દાઓ નક્કી હોય છે. જે તે નગરમાં જુદાં જુદાં ક્ષેત્રમાં બનતી ઘટનાઓ – સમાચારો પછી તે ક્રાઈમ અંગેના હોય કે શિક્ષણ અંગેના હોય તેનું અહેવાલ લેખન કરતાં હોય તેને રિપોર્ટર તરીકે ઓળખવામાં આવે છે. રિપોર્ટરના ઉપરી ચીફ  રિપોર્ટર હોય છે. આ વ્યવસાયીઓ વર્તમાનપત્રની સ્થાનિક ઘટનાઓના સમાચારો તૈયાર કરે છે.

વર્તમાનપત્રમાં પ્રથમ પાના પર જેઓ સમાચાર એજન્સીઓ દ્વારા જે દેશવિદેશના સમાચારો ઊતરે છે તેને ભાષાંતર કરીને પહેલા પાને અને અન્ય નિશ્ચિત પાનાંઓ પરના સમાચારો તૈયાર કરે છે. તેમને સબ એડિટર તરીકે ઓળખવામાં આવે છે. તેમના ઉપરી ચીફ સબ એડિટર હોય છે. જેઓને કોને ભાષાંતરનું કેવું કામ સોંપવું એનો નિર્ણય લેવાનો હોય છે. પહેલા પાના પર કયા સમાચારને મુખ્ય સમાચાર તરીકે મૂકવા તેનો નિર્ણય તેમને લેવાનો હોય છે. ગુજરાતી વર્તમાનપત્રોમાં વર્ષો સુધી રિપોર્ટર અને સબ એડિટરનું કામ અલગ અલગ રહેતું હતું. પરંતુ હવે નવા પ્રવાહ મુજબ રિપોર્ટર કમ સબ એડિટરની જગ્યાએ પસંદગી થાય છે. તેમને વર્તમાનપત્રના તંત્રી દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે સ્વીકારવાની હોય છે. સબ એડિટર્સમાં માત્ર રાષ્ટ્રીય – આંતર રાષ્ટ્રીય સમાચારોના ભાષાંતરનો જ સમાવેશ થતો નથી. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાંથી ખબરપત્રીઓ દ્વારા

સમાચાર મોકલાય છે તેને સંપાદિત કરીને કરવાનું કામ પણ તેઓ કરતાં હોય છે. જેઓ આજે ફેકસ અને ઈન્ટરનેટના જમાનામાં પણ ટપાલ પાનાના કર્મચારીઓ તરીકે ઓળખાય છે. વર્તમાનપત્રોમાં ગ્રામીણ વિસ્તારના સમાચાર, સ્થાનિક સમાચાર અને રાષ્ટ્રીય – આંતરરાષ્ટ્રીય સમાચારો ઉપરાંત સાહિત્ય, સમાજકારણ અને રાજકારણ, ફિલ્મ, સ્પોર્ટસને લગતી કોલમો – સમાચારોને સ્થાન અપાય છે. કોલમિષ્ટ દ્વારા કોલમ લખાય તેને મઠારવાનું કાર્ય પણ સબ એડિટર્સ દ્વારા સંભાળવામાં આવે છે. તેમના ઉપરી તરીકે પૂર્તિ એડિટરનો હોદ્દો સંભાળતી વ્યકિત હોય છે. આ સબ એડિટર્સ પૂર્તિઓનું સંપાદન કાર્ય પણ કરતા હોય છે. આ ઉપરાંત વર્તમાનપત્રોમાં કોપી એડિટર, ન્યૂઝ એડિટર, ન્યૂઝ કોઓર્ડિનેટર જેવા હોદ્દાઓ હોય છે. જેમાં પત્રકારત્વમાં બહોળો અનુભવ ધરાવતા પત્રકારો કાર્યરત હોય છે.

સમગ્ર પત્રકારત્વના સમગ્ર વ્યવસાયને સમજવા માટે કામના પ્રકાર બાબતે દીર્ઘ માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે.

## કયા અખબારમાં કાર્યરત :–

પત્રકારત્વમાં વર્તમાનપત્રો અને સેટેલાઈટ ન્યૂઝ ચેનલોનો સમાવેશ થાય છે. આ પૈકી ચેનલોમાં વ્યવસાયી પત્રકારોની સંખ્યા ઓછી હોય છે કારણકે સ્થાનિક સ્તરની એવી કોઈ ઘટના હોય કે જેમાં દેશના અન્ય ભાગના "વ્યૂઅર્સ" ને રસ પડે એમ હોય તો જ તેમને કાર્ય કરવાનું હોય છે. જયારે વર્તમાનપત્રો તો સ્થાનિક સમાજ માટે ઉષ્ણ માધ્યમ ગણાય છે. આથી ચેનલોની સરખામણીએ વર્તમાનપત્રોમાં કામ કરતા વ્યવસાયીઓની સંખ્યા વધુ હોય છે.

પ્રસ્તુત અભ્યાસમાં પણ આ કારણે ઉત્તરદાતાઓની કુલ સંખ્યામાં સૌથી વધુ સંખ્યા વર્તમાનપત્રના ઉત્તરદાતાઓની છે. અને તેમાં પણ ગુજરાતી વર્તમાનપત્રમાં કામ કરતા વ્યવસાયી પત્રકારોની સંખ્યાનું પ્રમાણ વધુ છે. ભારતમાં નહીં બલ્કે વિશ્વના વ્યવસાયી પત્રકારોની માહિતી મેળવવામાં આવે તો સૌથી વધુ સંખ્યા પ્રિન્ટ મીડિયામાં જોવા મળે છે. જે ગુજરાતના વર્તમાનપત્રોમાં કાર્યરત વ્યવસાયી પત્રકારો અને ન્યૂઝ ચેનલના પત્રકારોની સંખ્યા સંદર્ભે આ ચકાસણી કરીએ તોપણ આ બાબત જોવા મળે છે.

ઉત્તરદાતા પૈકી સૌથી વધુ ઉત્તરદાતાઓ વિવિધ વર્તમાનપત્રોમાં ફરજ બજાવે છે. જેમની કુલ સંખ્યા ૫૧ છે જે ટકાવારીમાં ૮૬% થાય છે. ત્યાર પછી ચાર પત્રકારો સામયિક સાથે, બે પત્રકારો સમાચાર ચેનલ સાથે અને એક–એક પત્રકાર સાથે કુલ બે પત્રકારો અંગ્રેજી અખબાર સાથે અને એક ઉત્તરદાતા ફ્રીલાન્સ પત્રકાર તરીકે સેવા આપે છે.

વિવિધ ઉત્તરદાતાઓ પૈકી ૭ ઉત્તરદાતાઓ ગુજરાત સમાચારમાં, ૨ ઉત્તરદાતાઓ સંદેશમાં, ૭ ઉત્તરદાતાઓ દિવ્ય ભાસ્કરમાં, ૯ ઉત્તરદાતાઓ જનસત્તામાં, ૨ ઉત્તરદાતાઓ મુંબઈ સમાચારમાં, જયહિન્દમાં ૩, પ્રભાતમાં ૨, ગુજરાત ટુ ડે માં ૩, આજકાલ દૈનિકમાં ૨, અને સમભાવ મેટ્રોમાં ૭ પત્રકાર તરીકે સેવા આપી રહયા છે. ૧–૧ પત્રકાર જન્મભૂમિ, ઓન્લીન્યૂઝ, સૂર્યકાલ, બિન્દુ, ચૌપાલ, મીડ ડે ગુજરાતી, અલ્પવિરામ, ઈન્ડિયન એકસપ્રેસ અને સાધના સ્પ્તાહિકમાં એમ કુલ ૯ પત્રકારો વ્યવસાયી છે. આ ઉપરાંત એક પત્રકાર ફ્રીલાન્સ સેવા સાથે જોડાયેલા છે.

જયારે અન્ય ત્રણ પત્રકારો ચિત્રલેખા સામયિક સાથે અને બે પત્રકારો એન.ડી.ટી.વી. અને ઈ ટી.વી. ન્યૂઝ ચેનલ સાથે સંકળાયેલા છે. આમ, અમદાવાદ સ્થિત મોટા ગજાના અખબારો, લઘુ અખબારો, ન્યૂઝ ચેનલ, સામયિક એવા તમામ પ્રકારના પત્રકારત્વનાં વ્યવસાય સાથે સંકળાયેલા ઉત્તરદાતાઓનો સમાવેશ કરીને સંપૂર્ણ વ્યવસાયનું પ્રતિનિધિત્વ અભ્યાસમાં જળવાય એવો પ્રયાસ કર્યો છે.

**પ્રકરણ – ૫**

## અમદાવાદનું પત્રકારત્વ : સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

ઉત્તરદાતા પત્રકારોને એવો સવાલ કરવામાં આવ્યો હતો કે આપના પત્રકારત્વના અનુભવને આધારે અમદાવાદના પત્રકારત્વની કેટલીક વિશેષતાઓ અને મર્યાદા દર્શાવો. લગભગ પંદર જેટલા ઉત્તરદાતાઓએ આ પ્રશ્નનો ઉત્તર આપવાનું ટાળ્યું છે. બાકીના ઉત્તરદાતાઓએ આપેલા ઉત્તરો જુદાં જુદાં છેડાથી અમદાવાદના પત્રકારત્વની વિશેષતા વર્ણવે છે. અમદાવાદ ગુજરાતનું સૌથી મોટું મહાનગર છે. રાજકીય અને આર્થિક દ્રષ્ટિએ મહત્વનું કેન્દ્ર છે. ગુજરાતને અસરકર્તા એવી સારી અને નરસી બાબતોનું એ.પી.સેન્ટર છે. આથી રિપોર્ટિંગ માટે ઉત્તમ છે એવા પ્રત્યુત્તર પાંચેક ઉત્તરદાતાઓએ આપ્યા છે. તો ઘણી વિશેષતાઓ છે એવો પણ ઉત્તર મળ્યો છે. પણ આના સિવાયના મોટા ભાગના ઉત્તરો સાવ અલગ જ અથવા તો એમ કહી શકાય કે સામાન્યીકરણ (જનરલાઈઝડ) કરી ના શકાય તેવા પ્રાપ્ત થયા છે. ઉત્તરો કંઈક આવા રહ્યાં છે......

- મર્યાદા અને સચ્ચાઈને વળગેલું ઉંડાણપૂર્વકનું વિવિધતાસભર પત્રકારત્વ.
- વર્તમાનપત્રોના માલિકોમાં ભલે વિખવાદ હોય પરંતુ જુદાં જુદાં અખબારોના પત્રકારો વચ્ચે જબરજસ્ત એકતા. ખાસ કરીને અહીંના પત્રકારોમાં સમાચારોની આપલે કરતા પત્રકારોના મિત્ર જૂથને "સિન્ડીકેટ"થી ઓળખાય છે. મજબૂત સિન્ડીકેટ એ વિશેષતા છે.
- લખવાનું સ્વતંત્ર છે. ન્યૂઝ સેન્સનો ઉપયોગ પત્રકારત્વમાં જોવા મળે છે.
- બાહોશ અને ખંતીલા અને વ્યવસાય સમર્પિત નીડર પત્રકારત્વ.
- સમાજના પ્રાણપ્રશ્નોને વાચા આપતું સમાજાભિમુખ પત્રકારત્વ.
- પીળા પત્રકારત્વનું પ્રમાણ ઓછું.
- હિંમત અને સ્વાભિમાન

- શોષણનો ભોગ બનનારાઓને ન્યાય અપાવવા અને ભ્રષ્ટાચાર સામે લડતનું માધ્યમ.
- કોઈના પ્રભાવ હેઠળ ન આવવું અને ઈનડેપ્થ અહેવાલ લેખન.
- સકારાત્મક દ્રષ્ટિકોણ તમામ બાબતે સમતુલા જાળવણી
- લોકપ્રશ્નોને વાચા આપતું, ઉત્સાહથી છલકાતી સંવેદનશીલતા
- હવે પ્રોફેશનાલિઝમ પ્રવેશ્યું છે પરિણામે સંશોધનાત્મક પત્રકારત્વ વિકસ્યું છે.
- રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા સમાજ દાયિત્વ પ્રગટ કરે છે.
- ગુજરાતના અન્ય શહેરો કરતાં તદ્દન અલગ પત્રકારત્વ
- "ફાસ્ટ જર્નાલિઝમ"એ અમદાવાદના પત્રકારત્વની આગવી વિશેષતા
- કુદરતી હોનારતમાં પ્રજાની પડખે ઊભા રહેવાની વિશિષ્ટતા
- સમાજના પ્રશ્નો પ્રત્યે જાગ્રત અને ચોકસાઈ પછી અહેવાલ પ્રદર્શિત કરવાની વિશેષતા

આ ઉપરાંત કેટલાક પત્રકારોએ એવી બાબતો પણ વિશેષતા તરીકે દર્શાવી છે જેને વિશેષતા કરતાં મર્યાદા તરીકે વધારે ઓળખાવી શકીએ. જેમ કે અમદાવાદનાં વર્તમાનપત્રોની વિશેષતા એક ઉત્તરદાતાએ એવી દર્શાવી છે કે "અહીના અખબારો માત્ર સંસ્થાકીય હિતને જ પ્રાધાન્ય આપે છે" તો અન્ય એક ઉત્તરદાતા વર્તમાનપત્રો "મેનેજ" સમાચારો આપે છે એમ કહે છે. એક ઉત્તર એવો પણ છે કે અમદાવાદમાં ઘણાં બધાં અખબારો હોવા છતાં બે–ત્રણ અખબારનું જ મહત્વ છે તો એક ઉત્તરદાતા અમદાવાદના પત્રકારત્વને સસ્તું, ઉપજાવી કાઢેલા અહેવાલોથી ભરપૂર સમાજજીવનથી દૂર "ઉપરચોટિયું" પત્રકારત્વ ગણાવે છે.

હવે સવાલ એ થાય છે કે ઉત્તરદાતાઓ જેમને પત્રકારત્વના વ્યવસાયમાં ઠીક ઠીક પ્રમાણમાં અનુભવ છે. તેઓ એમ દર્શાવે છે કે અમદાવાદનું પત્રકારત્વ એક દ્રષ્ટિએ 'ઉપર ચોટિયું' છે એક રીતે તો આવો ઉત્તર એ વ્યવસાયની ટીકાત્મક બાજુ રજૂ કરતો જવાબ ગણાવી

શકાય. એ રીતે આ વ્યવસાય જયારે મુકત ગણાય છે ત્યારે તેના વ્યવસાયિકો પણ એટલા મુકત છે કે તેમના વ્યવસાયની નબળી બાજુ રજૂ કરી શકે છે. આ ઉપરાંત જે વ્યવસાયિકોએ ઉત્તરો આપ્યા છે તે એક સરખાં ન હોતા જુદી જુદી બાબતોને સ્પષ્ટ કરતાં ઉત્તરો છે જે દર્શાવે છે કે અમદાવાદના પત્રકારોની લાક્ષણિકતા કંઈક અંશે ભિન્ન છે. વ્યકિતત્વમાં અને લાક્ષણિકતાઓમાં સમાનતાના બદલે અલગ દ્દષ્ટિકોણ તેમની પાસે છે. આ બાબત તેમનું બુદ્ધિજીવી પાસું રજૂ કરે છે. તેમના કથન મુજબ અમદાવાદનું પત્રકારત્વ ગુજરાતના અન્ય શહેરો કે પ્રદેશોની સરખામણીએ તદ્દન અલગ પ્રકારનું જોવા મળે છે. આ ઉપરાંત કુદરતી દુર્ઘટના સમયે પત્રકાર પોતાની ફરજ બાજુએ મૂકીને સેવાકાર્યમાં જોડાય છે. એ દર્શાવે છે કે અમદાવાદનો પત્રકાર એકંદરે સંવેદનશીલ વ્યકિતત્વ ધરાવે છે. વ્યવસાયની દ્દષ્ટિએ અમદાવાદના પત્રકારત્વને ચકાસીએ તો ઊંડાણપૂર્વકના અહેવાલો સાથેનું સમાજના પ્રાણપ્રશ્નોને વાચા આપતું અને વ્યવસાય સમર્પિત વ્યવસાયિકોની સાથે જોડાયેલું પત્રકારત્વ એવી ઓળખ ઊભી થાય છે. આધુનિક સંચાર સાધનોનો ઉપયોગ વધતાં હવે અમદાવાદના પત્રકારત્વમાં "પ્રોફેશનાલિઝમ"નું તત્વ પણ વધતું જાય છે.

## <u>અમદાવાદના પત્રકારત્વની મર્યાદાઓ</u>

અમદાવાદના પત્રકારત્વની મર્યાદા વિશે પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં બે બાબતો બહુ સ્પષ્ટ રીતે તારવી શકાઈ છે. ૧૧ ઉત્તરદાતાઓએ જણાવ્યું છે કે મોટાભાગના પત્રકારોને વેતન ખૂબ ઓછું મળે છે. પત્રકારોનું આર્થિક શોષણ ખૂબ જ થાય છે. આથી વ્યવસાય પરત્વે પત્રકારોનું દાયિત્વ ઓછું રહે છે અને ઓછા કે અપૂરતાં આર્થિક વળતરના પરિણામે પીળું પત્રકારત્વ ઉદ્દભવે છે એવી ચિંતા વ્યકત કરી છે. સમાજના પ્રશ્નો માટે લડતો અને ચોથી જાગીર તરીકે જે વ્યવસાયની એક ગરિમા સમાજમાં પ્રસ્થાપિત છે તેની સાથે જોડાયેલા વ્યવસાયિકોનું આર્થિક શોષણ થાય છે એ બાબત આમાંથી ઉપસે છે.

એવી જ રીતે ૧૪ ઉત્તરદાતાઓએ એવો પ્રત્યુત્તર આપ્યો છે કે ગુજરાતી અખબારો મહદઅંશે વ્યકિતગત માલિકીના હોવાના પરિણામે માલિકની ઈચ્છા મુજબ કામ કરવું પડે છે.

અખબારના માલિકોની નીતિ મુજબ કામ કરવાનું હોઈ સમાચાર તટસ્થતાપૂર્વક આપી શકાતા નથી. માલિકને રાજકીય પક્ષો અને સંસ્થાઓ સાથે સારા સંબંધો હોય તેને હકારાત્મક પ્રસિદ્ધિ અને જેમની સાથે સારા સંબંધો ન હોય તેમના નકારાત્મક સમાચારો, અહેવાલો પ્રસિદ્ધ કરવા પડે છે. આ બાબતને જોતાં એમ કહી શકાય કે મુકત લોકશાહી અને ખુલ્લા અખબારી સ્વાતંત્ર્યની વાત ભલે થતી હોય પરંતુ અખબારોમાં કામ કરતાં વ્યાવસાયિકોમાં "માલિકની મરજી મુજબનું કામ કરવું" એ એક ફરજિયાતપણું જણાય છે. મુકત પત્રકારત્વની વાતો આદર્શ છે. વાસ્તવિકતા કંઈક જુદી છે એ દેખાય છે. ઉપલબ્ધ માહિતીને નીચે મુજબ દર્શાવી શકાય :

- સમાચારોનું ફોલોઅપ ઓછું. બીજા અખબારોમાં છપાયેલા મહત્વના સમાચારોને પ્રાધાન્ય અપાતું નથી.
- કોમી લાગણી ભડકે એવા સમાચારો છપાય છે.
- અમદાવાદીઓ મોટા છાપાંને જ સ્વીકારે છે. આથી લઘુ અખબારોની વાત બહુ અસર ઉપજાવી શકતી નથી.
- લોકો અખબારોને સામેથી માહિતી આપતા નથી.
- અહેવાલ લેખનમાં ઘટનાની વિશ્વસનીયતા ચકાસાતી નથી.
- અપૂરતી તાલીમ અને જાગૃતિનો અભાવ.
- સમસ્યાના ઊંડાણમાં જવાનો અભાવ જોવા મળે છે.
- અંગ્રેજી ભાષાની જાણકારીનો અભાવ.
- સ્વતંત્રતા પૂર્ણ જોવા મળતી નથી. સર્જનાત્મકતાને અવકાશ નથી.
- પીળું પત્રકારત્વ – એ મર્યાદા છે.
- પ્રોફેશનાલિઝમ જોવા મળતું નથી.
- સામાન્ય માનવીના પ્રશ્નોને ઓછી વાચા મળે છે.

- કેટલાક અખબારો પત્રકારોના નામજોગ (બાયલાઈન) સમાચાર છાપતા નથી આથી પત્રકારોને ફીડબેક મળતું નથી.
- સંશોધનાત્મક પત્રકારત્વ ખૂબ જ ઓછું.
- રાજકીય અને ક્રાઈમ સમાચારોને વધુ હાઈલાઈટ કરવાનું વલણ.
- સમાજજીવનના તમામ ક્ષેત્રને આવરી લેતા પત્રકારત્વનો અભાવ.
- ઈન્ટરનેટ–કોમ્પ્યુટર જાણકારીનો અભાવ.
- સામાજિક પરિવર્તન લાવી શકે એવા પત્રકારત્વની ગેરહાજરી
- પત્રકારોમાં "સિન્ડીકેટ કલ્ચર"

ઉપરોક્ત તારણો પૈકી કેટલાંક પ્રશ્નો સર્જનારા છે. સામાન્ય રીતે એમ લાગે કે પત્રકારો જે લખે, ખાસ કરીને સમાજના બહુધાવર્ગ માટે એ જરૂરી હોય. આવા સમાચારોમાં પત્રકાર કોઈ અહેવાલ આપે ત્યારે તેમના નામ સાથે જો સમાચાર છપાય તો વાંધો નહી એમ પત્રકાર નીડરતાપૂર્વક માનતો હોવા છતાં તેના નામ વગર (અખબારી ભાષામાં તેને બાયલાઈન કહેવામાં આવે છે) અહેવાલ છપાય છે. આની પાછળ એવું જણાય છે કે પ્રજામાં અખબાર પોતાનું નામ વિશ્વસનીય બનાવવા માટે સમાચાર તો પ્રસિદ્ધ કરે છે પણ જેણે અહેવાલ લખ્યો છે એને ગૌણ ગણવાનો પ્રયાસ થાય છે. આ તકે જેમ વર્તમાનપત્રની વિશ્વસનીયતા જરૂરી છે તેમ સરેરાશ વાચક પત્રકારના નામથી પરિચિત હોય તો અનેક કૌભાંડો – અન્યાયકારી બાબતો એને પ્રજામાંથી સીધી મળે છે. પરંતુ અમદાવાદના મોટાભાગના વ્યવસાયિકો માટે અહેવાલ લેખનમાં બાયલાઈન નથી અપાતી એ પત્રકારત્વની મર્યાદા છે એમ કહી શકાય.

આ ઉપરાંત કેટલાંક ઉત્તરદાઓએ "વિશેષતા અને મર્યાદા સાપેક્ષ છે માટે કહેવું મુશ્કેલ છે", "કામ ગમે તે વિશેષતા અને ન ગમે તે મર્યાદા", "વિશેષતા એ જ મર્યાદા", "અમર્યાદ મર્યાદાઓ", જેવા ઉત્તરો આપ્યા છે" જે ચોક્કસ નિષ્કર્ષ પર આવવા માટે મુશ્કેલ છે. દસ ઉત્તરદાતાઓએ ઉત્તર આપવાનું ટાળ્યું છે.

## પત્રકાર તરીકે વિશિષ્ટ અનુભવ

પત્રકાર તરીકે કોઈ વિશિષ્ટ અનુભવ હોય જે તમારી દૃષ્ટિએ પત્રકારત્વ માટે મહત્વના હોય એવા પ્રશ્નના ઉત્તરમાં ૪૦ ટકા ઉપરાંત ઉત્તરદાતાઓએ કોઈ જવાબ જ આપ્યો નથી. કદાચ પત્રકારત્વમાં આવા અનુભવો થતા હોય એ સ્વાભાવિક છે – એમ માની લઈએ તો પણ ઉત્તરદાતાઓના કોઈ પ્રત્યુત્તર નહી આપવા પાછળના કારણો સ્પષ્ટ થતાં નથી.

લગભગ ૧૫ જેટલા ઉત્તરદાતાઓ આ પ્રશ્નોનો વ્યવસ્થિત ઉત્તર આપ્યો છે એમ કહી શકાય. એક ઉત્તરદાતાએ અનુભવ વર્ણવ્યો છે કે એક દિવસ ભારે વરસાદના કારણે ૧૦ કર્મચારીઓમાંથી માત્ર ત્રણ કર્મચારીઓ ફરજ પર આવ્યા હતા. તેમ છતાં અખબાર પગટ કર્યું હતું. આવાં અન્ય કેટલાંક અનુભવો નીચે મુજબ વર્ણવ્યા છે......

- ગુજરાતમાં કોમી તોફાનો વખતે એમ થયું કે થોડા સમય પહેલાં ભૂકંપે તારાજી સર્જી ત્યારે લોકો ભેદભાવ ભૂલીને કુદરત સામે બાથ ભીડતા હતા. આજે પરિસ્થિતિ તદ્દન વિપરીત છે. માનવીની ક્રૂરતા આ સમયે જોઈ. અને પત્રકારત્વે પણ સમાજમાં શાંતિ સ્થાપવાના પ્રયાસો યોગ્ય રીતે કર્યા ન હતા.
- અમદાવાદ શહેરમાં "કોટન બજાર"ના એક વેપારીએ વેપારની સાચી વિગતો આપી હતી. એનો અહેવાલ બીજા દિવસે છપાતાં વેચાણવેરાના દરોડા એ જ દિવસે પડયા હતા.
- અમદાવાદમાં એક વ્યકિત સંતના વેશમાં વ્યભિચાર આચરતી હતી. તેની સ્ટોરી કરવા આશ્રમમાં પહોંચ્યા હતા. પણ છેલ્લી ઘડીએ તેના સાગરીતોને ખબર પડતાં જાત બચાવીને ભાગવું પડયું હતું. આ સ્ટોરી લખી હતી. પણ એ સમયે કોઈએ છાપી ન હતી. વર્ષો પછી એ સ્ટોરી એક સામયિકે છાપી ત્યારે એ સંતના સેવકોએ સામયિકની કચેરીમાં તોડફોડ કરી આગ લગાડી હતી.
- અમદાવાદના મેયરના ખોટા ખર્ચાઓ સામે ઝુંબેશ ચલાવી હતી. જેની સામે

સત્તાધારી પક્ષે જૂથના ચેરમેન સમક્ષ દિલ્હીમાં પણ રજૂઆત કરી હતી. પરંતુ ચેરમેને "જો સમાચાર તથ્યહીન હોય તો બદનક્ષીનો દાવો માંડો અમારી સામે" એવો જવાબ આપ્યો હતો.

- કચ્છના ભૂકંપ વખતે રિપોર્ટિંગ અર્થે કચ્છમાં ગયા હતા. પરંતુ ત્યાં સેવાકાર્યોમાં મદદની જરૂર છે એ પ્રત્યક્ષ જોઈને કલમ બાજુએ મૂકીને રાહતકાર્યોમાં જોડાઈ ગયા હતા.
- શહેરની ખાનગી કોલેજો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ખોટી રીતે "કેમ્પસ ફી" પડાવવાની વૃત્તિ સામે વિદ્યાર્થી આંદોલનને ટેકો આપ્યો હતો. જેના પરિણામે તમામ કોલેજોએ વિદ્યાર્થીઓને "કેમ્પસ ફી" પરત ચૂકવવી પડી હતી.
- આયુર્વેદ વનસ્પતિ અને કૃષિલક્ષી માહિતી લેખોના કારણે ગ્રામીણ વાચકોના તેમને અત્યંત લાભ થતા હોવાના પત્રોથી ખૂબ જ સંતોષ થયો છે. પત્રકારત્વ માત્ર શિક્ષિત માટે નહી નિરક્ષરો માટે પણ ઉપયોગી છે એવો અનુભવ પાઠ શીખવા મળ્યો છે.
- લઘુ અખબારમાં કામ કરતો હોવા છતાં ગરીબો અને વંચિત પ્રજાના પ્રશ્ને જયારે સમાચાર લખું છું એના થોડા દિવસોમાં તંત્ર દોડતું થઈ જાય છે અને પ્રશ્ન ઉકેલાઈ જાય છે. ત્યારે ભલે નાના વર્તમાનપત્રમાં કામ કરતો હોઉં લોકોની સમસ્યા નિવારણના કાર્યમાં સહભાગી બન્યો એવી લાગણી થાય છે.

આ ઉપરાંત કેટલાંક ઉત્તરદાતાઓએ અક્ષરધામ કાંડ, કોમી તોફાનો સમયે ઘટના સ્થળેથી રિપોર્ટિંગ કર્યુ હતું તેને રોચક અનુભવ તરીકે વર્ણવે છે. તો કેટલાંક ઉત્તરદાતાઓએ પત્રકારત્વમાં આવા અનુભવો રોજિંદા છે એથી કોઈ વિશિષ્ટતા જેવી બાબત નહી તેવો મત વ્યકત કરે છે. જયારે કેટલાંક ઉત્તરદાતાઓએ નવું શીખવાનું મળે છે, અનુભવ મળે છે, પત્રકારોને લોકો શંકાથી જુએ છે, અનેક અનુભવો થયા છે પણ તે નોંધપાત્ર નથી, અગણિત અનુભવો છે, ગણ્યા ગણાય નહીં એટલા અનુભવો છે" એવા અસ્પષ્ટ ઉત્તરો આપ્યા છે.

આ ઉપરાંત કેટલાંક ઉત્તરદાતાઓએ કોઈ સ્પષ્ટ ઉત્તર આપવાનું ટાળ્યું છે. એમના પ્રત્યુત્તર પરથી એમ લાગે કે તેઓ કદાચ પ્રશ્નને સમજી શકયા નથી.

આમ તો પત્રકારત્વ આજે મિશન મટી પ્રોફેશન બન્યું છે. એટલે અગાઉના સમયમાં જે મિશનરી ભાવ પત્રકારત્વ પ્રત્યે હતો તે આજે વ્યાવસાયિકરણના પરિણામે રહ્યો નથી એવી બહુધા છાપ છે. અન્ય વ્યવસાયોની જેમ પત્રકારત્વના વ્યવસાયમાં પણ માત્ર પગાર સાથે જ વ્યાવસાયિક એટલે કે પત્રકારને નિસ્બત છે એવી લોકોની માન્યતા છે. પરંતુ તેમણે આપેલા જવાબો ઉપરથી જરાક જુદું જ ચિત્ર નીપજે છે, કારણ કે એક તરફ સમાજ પત્રકારથી એક અંતર રાખતો હોય છે. છતાં પત્રકાર સમાજ સાથે ઓતપ્રોત હોય એમ જણાય છે.

## ૩ અખબારી વ્યવસાયમાં વિદેશી માલિકી

વૈશ્વિકરણના વર્તમાન યુગમાં અખબારી વ્યવસાયમાં વિદેશી માલિકો વિશેના પ્રશ્નના ઉત્તરમાં ૨૯ ઉત્તરદાતાઓએ વિદેશી માલિકો આવે તો છોછ નથી એવું દર્શાવે છે. જો કે આ પૈકીના તેર ઉત્તરદાતાઓએ માત્ર આવવું જોઈએ એવો જવાબ આપ્યો છે. આ ઉપરાંત સાત ઉત્તરદાતાઓ જો વિદેશી માલિકો આવશે તો સ્થાનિક પત્રકારોને વધુ પગાર મળશે એવી આશા સેવે છે. પાંચ ઉત્તરદાતાઓ સ્પર્ધા થશે અને ગણવત્તા સુધરશે એવો મત વ્યકત કરી રહ્યા છે. તો દસ ઉત્તરદાતાઓએ હાલની સરકારી નીતિને વાજબી ઠેરવતાં એવી લાગણી પ્રદર્શિત કરે છે કે વિદેશી માલિકીના બદલે તેમનો આંશિક હિસ્સો હોય એ બરાબર છે.

તેમની સાથે જ સહમત થતાં છ ઉત્તરદાતાઓ વિદેશી માલિકીને કેટલીક મર્યાદાઓ સાથે આવકારે છે. જો કે ચૌદ ઉત્તરદાતાઓ વિદેશી માલિકીનો સ્પષ્ટ વિરોધ કરે છે. ભારતીય સંસ્કૃતિ અને સમાજજીવન ઉપરાંત રાષ્ટ્રહિતના મુદ્દાને આગળ કરતાં તેઓ કહે છે કે માત્ર પગાર વધારા અને સ્પર્ધાને લીધે તેમનો પ્રવેશ દેશના હિત માટે ખતરારૂપ છે. ચાર ઉત્તરદાતાઓએ જવાબ આપવાનું ટાળ્યું છે.

ઉપર્યુકત ઉત્તરોમાંથી એવું તારવી શકાય પત્રકારોને વેતનનો પ્રશ્ન સતાવે છે. આથી જો વિદેશી માલિકી આવે તો સ્પર્ધા થાય અને તેમાં તેમને આર્થિક લાભ થાય એવી શકયતા છે.

જો કે આનાથી મોટો ઉત્તરદાતા વર્ગ રાષ્ટ્ર હિતના ભોગે વિદેશી માલિકીને સ્વીકાર્ય ગણતા નથી એ બાબત પણ આપણી સમક્ષ આવે છે.

વૈશ્વિકરણના આજના સમયમાં કેન્દ્ર સરકાર વિદેશી અખબાર વ્યાવસાયિકોને ભારતમાં પ્રવેશની મંજૂરી આપવા દેવા સંબંધે વિચારી રહી હતી તે સમયે દેશની બે સમાચાર એજન્સીઝ અને વર્તમાનપત્રોના માલિકોએ ભારતમાં અખબાર વ્યવસાય ક્ષેત્રે વિદેશી માલિકોનો વિરોધ કર્યો હતો કારણ કે વિદેશી માલિકો સામે તેમને સ્પર્ધા કરવી પડે એવી પરિસ્થિતિ ઉદ્દભવે એ સ્વાભાવિક હતું. હજુ આજે પણ વર્તમાનપત્રોના માલિકો પોતાનું અસ્તિત્વ જોખમાય નહી એવી ગણતરી સાથે જ વિદેશી માલિકીનો વિરોધ છેડી રહયા છે. પણ તેમને ત્યાં કાર્યરત વ્યાવસાયિકો અખબારી વ્યવસાયમાં વિદેશી માલિકીને આવકારી રહ્યા છે એમ અભ્યાસમાં જોવા મળે છે.

પત્રકારો દ્વારા વિદેશી માલિકોને આવકારવા પાછળનું મૂળ કારણ પગાર સામેનો અસંતોષ મુખ્ય હોવાનું પત્રકારોએ આપેલા ઉત્તરોમાંથી મળી આવે છે. પત્રકારોના આ ઉત્તરો વિવિધ વર્તમાનપત્રોની વચ્ચે અને ગણવત્તા સુધરે એ કરતાં તેમને ખૂબ ઓછો પગાર આપીને આર્થિક શોષણ કરવામાં આવે છે એ પરિસ્થિતિ સુધરે અને તેમના પગાર ધોરણની ગુણવત્તા સુધરે એવી લાગણી બળવત્તર હોય તેમ જણાય છે.

## ૪ ગુજરાત વિધાનસભા ચૂંટણીનાં પરિણામોની અસર

પ્રસ્તુત શોધ નિબંધનું સંશોધન કાર્ય હાથ ધરાયું તે સમયે થોડા વખત પહેલાં જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી સંપન્ન થઈ હતી. ગોધરાકાંડ પછી યોજાયેલી આ ચૂંટણીમાં શાસક પક્ષે સત્તાના સુત્રો જાળવી રાખ્યાં હતાં. ગુજરાત ચૂંટણીના આ પરિણામો કેવી અસર નિપજાવશે એ બાબતે પત્રકારો સમક્ષ પ્રશ્ન રજૂ કરાયો હતો. જે પૈકી ૨૬ ઉત્તરદાતાઓએ આ ચૂંટણી પરિણામોની કોઈ અસર ભારતના રાજકારણ પર અસરકર્તા નહીં નીવડે એમ જણાવ્યું હતું. કુલ ૧૬ ઉત્તરદાતાઓએ સત્તાપક્ષ માટે ફાયદારૂપ ગણાવી હતી. જે પૈકી સાત ઉત્તરદાતાઓએ અસરકારક, પાંચ ઉત્તરદાતાઓએ હિન્દુત્વનો જુવાળ દેશમાં ફરી ઊઠશે

એવી શકયતા દર્શાવી હતી. ચાર ઉત્તરદાતાઓએ દૂરોગામી અસરો પેદા કરશે એવો ઉત્તર આપ્યો હતો. પરંતુ કેવી દૂરોગામી અસર પડશે તે સ્પષ્ટ દર્શાવ્યું નથી. ત્રણ ઉત્તરદાતાઓએ નહીંવત અસર, બે ઉત્તરદાતાઓએ હકારાત્મક અને નકારાત્મક બંને અસર પેદા થશે એવો ઉત્તર અને ત્રણ ઉત્તરદાતાઓ તદ્દન અસ્પષ્ટ ઉત્તરો આપ્યા છે. પાંચ ઉત્તરદાતાઓએ કોઈ જવાબ આપ્યો નથી.

સામાન્યરીતે પત્રકારની સમાજમાં એવી છાપ હોય છે કે તે બધું જાણતો હોય છે. આ ઉપરાંત તેમની પાસે એવી અપેક્ષા રખાતી હોય છે કે સમાજને સંબંધિત રાજકીય, આર્થિક અને સામાજિક બાબતો પ્રત્યે સમાજ ભવિષ્યમાં કેવું વલણ આકાર લેશે ? આ રીતે પત્રકાર આગળના એંધાણ આપી શકનાર એક નીરક્ષીર વિવેચક તરીકે પણ ઓળખ ધરાવે છે. જયારે પત્રકારોને ગુજરાતની ચૂંટણીના પરિણામો સમગ્ર ભારતના રાજકીય ચિત્ર સંબંધે કેવી અસરો જન્માવશે ? એવો પ્રશ્ન પૂછાયો તે સમયે ચૂંટણીના પરિણામોની ઘટના તાજી હતી. તેમ છતાં મોટાભાગના પત્રકારોએ ગુજરાતમાં સત્તાપક્ષને જે સફળતા મળી છે તેવી જ સફળતા અન્ય રાજયોમાં મળશે જ એવી શકયતાઓ નકારી હતી. જવલંત પરિણામ હોવા છતાં અન્ય રાજયોમાં પણ આ પરિણામોની બહુ વ્યાપક અસર ઝીલાશે નહી એવી સ્પષ્ટતા બહુધા પત્રકારોએ વ્યકત કરી હતી. એમની આ સ્પષ્ટતા ગુજરાત પછી જે રાજયોની વિધાનસભાઓ અને લોકસભાની ચૂંટણી યોજાઈ તેમાં જોઈ શકાય છે. આમ, પત્રકારો ભાવિ કથન કરી શકે છે એવી જનસમાન્યની માન્યતા કેવળ કલ્પના નહી પણ તે સત્યની નજીક હોય તેમ જણાય છે.

રોજબરોજના રાજકીય સંપર્કો, રાજકીય ઘટનાઓ અને પ્રજામાનસને સમજવાની તેમની આગવી દૃષ્ટિનો પરિચય તેમના ઉત્તરોને આધારે આપણે મેળવી શકીએ છીએ એમ કહી શકાય. રોજબરોજના સમાજજીવનમાંથી સમાજ કેવી રીતે ક્રિયાત્મક બનશે એની સમજ આ ક્ષેત્રના વ્યાવસાયિકોમાં જોવા મળે છે એમ કહી શકાય. અને એક બાબત એ પણ છે કે પોતે જે ક્ષેત્રમાં કાર્યરત છે એ વિસ્તાર નહી બલ્કે અન્ય રાજયને સ્પર્શે એવી વાત અને ત્યાંની પ્રજા

વિશે સીધી સમજની ગેરહાજરી છતાં તેઓ રાજકીય નીરિક્ષણની બાબતમાં સાચા ઠર્યા છે એ વાત જોવા મળે છે.

ભારતમાં જયારે જયારે ચૂંટણીની મોસમ આવે છે ત્યારે જુદી જુદી સંસ્થાઓ ચૂંટણીના વર્તારા બહાર પાડે છે. આ ઓપિનિયન પોલનાં પરિણામો અને ચૂંટણીનાં વાસ્તવિક પરિણામો વચ્ચે બહુ લાંબો ફેર હોય છે. એમ કહી શકાય કે ઓપિનિયન પોલનાં સર્વેક્ષણો કરતાં તદ્દન જુદું જ ચિત્ર આવે છે. એના પરિણામે ભારતમાં ચૂંટણી સંબંધે થતા એપિનિયન પોલને હવામાન વિભાગની આગાહી બંન્ને સરખા ગણાવીને મજાક થાય છે. હવામાન ખાતું જયારે ભારે વરસાદની આગાહી કરે ત્યારે સવિશેષ એવું બનતું હોય છે કે ઝરમર વરસાદના અમી છાંટણાં પણ ન થાય. તેમ ઓપિનિયન પોલની આગાહીઓ પણ એવી રહી છે એવી સ્થિતિ આપણે ત્યાં રહી છે.

ઓપિનિયન પોલ ખોટા સાબિત થાય છે એની પાછળનું કારણ એવું હોય છે કે જે વ્યકિતને પૂછવામાં આવે છે તે સાચું બોલે છે કે ખોટું એ ખબર પડતી નથી. (લાઈંગ ફેકટરની જાણ ન થાય) જયારે વ્યકિતગત પૂછયા પછી પણ ઓપિનિયન પોલ ખોટા પડે ત્યારે સમગ્ર સમૂહ કયાં જશે ? એ મુદ્દે પત્રકારો ઘણા સમય પહેલા સાચી પરિસ્થિતિ દર્શાવી શકે એ આશ્ચર્યજનક કહી શકાય.

સાથોસાથ ચૂંટણીમાં ગમે તે રાજયનો ગમે તે સમાજ હોય તેને પોતાને સ્પર્શતા પ્રશ્નો સાથે વધારે નિસ્બત હોય છે એવી સ્પષ્ટતા પત્રકારોમાં સ્પષ્ટ હોવાનું પણ આ ઉત્તરદાતાઓના અભ્યાસ પરથી તારવી શકાય છે.

## ૫ પત્રકારત્વમાં મહિલાઓ–લઘુમતીઓ અને દલિત સમાજ

પત્રકારત્વના વ્યવસાયમાં મહિલાઓ–લઘુમતીઓ– અને દલિત સમાજની સામેલગીરી મર્યાદિત છે. એવું આપ માનો છો ? એવા પ્રશ્નના ઉત્તરમાં ૩૩ ઉત્તરદાતાઓએ ખોટી વાત હોવાનો મત વ્યકત કર્યો છે. જયારે ૧૭ ઉત્તરદાતાઓએ આ વાત સાચી હોવાનું જણાવ્યું છે. ત્રણ ઉત્તરદાતાઓએ જવાબ આપ્યો નથી. જયારે છ ઉત્તરદાતાઓએ દલિત અને

લઘુમતી સમાજની સામેલગીરી મર્યાદિત નથી પરંતુ મહિલાઓ પત્રકારત્વમાં ઓછા છે એમ દર્શાવ્યું છે. એની પાછળનું કારણ એ દર્શાવ્યું છે કે પત્રકારત્વમાં કામના કલાકો નિશ્ચિત હોતા નથી અને મોડી રાત સુધી ફરજ બજાવવાની હોઈ મહિલાઓનું પ્રમાણ ઓછું છે. જો કે થોડા વર્ષોમાં આ ક્ષેત્રમાં મહિલાઓનું પ્રમાણ વધી રહ્યું છે તેમ તેઓ જણાવે છે.

જે ૩૦ ઉત્તરદાતાઓ લઘુમતી, દલિત અને મહિલાઓન સામેલગીરી મર્યાદિત ન હોવાનું કહે છે તેમની દલીલો એવી છે કે પત્રકારત્વ એ ખુલ્લું ક્ષેત્ર છે. મુકત વ્યવસાય છે એમાં કોઈ જ્ઞાતિ કે વર્ગનું આધિપત્ય નથી. જેનામાં આવડત હોય એ જ આ ક્ષેત્રમાં ચાલી શકે છે. આ ક્ષેત્રમાં કોઈના માટે અનામતની વ્યવસ્થા નથી આપબળે અહી સફળ થવાની અને આગળ આવવાની તકો છે. કોઈ માટે બંધન નથી.

જયારે જે ઉત્તરદાતાઓએ લઘુમતી, દલિત અને મહિલાઓની મર્યાદિત સામેલગીરી છે એમ કહ્યું છે તેઓ પણ કોઈ જ્ઞાતિ વર્ગની મોનોપોલી નહીં પરંતુ ઓછા શિક્ષણને કારણરૂપ ગણે છે. અને જે લઘુમતી–દલિતોએ સારું શિક્ષણ મેળવ્યું છે તેમને તક મળે છે એવો મત પણ વ્યકત કર્યો છે. જયારે ત્રણ ઉત્તરદાતાઓએ સ્પષ્ટ જવાબ આપવાનું ટાળ્યું છે. તેમણે એવો ઉત્તર આપ્યો છે કે "અન્ય જગ્યાએ અનામતનો લાભ છે માટે આવતા નથી", "આ મુદ્દે ઘણું કહેવાની ઈચ્છા છે પણ ઔચિત્યભંગ ગણાશે" એક ઉત્તરદાતાએ "કહેવું મુશ્કેલ છે" એવો ઉત્તર આપ્યો છે.

પત્રકારત્વ એક તરફ કોઈ જ્ઞાતિ કે વર્ગના આધિપત્ય હેઠળનો નથી તેમાં દરેક વ્યકિતને પછી તે કોઈપણ જ્ઞાતિની હોય કે ધર્મની હોય, તે સ્ત્રી હોય કે પુરુષ હોય, લૈગિંક ભેદભાવ સિવાય સર્વે માટે એક સમાન તક હોવાનો ઉત્તરદાતાઓના વિવિધ ઉત્તરો નિર્દેશ કરે છે. પરંતુ જે ઉત્તરદાતાઓ આ અભ્યાસમાં ઉપલબ્ધ થયા છે તેની વિગતો ઉપર એક નજર નાંખીએ તો ઘણું મોટું પ્રમાણ ઉચ્ચ જ્ઞાતિના લોકોનું જણાય છે. દલિત, મુસ્લિમ અને મહિલાઓનું પ્રમાણ ખૂબ જ મર્યાદિત છે. જે મુસ્લિમ વ્યવસાયિકો આ ક્ષેત્રમાં છે તેઓ મોટાભાગે મુસ્લિમ ટ્રસ્ટ કે જૂથના અખબારમાં કાર્યરત છે. તેમનામાં આ વ્યવસાયની અત્યંત

જરૂરી બાબત એવો શિક્ષણનો અભાવ મુખ્ય જણાય છે તો અન્ય લઘુમતી એવા જૈનો વ્યવસાય સાથે વધુ પ્રમાણમાં સંકળાયેલા હોઈ તેઓ નોકરિયાત તરીકે ઓછા જોવા મળે છે એ હકીકત આ અભ્યાસમાં પણ જણાય છે.

જયારે આપણે પત્રકારત્વના વ્યવસાયમાં મહિલાઓની મર્યાદિત સામેલગીરીની વાત કરીએ તો ગુજરાતી પત્રકારત્વમાં બહુ ઓછી સંખ્યા મહિલા પત્રકારોની છે એ સ્પષ્ટ થાય છે. આ ઉપરાંત રોજિંદા સ્થાનિક પત્રકારત્વમાં એટલે કે રિપોર્ટિંગની સેવામાં તો આંગળીના વેઢે ગણી શકાય તેટલી મહિલાઓ છે. જે મહિલાઓ પત્રકારત્વ સાથે સંકળાયેલી છે એમાંથી બહુમતી મહિલાઓ ડેસ્ક રિપોર્ટર અને ડેસ્ક સબ એડિટર કે પૂર્તિ વિભાગમાં જ કાર્યરત છે. એટલે પત્રકારત્વમાં સમય જોઈને કામ ન થઈ શકે એવી વાત મહિલાઓની ઓછી સંખ્યા પણ એ તરફનો દૃષ્ટિકોણ વ્યકત કરે છે. જે કેટલાંક મહિલા પત્રકારો રિપોર્ટિંગ ક્ષેત્રમાં કાર્યરત છે તેમાં પણ ભલે લૈગિંક ભેદભાવથી પર પત્રકારત્વ હોવાનું પત્રકારો કહેતા હોય પરંતુ કેટલીક બાબતો સામે આવે છે. જેમ કે અમદાવાદમાં રિપોર્ટિંગ સાથે સંકળાયેલી ગુજરાતી વર્તમાનપત્રોની મહિલા પત્રકારો પૈકી એકપણ મહિલા પત્રકાર રિપોર્ટિંગનું ક્ષેત્ર સંભાળતા નથી. આપણે ત્યાં વર્ષો સુધી કોઈ મહિલા રોજગારીની ગમે તેટલી જરૂર હોય કે અંગત રસ હોય તો પણ પોલીસ સેવામાં પોલીસ વુમન કે અફસર તરીકે જોડાતી ન હતી. તેવી જ પરિસ્થિતિ જયાં શિક્ષણ અને બુદ્ધિને તક મળે છે એવાં ફીલ્ડમાં પણ જોવા મળે છે. પોલીસ રિપોર્ટિંગ ક્ષેત્રમાં મહિલાઓ કામ ન કરી શકે એવી વર્તમાનપત્રોના તંત્રીઓની માન્યતા એક પરંપરા હોય તેમ અભ્યાસમાં જણાય છે. વર્તમાનપત્રોમાં કાર્યરત વ્યવસાયિકો માટે પણ જે રિપોર્ટિંગના જુદાજુદા વિભાગો છે તેમાં પણ કેટલાક વિભાગમાં મહિલાઓ કામ ન કરી શકે એવી માન્યતા ચાલી રહી છે એમ કહી શકાય.

આ ક્ષેત્રમાં કાર્યરત એક ઉત્તરદાતાએ તો આ ક્ષેત્રમાં દલિત–લઘુમતી અને મહિલાઓ ન હોય તો સારું એવો જવાબ આપીને પરંપરાગત માનસિકતાનો ખ્યાલ પોતાના પ્રત્યુત્તરમાં રજૂ કર્યો છે. તેમનો જવાબ એ રિપોર્ટિંગમાં કોઈ નિશ્ચિત ક્ષેત્રનું રિપોર્ટિંગ આમને ન સોંપાય

એવી જડ માન્યતાનો પડઘો પાડનારું છે. જો કે છેલ્લા એક–બે વર્ષથી આ વ્યવસાયમાં મહિલાઓની સંખ્યા વધી રહી છે એમ જાણવા મળ્યું છે જે આ ક્ષેત્રમાં પણ મહિલાઓના પગ પેસારાનો સંકેત આપી રહ્યું છે. પરંતુ આ ક્ષેત્રમાં મહિલાઓની મર્યાદિત સામેલગીરી વિશે બહુધા એવી છાપ ઉપસે છે કે કામના નિશ્ચિત કલાકો ન હોવાથી આખા દિવસમાં ગમે તે સમયે ફરજ પર જવું પડે એવી સ્થિતિ હોવાથી અને મોડીરાત સુધી ફરજ બજાવવાની હોવાથી આ ક્ષેત્રમાં મહિલાઓની સંખ્યા ઓછી છે.

## ૬ પત્રકારો અને પત્રકારત્વ ધર્મ

પત્રકારો જાહેર જીવન સાથે સીધા સંકળાયેલા છે. તેમનો સમાચારોની દુનિયા સાથે સીધો સંપર્ક હોવાથી સમાજમાં જાણીતી કે પહોંચેલી વ્યકિત તરીકેની તેમની ઓળખ હોય છે. આ ઉપરાંત તેઓની એક છાપ રાજકારણી પોલીસ અને અન્ય સત્તાધીશો સાથેના ઘનિષ્ઠ સંબંધોની પણ હોય છે. જેના પરિણામે તેઓ પત્રકારત્વના વ્યવસાય સાથે સહેજે સંબંધ ન હોય તેવા કાર્યો કરાવવામાં માહેર હોય છે એવી છાપ છે. પત્રકાર અને રાજકારણીઓ બંન્ને એકબીજાના માટે જરૂરી હોય એવું ચિત્ર ઉપસે છે. જેના પરિણામે પત્રકારો રાજકારણીઓના પીઠ્ઠું હોવાની આમ માન્યતા સમાજમાં હોય છે. જનસમૂહની આ માન્યતામાં સચ્ચાઈ કેટલી છે તે જાણવાના પ્રયાસરૂપે ઉત્તરદાતાઓ માટે પ્રશ્ન રાખવામાં આવ્યો હતો કે "કેટલાંક પત્રકારો રાજકીય પક્ષોના હાથા બનીને પત્રકારત્વ ધર્મથી દૂર જઈ રહયા છે એવી માન્યતા છે આપ શું માનો છો ? " – આ પ્રશ્નના ઉત્તરમાં ૪૭ ઉત્તરદાતાઓએ આ માન્યતા સંપૂર્ણ કે મહદઅંશે સાચી હોવાનો સ્વીકાર કર્યો છે. જયારે પાંચ ઉત્તરદાતાઓએ આનો ઉત્તર આપ્યો નથી. આ પ્રશ્ન કદાચ તેમને વિવાદાસ્પદ જણાતો હોઈ શકય છે કે તેમને પ્રત્યુત્તર આપવાનું અયોગ્ય લાગ્યું હશે.

જે ઉત્તરદાતાઓએ પત્રકારો પત્રકારત્વ ધર્મથી દૂર જઈ રહયા છે એનો સ્વીકાર કર્યો છે તેમના ઉત્તરોનું વિસ્તૃત વર્ગીકરણ જોવા જેવું છે. આ ૪૬ ઉત્તરદાતાઓ પૈકી ૬ ઉત્તરદાતાઓએ પત્રકારત્વમાં કેટલાક પત્રકારો જ આવા છે તમામ પત્રકારો નથી એમ

દર્શાવ્યું છે. જયારે બે ઉત્તરદાતાઓએ આ સંબંધે એવી ચોખવટ કરી છે કે મોટાભાગે પત્રકારો પોતાનો અંગત માહિતી સ્રોત બનાવવા માટે આવું કરે છે પણ એ માત્ર એકસકલુઝિવ ન્યૂઝ રિપોર્ટ મેળવવા માટે આ જ રીતે વર્તે છે. પરંતુ સમાચાર લેખન સમયે કોઈની સાથે સંબંધ છે એટલે ન લખાય એવું સમાધાન કરતા નથી. ચાર ઉત્તરદાતાઓ એવું દર્શાવે છે કે આ બાબત તદ્દન સાચી છે પણ વધુ માલિક તંત્રીને લાગુ પડે છે. એક ઉત્તરદાતાએ તો એવો ઉત્તર આપ્યો છે કે આ ક્ષેત્રમાં કોઈપણ પ્રકારના શિક્ષણ કે તાલીમની જરૂર હોતી નથી. જે ઈચ્છે તે આ ક્ષેત્રમાં આવી શકે છે. આથી, જેઓ કોઈ ક્ષેત્રમાં ચાલી ના શકે તેવા લોકો પણ આ ક્ષેત્રમાં આવી જાય છે જેના પરિણામે આ બદી આ વ્યવસાયમાં પેદા થઈ છે. આવા લોકોને કારણે જેઓ તદ્દન પ્રમાણિક છે તેમને પણ લોકો શંકાથી જુએ છે. આ ૪૭ ઉત્તરદાતાઓ પૈકીના બે ઉત્તરદાતાઓએ આના માટે સીધા જવાબદાર તંત્રીને ગણાવ્યા છે. તેઓ કહે છે કે અપૂરતા પગારના પરિણામે પત્રકારો પાસે આના સિવાય કોઈ ઉપાય નથી હોતો એથી તેઓ પત્રકારત્વ ધર્મથી દૂર જાય છે. જયારે એક ઉત્તરદાતાએ સમાજના અન્ય વ્યવસાય ક્ષેત્રોની માફક પત્રકારત્વમાં પણ નીતિમત્તાનું ધોરણ નીચું ઊતર્યું હોવાના કારણે આ કમનસીબી પેદા થઈ છે તેવો ઉલ્લેખ કર્યો છે.

જો કે ૪ જેટલાં ઉત્તરદાતાઓએ આ પ્રશ્નનો ઉત્તર અસ્પષ્ટ આપ્યો છે. એમ પણ કહી શકાય કે તેનો ઉત્તર આપવાનું લગભગ ટાળ્યું છે. જેમ કે એક ઉત્તરદાતાએ એવો પ્રશ્ન કર્યો છે કે – "હાથા" એ શબ્દનો માપદંડ શું ? એ સ્પષ્ટ થયા વગર અભિપ્રાય આપવો ઠીક નથી. બીજા એક ઉત્તરદાતાએ જો સાચું હોય તો તપાસ થવી જોઈએ, તો અન્ય એક ઉત્તરદાતાએ પત્રકારો વિશે ઘણું કહી શકાય છે એવો પ્રત્યુત્તર આપ્યો છે તો અન્ય એક ઉત્તરદાતાએ નજરે જોયું નથી તો કેવી રીતે માની શકાય ? એવી દલીલ કરી છે. તો એક ઉત્તરદાતાએ માહિતી નથી એવો ઉત્તર આપ્યો છે.

માત્ર બે જ ઉત્તરદાતાઓ એવા છે જેમણે સ્પષ્ટ કહયું છે કે પત્રકારો રાજકીય પક્ષોના હાથા બની રહયા છે એ વાત તદ્દન ખોટી છે. એમાં સહેજ પણ સચ્ચાઈ નથી. પત્રકાર ભલે

ગમે તેટલો રાજકીય પક્ષો સાથે સંબંધ ધરાવતો હોય પરંતુ તેને જે લખવાનું હોય તે લખતો જ હોય છે. એ બાબતે તે સહેજ પણ બાંધછોડ કરતો નથી.

ઉત્તરદાતાઓના પ્રત્યુત્તરોની જો સમીક્ષા કરીએ તો કેટલીક બાબતો સામે આવે છે. સામાન્ય રીતે પત્રકારત્વના વ્યવસાયીઓનો વ્યવસાય પ્રત્યે જો અસંતોષ હોય તો તે માટે મુખ્ય બાબત એક માત્ર અપૂરતા પગારો જ જવાબદાર છે એમ સ્પષ્ટ તારણ નીકળ્યું હતું. તેવી જ રીતે જયારે અખબારોમાં વિદેશી માલિકી સંબંધેના પ્રશ્ને પણ જે ઉત્તરદાતાઓએ અખબારી વ્યવસાયમાં વિદેશી માલિકીને આવકારી હતી તેઓમાંથી બહુમતી પત્રકારોએ આવકારી હતી. ઉત્તરદાતાઓ આવી પરિસ્થિતિમાં પગાર વધશે એવા દ્દઢ વિશ્વાસ સાથે વિદેશી અખબાર માલિકોને આવકારે છે. અને આ પ્રશ્નના ઉત્તરમાં બે ઉત્તરદાતાઓએ પત્રકાર ધર્મથી દૂર જઈને પત્રકારો રાજકીય પક્ષોના હાથા બની રહયા છે એવા પ્રશ્નમાં આ વાત સાચી હોવાનું દર્શાવીને આ પરિસ્થિતિ માટે પત્રકાર નહી પરંતુ અખબારના માલિકો જવાબદાર છે કારણ કે તેઓ ઓછો પગાર પત્રકારોને ચૂકવે છે. એવી દલીલ કરીને માલિકો–તંત્રીઓ પર દોષનો ટોપલો ઢોળ્યો છે. ત્યારે સવાલ એવો થાય છે કે પત્રકારોની અને પત્રકારત્વમાં વિવિધ સમયે જે સમસ્યાઓ કે ત્રુટિઓ પેદા થાય છે તેમાં મુખ્ય કારણભૂત બાબત પત્રકારોને અપાતું અપૂરતું વેતન છે એમ ચોક્કસ દર્શાવી શકાય.

આ ઉપરાંત ઉત્તરદાતાઓ પૈકીના ૪૭ ઉત્તરદાતાઓ એટલે કે કુલ ઉત્તરદાતાઓના ૮૦ ટકા ઉપરાંત ઉત્તરદાતાઓ "પત્રકારો રાજકીય પક્ષોના હાથા બની રહયા છે" એવી માન્યતા તદ્દન સાચી હોવાનો નિર્દેશ કરે છે. ઉપરછલ્લી રીતે પત્રકારોને સમાચાર સાથે સીધો નાતો હોઈ, તેઓ રાજકીય વ્યક્તિઓ અને સત્તાધિકારી સાથે સંબંધ ધરાવતા હોય એ સ્વાભાવિક છે અને તેના કારણે જનસમૂહ આવી માન્યતા ધરાવતો હોય એવું બની શકે એમ કદાચ આપણે સમજીએ તો અયોગ્ય ન લેખાય. પરંતુ, માહિતી વર્ગીકૃત કરતાં પત્રકારો વિશે સમાજની જે માન્યતા છે એને ખુદ પત્રકારો પણ સાચી હોવાનું તેમના ઉત્તરોમાં દર્શાવી રહયા છે એવું ચિત્ર ઉપસ્યું છે. પત્રકાર સમાજને સમજે છે એ વાત સાચી છે. તો પત્રકારોના ઉત્તરો

પરથી એમ પણ કહી શકાય કે પત્રકારોને સમાજ પણ સમજી શકે છે.

## ૭ પત્રકારત્વની વિશેષ તાલીમ

પત્રકારત્વ સાથે સંકળાયેલા મોટાભાગના વ્યવસાયિકો એવું માને છે કે પત્રકારત્વમાં અનુભવે શીખાય છે. પણ પત્રકારત્વ માટે પાયાની જે જરૂરિયાત હોય, પ્રાથમિક કક્ષાની તાલીમ કે વિશેષ શિક્ષણ લીધું હોય તો ઉપયોગી બની રહે ખરું ? એવી માહિતી પ્રાપ્ત કરવા માટે પત્રકારત્વના વ્યવસાય માટે વિશેષ તાલીમ જરૂરી ખરી ? એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.

કુલ ઉત્તરદાતાઓ પૈકીના ૪૦ ઉત્તરદાતાઓએ પત્રકારત્વના વ્યવસાયમાં વિશેષ તાલીમ જરૂરી ગણાવી છે. સામાન્ય રીતે આપણે ત્યાં ૧૯૯૦ સુધી પત્રકારત્વનું વિશેષ શિક્ષણ આજના પ્રમાણમાં વિકસ્યું ન હતુ. આજે દરેક વ્યવસાયમાં "વિશેષતા"નો માહોલ સર્જાયો છે. જેણે પત્રકારત્વના વ્યવસાયને પણ અસર કરી છે. આજે ગુજરાતની તમામ યુનિવર્સિટીઓમાં પત્રકારત્વનો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. તેવી જ રીતે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને અન્ય ખાનગી સંસ્થાઓ દ્વારા પણ પત્રકારત્વના અભ્યાસક્રમો ચાલી રહયા છે. એટલું જ નહીં પરંતુ વિવિધ અખબાર જૂથો દ્વારા પણ પત્રકારત્વના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આની પાછળનું કારણ અખબારમાં જે નવા વ્યાવસાયિકોની જરૂર ઊભી થાય તે સમયે પત્રકારત્વનું પ્રાથમિક જ્ઞાન–પાયાની સમજ સાથે વ્યાવસાયિક ઉપલબ્ધ બને એવી વ્યવસ્થા વિચારવામાં આવી હશે તેમ સમજી શકાય છે.

જે ઉત્તરદાતાઓએ પત્રકારત્વમાં પત્રકારત્વનું વિશેષ શિક્ષણ જરૂરી હોવાનું જણાવ્યું છે એ દર્શાવે છે કે અન્ય વ્યવસાયોની જેમ આ વ્યવસાયમાં પણ કુશળ વ્યાવસાયિકો જરૂરી છે. પત્રકારત્વની નવી પેઢીના વ્યાવસાયિકો તો પત્રકારત્વના ક્ષેત્ર માટે પત્રકારત્વના શિક્ષણને જરૂરી માને છે આ ઉપરાંત પત્રકારત્વમાં કાર્યરત વ્યાવસાયિકો માટે પણ ખાસ તાલીમની હિમાયત કરે છે.

જૂની પેઢીના વ્યાવસાયિકો જો કે હજુ પણ એવી વાત દોહરાવી રહયા છે કે

પત્રકારત્વમાં તાલીમની સહેજ પણ જરૂર નથી. તાલીમની જરૂરિયાત ન હોવાનું દર્શાવતા ઉત્તરદાતાઓની સંખ્યા છની છે.

એવી જ રીતે નવ ઉત્તરદાતાઓ પત્રકારત્વની તાલીમને ઉપયોગી માનતા નથી. તેઓ એવો મત દર્શાવે છે કે પત્રકારત્વનું શિક્ષણ અને પત્રકારત્વમાં જમીન આસમાનનો ફેર છે. વર્ગખંડમાં પત્રકારત્વની તાલીમ અને પત્રકારત્વ એ તદ્દન ભિન્ન બાબત છે. વર્ગશિક્ષણ અને વ્યવસાયની કામગીરીમાં લાંબો ભેદ છે. પત્રકારત્વની અનુસ્નાતક પદવી ડિસ્ટીકંશન સાથે પ્રાપ્ત કરનાર વ્યકિત પત્રકારત્વમાં જે કેટલીક પાયાની જરૂરિયાતો છે તે મુજબનું કામ પણ કરી શકતા નથી. જેમ કે અખબારમાં રિપોર્ટિંગ વિભાગમાં સૌથી સરળ કામ અવસાન નોંધ, ધાર્મિક કાર્યક્રમો અને સ્થાનિક કાર્યક્રમોની પ્રેસનોટને અખબારની નીતિ મુજબ લખવાનું હોય છે પરંતુ પત્રકારત્વના શિક્ષાર્થીને આવું કામ આવડતું નથી. જો આટલું સરળ કામ ન આવડતું હોય તો પછી સમાચાર લેખનનું કામ તેમને કઈ રીતે આવડે ? આ દલીલ સચ્ચાઈનું બયાન કરતી દલીલ છે. આપણે ત્યાં પત્રકારત્વનું શિક્ષણ આપતી સંસ્થાઓ ઘણી છે પણ આ સંસ્થાઓમાં ઘણે ભાગે અખબારોમાં કટાર લેખો લખતા સાહિત્યકારો રિપોર્ટિંગ અને ન્યુઝ એડિટીંગના પાઠ ભણાવતા હોય છે. હકીકતે તેમને આ કામનો કોઈ અનુભવ જ હોતો નથી. રિપોર્ટર તરીકે કાર્યરત પત્રકારોનો લાભ પત્રકારત્વના શિક્ષણ આપતી સંસ્થાઓમાં લેવાતો નથી જેના કારણે પત્રકાર તરીકે કારર્કિદી બનાવવા ઈચ્છતો યુવાન પત્રકારત્વની સંસ્થામાં શિક્ષણ મેળવે છતાં વ્યવસાય માટે જરૂરી સજ્જતા પ્રાપ્ત કરવામાં કચાશ રહી જતી હોય છે. આમ, જેમણે પત્રકારત્વનું શિક્ષણ લીધું હોય એ પછી વ્યવસાયમાં આવતા નવા વ્યવસાયીઓના અનુભવને આધારે અખબારમાં કાર્યરત અન્ય વ્યાવસાયિકોને માટે પત્રકારત્વનું શિક્ષણ એટલે માત્ર નામનું શિક્ષણ એવો ભાવ પેદા થયો હોય છે. જેના પરિણામે તેઓ પત્રકારત્વનું વિશેષ શિક્ષણ મેળવવાના બદલે અખબારોમાં રોજબરોજની કામગીરીમાંથી જ શીખવાની પ્રાયોગિક તાલીમ જરૂરી છે એવી દ્રઢ માન્યતા ધરાવતા થયા છે.

બે ઉત્તરદાતાઓએ આ પ્રશ્નનો ઉત્તર આપવાનો ટાળ્યો છે. જયારે એક ઉત્તરદાતાએ

તાલીમ કરતાં પત્રકારત્વની આંતરસૂઝ વિકસે એવો પ્રયાસ કરવો જોઈએ એવી લાગણી વ્યકત કરી છે. જયારે એક ઉત્તરદાતાએ પત્રકારત્વ કોલેજ કે યુનિવર્સિટીની ચાર દીવાલોમાં કદી શીખી જ ના શકાય એવો મત વ્યકત કર્યો છે.

આમ, પત્રકારત્વનું શિક્ષણ મેળવ્યા બાદ વ્યવસાયિક બનવાના મુદ્દે ભિન્ન મત છે. આ ભિન્ન મતો અનુભવની સરાણે ચકાસાયેલા પણ છે. પરંતુ આજના સમયમાં હવે પત્રકારત્વ વ્યવસાયમાં પણ અન્ય વ્યવસાયોની જેમ તાલીમ કે વિશેષ શિક્ષણની જરૂરિયાત ખુદ એ ક્ષેત્ર સાથે સંકળાયેલા વ્યવસાયિકો પણ વ્યકત કરી રહયા છે. હજુ ભલે પત્રકારત્વના વર્ગખંડ અને વાસ્તવિકતા વચ્ચે મોટું અંતર હોય તેમ છતાં આજના યુગમાં હવે પત્રકારત્વની તાલીમ જરૂરી માનવામાં આવી રહી છે.

અખબારોમાં બહોળો અનુભવ ધરાવતી પેઢી છે એમણે જયારે પત્રકારત્વનો વ્યવસાય સ્વીકાર્યો હશે તે સમયે ખાસ શિક્ષણ વ્યવસાય માટે આવશ્યક ગણાતું નહી હોય. તેઓ જેમ પત્રકારત્વના શિક્ષણ વિના પત્રકારત્વના વ્યવસાયમાં આવ્યા હશે તે સમયે તેમની પેઢીના અન્ય લોકો પણ આવી જ રીતે વિશેષ શિક્ષણ લીધું ન હોય તો પણ જે તે વ્યવસાયમાં ગયા હશે. ઉદાહરણ તરીકે જોઈએ તો સાહિત્ય સાથે સ્નાતક થનાર તે સમયે બેન્કના વ્યવસાયિક તરીકે સેવારત બન્યો હશે. એટલે કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે તે વખતનો સમયગાળો ખાસ શિક્ષણ હોય તો જ વ્યવસાયની તક મળે એવો ન હતો. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. કારકિર્દી આયોજનના વર્તમાન સમયમાં વિશેષ શિક્ષણને ઉત્તરદાતાઓ પૈકીના ૬૮% ઉત્તરદાતાઓએ જરૂરી જણાવ્યું છે, જે દર્શાવે છે કે પત્રકારત્વના વ્યવસાયમાં રહેલા લોકો પણ હવે આ વ્યવસાયની પદ્ધતિસરની તાલીમ કે શિક્ષણની હિમાયત કરે છે.

## <u>૮ માહિતી અધિકારનો કાયદો</u>

પ્રસ્તુત અભ્યાસ શોધ મહાનિબંધ અર્થે જયારે વ્યવસાયિક પત્રકારો પાસેથી માહિતી પ્રાપ્ત કરવા માટે પ્રશ્નોત્તરી તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરી તે સમયે દેશની સંસદમાં સામાન્ય નાગરિકોને સાચા અર્થમાં આઝાદીનો અનુભવ કરાવે તેવા આશય સાથેના (Right to

Information) માહિતી અધિકારનો કાયદો દાખલ કરવાના પ્રયાસો જોશભેર ચાલી રહ્યા હતા. આથી, આ નવા આવનારા માહિતી અધિકારના કાયદા સંબંધે પત્રકારો શું માને છે એ આશયથી આ કાયદા બાબતે તેમના મંતવ્યો મેળવવા માટે પ્રશ્નાવલીમાં આ પ્રશ્ન આમેજ કરાયો હતો. જો કે આ પ્રશ્નના પ્રાપ્ત થયેલા ઉત્તરો સુખદ આશ્ચર્ય સર્જનારા રહ્યાં છે.

કુલ ઉત્તરદાતાઓ પૈકી ૫૧ ઉત્તરદાતાઓએ માહિતી અધિકાર હોવો જ જોઈએ એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે. એટલે કે ઉત્તરદાતાઓમાંથી ૮૪% ઉપરાંત ઉત્તરદાતાઓએ માહિતી અધિકારની તરફેણ કરી છે. પરંતુ મજાની વાત એ છે કે મોટાભાગના ઉત્તરદાતાઓએ આ પ્રશ્નને તેમના વ્યકિતગત અધિકાર તરીકે સાકંળીને આવો જવાબ આપ્યો હોવાનું જણાય છે. માહિતી અધિકાર હોવો જ જોઈએ એવું સોઈ ઝાટકીને કહેનારા ઉત્તરદાતાઓ તેઓ પત્રકારત્વના વ્યવસાયમાં જે ફિલ્ડ સાથે સંકળાયેલા હોય તે ફિલ્ડના વહીવટી પાંખ અને ચૂંટાયેલી પાંખના હોદ્દેદારોએ તેઓ કોઈપણ વિગતો પત્રકારો માંગે તેને આપવી જ જોઈએ એવી લાગણી દર્શાવી રહ્યા છે. તેમના ઉત્તરો માહિતી અધિકાર સંદર્ભે ઘડાનારા કાયદા સંદર્ભે હોવાના બદલે તેમના પોતાના વ્યવસાય સાથે ગાઢ રીતે સંકળાયેલી બાબત એવી "માહિતી" તેમને મળવી જ જોઈએ એવા ઉદ્દેશ સાથે પ્રત્યુત્તર અપાયા છે એમ જણાય છે.

જયારે ૬ જેટલા ઉત્તરદાતાઓએ જવાબ આપ્યા નથી. જયારે બાકીના બે ઉત્તરદાતાઓ અસંબદ્ધ જવાબો આપ્યા છે.

આમ, આ પ્રશ્નના ઉત્તરોનું વર્ગીકરણના આધારે એમ કહી શકાય કે અમદાવાદના પત્રકારો કે જેઓ સ્થાનિક સમાજ સાથે ઘરોબો ધરાવે છે. પરંતુ રાષ્ટ્રીય કક્ષાએ કોઈ નીતિવિષયક કાનૂનનું ઘડતર થવાનું હોઈ અને જેનો લાભ સમગ્ર દેશના લોકોને પ્રાપ્ત થવાનો હોય તેવી પરિસ્થિતિની આ વ્યવસાયિકોને ખબર પડતી નથી અથવા તો માહિતી પ્રાપ્ત કરવાના કાર્યમાં સીધી રીતે સંકળાયેલા હોઈ તેઓએ આ પ્રશ્ન વ્યકિતગતરીતે પૂછાયો હોય એમ સમજીને ઉત્તરો આપ્યા હોય તેમ જણાય છે. આ કદાચ સાચું હોય તો પણ તેમના ઉત્તરો

થોડી ચિંતા જગાવનારા છે. કારણ કે સમાજમાં ચોથી જાગીર ગણાતા ક્ષેત્રના વ્યાવસાયિકો પ્રાદેશિક પત્રકારત્વ અથવા તો સ્થાનિક પત્રકારત્વ સાથે સંકળાયેલા હોઈ તેમને રાષ્ટ્રીય બાબતની જાણકારી ન હોવાનું જણાય છે. પત્રકારની ઓળખ ભદ્રવર્ગના વ્યકિત તરીકેની હોય છે અને નવી માહિતી પહોંચાડનાર તરીકે પણ તેની ઓળખ હોય છે ત્યારે માહિતી અધિકારના કાયદા બાબતે જાણકારીનો અભાવ ચિંતાપ્રેરક છે.

આ ઉત્તરદાતાઓ પૈકી બે ઉત્તરદાતાઓએ સ્પષ્ટ જવાબો આપવાનું ટાળ્યું છે. જે પૈકી એક ઉત્તરદાતાએ માહિતી અધિકાર મેળવીને શું કરશો ? એવો પ્રતિપ્રશ્ન કર્યો છે. તો કેટલાંક અન્ય ઉત્તરદાતાઓએ માહિતી અધિકારની વાતો થાય છે હજુ સુધી મળ્યો નથી. માહિતીનો અધિકાર લોકશાહીનો પાયો છે આથી આ અધિકાર મળવો જોઈએ એમ જણાવ્યું છે. જો કે તેમના ઉત્તર પરથી એવું સમજાય છે કે તેઓ પત્રકારોને કોઈપણ માહિતી મળવી જોઈએ એવી વાત દર્શાવી રહ્યા છે. આ ઉત્તરો વર્તમાન માહિતી અધિકાર (Right to Information) કાયદા સંદર્ભે ન હોવાનું જણાય છે.

## ૯ અખબારો અને સમાજજીવનની છબી

અખબારો સમાજનું દર્પણ કહેવાય છે. અખબાર અને સમાજ એકબીજા સાથે જબરજસ્ત તાદાત્મ્ય ધરાવે છે. એના તાણાવાણા એવા ગુંથાયેલા હોય છે કે જેનાથી સમાજજીવનની તાસીર અને તસવીર દશ્યમાન થઈ શકે. અખબારો સમાજજીવનને ખૂબ જ નજીકથી નિહાળે છે અને સમાજની ઉમદા બાબતોની સાથે નકારાત્મક બાબતોને પણ રજૂ કરીને સમાજમાં જે નિંદિત બાબતો હોય તેને દૂર કરવાનો પ્રયાસ કરતું હોય છે આમ જોઈએ તો પત્રકારત્વનો આ મૂળભૂત ધર્મ છે. સમાજને ઈચ્છિત દિશા તરફ વાળવાનું કાર્ય પત્રકારત્વે નિભાવવાનું હોય છે. એકરીતે પત્રકારત્વનો આ આપદ ધર્મ છે. કારણ કે સમાજની બીજી કોઈ વ્યવસ્થાની સરખામણીએ પત્રકારત્વ પાસે આ કાર્ય બજવણીની આશા સેવવામાં આવે છે. સમાજની અન્ય વ્યવસ્થાઓ તંદુરસ્ત સમાજ નિર્માણની પ્રક્રિયામાં સામેલ છે જ એમના દ્વારા કોઈ પ્રયાસ થતો નથી એમ કહેવાનો આમાં સહેજ પણ આશય નથી. પરંતુ પત્રકારત્વ

આ બધી વ્યવસ્થાઓ છે સેવાક્ષેત્રો છે એમને સદ્કાર્ય કરવાની પ્રેરણા બળ પૂરું પાડતું પ્રભાવી માધ્યમ છે. આથી પત્રકારત્વની એક ફરજ કે જવાબદારી પણ સમાજ આમાં નિરખતો હોય છે. અને એ ખોટું પણ નથી.

સમગ્ર વિશ્વના પત્રકારત્વ પાસે આ અપેક્ષા જે તે સમાજ રાખતો હોય છે. એ દૃષ્ટિએ અમદાવાદનું પત્રકારત્વ સમાજજીવનની સાચી છબી રજૂ કરે છે ? એવો પ્રશ્ન ઉત્તરદાતાઓ સમક્ષ રજૂ કરાયો હતો. જેના પ્રત્યુત્તરમાં ૩૦ જેટલા ઉત્તરદાતાઓએ અમદાવાદના અખબારો સમાજજીવનની સાચી છબી રજૂ કરી છે એમ દર્શાવ્યું છે. અખબાર અને પત્રકારો માટે એક વણલખી કે વણકહી આચાર–સંહિતા એ હોય છે કે સમાજના કોઈપણ વર્ગ કે સમુદાયનું પ્રતિનિધિ બનીને અન્યાય સામે પ્રજાના સેવાદૂત તરીકે ઊભું રહે. અમદાવાદનું પત્રકારત્વ આ રીતે સમાજજીવનની સાચી છબી રજૂ કરે છે એમ ત્રીસ જેટલા વ્યવસાયીઓ દર્શાવી રહ્યા છે. એટલે કે અડધોઅડધ ઉત્તરદાતાઓ તેઓ જયાં કામ કરી રહયા છે તે અખબારોની સાથોસાથ અન્ય અખબારો પણ અમદાવાદના સમાજજીવનની સાચી છબી રજૂ કરે છે એમ દર્શાવે છે.

આ ઉપરાંત અન્ય નવ ઉત્તરદાતાઓ પણ અમદાવાદના અખબારો અંશતઃ કે કયારેક કયારેક સમાજજીવનની સાચી છબી રજૂ કરતાં હોવાનું જણાવે છે. જયારે બે ઉત્તરદાતાઓએ સમાજજીવનની સાચી અને ખોટી બંન્ને છબી રજૂ કરે છે એવો જવાબ આપ્યો છે. ત્રણ ઉત્તરદાતાઓએ જવાબ આપ્યો નથી. જયારે અગિયાર ઉત્તરદાતાઓ સ્પષ્ટ દર્શાવે છે કે અમદાવાદનું પત્રકારત્વ સમાજજીવનની સાચી છબી રજૂ કરતું નથી.

આમ ઉત્તરદાતાઓ પાસેથી મેળવાયેલા ઉત્તરોને જો વર્ગીકૃત કરવામાં આવે તો એક બાબત સ્પષ્ટ થાય છે કે અમદાવાદના અખબારો સમાજજીવનની છબી રજૂ કરે છે તે સંદર્ભે જે વ્યવસાયિકોના અભિપ્રાયો પ્રાપ્ત થયા છે એ મિશ્ર પ્રકારના છે. કેટલાક ઉત્તરદાતાઓ સમાજજીવનની સાચી છબી રજૂ કરે છે એ વાત સાથે સંમત છે તેમની ટકાવારી ૫૦ ટકા જેટલી છે. તો કેટલાક ઉત્તરદાતાઓ અંશતઃ, કયારેક અને ઘણીવાર સાચી છબી રજૂ કરે છે

તો ઘણીવખત સાચી છબી રજૂ કરતા નથી એવો મત વ્યકત કરે છે. જેમની ટકાવારી ૧૮ ટકા જેટલી થાય છે તો અન્ય ઉત્તરદાતાઓ છે તેઓની ટકાવારી પણ આટલી જ થાય છે. તેઓ સ્પષ્ટ દર્શાવે છે કે અમદાવાદના અખબારો સમાજજીવનની સાચી છબી રજૂ કરતા નથી.

કેટલાંક ઉત્તરદાતાઓએ તો આ પ્રશ્નનો ઉત્તર આપવાના બદલે પ્રતિપ્રશ્ન રજૂ કરતાં હોય તેવી રીતે જવાબ આપ્યા છે જેમકે આ વિવાદાસ્પદ પ્રશ્ન છે, બે ત્રણ અખબારોને બાદ કરતાં બધા અખબારો સમાજજીવનની સાચી છબી રજૂ કરે છે, તો એક ઉત્તરદાતાએ અમદાવાદના અખબારો ઉકરડાં કરતાં બગીચાને પ્રાધાન્ય આપે છે, કોઈ એવો પ્રસંગ કે ઘટના સામે આવે છે ત્યારે અવશ્ય લખાય છે, અને એક ઉત્તરદાતાએ જો અખબારનું કોઈ ઘટનામાં સ્થાપિત હિત હોય તો સમાજજીવનની સાચી છબી રજૂ કરે છે જો સ્થાપિત હીત તેમાં ન હોય તો આવી ઘટનાઓ અખબારોમાં સ્થાન પામતી નથી એમ દર્શાવે છે. તો અન્ય એક ઉત્તરદાતા સમાજજીવનના તમામ પાસાં વણી લેવાનું કોઈપણ અખબાર માટે શકય નથી તેમ દર્શાવે છે.

આમ, ઉત્તરોની સમીક્ષા કરીએ તો પત્રકારત્વના વ્યાવસાયિકો પત્રકારત્વ પાસે સમાજજીવનની સાચી છબી રજૂ કરવાની અપેક્ષા સમાજની હોય છે એને અખબારો સંપૂર્ણ સંતોષી શકયા નથી એવી છાપ ઊભી થાય છે. જો કે એક ઉત્તરદાતા કે જેમણે અખબારો સમાજજીવનની સાચી છબી રજૂ કરે છે એમ દર્શાવ્યું છે તેઓ એવી સ્પષ્ટતા કરે છે કે પાછલાં થોડા વર્ષોથી સ્પર્ધાત્મક વાતાવરણને પરિણામે અમદાવાદના અખબારો પ્રજાની સમસ્યા નિવારણ અર્થે કાર્યરત બન્યા છે. આમ તેઓ સમાજજીવનની સાચી છબી રજૂ કરતા થયા છે.

## ૧૦ સમાજમાં નવી વ્યવસ્થા આણનારાં પરિબળ તરીકે પત્રકારત્વ

પત્રકારત્વ એ તેના વાચકો માટે સમાજમાં બદલાવ લાવવાનો બહુ મોટો આધાર પૂરું પાડતું માધ્યમ છે. ઈચ્છીત દિશામાં સામાજિક પરિવર્તન લાવવાના એક શકિતશાળી પરિબળ તરીકે અખબારી માધ્યમ એ ખૂબ જ અસરકારક છે. હંમેશા નવી માહિતી અને રંજન પૂરું પાડવાની સાથે અખબાર સમાજમાં કંઈક નવી વ્યવસ્થા પેદા કરવામાં પોતાની રીતે યોગદાન

આપતું હોય છે. સમાજની પરિવર્તનની ભૂખ અખબાર ઝીલે છે. અને તેનો સતત પડઘો પાડતું રહે છે. સામે પક્ષે સમાજ પણ અખબારોની આ કામગીરીથી કશુંક નવું સારું કરવાની વિચારણા કરતો હોય છે. પત્રકારત્વ આ સમયે તેને બળ પૂરું પાડનારું પ્રભાવી માધ્યમ બની રહેતું હોય છે. આથી સાયન્સ અને ટેકનોલોજીના આજના યુગમાં સમાજને સ્પર્શતા વિવિધ ક્ષેત્રમાં અમદાવાદને નિસ્બત છે ત્યાં સુધી પત્રકારત્વ નવી વ્યવસ્થા લાવવામાં નિમિત્ત બન્યું છે ? એવો પ્રશ્ન ઉત્તરદાતાઓને કરાયો હતો. જેના સંદર્ભમાં આવેલા ઉત્તરોનું વર્ગીકરણ કરીએ તો ૨૩ ઉત્તરદાતાઓએ સામાજિક ક્ષેત્રમાં આવેલી નવી વ્યવસ્થા માટે પત્રકારત્વને ઉપયોગી ગણાવ્યું છે. તો અન્ય ત્રણ ઉત્તરદાતાઓએ ઘણે અંશે નવી વ્યવસ્થા આભારી છે એવો મત વ્યકત કર્યો છે. આ ઉત્તરદાતાઓએ એવો મત વ્યકત કર્યા છે કે અંધશ્રદ્ધા અને કુરિવાજો દૂર કરવાનું તથા નવી પેઢીને માર્ગદર્શન આપવાનું કાર્ય પત્રકારત્વે બખૂબી નિભાવ્યું છે. અખબારોના પરિણામે નાગરિકોમાં જાગૃતિ પણ ઘણી આવી છે. અર્થાત નાગરિક જાગરુકતા પેદા કરવાનું કામ અખબારોએ કર્યું છે. જો કે અન્ય પાંચ ઉત્તરદાતાઓએ સમાજમાં નવી વ્યવસ્થા આણવામાં માત્ર પત્રકારત્વ જ નહીં એ સિવાયના બીજાં પરિબળોની સામેલગીરી પણ એમાં છે, એવો ઉત્તર આપ્યો છે.

કુલ ઉત્તરદાતા પૈકીના ૨૦ ઉત્તરદાતાઓએ સામાજિક ક્ષેત્રે નવી વ્યવસ્થા સર્જવામાં પત્રકારત્વનો કોઈ ફાળો ન હોવાનું દર્શાવતાં વિવિધ મંતવ્યો રજૂ કર્યાં છે. ઉદાહરણ તરીકે જોઈએ તો આદર્શ રીતે જોઈએ તો આવું થવું જોઈતું હતું પરંતુ થયું નથી, અખબારી યાદી પ્રસિદ્ધ કરવાનું વલણ ધરાવતાં અમદાવાદના પત્રકારત્વ પાસે નવી સમાજવ્યવસ્થા માટે અપેક્ષા રાખવી વધારે પડતી છે. પત્રકારત્વનું યોગદાન તપાસવું પડે. આ એક સંશોધનનો વિષય છે એવા ઉત્તરો આપ્યાં છે. તો એક ઉત્તરદાતાએ વિજાણું માધ્યમોના પરિણામે અખબારો પણ હવે આ ક્ષેત્રની કામગીરીને સ્થાન આપતા થયા છે એમ જણાવ્યું છે. તો એક ઉત્તરદાતાએ અખબારો કોઈ સમયે પ્રારંભ તો કરે છે પણ પ્રજાનો ટેકો સાંપડતો ન હોવાથી નવું પરિવર્તન લાવી શકાતું નથી એવો ઉલ્લેખ કરતાં કહે છે કે પ્રજામાં કંઈક ખૂટે છે. જયારે

સાત ઉત્તરદાતાઓએ આ પ્રશ્ને જવાબ આપ્યો નથી.

વ્યવસાયી ઉત્તરદાતાઓના ઉત્તરોના આધારે આપણે એમ કહી શકીએ કે પત્રકારત્વ સમાજમાં નવી વ્યવસ્થાને જન્મ આપવા માટે સક્રીય પરિબળ અવશ્ય છે પરંતુ તેને અન્ય પરિબળોનો પણ સથવારો મળવો જરૂરી છે. માત્ર પત્રકારત્વ જ નવી વ્યવસ્થા ઊભી કરવામાં એકલું સફળ ન બને. નવી વ્યવસ્થાના સર્જન માટે અખબાર ઉપરાંત અન્ય પરિબળોની સામેલગીરી પણ એટલી જ જરૂરી છે. બહુમતી ઉત્તરદાતાઓ અમદાવાદમાં સામાજિક ક્ષેત્રે નવી વ્યવસ્થા પત્રકારત્વને કારણે આવી હોવાનું મંતવ્ય રજૂ કરે છે એની પાછળ એમ દર્શાવી શકાય કે પ્રજાના બોલકાં પ્રતિનિધિ તરીકે અખબાર સતત કાર્યરત હોઈ જે તે સમયે પત્રકારત્વની સાથે અનેક પરિબળો તેની સાથે જોડાયેલા હોવા છતાં પણ અન્ય પરિબળો પત્રકારત્વ પાસે ગૌણ બની જતા હોય છે. એટલે પત્રકારત્વને વધુ મહત્વ મળે એ સહજ છે.

એક રીતે પત્રકારત્વ તો નીરક્ષીર વિવેચન અને કોઈપણ ઘટનાની આરપારની વિગતો સાથે સંકળાયેલું મુદ્રિત માઘ્યમ છે. એટલે સમાજમાં નવી અને જૂની એ બે વ્યવસ્થા હોય તેમાં જે વ્યવસ્થા સમાજમાં ભલે જરૂરી લાગતી હોય છતાં પત્રકારત્વે તો એ બંન્ને વિચારોમાં સમર્થન ધરાવતાં વ્યકિતઓ સમૂહો–જૂથોના વિચારોને અખબારમાં સ્થાન આપીને સમાજમાં મોટાપાયા પર જનમત ઘડતરનું કાર્ય કરવાનું હોય છે. એમ જોતાં પત્રકારત્વે સમાજમાં જે વ્યવસ્થા વ્યાપ્ત હોય અને જે નવી વ્યવસ્થા સ્થાન લેવા માટે રાહમાં ઊભી હોય તે બંન્નેને સમાજ સમક્ષ મૂકવાનું કાર્ય કરવાનું હોય છે. પછી સમાજ તેમાંથી જે વ્યવસ્થા પ્રભાવી લાગે તેને સ્વીકારતો હોય છે અને ટકાવી રાખતો હોય છે. એટલે નવી સમાજવ્યવસ્થા માટે આખરે તો સમાજ પર નિર્ભર છે તેમ છતાં એક ઉષ્ણ માઘ્યમ તરીકે પત્રકારત્વને વધુ મહત્વનું માનવામાં આવે છે. અને આ માન્યતામાં પત્રકારોનો પણ સમાવેશ થાય છે એમ કહી શકાય. છેવટે તો પત્રકાર પણ સમાજનો જ એક સભ્ય છે. એ દૃષ્ટિએ તેમની માન્યતા પણ ખોટી કહી શકાય નહીં.

## ૧૧ સંશોધનાત્મક પત્રકારત્વની તકલીફો :

સંશોધનાત્મક પત્રકારત્વ એ એટલું મહત્વનું છે કે એના સિવાય પત્રકારત્વની કોઈ વિશેષતા ન રહે. સંશોધનાત્મક પત્રકારત્વ એ પત્રકારત્વનો શ્વાસ છે એમ કહીએ તો અતિશયોકિત નહીં કહી શકાય કારણ કે એના સિવાય પત્રકારત્વ સમાજમાં જે આગવું સ્થાન પ્રાપ્ત કરી શકયું ન હોત અને પત્રકારત્વે એકવાર આગવું સ્થાન પ્રાપ્ત કર્યા પછી તેને જાળવી રાખવા માટે પણ સંશોધનાત્મક પત્રકારત્વ અત્યંત જરૂરી છે. આ દ્રષ્ટિએ સંશોધનાત્મક પત્રકારત્વ એ પત્રકારત્વનો પ્રાણ છે અથવા તો શ્વાસ છે. અમદાવાદનું પત્રકારત્વ પણ સંશોધનાત્મક પત્રકારત્વ સિવાય નિરર્થક ગણી શકાય. આથી, અમદાવાદના પત્રકારત્વ સાથે સંકળાયેલા વ્યવસાયિકોને એવો સવાલ કરવામાં આવ્યો હતો કે સંશોધનાત્મક પત્રકારત્વમાં તકલીફ પડે છે કે કેમ ? આ સંબંધે ઉત્તરદાતાઓએ આપેલી માહિતીની છણાવટ કરતાં અનેક બાબતો સામે આવે છે. જેમ કે ૧૮ ઉત્તરદાતાઓએ એવો ઉત્તર આપ્યો કે સંશોધનાત્મક પત્રકારત્વમાં અનેક મુશ્કેલીઓ આવે છે. પરંતુ તેમણે આ મુશ્કેલીઓ બાબતે વિગતવાર ઉત્તર આપ્યો નથી.

આ ઉપરાંત અન્ય ૨૬ ઉત્તરદાતાઓએ સંશોધનાત્મક પત્રકારત્વમાં પડતી તકલીફો સંબંધે વિવિધ મુદ્દાઓ આધારિત ઉત્તરો આપ્યા છે. આ ઉત્તરો પર ટૂંકમાં દ્દષ્ટિપાત કરવો જરૂરી છે. જે નીચે મુજબ છે :

- સંશોધનાત્મક પત્રકારત્વ માટે ઉપયોગી એવી ગ્રંથાલય સુવિધાનો વર્તમાનપત્રોમાં અભાવ.
- સંશોધનાત્મક પત્રકારત્વમાં ખર્ચ કરવો પડે છે. આથી આર્થિક તકલીફોનો સામનો કરવો પડે છે. અને ખર્ચ પછી પ્રાપ્ત કરાયેલી સાચી હકીકતો પ્રસિધ્ધ થાય તેની ખાતરી નથી.
- વર્તમાનપત્રના તંત્રીનું પ્રોત્સાહન મળતું નથી.
- સંશોધનાત્મક પત્રકારત્વ એ ફરજનો એક ભાગ છે માટે તકલીફો એ બહુ

મહત્વની નથી. મુશ્કેલીઓ તો આવે તેની ચિંતા કરવાની ન હોય. પરંતુ પૂરી ધગશ અને નિષ્ઠાથી આગળ વધવાનું હોય.

- દરેક વ્યવસાયમાં અડચણો રહેવાની જ. વ્યવસાયમાં આ બાબતને ધ્યાનમાં લઈને હકારાત્મક અભિગમ સાથે કામ કરવું જોઈએ.
- સંશોધનાત્મક પત્રકારત્વ એટલે પડકારરૂપ કામગીરી એ બાબત દરેક વ્યવસાયીને ખબર જ હોય છે. એટલે પડકારો આવે એ સિકકાની બીજી બાજુ જેવી વાત છે. તેનાથી ડરવાનું ન હોય.
- સંશોધનાત્મક પત્રકારત્વમાં પુરાવા મેળવવા ખૂબ જ કપરું છે. સોર્સ માહિતી આપે તેનાથી કશું પ્રસિદ્ધ ન કરી શકાય. બદનક્ષીની કાયદાકીય આંટીઘૂંટીમાંથી બચવા માટે પુરાવા જોઈએ જ. માહિતી આપનાર ગમે તેટલો વિશ્વાસપાત્ર હોય તેમ છતાં પણ પુરાવાના આધાર વિના કામ કરવું એ સંશોધનાત્મક પત્રકારત્વની સૌથી મોટી મુશ્કેલી છે.
- સંશોધનાત્મક પત્રકારત્વમાં પડનારી મુશ્કેલી એ વ્યવસાયનો એક ભાગ છે. પરંતુ થોડા પ્રયત્નો જરૂર સફળતા અપાવે છે.
- અમદાવાદના પત્રકારત્વમાં સંશોધનાત્મક પત્રકારત્વમાં કયો વિષય છે તેના ઉપર મુખ્ય આધાર છે.

આ બધા ઉત્તરો પર નજર ફેરવીએ તો મોટાભાગના વ્યવસાયિકોના ઉત્તરો એવું દર્શાવે છે કે સંશોધનાત્મક પત્રકારત્વ એ વ્યવસાયનો એક ભાગ છે. દરેક વ્યવસાયમાં આવી મુશ્કેલી આવતી જ હોય છે. તેમ પત્રકારત્વના વ્યવસાયમાં પણ હોય. એમાં અત્યંત કપરું કામ છે એમ માનીને ચિંતા કરવાની જરૂર નથી. આ ઉત્તરો પત્રકારત્વ પ્રત્યે વ્યાવસાયિકોનો સમર્પણ ભાવ અને હકારાત્મક અભિગમ દર્શાવે છે. એમણે સંશોધનાત્મક પત્રકારત્વમાં પડતી વિવિધ મુશ્કેલીઓ દર્શાવી છે ખરી પરંતુ સાથો સાથ તેમણે સ્પષ્ટતા પણ દર્શાવી છે કે કામ પ્રત્યેની તત્પરતા અન્ય બાબતોને ગૌણ બનાવી દે છે. જે કામ પડકારરૂપ ન હોય તે બાબત

પત્રકારત્વમાં સ્થાન જરૂર ધરાવે છે પણ સંશોધન પત્રકારત્વ જેટલું મહત્વ વાચકોમાં તે પેદા કરી શકતી નથી. આમ, સંશોધનાત્મક પત્રકારત્વ અખબારી વ્યાવસાયિકો માટે સમાજની વિવિધ નકારાત્મક બાજુઓને અખબારમાં રજૂ કરીને અનિષ્ટો સામે સમાજને બળ પૂરુ પાડવાની અને અસામાજિક પ્રવૃત્તિઓ સામે લાલબત્તી ધરવાનું પવિત્ર કાર્ય કરે છે. આથી ગમે તે ભોગે તેને વ્યાવસાયિકોએ વળગી રહેવું જોઈએ. પરંતુ કેટલાંક ઉત્તરદાતાઓએ સંશોધન પત્રકારત્વની સફળતા માટે આર્થિક બાબતને સાંકળી છે. અત્યંત ખાનગી રાહે કામ કરવાનું હોઈ સ્વાભાવિક છે કે માહિતી મેળવવા માટે ખર્ચો થાય. પરંતુ ગુજરાતી પત્રકારત્વમાં પત્રકારોને પગાર ઓછો મળે છે. આથી તેઓ માટે સંશોધનાત્મક પત્રકારત્વ અત્યંત મુશ્કેલ એક માત્ર આર્થિક પ્રશ્નને કારણે રહે છે. આ બાબત અત્યંત મહત્વની છે. કારણ કે છ જેટલા ઉત્તરદાતાઓએ એવો પ્રત્યુત્તર આપ્યો છે કે ગુજરાતી પત્રકારત્વમાં સંશોધનાત્મક પત્રકારત્વ દેખાતું નથી. અખબારી યાદી છાપતા અમદાવાદના પત્રકારત્વમાં સંશોધનાત્મક પત્રકારત્વ કયાંથી હોય ? સંશોધનાત્મક પત્રકારત્વનું કલ્ચર વિકસ્યું નથી. આ ઉત્તરો જોતાં સ્પષ્ટ છે કે જયાં સુધી ગુજરાતી પત્રકારત્વ સાથે સંકળાયેલા વ્યવસાયીક પગારની બાબતમાં અસંતોષ અનુભવતો નહી હોય ત્યારે આજે જે કંઈ સંશોધન પત્રકારત્વનું ખેડાણ થતું હશે તેમાં વધારો થઈ શકશે એટલું જ નહીં ક્રમશઃ સ્પર્ધા થશે. આથી ગુણવત્તા પણ સુધરશે અને સમાજમાં પત્રકારત્વને લોકો ચોથી જાગીર તરીકે સન્માને છે તે ગૌરવમાં વધારો કરી આપનારું રહેશે. એટલે અપૂરતા પગારની વ્યવસાયિકોની સમસ્યા હકિકતે પત્રકારત્વને પૂર્ણરૂપે તેના ધર્મ બજવણીના કાર્યમાં અડચણરૂપ બને છે.

આ ઉપરાંત એવા પણ ઉત્તરો સાંપડયા છે કે આ પ્રકારની કામગીરીમાં માલિક (કે જે વર્તમાનપત્રનો તંત્રી છે)નો સહકાર મળતો નથી. આવા ઉત્તરો પત્રકારત્વ માટે પીડાદાયક ગણાવી શકાય. કારણ કે દરેક ક્ષેત્રમાં ઉપરી તરફથી મળતો સહકાર વ્યવસાયી માટે પ્રોત્સાહન પુરું પાડનારો હોય છે. કામનો આનંદ તેને આપે છે. પણ અહીં આ પ્રકારનો સહકાર નહી મળતો હોઈ વ્યવસાયી આવી કામગીરીથી દૂર થતો જાય છે. આ બાબત ગહન

વિચારણા માગી લે તેવી છે એમ કહી શકાય.

આ પ્રશ્ન સંદર્ભે છ જેટલા ઉત્તરદાતાઓએ ઉત્તર આપ્યો નથી. જયારે ત્રણ ઉત્તરદાતાઓએ અસ્પષ્ટ ઉત્તરો આપ્યા છે

## ૧૨ સામાજિક આર્થિક વિકાસમાં પત્રકારત્વની ભૂમિકા

સામાજિક વિકાસના પાયાના પરિબળોમાં પત્રકારત્વની ભૂમિકા એક સબળ માધ્યમની રહી છે. આ સંબંધે અગાઉ પણ ચર્ચા પ્રસ્તુત મહાનિબંધમાં જરૂરી જણાઈ તે સમયે કરી છે. આથી કદાચ પુનરાવર્તન દોષ શકય છે. તેમ છતાં અમદાવાદના સામાજિક–આર્થિક વિકાસમાં સ્થાનિક પત્રકારત્વની ભૂમિકા કેવી રહી ? તે અંગેની ઉત્તરદાતાઓ પાસેથી વિગતો જાણવામાં આવી હતી. જેના અનુસંધાને જુદાં જુદાં ઉત્તરો અભ્યાસમાં સમાવિષ્ટ ઉત્તરદાતાઓ પાસેથી સાંપડયા છે. જેનું વર્ગીકરણ જોઈએ તો ૨૬ ઉત્તરદાતાઓએ અમદાવાદના આર્થિક–સામાજિક વિકાસમાં પત્રકારત્વ એ બહુ મહત્વની ભૂમિકા ભજવી હોવાનું દર્શાવ્યું છે.

આ ઉત્તરદાતાઓએ આપેલા વિવિધ ઉત્તરો જોઈએ તો તેમણે દર્શાવ્યું છે કે સમાજ પરિવર્તનની દિશામાં પત્રકારાત્વે ઘણું કામ કર્યું છે. અમદાવાદના પત્રકારત્વે વેપાર વાણિજયને ઉત્તેજન આપવામાં અગ્ર ભાગ ભજવ્યો છે. મિલ કામદારોના પ્રશ્નો સહિત સમાજના લોકોને સ્પર્શતી વિવિધ સમસ્યાઓનું સમય આવ્યે અખબારી આકલન કરવાની વર્તમાનપત્રોએ કાળજી દર્શાવી છે. અને આવી બાબતોનું નિરાકરણ લાવવામાં એક સશકત માધ્યમ તરીકે યોગદાન આપ્યું છે. આમ બહુમતી ઉત્તરદાતાઓએ એવું દર્શાવ્યું છે કે અમદાવાદના સમૂહ માધ્યમોએ વિવિધ સામાજિક સમસ્યાઓના નિરાકરણ અર્થે સાચા લોક પ્રહરીની ફરજ બજાવી છે. અન્ય એક ઉત્તરદાતાએ વર્તમાનપત્રોએ સંતુલિત ભૂમિકા ભજવી હોવાનું કહયું છે.

જો કે ૧૦ ઉત્તરદાતાઓએ સામાજિક – આર્થિક વિકાસમાં પત્રકારત્વે બહુ ઓછી ભૂમિકા ભજવી હોવાનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત એક ઉત્તરદાતાએ અસંતુલિત ભૂમિકા ભજવી હોવાનું દર્શાવ્યું છે. તો અન્ય એક–એક ઉત્તરદાતાએ મર્યાદિત યોગ્ય નહીં, બહુ

સામાન્ય, નકારાત્મક બંન્ને રીતે શૂન્ય એવા ઉત્તરો આપ્યા છે. જેમની સંખ્યા પાંચ જેટલી છે.

તો તેવી જ રીતે ત્રણ ઉત્તરદાતાઓએ કોઈ ભૂમિકા ભજવી નહી હોવાનું દર્શાવ્યું છે. અન્ય ચાર ઉત્તરદાતાઓ સામાજિક આર્થિક વિકાસમાં પત્રકારત્વે નકારાત્મક ભૂમિકા ભજવી હોવાનો મત વ્યકત કર્યો છે. જયારે ત્રણ ઉત્તરદાતાઓએ માહિતીને વર્ગીકૃત કરી ન શકાય તેવા અસંબધ્ધ ઉત્તરો આપ્યા છે.

જે ઉત્તરદાતાઓએ વિકાસની વાતોમાં પત્રકારત્વની કોઈ ભૂમિકા નથી તેમ દર્શાવ્યું છે તેના કારણોમાં અમદાવાદના પત્રકારત્વમાં વિકાસલક્ષી પત્રકારત્વની અછત અને માલિકને પોતાનો ફાયદો હોય તો જ તે દિશાનું પત્રકારત્વ થાય છે એમ દર્શાવ્યું છે. સાત ઉત્તરદાતાઓએ આ પ્રશ્નનો જવાબ આપ્યો નથી.

## <u>૧૩ પત્રકારોને સન્માન – એવોર્ડઝ</u>

કોઈપણ વ્યવસાયમાં કાર્યરત વ્યકિત માટે પ્રોત્સાહન જરૂરી હોય છે. વ્યકિતને કામ કર્યાનો સંતોષ એનાથી મળે છે. તો સાથોસાથ કામ પ્રત્યેની નિષ્ઠા પણ તે દ્વારા કેળવાય છે. આથી વ્યવસાયી માટે પ્રોત્સાહન ખૂબ જ મહત્વનું છે. આ પ્રોત્સાહન એવોર્ડઝના રૂપે અપાતું હોય છે. ખાસ કરીને વ્યાવસાયિકનો વ્યવસાય જાહેર જીવન સાથે જોડાયેલો હોય ત્યારે એ ક્ષેત્રમાં એવોર્ડઝ ઉપયોગી ભૂમિકા ભજવે છે, કારણ કે વ્યાવસાયિકને એના પરિણામે એક દરજ્જો તો પ્રાપ્ત થાય છે જ પણ એ ઉપરાંત તેની સંસ્થાને ગૌરવ સાંપડે છે. પત્રકારત્વના ક્ષેત્રમાં એવોર્ડઝ કે સન્માનની વાત હોય ત્યારે એ વિશ્વસનીયતા સાથે સંકળાયેલું હોય છે. વર્તમાનપત્રમાં કાર્યરત વ્યવસાયિને જો એવોર્ડ એનાયત થાય તો તેના અખબારનું લોકોમાં મૂલ્ય વધે છે આ દ્રષ્ટિએ વ્યકિતગત કે સામૂહિક સ્તરે એવોર્ડઝ પ્રતિપૃષ્ઠિ માટે પણ અગત્યનું છે. આ સંબંધે પત્રકારત્વના વ્યવસાયમાં વ્યાવસાયિકોને કોઈ એવોર્ડઝ મળ્યા છે કે કેમ ? તેવો સવાલ ઉત્તરદાતાઓને કરવામાં આવ્યો હતો. આ પ્રશ્નના ઉત્તરમાં કુલ પૈકીના ૪૫ ઉત્તરદાતાઓએ તેમને કોઈ એવોર્ડ કે સન્માન મળ્યું નથી એવો ઉત્તર આપ્યો છે. આ તમામ ઉત્તરદાતાઓનો બહુમતી સૂર એવો રહ્યો છે કે પત્રકારત્વના વ્યવસાયમાં ખરેખર કામ કરતાં

પત્રકારોને એવોર્ડ અપાતો હોય એવા કિસ્સા જવલ્લે જ બન્યા છે. પત્રકારો માત્ર ને માત્ર અખબારની સાથે એક વ્યવસાયી તરીકે જોડાયેલા પગારદાર વ્યકિત હોઈ તેને જ પત્રકાર ગણાવે છે. તેઓ વધુ વિગતો આપતાં કહે છે કે સાચા રિપોર્ટરને એવોર્ડ અપાતો નથી પરંતુ જેઓ રૂમમાં બેસીને કોલમ લખે છે ફીલ્ડમાં કોઈ દિવસ ગયા નથી તેવા કટાર લેખકોને એવોર્ડ મળે છે. એવોર્ડઝ માત્ર ને માત્ર કટાર લેખકો–સાહિત્યકારોને મળે છે એવી વ્યવસાયીઓની બહુ મોટી ફરિયાદ આમાં દેખાય છે. આશ્ચર્યજનક બાબત એ પણ છે કે ઉત્તરદાતાઓને એવોર્ડ મળ્યા છે તે પૈકીના ૩ ઉત્તરદાતાઓ કે જેમની ટકાવારીની દ્રષ્ટિએ સંખ્યા ૫૦% ઉપરાંત થાય છે તેઓ એવોર્ડ મેળવ્યો હોવા છતાં પણ એવોર્ડઝ સાહિત્યકારો–કટાર લેખકોને જ મળે છે. એવા ફરિયાદના સૂરમાં સૂર પુરાવે છે.

આ ઉપરાંત કેટલાક ઉત્તરદાતાઓએ એમ દર્શાવ્યું છે કે એવોર્ડઝ એ હકીકતમાં એક જાતનું તૂત છે. સાચા વ્યવસાયીને મળતું નથી. પણ ગોઠવણથી જેણે પત્રકારત્વ ક્ષેત્રમાં કોઈ મહત્વનું કામ કર્યું ન હોય તો પણ તેને એવોર્ડની નવાજેશ કરવામાં આવે છે. એક ઉત્તરદાતા કે જેઓ પંચાવન વર્ષથી પત્રકારત્વના ક્ષેત્રમાં કાર્યરત છે. ગુજરાતી અખબારમાં તેમની કોલમ વર્ષગાંઠની વધાઈ દરરોજ પ્રસિદ્ધ થાય છે. તેમની કોલમની વિશેષતા એ છે કે એક વ્યકિત વિશેષનો પરિચય એક વાર આપ્યા પછી તેમણે કયારેય બીજીવાર એ વ્યકિત વિશેષને પોતાની કોલમમાં સ્થાન આપ્યું નથી. અમદાવાદ નહીં ગુજરાતી પત્રકારત્વમાં આ વિશિષ્ટ કાર્ય કહેવાય તેમ છતાં તેમને કદી સન્માન મળ્યું નથી. એમ કહી શકાય કે ઉત્તરદાતા વ્યવસાયીઓ એવોર્ડઝ સામે જે રોષ વ્યકત કરે છે એ તદ્દન સાચો જણાય છે.

વ્યવસાયીઓના ઉત્સાહ માટે સન્માન આવશ્યક છે પરંતુ જે રીતે એવોર્ડઝ આ ક્ષેત્રમાં મળે છે તે જોતાં જો એવોર્ડ ના મળે તો સારું એવો મત વ્યકત કરતાં કેટલાંક ઉત્તરદાતાઓ વર્ણવે છે કે પત્રકારત્વમાં કોઈ પ્રદાન ન હોવા છતાં જે ખોટી રીતે એવોર્ડ અપાય છે ત્યારે જો અમને એવોર્ડ દ્વારા સન્માનવામાં આવે તો અમારી આબરૂ ઓછી થાય. કારણ કે સંનિષ્ઠ પત્રકારોને એવોર્ડ મળતા નથી. પત્રકાર તરીકે જેનું પત્રકાર જગતે નામ પણ સાંભળ્યું ન

હોય તેવા વ્યકિતઓને એવોર્ડ ન મળે એને આ ક્ષેત્રમાં સારી બાબત તેઓ ગણાવે છે. કેટલાક ઉત્તરદાતાઓ એવું દર્શાવે છે કે એવોર્ડ સંશોધનાત્મક પત્રકારત્વના ક્ષેત્રમાં અપાવો જોઈએ. અને એવોર્ડ માટે એક ચોક્કસ મૂલ્યાંકન પદ્ધતિ હોવી જોઈએ.

સાત ઉત્તરદાતાઓ કે જેમણે એવોર્ડ મેળવ્યો નથી તેઓ એવો મત વ્યકત કરે છે કે વ્યવસાયમાં કોઈ દિવસ માન–સન્માનની ખેવના કરી નથી. વાચકોના પત્રો આવે એ જ સાચા એવોર્ડ એમને મન છે. ઘણીવખત તેમને કોઈને પોતાના પત્રકારત્વ થકી મદદ થઈ હોય એ સુખદ સ્થિતિ જ એવોર્ડ સમાન છે એવી લાગણી વ્યકત કરે છે.

આમ ઉત્તરદાતાઓના ઉત્તરોનું વર્ગીકરણ કરીએ તો બહુધા વ્યવસાયિઓ એવોર્ડ વિતરણની રીતરસમો સામે વિરોધ નોંધાવે છે. જો કે યોગ્ય રીતે એવોર્ડ અપાય એને પ્રોત્સાહન માટે જરૂરી પણ ગણે છે. ગુજરાતી પત્રકારત્વના મહત્વના અંગ તરીકે અમદાવાદના પત્રકારત્વમાં વ્યવસાયીઓના કાર્યના યોગ્ય મૂલ્યાંકન સાથે એવોર્ડ વિતરણની વ્યવસ્થાનો અભાવ જોવા મળે છે. વ્યાવસાયિકો અને વર્તમાનપત્રોને પ્રોત્સાહન પૂરું પાડનારા સન્માન સંબંધે પત્રકારત્વ ક્ષેત્રમાં કોઈ કાર્ય થતું નથી એ અચરજ ગણાવી શકાય. ઉત્તરદાતાઓ પૈકી આઠ ઉત્તરદાતાઓએ આ પ્રશ્ન સંબંધે કોઈ ઉત્તર આપ્યો નથી.

## <u>૧૪ વ્યવસાયમાં ફિલ્ડ પસંદગી</u>

ઉત્તરદાતાઓને તેઓ જે વ્યવસાયમાં કામ કરી રહયા છે તેના વિવિધ ફિલ્ડ જેવા કે સચિવાલય, વિધાનસભા, રમત–ગમત, શિક્ષણ, પોલીસ, કોર્ટ રિપોર્ટિંગ વગેરે તેમની પસંદગી અનુસાર મળ્યા છે કે કેમ એવો પ્રશ્ન પૂછાયો હતો. આ પ્રશ્ન પાછળ એવી માહિતી મેળવવાનો પ્રયાસ હતો કે પત્રકારો રોજિંદા વ્યવસાયિક જીવનમાં વર્ષો સુધી એકના એક ફિલ્ડમાં અથવા તો અખબારમાં એક જ સરખું કામ કરવાથી કંટાળો અનુભવે છે ? સામાન્ય રીતે કોઈપણ વ્યકિત તેના વ્યવસાયની ઘરેડમાં ગ્રસ્ત થઈ જાય પછી તેને એ કામ કરવામાં અગાઉ જેવી આનંદની અનુભૂતિનો લોપ થઈ જતો હોય છે. આવો અનુભવ પત્રકારને થાય છે ખરો ? એવો પ્રશ્ન વ્યવસાયીને માટે પ્રશ્નાવલીમાં સામેલ કરાયો હતો કારણ કે પત્રકારત્વમાં

અનુભવને પ્રાધાન્ય આપવામાં આવે છે. આથી જે ક્ષેત્રમાં તેઓને શરૂઆતથી કામગીરી સોંપવામાં આવે છે તેમાં બદલાવની સ્થિતિ ઓછી હોય છે. અન્ય વ્યાવસાયિકોને એકની એક કામગીરી રોજેરોજ કરવાથી સર્જાતી માનસિક અકળામણ વ્યાવસાયિક પત્રકારોમાં જોવા મળે છે કે કેમ ? એ ઉદ્દેશ મુખ્ય રહ્યો હતો.

જેના અનુસંધાને ઉત્તરદાતાઓ પૈકીના ૪૭ જેટલા ઉત્તરદાતાઓએ ૮૦% ઉપરાંતે વ્યવસાય દરમિયાન જે ફિલ્ડનું રિપોર્ટિંગ કરે છે અથવા તો અખબારમાં તેમને જે કામગીરી સોંપવામાં આવી છે તેમની પસંદગીની હોવાનું કહે છે. ત્રણ ઉત્તરદાતાઓએ પ્રશ્નના જવાબ આપ્યા નથી. જયારે પાંચ ઉત્તરદાતાઓએ પોતાને વ્યવસાયમાં પસંદગી ફિલ્ડ–પોર્ટફોલિયો નથી મળ્યો એમ દર્શાવ્યું છે. કેટલાંક પત્રકારોએ પસંદગીનું ફિલ્ડ મળ્યુ હોવાનો સંતોષ વ્યકત કર્યો છે પણ સાથે કેટલીક બાબતો પણ દર્શાવી છે. જેમના મંતવ્યો એવા છે કે "શોખથી પત્રકાર બન્યા હોય તેને માટે ફિલ્ડની પસંદ–નાપસંદ ન હોવી જોઈએ. જો પત્રકારો તેમની પસંદગીના ફિલ્ડનો આગ્રહ રાખે તો કેટલાંક ફિલ્ડને પત્રકારો જ ન મળે. એક ઉત્તરદાતાએ એવો મત વ્યકત કર્યો છે કે "ગુજરાતી પત્રકારત્વમાં મરજી કે પસંદગીને અવકાશ નથી. જયારે એક ઉત્તરદાતા પત્રકારત્વમાં દરેક ક્ષેત્રને મહત્વનું ગણે છે આથી ફિલ્ડ પસંદગીની બાબતને અપ્રસ્તુત ફિલ્ડ ગણે છે. ચારે પત્રકારોએ પોતે ચેનલ અથવા તો બ્યુરો ચીફ હોઈ તમામ ફિલ્ડનું રિપોર્ટિંગ કરવાનું હોય છે આથી પસંદગીનો કોઈ સવાલ નથી એવી માહિતી આપી છે.

ઉત્તરદાતાની માહિતી વર્ગીકૃત કરીએ તો મોટાભાગના તમામ ઉત્તરદાતાઓ જે ફિલ્ડ સંભાળી રહયા છે તે તેમને ગમતું છે એવું દર્શાવે છે. આથી પત્રકારને તેનું ગમતું ફિલ્ડ જ આપવાની કાળજી તેમના ઉપરીઓ લઈ રહયા છે એમ કહી શકાય. આ ઉપરાંત કદાચ તેઓ વર્ષોથી એક જ ફિલ્ડમાં હોઈ તે ફિલ્ડ સાથે તેમને લગાવ થઈ ગયો હોય તેવું પણ બને જે એ દર્શાવે છે કે અન્ય વ્યાવસાયિકોની દ્દષ્ટિએ એક જ પ્રકારની રોજિંદી કામગીરીને પત્રકારત્વના વ્યાવસાયિકો કંટાળાજનક ગણે છે એવું નથી.

જે ઉત્તરદાતાઓએ પોતાને સોંપાયેલ ફિલ્ડનું કામ સ્વપસંદગી મુજબનું નથી એમ દર્શાવ્યું છે તેમાં એ બાબત પણ સમાયેલ હોય કે અગાઉ તેઓને જે ફિલ્ડની કામગીરી સોંપવામાં આવી હતી તેના બદલે નવું ફિલ્ડ સોંપાયેલ હોય તેનાથી સંતોષ ન હોય તેથી સંતોષ ન હોય. આની પાછળ અગાઉના ફિલ્ડમાં તેમણે કામગીરી કરી હોય તેનાથી એક લગાવ પેદા થયો હોય એ પણ શકય છે.

સામાન્ય રીતે પત્રકારો અને કટાર લેખકો વચ્ચે બહુ મોટો ફેર છે. જે પત્રકારો માત્ર ને માત્ર એક વ્યાવસાયિક તરીકે પત્રકારત્વમાં જોડાયા છે તેમનું કામ કટાર લેખકો કરતાં જુદું છે. તેઓ જુદાં જુદાં સમાચારો – ઘટનાઓનું અહેવાલ લેખન કરતાં હોય છે. અને કટાર લેખકો તેના ઉપરથી પોતાના લેખ તૈયાર કરતાં હોય છે. પત્રકાર તેની પત્રકારત્વની કારકિર્દીમાં ઘણું બધું લખે છે. તેમની કોલમો પણ ચાલતી હોય છે. તેમ છતાં બહુ ઓછા પત્રકારો એવા છે કે જેમના વર્તમાનપત્રોના પ્રસિઘ્ધ થયેલાં લખાણોનું અલગ પુસ્તક થયું હોય. રોજે રોજ નિયમિત લખતા હોવા છતાં બહુ થોડા પત્રકારોના જ પુસ્તકો થયેલા જોવા મળે છે. "આજનું છાપું કાલની પસ્તી" એવા તકિયા કલામને યાદ કરીએ તો પત્રકારોમાં પોતાના લેખોને પસ્તી બનતા અટકાવવા માટે પુસ્તક તૈયાર કરવાનું વલણ જોવા મળતું નથી. આ બાબત પત્રકારોએ તેમની વાતચીતમાં પણ સ્વીકારી છે. તેઓમાં લેખ સંગ્રહ પરંપરા ન હોવાથી પુસ્તક પ્રકાશન થતું નથી. એક તરફ જયારે પત્રકારત્વની કારકિર્દીમાં જે પત્રકારોએ કોઈ એક મુદ્દે અસંતોષ વ્યકત કર્યો હોય તો એ છે – બાયલાઈનથી સમાચાર આપવા બાબતે. જો તેમના લેખોનું પુસ્તક તૈયાર થાય તો આ પ્રશ્ન ઉકેલી શકાય. પરંતુ આ બાબતે હજુ ગુજરાતી પત્રકારોમાં જાગૃતિનો અભાવ જણાઈ રહ્યો છે. પુસ્તક જોનાર વ્યકિત પુસ્તકના લેખકને પણ જોતો હોય છે. આથી વાચક–લેખક વચ્ચેનો વિશ્વાસ પત્રકાર પુસ્તકના સહારે પેદા કરી શકે એમ હોય છે તેમ છતાં પુસ્તક પ્રકાશન વિશે પત્રકારો રસ ધરાવતા નથી એવું દર્શાવી શકાય.

## ૧૫ પત્રકારત્વ વ્યવસાયમાં જોબ સેટિસ્ફેકશન

પત્રકારત્વના વ્યવસાયમાં જોબ સેટિસ્ફેકશન છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં ૮૦% ઉપરાંતના ઉત્તરદાતાઓએ જોબ સેટિસ્ફેકશન હોવાનું દર્શાવ્યું છે. તો પાંચ ઉત્તરદાતાઓએ જોબ સેટિસ્ફેકશન ન હોવાનું દર્શાવ્યું છે. બે ઉત્તરદાતાઓએ ઉત્તર આપ્યો નથી. નવ જેટલા ઉત્તરદાતાઓએ સંપૂર્ણ સંતોષ છે એમ દર્શાવ્યું નથી. કયારેક માલિકના કામો પત્રકાર પાસે કરાવવામાં આવે છે એ બાબતે એક પત્રકારે અસંતોષ વ્યકત કરતાં એવી લાગણી દર્શાવી છે કે આ સમયે આ વ્યવસાયમાં જોબ સેટિસ્ફેકશન મળતું નથી. આ પૈકીના કેટલાંક ઉત્તરદાતાઓએ મિશ્ર લાગણી, સંપૂર્ણ સંતોષ નહી, ઘણે અંશે સંતોષ, હંમેશા નહી એવો મત વ્યકત કર્યો છે. એક ઉત્તરદાતાએ જયારે કપરી મહેનત પછી અહેવાલ તૈયાર કર્યો હોય પણ પોતાને તેનાથી સંતોષ ના થયો હોય ત્યારે જોબ સેટિસ્ફેકશન નથી મળતું એમ દર્શાવ્યું છે.

વ્યાવસાયિક તરીકે પત્રકારને પોતાના વ્યવસાયમાં સંતોષ થાય છે એ મનોવૈજ્ઞાનિક ગણાવી શકાય. પરંતુ જયારે એક તરફ તંત્રીઓ દ્વારા બાયલાઈન પત્રકારોને અપાતી નથી એવી ફરિયાદ થાય છે ત્યારે સવાલ ચોથી જાગીરના એક સંત્રી અને વાચક વચ્ચેના સીધા સંબંધની વાત અહી વિચારણા માગી લે છે. બાયલાઈન એ આમ તો પત્રકારનું અહેવાલમાં નામ સાથે સંકળાયેલી બાબત છે. એ બહુ મહત્વની માનવામાં આવતી નથી. જો કે આ બાબત અત્યંત મહત્વની છે. કારણ કે કોઈપણ અખબારના પત્રકાર માટે પોતાને માહિતી આપનાર સ્રોત અત્યંત મહત્વનો હોય છે. હવે જો પત્રકારની ઓળખ અહેવાલ દ્વારા થાય નહી તો સ્વાભાવિક છે કે માહિતી સ્રોત કે જે કોઈ વાચક છે એ એની ઉપયોગિતા નિરર્થક બની રહે છે. આમ, બાયલાઈન એ સામાજિક ઓળખ સાથે જોડાયેલી છે. જે પત્રકારના વાચક સાથેના સીધા સંબંધ દ્વારા સરવાળે તો અખબાર માટે જ લાભપ્રદ બની રહે છે. આમ છતાં પત્રકારત્વની આ અત્યંત મહત્વની બાબત પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું હોવાનું જોઈ શકાય છે.

## ૧૬ અખબારમાં અપ્રકાશિત સંશોધનાત્મક લેખનો અનુભવ

વર્તમાનપત્ર એની ચોક્કસ નીતિ સાથે પસિદ્ધ થતું હોય છે. ટ્રસ્ટના વર્તમાનપત્રોની નીતિઓ ઘણે ભાગે પ્રજાની પડખે રહીને સત્યને સમાજમાં રજૂ કરવાની હોય છે. પરંતુ એ બાબત જો રાષ્ટ્રીય સ્તરે વિકસેલું ટ્રસ્ટ હોય તો શકય છે. સ્થાનિક સ્તરના વર્તમાનપત્રની નીતિઓ સ્થાનિક બાબત પછી તે રાજકારણની હોય કે શિક્ષણની હોય તેને આધારે ઘડાતી હોય છે. સમયાંતરે વર્તમાનપત્રના માલિકને જે તે સમયે તેમને કોની સાથે સારા સંબંધો છે તેના આધારે નીતિઓ બદલાતી પણ રહે છે. ગુજરાતી અખબારોમાં માલિક પોતે જ વર્તમાન પત્રના તંત્રી હોય છે. આથી વર્તમાનપત્રની નીતિ બદલાતી હોય છે. મોટાભાગે પત્રકારોને રોજબરોજના અનુભવે પોતાના માલિકની સાથે કોને સારા સંબંધો છે એની જાણકારી હોય છે. આમ છતાં ઘણીવાર તેમના સંશોધનાત્મક અહેવાલો ખૂબ જ મહેનત પછી તૈયાર કર્યા હોય અને નક્કર આધારો હોય છતાં પણ પ્રસિદ્ધ ન થઈ શકયા હોય તેવા અનુભવો હોય છે. આ સંજોગોમાં સંશોધનાત્મક અહેવાલમાં વજુદ હોવા છતાં તે પ્રસિદ્ધ ન થયો હોય તેવા અનુભવ પત્રકારોને તેમના કાર્યકાળમાં થયા હોય છે. પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓ પાસેથી ત્તેમના સંશોધનાત્મક લેખો કાળક્રમે પ્રસિદ્ધ ન થયા હોય તો તેની વિગતો અને તે પ્રસિદ્ધ નહી કરવા પાછળના કારણો શું હતા તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રશ્નના ઉત્તરમાં ૬ ઉત્તરદાતાઓએ એવી માહિતી આપી છે કે તેમણે જે સંશોધનાત્મક પત્રકારત્વ ગણાય એવી સનસનાટીપૂર્ણ વિગતો મેળવીને અહેવાલ લખ્યો હતો તે છપાયા નથી. જો કે એની પાછળના કારણો તેમણે દર્શાવ્યાં નથી. એક લઘુ અખબારમાં કામ કરતાં ઉત્તરદાતાએ જણાવ્યું છે કે એક રાજકીય હસ્તીની વિરુદ્ધનો અહેવાલ છપાયો નહતો. જો કે ઉત્તરદાતાનો બહુ મોટો વર્ગ તેમના સંશોધનાત્મક અહેવાલો ન છપાયા હોય તેવો અનુભવ હજુ સુધી થયો નથી તેમ કહે છે. જયારે ૧૪ ઉત્તરદાતાએ જવાબ આપવાનું ટાળ્યું છે. પાંચ ઉત્તરદાતાએ તો સ્પષ્ટ કહ્યું છે કે તેમના સંશોધનાત્મક અહેવાલો અવશ્ય પ્રસિદ્ધિ થાય જ છે. એક ઉત્તરદાતા આખા પ્રશ્નને જ અસ્થાને ગણાવે છે. તો એક પત્રકાર સંશોધનાત્મક પત્રકારત્વ છે ખરું ? એવો પ્રતિપ્રશ્ન કરે

છે. કેટલાંક જવાબો એવા છે કે જેમાં અખબારને અનુરૂપ નીતિને ધ્યાનમાં રાખીને ન છપાય તો એમાં કશું અયોગ્ય માનતા નથી. તેમના કેટલાક સંશોધનાત્મક અહેવાલો છપાયા છે તો કેટલાક નથી છપાયા પરંતુ તેની સામે તેમને કોઈ અસંતોષ ન હોવાનું સ્પષ્ટ કરે છે. એક ઉત્તરદાતાએ તો સંશોધનાત્મક પત્રકારત્વનો પ્રયાસ કરતો નથી એમ જણાવ્યું છે. તો અન્ય એક ઉત્તરદાતા આ ચર્ચાને યોગ્ય ગણતા નથી. જે ઉત્તરદાતાના અહેવાલો પ્રસિદ્ધ થયા નથી તેવો અનુભવ છે તેમણે પ્રસિદ્ધિ ન મળવાના સ્પષ્ટ કારણો દર્શાવ્યા નથી.

પત્રકારત્વ એ આજે વ્યવસાય છે. આથી વર્તમાનપત્રનો તંત્રી કે જે માલિક છે પોતાના વ્યવસાયમાં નફા નુકશાનની ગણતરી રાખે અને એના આધારે કયા સમયે શું છાપવું ? એ નક્કી કરે એ વ્યવસાયનો એક ભાગ છે. આમ છતાં ૬ ઉત્તરદાતાઓએ તેમના લેખો છપાયા નથી તેમ દર્શાવ્યું છે તે બાબત દર્શાવે છે ! કે તંત્રીની મરજી મુજબના સમાચારો અખબારમાં છપાય છે. પત્રકાર ગમે તે સમાચાર છપાવી શકે એટલી સ્વતંત્રતાનો અભાવ દેખાય રહ્યો છે. આ વાતમાં જે ઉત્તરદાતાઓએ આ પ્રશ્નનો ઉત્તર આપવાનું ટાળ્યું છે તેમની પણ મૂક સંમતિ છે એમ કહી શકાય. તો કેટલાક ઉત્તરદાતાઓ આ આખા પ્રશ્નને બહુ જ વ્યાવહારીક ગણીને એવું દર્શાવે છે કે વ્યવસાયી તરીકે પત્રકારનું કામ લેખ–સમાચાર તૈયાર કરીને અખબારને આપવાનું છે. એને પ્રસિદ્ધ કરવા કે ન કરવા તેનો નિર્ણય લેવાનું કામ તંત્રીનું છે. કેટલાક પત્રકારો તો અખબારની નીતિ પ્રમાણે તંત્રી કોઈ સમાચાર ન છાપે તો એમાં કશું ખોટું નથી એમ દર્શાવે છે. આ પ્રત્યુત્તર એ વાતનો નિર્દેશ કરે છે કે આખબારમાં છેવટનો નિર્ણય તંત્રીનો હોય છે. અને સમાચાર પ્રસિદ્ધિ પામે કે ન પામે તેનો આધાર જે તે સમયની તંત્રીની પોલીસીનો છે. પત્રકાર સંપૂર્ણ સ્વતંત્ર નથી.

ભારતીય પત્રકારત્વમાં સૌથી મુશ્કેલ ગાળો એટલે ૭૦ના દાયકાનો કટોકટીનો ગાળો. આ સમયે પ્રેસ સેન્સરશિપના આદેશ હેઠળ અખબારોને અંકુશિત કરવાના પ્રયાસો થયા હતા. જો કે તે સમયે પણ અખબારોએ સેન્સરશિપ સામે ઝીક ઝીલી હતી. એ સમયના ઘણાં ગુજરાતી અખબારોએ પણ એમાં ઝુકાવ્યું હતું. ઘણા અખબારોએ તે સમયે તંત્રીલેખનો ભાગ

કોરો રાખીને આખી વ્યવસ્થા સામે મૂક વિરોધ કર્યો હતો. આ રીતે અખબારી સ્વતંત્રતા રાજસત્તા દ્વારા છીનવવામાં આવી છે. સત્તા પરિવર્તન થયા બાદ પણ આ પરિસ્થિતિમાં કોઈ બદલાવ આવતો નથી. પત્રકારો પાસે આદર્શ સમાજ ઘડતરની અપેક્ષા રખાય છે. પણ વાસ્તવિક રીતે જોઈએ તો પત્રકારો આદર્શ પ્રમાણે પત્રકાર ધર્મ બજાવતા હોય ત્યારે તેમના ઉપર એક પ્રકારની અદ્રશ્ય સેન્સરશિપ લાદવામાં આવતી હોય છે. આની પાછળ માત્ર માલિક–તંત્રી જ નહીં પરંતુ રાજકીય–સામાજિક દબાણો પણ જવાબદાર હોય છે. પત્રકાર છેવટે તો સમાજનો જ એક ભાગ હોવાથી આવા દબાણોના પરિણામે તે પોતાનો પત્રકારત્વ ધર્મ સુપેરે નિભાવી શકવામાં મુશ્કેલી અનુભવે છે.

પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓએ આપેલી વિવિધ માહિતી પરથી એ બાબત પણ ઉપસે છે કે તેઓ ઘણી વખત તેમણે તૈયાર કરેલા સંશોધનાત્મક લેખો સમાજના ઉચ્ચ સ્થાને બિરાજેલા લોકો માટે મુશ્કેલી સર્જનારા બની રહે તેમ હોઈ પ્રસિદ્ધ થતા નથી. તેમની વાત ઉપરથી "ફ્રીડમ ઓફ પ્રેસ"ની કાયદાકીય વાતો માત્ર આદર્શ જ લાગે છે. તેમાં સચ્ચાઈનું સામર્થ્ય બહુ ઓછું જોવા મળે છે. પત્રકારને પણ સંશોધનાત્મક લેખ અખબારમાં છપાવવા માટે તંત્રી પર જ નિર્ભર રહેવું પડે છે એ સ્થિતિ આ અભ્યાસમાં જણાય છે. પત્રકારને તત્કાલીન સમયની પરિસ્થિતિને વશ થઈને રહેવું પડે છે. અભિવ્યકિતના સ્વાતંત્ર્યની જાળવણી એમાં સહેજે જણાતી નથી.

## પ્રકરણ – ૬

## આધુનિક અમદાવાદનું વિશ્લેષણ

અગાઉના પ્રકરણ–૫માં અમદાવાદના વિવિધ અખબારોના વ્યવસાયી પત્રકારોની સામાજિક તથા આર્થિક પશ્ચાદ્દભૂની માહિતી પ્રાપ્ત કરવા માટે ખુલ્લા અને બંધ પ્રકારના પ્રશ્નો સાથેની પ્રશ્નાવલીના આધારે પ્રાપ્ત થયેલી માહિતીનું વર્ગીકરણ રજૂ કર્યું હતું. પત્રકારત્વ એક વ્યવસાય છે અન્ય વ્યવસાયની સરખામણીએ આ ક્ષેત્રમાં કાર્યરત વ્યવસાયીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી કહી શકાય.ઉપરાંત કામના કલાકો નિશ્ચિત ન હોવાથી અને ઘણે ભાગે વ્યવસાયના સ્થળે કામ કરવાના સમય કરતાં વધુ સમય કરતાં ફરજના ભાગરૂપે ફીલ્ડમાં રહેવાનું આ વ્યાવસાયીઓને વધુ થતું હોઈ નિર્દશ તરીકે ઉત્તરદાતાઓ ઓછા ઉપલબ્ધ બને છે.આ દ્દષ્ટિએ ઉપરાંત અખબારી વ્યવસાયમાં કાર્યરત વ્યાવસાયિકોના આધારે વ્યવસાયના સમાજશાસ્ત્રની સ્પષ્ટ ચકાસણી અને તેના આધારે તારણો દર્શાવવા માટે ગુણાત્મક સંશોધન પણ પ્રયોજ્યું છે.

આ સંદર્ભે અમદાવાદના પત્રકારત્વ સાથે ઘણા લાંબા સમયથી સંકળાયેલા હોય તેવા વરિષ્ઠ પત્રકારો–તંત્રીઓની દીર્ઘ મુલાકાત લઈને ઐતિહાસિક દ્દષ્ટિએ પત્રકારત્વના વ્યવસાયને સમજવાનો પ્રયાસ કર્યો છે.એમની મુલાકાત દ્વારા ગુજરાતમાં વિવિધ સમયે આકાર પામેલી ઘટનાઓનું અમદાવાદના અખબારોમાં કેવી રીતે નિરૂપણ થતું હતું, વ્યવસાયી પત્રકારો સમાજ વિશે શું જાણે છે? ગુજરાતી સમાજને તેઓ કેવી રીતે સમજે છે એ સમજવાનો પ્રયાસ હાથ ધર્યો છે.

આ મુલાકાત પદ્ધતિમાં ઉત્તરદાતા વરિષ્ઠ પત્રકાર–તંત્રીની પસંદગી તેમની સહમતિના આધારે કરવામાં આવી હતી. કુલ આઠ વરિષ્ઠ ઉત્તરદાતાઓ સાથેની જે તે સમયની સામાજિક–રાજકીય પરિસ્થિતિ અંગેની ચર્ચા અક્ષરશઃ આ પ્રકરણમાં રજૂ કરી છે. ઘણે ભાગે દરેક ઉત્તરદાતા સમક્ષ અલગ અલગ ઘટનાઓ વિશેની માહિતી મેળવવામાં આવી છે. જે નીચે મુજબ છે.

### મુલાકાત – ૧

છેલ્લા ૨ વર્ષમાં ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદમાં હરીફાઈનું જે સ્તર વધ્યું છે તેના હકારાત્મક પાસાં જોવા મળે છે. સ્થાનિક પત્રકારત્વમાં વિશ્વસનીયતાનું સ્તર વધી ગયું છે. કોઈ અખબાર પોતાના ઘરની ધોરાજી ના હાંકી શકે એવી સુખદ સ્થિતિ આવી છે. કારણ

કે વાચક વાંચતો હોય એ અખબાર બીજા છાપાંની નીતિ કઈ ચાલે છે એ દિવસે ૩–૪ છાપાં વાંચીને વચ્ચે હવે સમજી જાય છે. ઘટના શું છે એ અને વાચક Sharp છે. જે તરત પોતાની રીતે જાણી લેતો હોય છે કે સત્ય કયાં છે ? આજે વાચક બહુ જ હોશિયાર થઈ ગયા છે દરેક અખબાર બળાત્કાર–અપહરણની ઘટના સમયે પોતાની રીતે જવાબદારીપૂર્વક વર્તી રહયા છે.

કોઈ છાપાં રાજકીય વિચાણસરણી સાથે સંકળાયેલા હોય કે કોઈક માલિકને રાજકીય પક્ષ સાથે સારા કે ખરાબ સંબંધો હોય તેના આધારે સાચું કે ખોટું જતું હોય એમ માની લઈએ. પણ બળાત્કાર – ખૂન આવા બનાવોમાં એવું હોતું નથી. અમદાવાદના સર્વે વર્તમાનપત્રો આવા કિસ્સામાં આચારસંહિતાનું પાલન કરતા હોય છે.

અમદાવાદના અખબારોમાં પહેલાં જે રીતે વૃત્તાંત નિવેદન થતું હતું તેમાં આજે બદલાવ આવ્યો છે. જેમ કે સમાજ જીવન ઘડતર ઉપરાંત શિક્ષણ માનવીય સંવેદના પ્રગટ કરતી હયુમન ઈન્ટરેસ્ટ સ્ટોરીઝનું પ્રમાણ ખૂબ વધ્યું છે. રાજકીય વૃત્તાંત નિવેદનનું પ્રમાણ માત્ર ૧૫–૨૦% જેટલું થાય છે. હવે અખબારોમાં રમતગમત સહિત અન્ય ક્ષેત્રોમાં પણ વાચકોના રસ મુજબ પરિવર્તન આવ્યું છે. આ પહેલાં સેલિબ્રિટીઝના રિવ્યુ નહોતા છપાતા. ફોટા છપાતા ન હતા. અમદાવાદના અખબારોમાં જાગૃતિ ચોક્કસ આવી છે. થોડુંક શિક્ષણ અને થોડીક હરીફાઈના પરિણામે હવે વાચકના રસ ધ્યાનમાં લેવામાં આવે છે એની પાછળના કારણો જોઈએ તો અમદાવાદમાં હવે મલ્ટીનેશનલ કંપનીઓ પ્રવેશી છે. ૧૯૯૦થી આ કંપનીઓ શરૂ થઈ. તમામ સારી બ્રાંડસના શો રૂમ અમદાવાદમાં આવ્યા છે. પહેલા આશ્રમ રોડ, પછી સી.જી. રોડ અને હવે એસ.જી. હાઈવે ડેવલપ થયા છે. એક રીતે આમ માત્ર હાઈવે ડેવલપ નથી થતો. હકીકતે અમદાવાદની સમૃદ્ધિના ધોરીમાર્ગ સરખેજ–ગાંધીનગર, સી.જી. રોડ અલગ અલગ રીતે વિકસ્યા છે. આવા વિકાસનો Concept જ ન હતો. અમદાવાદ શહેરમાં ઉચ્ચ શિક્ષિતોની સંખ્યા ઝડપભેર વધતી જાય છે. વિકાસ બહુ ઝડપી થઈ રહ્યો છે. જેના પરિણામે પત્રકારત્વમાં પણ વ્યાવસાયિકતા વધી છે. મહેનતમાં વધારો બંને પક્ષે પત્રકાર અને તંત્રી કક્ષાએ આવ્યો છે. Home-Work વધ્યું છે કારણ કે હરીફાઈમાં

ટકવાનું છે. કારકિર્દીમાં આગળ વધવા સજ્જ થવું જ પડે, ચાલે નહિ. દરેક પોતાની બ્રાંડ (અખબારો)ની ગુણવત્તા પ્રત્યે સજાગ બન્યા છે. પહેલા Press Conference એક વળતર હતું. આજે એ Specialized હોય તે પત્રકારોને જ મોકલવાનું વલણ આવ્યું છે. આમ, પત્રકારત્વની ગુણવત્તા સુધરી છે. હવે ગમે તે વ્યકિત પત્રકાર બનવા ન આવે. કોઈ જગ્યાએ નોકરી ન મળે તો પત્રકારત્વમાં આવી જાય એવું હવે ચાલતું નથી.

૧૯૯૦ પહેલાંની વાત ગઈ. પીળા પત્રકારત્વનો જમાનો ગયો. Yellow Journalism હવે ટકતું નથી. બીજા અખબારમાં ખુલાસા છપાતા હોય છે. પ્રેસ કોન્ફરન્સ પણ કરીને ખુલાસા થાય. આક્ષેપો હવે ટકતા નથી.

છેલ્લા ૧૦ વર્ષમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. ઊંચો જતો ગ્રાફ દેખાય છે. ચેનલોમાં આપણે ત્યાં કામ કરતા પત્રકારો જ ગયા. રાષ્ટ્રીય અખબારોમાં પહેલાં વન સાઈડેડ આવતું. હવે Value Addition આવ્યું છે. જેને ચોક્કસ રાષ્ટ્રીય સ્તરે મૂકી શકો. અખબારોના માલિકો વચ્ચે હરીફાઈ હોય, પત્રકારો વચ્ચે હરીફાઈ હોય પણ પત્રકારો વચ્ચે સંબંધો સુધરી રહ્યાં છે. પત્રકારો સાથે જમવા માંડયા છે.

વર્ષો સુધી છાપાંની કચેરી પેઢીની જેમ ચાલતી હતી. યુનિયન બને તો વેજ બોર્ડ બને એવું કહેવાતું હતું. સાગમટે જવાના પ્રસંગો પણ બનતા હતા. હવે બદલાઈ ગયું છે. હવે Union જેવું રહ્યું નથી. પત્રકારને કામદાર ગણવો કે નહીં એ પ્રશ્ન કોર્ટમાં છે. હવે કોઈ વેજ બોર્ડ આવવાના નથી. આજે પત્રકારોને કોન્ટ્રાકટ પર કામ કરવામાં વાંધો નથી. આજે પત્રકારોને વેજ બોર્ડ કરતાં ૩–૪ ગણી સેલરી મળતી થઈ છે.

ભૂતકાળમાં માલિકોને પોતાના માણસને યુનિયનનો હોદ્દેદાર બને એમાં રસ રહેતો. વ્યાવસાયિક સજ્જતા માટે ટ્રેડ યુનિયન બનાવવું જોઈએ. એ તો બનાવતા જ હોય છે. જેમ કે અંગ્રેજી પત્રકારોનું યુનિયન છે. ગુજરાતી પત્રકારો માટે અમે પણ વિચારીએ છીએ. જેમાં છાપાંની કોઈ આંતરિક ચર્ચા નહિ કરવાની એમ વિચાર્યું છે. કારણ કે પત્રકારોનો સંઘ કાશીએ ન પહોંચે. તેજોદ્વેશ હોય છે. આથી અમે નામ આપીને (We can not together under

one umbrella) એક થઈને માગણી કયારેય કરી શકીશું નહીં એમ મને લાગે છે.

## મુલાકાત – ૨

અમદાવાદના પત્રકારત્વ અને રાષ્ટ્રીય પત્રકારત્વ વચ્ચે સરખામણી કરવી મુશ્કેલ છે. જુદી વ્યકિત કે સમાજની તુલના કરો તો એમાં બધાને અન્યાય થવાની સંભાવના છે. કારણ કે ગુણવત્તાની દ્દષ્ટિએ આપણા વર્તમાનપત્રો સજ્જ છે. અને બીજા સજ્જ તો છે જ. પણ ત્યાંની પ્રાદેશિક સ્થિતિ હોય એ પ્રમાણે થોડાઘણા ફેરફારો તો આવવાના જ. દા.ત. તામિલનાડુ, બિહાર, ઉત્તરપ્રદેશના લોકો જે સમાચાર જાણવા માંગતા હોય તો ત્યાં એ સમાચારોનું પ્રમાણ વિશેષ હોય એ બનવા સંભવ છે એટલે સમાજના એકંદર આરોગ્યનો પણ પડઘો પડવાનો છે. ઉદાહરણ તરીકે જોઈએ તો બિહારમાં જે છે એ આપણે ત્યાં નથી. એટલે ત્યાંની સ્થાનિક પરિસ્થિતિનો પડઘો ત્યાંના અખબારોમાં પડવાનો છે. આપણે તેની સાથે તો સ્પર્ધા ન કરી શકીએ. બિહાર પછાત સમાજ છે અને ત્યાંના કોઈ સ્થાનિક નેતાનો વિશેષ પ્રભાવ હોઈ આંખો મીચીને તેની પાછળ ચાલતા હોય તેનો કરિશ્મા આવી ગયો હોય એમ બને. એક પ્રકારનો નેતાનો કરિશ્મા આપણા દેશની સૌથી મોટી સમસ્યા છે. કરિશ્મા દરેક દેશમાં હોવાનો. બ્રિટનમાં અને અમેરિકામાં પણ નેતાનો કરિશ્મા હતો. એ બધે હોય પણ કરિશ્માને આગળ કરીને લોકોએ પોતાની વિચારવાની શકિત બંધ ન કરી દેવી જોઈએ. નહેરુ લોકપ્રિય કરિશ્માતી નેતા હતા પણ સભાગૃહમાં જાતે પ્રશ્ન પૂછતા હતા. જો નેતા જાગ્રત હોય તો નેતૃત્વનો કરિશ્મા બંધન ન બને. અને સામે પક્ષે નેતાઓને સ્વચ્છંદતા સાથે વર્તવાનું મોકળું મેદાન ન મળે એ એક વાત બહુ ચોક્કસ છે. દરેક રાજયના સંજોગો જુદાં જુદાં હોય ત્યાં અખબારની એ રીતે તુલના કરવી બરાબર નથી. અમેરિકામાં થોકબંધ મોટાં છાપાં હોય છે. કેટલાક મોટાં નહીં હોય પણ એથી ગુણવત્તામાં ફેર ન હોય. મર્યાદાની દ્દષ્ટિએ પણ કવરેજ કરે પણ મોટાની સામે નાનાં અખબારો કવરેજ તો કરે જ છે. આમ મર્યાદા છતાં ગુણવત્તાની દ્દષ્ટિએ સારુ પત્રકારત્વ હોય છે જ. અપવાદરૂપ કિસ્સા તો દરેક ઠેકાણે રહેવાના. દરેક જગ્યાએ કાળું કે બદનક્ષીભર્યું પત્રકારત્વ અમુક અંશે રહેવાનું છે. એ અનિવાર્ય છે. કારણ કે

સંસારમાં ઈષ્ટ ઘણું છે અનિષ્ટ પણ છે જ. અનિષ્ટ હોય જ નહીં એ શકય જ નથી. મોટાભાગના પત્રો By and Large સ્વચ્છ છે પણ એને પણ વ્યાપારના કે અન્ય પરિબળોનો ખ્યાલ રાખવાનો જ હોય છે. ઉદાહરણ તરીકે આજે બિલકુલ તટસ્થ પત્રકારો ઓછા મળે. જાહેરખબર મળતી હોય તે કંપનીના સમાચાર પ્લેઅપ કરવાના, જાહેરખબર ન મળતી હોય તે કંપનીના સમાચારો પ્લેડાઉન કરવાનાં આવા કેટલાંક પાસાંઓ તો આવવાના જ છે. એના પરથી આપણે કોઈ ખોટા તારણ પર નહીં આવવું જોઈએ કારણ કે Basically આ બાબત અસ્તિત્વમાં છે એ એની જરૂરિયાત છે. એને જો અસ્તિત્વમાં રહેવા માટે આપણે કહીએ કે "બુભુક્ષિતઃ કિમ ન કરોતિ પાપમ" એમ સમાચારની પણ ચોરી પણ થાય છે, સ્પર્ધા પણ થાય છે અને કેટલાંક સમાચારો આપણને ન પણ ગમે તેવા આવે છે પણ આવવાના ખરા. અણગમતું પણ છપાતું હોય એની સામે વાંધો ન લેવો જોઈએ એમ લિંકને કહયું છે. લિંકન જેણે ગુલામી નાબૂદ કરી એથી એના વિરુદ્ધમાં છાપાં ઘણું લખતા હતા ત્યારે તેમના એક મિત્રે કહયું કે પ્રમુખ પાસે બધી જ સત્તા છે આ અખબારો તમારી પર રીતસર ડામર જ લગાડી રહયા છે તેને આપણે બંધ ના કરી શકીએ ? તો લિંકને બહુ સરસ જવાબ આપ્યો છે કે " મારે મુકત લોકશાહી અને મુકત અખબારો વચ્ચે પસંદગી કરવાની હોય તો હું મુકત અખબારો પસંદ કરું " કારણ કે જો મુકત અખબાર હશે તો મુકત લોકશાહી વહેલી મોડી આવવાની જ છે. ભારતમાં પત્રકારત્વ અંગ્રેજોની પરંપરાને કારણે ઠીક પ્રમાણમાં ચાલ્યું. અંકુશો હતા એમની સામે થાય તો અંગ્રેજોની આંખ લાલ થતી હતી. પરંતુ બ્રિટનની પ્રણાલિકા હતી એ પ્રણાલિકા ગુલામ દેશમાં પણ પાળવામાં આવતી હતી. એટલા માટે બ્રિટિશ શાસન સામેના આંદોલનના સમાચારો બ્રિટનના સમાચાર પત્રોમાં આવતા હતા. અને એ પણ પ્રમાણભૂત રીતે આવતા હતા મારીમચડીને નહીં. એટલે મુકત પત્રકારત્વ એ લોકશાહીની પણ રક્ષા કરે છે અને પ્રજાના હિતોની પણ રક્ષા કરે છે.

ભાષા ઘડવામાં પત્રકારત્વનું યોગદાન વિશેષ કરીને જે દૃષ્ટિએ ભાષાની વાત કરતા હોઈએ તો તે છેવટે જે ભાષા બોલાતી હોય લખાતી હોય કે એનું પ્રતિબિંબ જ વર્તમાનપત્રોમાં

પડવાનું છે. એમાં થોડો ફેરફાર થાય પણ એક વાત બહુ ચોક્કસ છે કે આજે અમદાવાદની અંદર છાપું વાંચ્યું હોય તો જે ભાષામાં વર્તમાનપત્ર હોય તે ગ્રામ્ય ભાષામાં ચાલવાનું છે જ નહિ. ગામડામાં છાપુ જશે તો એ ત્યાંની પ્રજા સમજી શકે એટલું તત્વ તો ઉમેરવુ જ પડે.

તમે એવા શબ્દપ્રયોગો કરો કે જે વાચકને સમજાય જ નહી એવું બની શકે નહી કારણ કે છેવટે વર્તમાનપત્ર દ્વારા વાચકો સાથે સંવાદ કરી રહ્યા છો. સંવાદમાં તો એક માણસ બોલે એ સમજનાર સમજે એ જરૂરી છે. એ રીતે અખબારનું લખાણ વાચકો સમજે એ અનિવાર્ય છે. વર્તમાનપત્રો એ સ્તરે જઈ શકે જ નહીં કે જેમાં વાચકને સ્પષ્ટ સમજાય નહીં. થોડી અતિશયોકિત આવે. થોડા ઘણા અવગુણો પ્રવેશે. ઘણીવાર કેટલાક પાસાઓમાં આપણને અસભ્યતા દેખાય અને એ બને પણ છે. આપણે અહેવાલો વાંચીએ છીએ. તો એમાં ધ્યાન રાખવું પડે છે. કારણ કે જો એમાં અસભ્ય હશે તો તંત્રીને વાચકો ધ્યાન દોરશે કે તમારું છાપુ અમારે બંધ કરવું પડશે. અમારા ઘરમાં ૧૨ વર્ષનો કિશોર છે. તમારી ભાષાનું ધોરણ આ રીતનું હોય તો એના હાથમા છાપું મૂકી જ ના શકાય. આજે પણ તમે જુઓ કે ઘણા બધા સમાચારો પર એવો આડકતરો અંકુશ રહે છે કે વર્તમાનપત્ર કોઈ એક વ્યકિતનું નથી રહ્યું કુટુંબનું બન્યું છે. મારા ઘરમાં એક વર્તમાનપત્ર આવે કે પાંચ વર્તમાનપત્ર આવે મારા કુટુંબના સભ્યો ઓછે વત્તે અંશે અખબાર જોવાના જ છે. હું એકલો વાંચતો હોઉ અને વેપાર કે અન્ય હોય તો જુદી વાત છે પણ સમાજમાં એ તો બધાય જોવાના છે. ઘરના તમામ સભ્યો જોવાના છે.

અમદાવાદના સમાજ જીવનની વાત કરીએ તો અમદાવાદી લોકો પાકા એટલે વ્યવહારુ અને ગણતરીવાળા એવો થાય છે. માણસ પાકો એટલે ખરાબ નહીં, શું સારુ અને શું ખરાબ એ સમજી શકે છે એ અર્થ તેમાં અભિપ્રેત છે. અને અમદાવાદ માટે એવી છાપ છે કે અમદાવાદી શાણો, વ્યવહાર કુશળ અને કોઈ દી થાપ ન ખાય. વિશેષ તો કોઈથી છેતરાઈ ન જાય એવી છાપ છે. અમદાવાદની પ્રજાના લક્ષણો સીધા શોધી ના શકાય. પ્રજાનો એક રીતે X-Ray કરીને કહેવું મુશ્કેલ છે કારણ કે બહુ મોટું શહેર છે. ગાંધીનગર પાટનગર છે. બરાબર છે પણ વાસ્તવિક રૂપમાં તો પાટનગર અમદાવાદ જ છે. આજે મોટા શાહુકાર,

દાનવીરો ઉદ્યોગપતિઓની પરંપરા અમદાવાદમાં ચાલે છે ચાલતી રહી છે. અમદાવાદીઓ વ્યવહાર કુશળ માણસો હોય છે. ગણતરીવગરનું કામ કરે જ નહીં. એમાં કંઈ Negative છે જ નહી. બીજું કે વ્યાખ્યા એક બે માણસને લાગુ પાડવાની છે નહીં. દરેક પાકો હોય જ અને પ્રમાણિક હોય જ એવું તો ન જ હોય. લોકો એ પણ એક સાગર છે. પાણીના સેમ્પલ લેવા નીકળો એ શકય નથી. આધુનિક અને વર્તમાન પત્રકારત્વ વચ્ચે ફેર એવો લાગે છે કે મુદ્રણનાં સાધનો બદલાયાં છે. પરંતુ સમાજ જીવનના પરિવર્તનોનું Analysis અઘરું છે. મેઘાણીના સમયમાં ઓછી સજ્જતા હતી અને અત્યારે વધારે સજ્જતા એવું બિલકુલ અસ્થાને છે. પત્રકારત્વમાં જેમ લેખન છે. એમ પત્રકારની અંદર પોતાની વિશેષ શકિત હોય છે. એને આધારે ભૂતકાળમાં બહુ મોટા પત્રકારો થઈ ગયા અને અત્યારે થોડા હશે એવું નહિ પણ હોય.

દરેક ક્ષેત્રમાં ચોક્કસ પ્રકારે શિક્ષણ લો એ આજે જરૂરી મનાય છે. તમે કોલેજમાં જઈને પત્રકારત્વનું શિક્ષણ લો એટલે સારા પત્રકાર થઈ જવાના એ માન્યતા ભૂલભરેલી છે. તાલીમ લેવામાં કંઈ જ ખોટું નથી. કારણ કે જેમ લેખકને બીજ હોય છે એમ પત્રકારનો પણ પોતાનો જીવ હોય છે. એકવાર જોડાયા પછી લખાણ અને તેની ભાષા બંને સુધરવા માંડે. પણ વેપારીનો જીવ હોય તો સારો પત્રકાર ન બને. નહીં તો બધા સાહિત્યકારો પત્રકારો ન હોત ? એવું બનતું હોતું નથી. ભાષા એક વસ્તુ છે જ નહીં પણ એની સાથે પોતાની સાથેનું એક સમીકરણ સમાજની ચિંતા કરવાની ખેવના અને સૌથી મોટી વાત એ છે કે પોતાનો રસ છે.

એ રસ તો હોય છે ને પત્રકારત્વની ડીગ્રી લે છે. અભણ માણસો મોટા ઉદ્યોગપતિ બને છે. કારણ કે તેમને વેપારમાં રસ છે. નાનજી કાલીદાસ ભણેલા નહોતા પણ રસ હતો એટલે વ્યાપારમાં જોડાયા. આજે ઘણા બધા લોકો એવા છે જેમાં બે ભાગ છે. એટલે પત્રકારત્વમાં રસ હોય, આંતરસૂઝ હોય અને પત્રકારત્વનું શિક્ષણ લે તો ઉપયોગી છે. અન્યથા પત્રકારત્વનું શિક્ષણ નિરર્થક બની રહે.

પત્રકારત્વમાં કેટલાક નોકરી માટે આવે છે. હું પોતે પણ સાહિત્યમાં હતો. મને એમ

હતું કે લેખક તરીકે ચોક્કસ માર્ગ મળે આથી પત્રકારત્વમાં જોડાયો. ધીમે ધીમે ઘડાતો ગયો અને આવડત આવતી ગઈ. એક સમયે કોઈપણ શિક્ષિત માણસની પાસે કામ ન હોય તો શિક્ષક અથવા તો પત્રકારત્વમાં જવું પડે એવી સ્થિતિ હતી. એના સિવાય ત્રીજો વિકલ્પ એની પાસે નહોતો. આજે ઉચ્ચ શિક્ષણના પરિણામે અને સ્પર્ધાત્મક વિશ્વમાં શિક્ષિતને માત્ર શિક્ષક અથવા પત્રકાર બનવું પડે એવી સ્થિતિ નથી રહી તે અન્ય વ્યવસાયમાં પણ હવે જોડાઈ શકે છે.

<u>**મુલાકાત – ૩**</u>

સૌથી પહેલાં આપણે અનામત આંદોલનની વાત કરીએ. તો અનામતની જે વ્યવસ્થા છે એ તો આપણે જાણીએ છીએ કે બેકવર્ડ કલાસના વિદ્યાર્થીઓ છે એમને શિક્ષણમાં અને સરકારી નોકરીઓમાં જે અન્યાય થતો રહ્યો છે એ દૂર કરવા માટે મંડલ કમિશને પોતાની ભલામણો કરી હતી. એ ભલામણો પછી ગુજરાતમાં બક્ષીપંચની ભલામણો અનુસાર કેટલીક જ્ઞાતિઓ એવી હતી જેને આપણે Scheduled Caste માં મૂકી ન હતી.

એવી કેટલીક જ્ઞાતિઓની માગણી કરી હતી કે અમને Scheduled Caste માં મૂકો. યાદી revise કરવા માટે દરેક રાજયે આ માટે પોતાના પંચો નીમ્યા હતા. ગુજરાતમાં કેટલીક જ્ઞાતિઓને બક્ષીપંચમાં મૂકવામાં આવી હતી. એમને પણ અનામતનો લાભ આપવા નક્કી થયું. હકીકતમાં ગુજરાત અને બીજા બધાં રાજયોમાં અનામતની સામે વિરોધ ન હતો. પણ અનામત Quota વધારવા માટે સરકારોએ રાજકીય કારણોસર જે પગલાં લીધા એના કારણે સવર્ણ વર્ગના મેરીટોરિયસ વિદ્યાર્થીઓને લાગ્યું કે અમને અન્યાય થશે. આથી આપણે ત્યાં અનામત વિરોધી એક આંદોલન ઊભુ થયું. અનામત વિરોધી આંદોલન ઊભું થવાની પાછળ જે કેટલાય વખતથી સવર્ણ છાત્રોને સરકારી નોકરી અને શિક્ષણમાં જે અન્યાય થતો હતો એવી એમની લાગણી એના મૂળમાં હતી.

એક રીતે કહીએ તો એક સ્વયંભૂ આંદોલન શરૂ થયું કારણ કે ગુજરાતમાં બૌદ્ધિક વર્ગ છે જે મધ્યમવર્ગ છે કે જે પ્રોફેશનલ ડીગ્રીઓ દ્વારા પોતાની કેરિયર બનાવવા માગે છે એવો એક જે વર્ગ હતો એ વર્ગનો આ આંદોલનને ટેકો મળ્યો એટલે એક રીતે કહીએ તો સ્વયંભૂ

આંદોલન હતું. પણ ધીમે ધીમે આ આંદોલને રાજકીય રંગ પકડી લીધો.

એટલે અનામત વધારવા માટે એ વખતના મુખ્યમંત્રીશ્રીએ પ્રયત્ન કર્યા એના કારણે તેમના વિરોધીઓએ આંદોલનને સપોર્ટ આપ્યો એટલે એક મેરીટ વર્સીસ રિઝર્વેશન એ જે પ્રશ્ન હતો એ પ્રશ્ન સવર્ણો વર્સીસ OBC એ લોકોનો થયો. (Those who are not covered in S.C.) ગુજરાતના અખબારોએ મોટેભાગે અનામત વિરોધી આંદોલનને સારો એવો સપોર્ટ આપ્યો કારણકે અમદાવાદ અને ગુજરાત શિક્ષણની બાબતમાં બીજા રાજયો કરતાં ઘણું આગળ હોવા છતાં પણ ગુજરાતના જે મેરોટોરિયસ વિદ્યાર્થીઓને પ્રોફેશનલ કોર્સીસમાં પૂરી તક મળતી ન હતી. અને એ વખતે આપણે  ત્યાં Self Finance કોઈ સંસ્થાઓ પણ નહતી. એટલે પૈસા આપીને પણ આવા ડીગ્રી કોર્સીસમાં તમે એડમિશન મેળવી શકતા ન હતા. આ પરિસ્થિતિમાં આ આંદોલનને મોટાભાગના પત્રકારો અને લગભગ તમામ અખબારોએ ટેકો આપ્યો. અખબારોએ, સવર્ણ વર્ગે અનામત વિરોધી આંદોલનને વધુ ટેકો આપ્યો. અખબારો જેઓ અનામત વિરોધી આંદોલનનો કાર્યક્રમ કરે જેમ કે નેતાના પૂતળા બાળે – બક્ષીપંચ અહેવાલની હોળી ડેમોસ્ટ્રેશન વગેરેને સારી એવી પ્રસિદ્ધિ આપતા હતા. અનામતના કારણે દેશને કેટલું નુકશાન જાય એવા કેટલાંક લેખો લખાતા હતા. પણ એનું પ્રમાણ ઘણું ઓછુ રહેતું. એ વખતે રાજકીય – સામાજિક સમીક્ષકો કહેવાય તેઓ  પણ એવા વર્ગમાંથી આવતા હતા કે જે વર્ગની સાથે અનામત વિરોધી આંદોલનનું હિત સંકળાયેલું હતું. They were part of the society તમે પોતે સમાજના જે ભાગ હો – If you are part of the whole you cannot come out from the whole, થોડે ઘણે અંશે તમે એમાં Involve થાવ અને એમાં તમારો અંગત પૂર્વગ્રહ પણ આવે. એ વખતમાં ઈશ્વર પેટલીકર – આ પ્રશ્નના ઉત્તરોરૂપે Proze & cons માં વિચારો વ્યકત કરતા હતા. આવા બીજા કેટલાંક જેને આપણે Main Streem Journalismના કહી ના શકીએ  તેવા OBC આંદોલનને પ્રસિદ્ધિ આપતા હતા. એમાં ખાસ કરીને ઈન્દુકુમાર જાનીનું નામ કહી શકીએ. પણ પ્રમાણમાં ગુજરાતમાં આખું પત્રકારત્વ હતું એમાં અનામત વિરોધી આંદોલનને સારી બાજુ બતાવનારા વધારે હતા. આ આંદોલનથી સમાજમાં

એકજાતનું ધ્રુવીકરણ સવર્ણ વર્સીસ S.C., S.T., O.B.C.માં થયું Main Stream Journalism માં અનામતની હકારાત્મક બાજુઓ બહુ ઓછી છપાતી. એની અસરકારકતા ઓછી હતી, વિચારકો અને વિચારપત્રોનો પ્રભાવ ઘણો ઓછો હતો. દૈનિક અખબારોનો વાચક વર્ગ વધુ એટલે એનો સમાજ પર ઘણો પ્રભાવ પડતો હતો. એકરીતે Imbalance ઊભું થયું હતું. ૧૯૯૧માં–સ્વયંભૂ આંદોલન થયું પણ પછી જો કે થોડું Background આપું તો મંડલ રિપોર્ટ ઘણા વખત પહેલાં આવ્યો હતો. ઈન્દીરા ગાંધીએ મંડલનો અમલ નહોતો કર્યો. કારણ કે એમને ખબર હતી કે આના કારણે સમાજમાં વિભાજન થઈ શકશે, સાથે સાથે ઘણા પ્રશ્નો પણ પેદા થશે. પરંતુ વી.પી.સિંહના વખતમાં એ વડાપ્રધાન હતા ત્યારે મંડલનો અમલ કર્યો. એની પાછળનું કારણ જુદું હતું કારણ કે એમની પાસે બીજો કોઈ એજન્ડા ન હતો. State Govt. ને મંડલ કમિશન જે S.C. S.T. માં સરકારની રીતે રિઝર્વેશન છે એ તો છે જ. પણ શૈક્ષણિક અને સામાજિક રીતે જે પછાત વર્ગો હોય અને મહિલાઓને સમાન તક મળે એ માટે રાજય સરકાર પોતે પગલાં ભરી શકે એટલે આવી આપણા બંધારણમાં જે જોગવાઈ હતી એનો લાભ રાજય સરકારો લેવા માંડી.

એ વખતે સામાજિક અસર ઘણી ખરાબ હતી. એ સમયની કટુતા જો કે અત્યારે શમી ગઈ છે. એના કારણ બે છે. જુદાં જુદાં રાજયોમાં Self Finance Institute અને World Class IIM સંસ્થાઓમાં ACC India Compe. અને Merits ને પ્રાધાન્ય આપે છે. આ બધાને અસર થઈ નથી. જે વિદ્યાર્થીઓ ખૂબ જ Excellent હતા તો એમને બીજા રાજયોની આવી સંસ્થાઓમાં પ્રવેશ મળવા માંડયો. શિક્ષણના ક્ષેત્રમાં સ્પર્ધાત્મક યુગ શરૂ થયો. પરિણામે અનામતની અસર થોડી ભુંસાવા માંડી બીજું Self Finance માં As Exp. જોઈએ તો વલ્લભ વિદ્યાનગરમાં મેડિકલ કોલેજ થઈ એમાં પ્રાઈવેટ ડોનેશનના આધારે પ્રવેશ શરૂ થયા. તામિલનાડુ, કર્ણાટકમાં ગુજરાતના વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મોટી છે. એટલે આપણે ત્યાં વિદ્યાનગરઅને પછી તો બીજે પણ Self Finance Institutes શરૂ થઈ. એટલે જે લોકો સાધન સંપન્ન હતા એવા લોકો પોતાના સંતાનોને પોતાના જ પ્રોફેશનમાં લઈ જવા માગતા હતા.

દા.ત. ડોકટર હોય એમની પાસે પૈસા હતા એડમિશન મેળવી શકયા હતા. શાસકને હટાવવા માટેનું આ આંદોલન હતું એવું Specific ન કહી શકાય. પણ એક જાતનો રાજકીય વિરોધ હતો. જયાં સુધી કોઈપણ આંદોલનને મહાગુજરાત હોય, નવનિર્માણ કે અનામત વિરોધી આંદોલન Political Parties પાછળથી પણ સપોર્ટ ના કરતા હોય તો લાંબો સમય ચાલી શકે નહી. પ્રજામાંથી સ્વયંભૂ ઊભું થયું હોય તો પણ ન ચાલી શકે કારણ કે આંદોલન ચલાવવા માટે ટેકાની જરૂર પડે જ. દા.ત. મહાગુજરાત આંદોલન જોઈએ તો શરૂઆત વિદ્યાર્થીઓથી થઈ પણ પછી પોલિટિકલ પાર્ટીઓએ વિદ્યાર્થીઓને પોતાની પાંખમાં લેવા પ્રયત્નો શરૂ કર્યા. ફાટફૂટ પડાવવાનો પ્રયાસ કરે પોલિટિકસને ત્યાં કામ કરે. પણ જે પાર્ટી વધારે સાધનસંપન્ન હોય, કુશળ હોય એ છાત્રોને લેવામાં સફળ થાય પણ પાર્ટી વિના આજે પણ કોઈ આંદોલન લાંબો સમય ચાલી શકે નહિ. અનામત વિરોધી આંદોલન ગુજરાતમાંથી જ શરૂ થયું ન હતું. એની ઉગ્રતા મોટાભાગનાં રાજયોમાં વધતી ઓછી હતી પણ ગુજરાતમાં વધુ વેગવાન જોવા મળ્યું.

અનામત વિરોધી આંદોલનમાં રાષ્ટ્રીય–સ્થાનિક વર્તમાનપત્રોનું કામ કેવું હતું એ જોઈએ તો નેશનલ પ્રેસ અનામતની તરફેણમાં હતા. અમદાવાદના અંગ્રેજી અખબારના તંત્રીઓ–પત્રકારો ગુજરાતના યુવાનોની લાગણી બહારથી આવેલા લોકો સમજી શકતા ન હતા. એ વખતના પોલિટિકલ એસ્ટાબ્લિશમેન્ટને એવો રસ હતો કે National Media આપણને સપોર્ટ કરે, તેનાથી નેશનલ ઈમેજ સારી થાય. શાસકો અંગ્રેજી છાપાંમાં આંદોલનની વિરુદ્ધમાં છપાય તેમ ઈચ્છતા. એથી સરકાર અંગ્રેજી અખબારનો વિશ્વાસ સંપાદન કરતી હતી. ત્યાંના પત્રકારો પણ સારું એવું કવરેજ આપતા હતા. જયારે સ્થાનિક પત્રકારત્વમાં સમાજના સભ્ય તરીકે મનમાં કંઈપણ હોય તો છતાં પણ ઓબીસી અનામત સામે Out Right સપોર્ટ ન કરવો, એક જાતનો ડર લાગે, ધરણાં, દેખાવોનો મનમાં ડર લાગે જયારે અંગ્રેજી અખબારો ગમે તેટલું લખે પણ ગુજરાતમાં તેની અસર ઓછી પડે. કારણ કે બહુ ઓછો વાચક વર્ગ છે. અને વાંચનાર પણ બુદ્ધિજીવી એટલે વાંચીને પ્રભાવિત થાય નહિ. તેમનું સરકયુલેશન ખૂબ જ

ઓછું પણ વર્નાકયુલરમાં વાંચનાર વર્ગ વ્યાપક હતો. પત્રકારત્વમાં પણ આ રીતે વિભાજન હતું. નવનિર્માણ આંદોલનમાં બંન્ને પ્રેસ સપોર્ટર હતા. કારણ કે Basically મેસ ફુડ બિલમાંથી શરુ થયું હતું. એ સ્વયંભૂ આંદોલન વિદ્યાર્થીઓ દ્વારા હતું. જેમાં સમાજના તમામ વર્ગના લોકોને લાગ્યું કે આ ખોટી વસ્તુ છે. ફૂડ બિલમાંથી શરૂ થયેલું નવનિર્માણ આંદોલન પછી ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન બની ગયું. સમાજ ભ્રષ્ટાચાર જાણતો હતો. આંદોલને ભ્રષ્ટ રાજકારણીઓ સામે દબાયેલા રોષનો મોટો વિસ્ફોટ કર્યો. નવનિર્માણ આંદોલનમાં ૧૦૦% આંદોલનની તરફેણ વર્તમાનપત્રો અને વિચારપત્રોએ કરીને આંદોલનને ટેકો આપ્યો હતો. રાજકારણીઓ પછીથી પ્રવેશ્યા. ઈન્દિરા ગાંધી સામે એ સમયના મુખ્યમંત્રી ચીમનભાઈએ બાથ ભીડી હતી. એટલે દિલ્હીની પણ ઈચ્છા હતી કે આ આંદોલન વેગ પકડે. નવનિર્માણ આંદોલનનો સરસ મુદ્દો વિરોધી છાવણીને મળ્યો હતો. કંઈક અંશે આંદોલનનો મુદ્દો ચીમનભાઈને હટાવવા માટે તેમના વિરોધીઓનો હતો. એકવાર નવનિર્માણ આંદોલન શરૂ થયું પણ બીજીવાર સફળ ન થયું. આંદોલનના કેટલાંક સૂત્રધારોને હિત ધરાવતા તત્વો અને રાજકીય પાર્ટીઓએ પ્રલોભનો આપ્યા જેમાં ઘણેઅંશે સફળતા મળી. એકમાત્ર મનીષી જાની આદર્શવાદી હતો એને રાજકારણીઓ અસર ન કરી શકયા. જે આજે પણ આદર્શવાદી વિચારોમાં મકકમ છે અને મેઈનસ્ટ્રીમ ટ્રેન્ડથી પણ અલગ જાય છે. નવનિર્માણ આંદોલનમાં મનીષી જાની સુખદ અપવાદ છે. નવનિર્માણમાં ભાગલા પડાવવામાં આવ્યા એના કારણે બીજા તબક્કામાં સફળ ન થયા. ફરી શરૂ ન થયું ? કારણ શું ? બે કારણ છે. આંદોલન થોડો વખત ચાલે પણ આરંભે શૂરા લોકો વધુ હોય છે. ઘણા લોકો વિચારથી આવ્યા જ ન હોય. માત્ર હૈસા ભેગો હૈસો કરીને જોડાયા હોય જેમને આઈડિયોલોજી સાથે સંબંધ ના હોય. પછી આપણને કશું મળતું નથી એટલે છૂટા થઈ જાય છે. હવે આંદોલન સફળ નથી રહેતાં કારણ કે આપણે ત્યાં લીડરશિપનો અભાવ જોવા મળે છે. ઉદાહરણરૂપે જોઈએ તો આઝાદી વખતના લીડરો હવે ઓછા થઈ ગયા. એ વખતે Nationalist Spirit હતો. જેમાં લીડરશિપ સ્વાર્થરહિત હતી. પછી આદર્શ અને અંગત પૂર્વગ્રહ જેવી ભેળસેળ – મારા કેટલા ટકા ? આવો ભાવ

આંદોલનમાં જોવા મળે છે. દા.ત. રમખાણ થાય પછી Anti Social Elements ભળી જાય. દુકાન લૂંટાતી હોય ત્યારે ભળી જાય પછી કરફયુ બાદ શાંત થઈ જાય. કોઈપણ આંદોલનમાં મારું શું ? એ ઘૂસી જાય પછી થાય જ નહિ. લોકો Self Centred થઈ ગયા છે. લોકોમાં હતાશા આવી ગઈ છે. આંદોલનથી કંઈ વળવાનું નથી એવું માને છે. આંદોલનમાં સૌથી ઉપલા વર્ગને રસ નથી. એને પોતાના ધંધા–રોજગારમાં જ રસ હોય છે. Upper Middle Class જે Arm Chair Activist ગણાય છે તે ભાષણો આપે પણ આવે નહિ. બીજો વર્ગ આવે પણ જુએ આપણી સાથે કોણ છે એ જુએ. આ કલાસ Silent - Majority Class  છે. જે પોતાનો બુલંદ અવાજ વ્યકત કરે છે. એટલે Vocal Minority પોતે આંદોલન શરૂ કરે છે પણ પછી એની Vocality ઓછી થઈ જાય કારણ એ Minority હોય છે. એને Minority ના કારણે ટેકો મળે નહી મીડિયાના ટેકા વગર કોઈપણ આંદોલન લાંબું ચાલી શકે નહીં. અનામત આંદોલનમાં એક વ્યકિતગત તત્વ આવતું હતું. જયારે નવનિર્માણ આંદોલનમાં ભ્રષ્ટાચારની મને સીધી અસર ન થઈ હોય પણ Value Based આંદોલન થયું હતું. પરિવર્તનો આંદોલનમાં કેમ આવે છે. ગોધરા – આંદોલનને આદર્શ કે ઉદ્દેશ સાથે સાંકળી ન શકીએ. એ Communal Backless હતો. એ સામાજિક આંદોલન સાથે ન મૂકી શકીએ. ગોધરાકાંડ Fenitism એટલે આંદોલન ન કહેવાય. એ સામાજિક આંદોલન નથી. પણ એક ધર્મના લોકો સંગઠિત થઈને આવ્યા. આંદોલનમાં પત્રકારત્વ માટે Insight મહત્વની હોય છે. દા.ત. ગોધરાકાંડ થયો આજે પણ લોકોને ખબર નથી કે Fact શું છે, સપોર્ટ કરે છે એ આંધળો સપોર્ટ કરે છે. અને વિરોધ કરે છે એ પોતાના Ideas જેમ કે Secular એવો અભિગમ વ્યકત કરે છે. જયાં જયુડિશિયરી કમિશનો પણ સંપૂર્ણ સત્ય બહાર લાવી શકતાં નથી. કારણ કે એમની પાસે માહિતી આપનારું તંત્ર છે એ પોલીસ છે. તો પોલીસ એ પણ આમાં એક પાર્ટી છે. એટલે એ લોકો પોતાના મનફાવતા સાક્ષીઓ લાવે. બીજું કે તોફાનોમાં સ્વતંત્ર સાક્ષીઓ મળતા નથી. અનામત આંદોલનનું મૂલ્યાંકન કરવું હોય તો કરી શકીએ કારણ કે થોડોક સમય પસાર થઈ ચૂકયો છે. પણ ગોધરાકાંડનો હજુ એટલો સમય ગયો નથી. ગોધરાકાંડમાં અત્યારે કંઈપણ કહીએ તો

Untruth થાય, કારણ સાક્ષીઓ ફરી જતા હોય છે. ગોધરાકાંડ માટે કંઈક કહેવું એ વધારે પડતું કહેવાય. ધૂળ સમી જાય એ પછી કહી શકાય.

નવનિર્માણ–અનામત આંદોલનમાં અખબારોનો ટેકો મળ્યો હતો. પણ માત્ર દુનિયાના ટેકાથી કોઈપણ આંદોલન સફળ થતું નથી. અથવા Media નો ટેકો ન હોય તો કોઈપણ આંદોલન નિષ્ફળ જતું નથી. એનો આધાર આંદોલન કેટલું મજબૂત છે ? સમાજના પાયામાંથી ઊગેલું છે, અને આગેવાનોની વિશ્વસનીયતા કેટલી છે એના પર આધારિત છે. આંદોલનમાં વિશ્વસનીયતા – પ્રતિબદ્ધતા હોય એની અસર પડે છે. આવી શકિત ધરાવતું નેતૃત્વ હોય તો સફળ થાય. બીજુ ઘણીવાર સામૂહિક નેતાગીરી હોય – Aim એક જ હોય તો પણ આંદોલન સફળ બની શકે. સૌથી મોટી સફળતા કોણ નેતા છે એના પર છે. મહાગુજરાતમાં એક જ ધ્યેય હતો એ આંદોલન આથી તે સફળ નીવડયું હતું. જો નેતૃત્વ પ્રબળ હોય તો પ્રજાનો ટેકો મળે અને Media ને પણ સપોર્ટ કરવો જ પડે. અથવા એને રિફલેકટ કરવું જ પડે. Neglect ના કરી શકો. મહાગુજરાત વખતે અંગ્રેજી અખબારો વિરુદ્ધમાં લખતા છતાં કોઈ ફરક પડયો નહીં. કારણ લોકોને તે અખબારો સાથે નિસ્બત ન હતી. રાષ્ટ્રીય અખબારોની ગુણવત્તા ઘણી સારી છે પરંતુ સમાજ જીવનમા એક જ વર્ગ – સાધનસંપન્ન વર્ગનો પડઘો પડે છે. અમદાવાદનો દાખલો લઈએ તો પૂર્વનો પડઘો ઓછો પડે પશ્ચિમનો પડઘો વધારે પડે. કારણ કે Media Readership વર્ગ કે Viewership વાચક વર્ગને ધ્યાનમાં લેતા હોય છે. એટલે – Middle–Higher and Upper Class નો પડઘો પડે. દલિતોનો ઓછો પડઘો પડે છે. માટે દલિત પત્રકારત્વ, સાહિત્ય આવ્યું આ અનામત આંદોલનની સમાંતરે ૧૯૮૫ પછી આવ્યું. ગુજરાત અને અમદાવાદની સંસ્કારિતા પ્રાચીન ભારતીય રીતરિવાજો કે સામાજિક Tabus ને વળગી રહેવાની છે. આજે પરિવર્તન બે રીતના દેખાઈ રહ્યાં છે. ગુજરાત બહારથી લોકો આવે છે. માટે પચરંગીપણું આવ્યું છે. મુંબઈની જેમ અમદાવાદ આવી રીતે પલટાઈ રહ્યું છે પણ મુંબઈ બાદનું મહારાષ્ટ્ર મરાઠી ઓળખ જાળવી રાખે છે. તેની સામે ગુજરાતમાં પોતાની ઓળખનું અસ્તિત્વ જાળવવા માટેનું કોઈ જોરદાર પ્લેટફોર્મ નથી. રમત–કલા–સાહિત્ય–ફિલ્મમાં પણ

નથી. ગુજરાત સમૃદ્ધ હોવાના કારણે મોટું માર્કેટ બન્યું. જેના કારણે ઉપભોકતાવાદ અત્યારે અમદાવાદમાં જોવા મળે છે. આજે અમદાવાદ ન તો પરંપરાગત છે ન આધુનિક છે. હાલ આ શહેરનો સંક્રાંતિ કાળ ચાલે છે એમાંથી કયા રસ્તે જઈશું એ ચીધવા પત્રકારો, સમાજશાસ્ત્રીઓ યોગદાન આપી શકે.

પત્રકારત્વમાં Formal શિક્ષણની જરૂર નથી. ડોકટર – વકીલ માટે જરૂરી છે એવું પત્રકારત્વનું શિક્ષણ જરૂરી નથી. એટલે જેની પાસે સમાચારની સૂઝ હોય, ગ્રાસ્પિંગ, એકસપ્રેશન્સ હોય તો પત્રકારત્વ ઊગી નીકળે છે. પણ વૈવિધ્યીકરણના જમાનામાં આજે Formal Education જરૂરી છે. પહેલા એક કમિટમેન્ટ હતું, આજે Proffessionalism પ્રવેશ્યું છે.– એ વખતે ગાંધીજી અને નર્મદ હતા. શિક્ષણની જરૂર ન હતી. નર્મદે જે કર્યું એ આંતરસૂઝથી કર્યું. અમારા વખતમાં અમારે યાદ રાખવું પડતું હતું. આજે ઈન્ફર્મેશન યુગમાં યાદ રાખવું જરૂરી નથી. જે લોકો સારી સંસ્થામાં ભણ્યા છે એ લોકો પત્રકાર તરીકે સફળ થયા છે. પણ પત્રકારત્વનું શિક્ષણ ગુજરાતમાં Theoritical વધારે છે. Classroom અને Newsroom વચ્ચે Link હોવી જોઈએ, એ નથી. અખબારો અને શિક્ષણ સંસ્થાઓ વચ્ચે Live Contact નથી. અખબારો માને છે કે જેમણે શિક્ષણ લીધું છે એ કામનું નથી તો શિક્ષણ આપવા બેઠેલા એવું માને છે કે અમે આપીએ છીએ તે કામનું છે. એવો પૂર્વગ્રહ આવે છે. એક વખત એવો હતો કે એક જ પત્રકાર એટલો પ્રભાવશાળી હોય કે તેની અસર ઝીલાતી હતી. દા.ત. ગાંધીજી. તેઓ પત્રકારત્વની એક સંસ્થા જેવા હતા. આજે પત્રકારત્વ મિશન નહી ઉદ્યોગ બની ગયું છે. એની પાસેથી નેતૃત્વની આશા રાખી શકો નહી. કારણ કે એને ધંધો કરવો છે.

આજે અખબારો ઘણી વખત પોતાના હિતમાં આંદોલન શરૂ કરાવે છે ખરૂ પણ એ લાંબો સમય ચાલતું નથી, કારણ કે વ્યકિતને નુકશાન કરી શકાય છે, આખા સમાજને નહીં. છેવટે તો લોકો કયા પેપરની કઈ પોલિસી છે એ જાણતા હોય છે. કયું અખબાર કોની તરફેણમાં કે કોઈના વિરોધમાં છે એ ખબર પડી જાય છે. એટલે હવે લાંબો સમય પ્રજાને અંધારામાં રાખી શકો નહી એવી સ્થિતિ પ્રવર્તે છે.

## મુલાકાત – ૪

અહીંનું પત્રકારત્વ છે એને અમદાવાદ શહેર જે રીતે બદલાતું ગયું એને અંગે બદલાતા શહેર અને પત્રકારત્વ વચ્ચે કેટલીયે રમઝટ થઈ (Interaction) એ તપાસનો વિષય છે. મને અત્યારે તત્કાળ બે ત્રણ જુદા છેડાથી વિચાર આવે છે. એ વખતે કહું કે છેલ્લામાં છેલ્લી ઘટના તરીકે અમદાવાદમાં ભાસ્કરનો ઉદય. છેલ્લામાં છેલ્લી ઘટના એટલા માટે કે આપણા શહેરમાં સ્થાપિત દૈનિક સિવાય અન્ય અખબાર અહીં હોઈ શકે એવું માનતા ન હતા. મને નિખાલસ પ્રશ્ન થાય છે કે ભાસ્કરે કયા અમદાવાદને ઓળખ્યું કે કામ પાડયું ? તો મૂળભૂત રીતે નવા વાપરનાર વર્ગ આવ્યો. Neorich અને નવો વાપરનારની વચ્ચેના વર્ગને એણે scatter કરવા માંડયો.આમ તમારી અને મારી એક રાજકીય સમાજશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે અને પ્રજાસત્તાક નાગરિક તરીકે અપેક્ષા હોય કે તમે નાગરિક સાથે કામ પાડો એને બદલે આ આખું મનોવલણ છે એ મૂળભૂત રીતે વાપરનાર – ખરીદનાર સાથે કામ પાર પાડનારુ છે એટલે એ અર્થમાં અમદાવાદના નવા વિકસતા મધ્યમવર્ગની સાથે કામ પાર પાડવાની આવડત નવા અખબારમાં આવી ખરી એમ કહી શકાય. જે ઘણા લાંબા સમય સુધી ગુજરાત સમાચારની વિશેષતા રહી હતી અને રહી છે. પણ કયારેક એ ઘણાં વર્ષો સુધી તેમની મોનોપોલીના ગાળામાં અને અત્યારે ગુજરાત સમાચાર અને સંદેશ અંશતઃ પણ એક નાગરિક તરીકે અને નાગરિક જોડે કામ પાર પાડતા હતા. ભાસ્કર સહિત એ કયાંય દેખાતું નથી. મને તો એક પ્રકારની શૂન્યતા લાગે છે કે આપણે બજાર સમાજ જોડે કામ પાર પાડીએ છીએ પણ નાગરિક સમાજ જોડે કામ પાર પાડતા નથી. આ ત્રણ સિવાયનાં બીજાં અખબારો નાગરિક સાથે કામ પાડતા હોય એવુ છે એમાં એવું છે કે જનસત્તાનો લાંબો ઈતિહાસ રહ્યો. આજે પ્રત્યક્ષ હાજરી કમનશીબે નથી. આજે પણ તેનું લખાણ ગમે એવું જ છે. ગુજરાત ટુડેને લાંબા સમય સુધી – નોંધપાત્ર ઘટના હું ગણું છું. એકરીતે આપણે જેને Main Stream જર્નાલિઝમ કહીએ છીએ. એ સમાજના બહુ મોટા વર્ગને એ વાચા આપતો નહોતો, કારણ કે મોટા અખબારો હોવા છતાં ગુજરાત ટુડે આવ્યું, એનો ફેલાવો ઠીક થયો. જનસત્તાને સ્થાને ત્રીજા ક્રમે આવી

ગયું અને ટકી ગયું. ગુજરાત ટુડે નો ઉદ્દભવ અને વિકાસ એ Main Stream સામે થયો. આમ તો સંદેશ – ગુજરાત સમાચારનું ચારિત્ર્ય કહીએ તો અનામત વખતે પણ બહાર પડી ગયું હતું. એક મોટા વર્ગને વિકાસની પ્રક્રિયામાં આવવા અંગે નિરુત્સાહ અને રોકવાના પ્રયાસમાં હતું. વંચિત વર્ગનો પ્રતિકભાવ એ વખતે ના આવ્યો. પણ આ પછીના ગાળામાં જે કોમી વિભાજન વખતે પ્રતિકાર આવ્યો. અને તેને પ્રતિસાદ પણ મળ્યો. એ રીતે ગુજરાત ટુડેનો ઉદ્દભવ અને વિકાસ એ ગુજરાત સમાચાર અને સંદેશ પરની બોલતી ટીકા છે. ગુજરાત ટુડેમાં બે વાત છે. ગુજરાત ટુડેના તંત્રી પાનાની સામગ્રી રાષ્ટ્રીય અખબારોની હોય છે. જે Mian Stream પત્રો નથી લેતા એ એમાં આવે છે. પણ Impact માં બજાર પરિબળોની મર્યાદા પણ ખરી. પહેલાં કરતાં હવે જે વર્ગને સ્થાન સમાવેશનું વલણ વધ્યું ગુજરાત ટુડે અને અન્યમાં પણ તે દેખાય છે. ભાસ્કરના પ્રવેશથી એક વાતથી મનમાં ખેદ થયો. ગુજરાત સમાચાર તો જામેલું છાપું હતું. એણે કુપનરૂપે બજાર ડીલ શરૂ કર્યું. હવે આપણા નોંધપાત્ર છાપાં ફૂલછાબ, ગુજરાત મિત્ર – ને આમ તો ગુજરાત સમાચાર અને સંદેશના ફેલાવાનું ગ્રહણ લાગ્યું હતું. અધૂરામાં પૂરુ ભાસ્કર પ્રવેશ પછી ગુજરાત સમાચાર તેને હરીફ લાગે પણ ગુજરાત મિત્ર – ગુજરાત ટુડે – ફૂલછાબ ને ઘસારો વધુ પહોંચ્યો. એટલે  થયું એવું કે ભાસ્કર પ્રવેશથી પહેલાં નહોતું એવું ખુલ્લાપણું ગુજરાત અને સંદેશે દાખવવું પડયું. વાચક છે એની પાસે આર્થિક રીતે સક્ષમ વિકલ્પ આવ્યો. એ ગુજરાત સંદેશની ટક્કર લઈ શકે એ આ ત્રણ મોરચે શકય ન હતું. એ આર્થિક રીતે ભાસ્કરે એ પડકાર ઝીલી લીધો એનો લાભ પણ થયો. અમદાવાદના શહેરી સમાજજીવનને ઘડયું. ગુજરાત સમાચાર અને સંદેશે એક કાળે ઘડયું છે. હવે આજે ઘડે તો છે, પણ કેવું ઘડયું છે એ Value Free માં નાંખીને વાપરવું પડે. કારણ કે, એ શું ઘડે છે કેવું ઘડે છે એ સવાલ ઊભો રહે છે. એવું છે કે ભૂકંપ – ઉલ્કાપાત થાય તો પૃથ્વીની રચનામાં કેટલોક ફેરફાર થાય તો ઉલ્કાપાતે પૃથ્વીને ઘડી કહેવાય ! પણ હકારાત્મક ઘડતરની વાત હોય તો આનો જવાબ આપવો ૧૦૦ ટકામાં મુશ્કેલ છે અને સલાહ ભર્યો નથી એમ કહી શકાય.

આધુનિક જીવનમાં ઐતિહાસિક ઘટનાઓનું મહત્વ રહ્યું છે. મહાજન પરંપરા – ગાંધીયન અસર લાંબો સમય રહી. સ્વરાજની લડતમાંથી એ ઊભું થયું. લોકપ્રકાશન લિ.ના તંત્રી દાંડી સૈનિક કપિલરાય મહેતા હોય એ ઝીલે જ. એ તો આવે જ. એ એક સમયગાળો હતો પણ પછી તો આ વાપરનાર અને ખરીદનારના બજારમાં સાબુ–ગોટા વેચાય એમ છાપું પણ તમે વેચો છો.

આંદોલનમાં છાપાં મૂડ બનાવી શકે એ વાત સાચી છે. છાપાંઓ મૂડ બનાવવામાં અને આપણે મૂડ પ્રગટ કરીએ તો બજાર ચાલુ રહેશે એ રીતે ચાલ્યું. પણ છાપાંઓએ એક વિવેકપૂર્વક કે સૌજન્યપૂર્વક કામગીરી કરી હોય એવું મને લાગતું નથી. કોલમીસ્ટે સમજવાનો કે ચર્ચવાનો પ્રયાસ કર્યો હોય એમ બન્યું હોય એવા બહુ ઓછા પ્રસંગો છે. આ રીતે ઈશ્વર પેટલીકર, યશવંત શુકલ, વાસુદેવ મહેતા લખતા એ જુદી વાત છે. એ જમાનો દંતકથારૂપ બની ગયો પણ પત્રકારત્વે મૂળગામી અર્પણ કર્યું હોય એવું લાગતું નથી.

Main stream Journalism કોઈકને Hero ને કોઈકને Zero બનાવી દે છે. તાજો દાખલો એલ.કે. અડવાણીનો આપી શકાય. અમદાવાદમાં વિચારપત્રો ચાલી રહયા છે. Main stream અને વિચારપત્રો બાબતે અમદાવાદમાં પાયાનો ભેદ છે. વિચારપત્રો નાનકડા–નિસ્બત ધરાવતા સભાનવર્ગમાં જ ચાલે છે પણ વિચાર વધુ તો રોજેરોજ દૈનિક છાપાં જ કરવાનાં છે. રીપોર્ટિંગ થતું રહે ઉપરાંત કોલમીસ્ટોમાં એવો વર્ગ ઊભો કરવો જોઈએ કે રીપોર્ટિંગની વાત સમજી વિચારીને લખે તો વિચારો પરિશુદ્ધ થાય પણ એવું કંઈ બનતું નથી. અપવાદરૂપ કોલમીસ્ટો આવે છે ખરા પણ એ લાંબા ગાળા સુધી ચાલતું નથી. સામાન્ય રીતે સ્થાયી કામ થવું જોઈએ એ થતું નથી.

નવનિર્માણ બાબતે છાપાં કૂદી પડયાં ઉત્સાહથી અને They sold what ever it they can sell. મધ્યમવર્ગ – ખરીદનાર વર્ગ અને છાપાં ચલાવનાર વર્ગ બન્ને મધ્યમવર્ગ હતો. એટલે એકબીજાને મેળ પડતો હતો. મધ્યમવર્ગ જે કંઈ ખોટું છે એ નઠારા રાજકીય પક્ષને કારણે છે. વાચાળ મધ્યમવર્ગ–ખરીદનાર મધ્યમવર્ગ અને છાપાંમાં બેઠેલો મધ્યમવર્ગ એમને

રાજકારણીઓ જ નકામા છે એ કહેવું એમને ફાવે એમ હતું. પત્રકારત્વ ક્ષેત્રના નોકરિયાતના Mind Set અને ખરીદનાર માટે પણ એમ ફીટ બેસતું હતું. અનામત વખતે પણ રાજકારણીઓને ભાંડવાનું ચાલુ રહ્યું હતું. પણ રાજકારણીઓના ટીકાકાર હોય એ બરાબર પણ એક નાગરિક–પત્રકાર તરીકે આપણી તપાસ ચાલુ ના રાખવી એ બરાબર ન કહેવાય. અનામતમાં લખનારો–વાંચનારો નવનિર્માણવાળો મધ્યમવર્ગ જ હતો. એણે વંચિતોની વેદનાને ગણકારી નહીં તે કારણે એનો ઉછેર મધ્યમવર્ગ માનસિકતાનો જ હતો. એકેય રાજકીય પક્ષે કાર્યકરોમાં વંચિતો માટે સભાનતા–સંવેદના પેદા કરી હોય એવું થયું નથી. એટલે ગુજરાતનું નવનિર્માણનું ગૌરવ અનામતમાં દેખાઈ આવ્યું કે આપણે કયાં છીએ. આપણા રાજકીય પક્ષો મત ઘડનારા નહીં માંગનારા જ રહ્યા છે. ગુજરાતમાં મત ઘડવાની પ્રક્રિયા જ દેખાતી નથી. આમાં ગુજરાતના પત્રકારત્વની પણ ભૂમિકા મને દેખાતી નથી.

૧૯૯૧ પછી ઉદારીકરણે આપણે ત્યાં નવો વર્ગ પેદા કર્યો. એના Idols, Ideals એ ઝડપથી કમાતા એ તરફના થઈ ગયા. મારી સમજ પ્રમાણે નાટયાત્મક પલટો જુદો આવ્યો. અનામત વગેરેમાં કૂદી પડેલો વર્ગ હતો. એમને એવી માન્યતા હતી કે અનામત અમને ઉજળિયાતોને વંચિત કરે છે એને માટે નવા Avenue ખૂલી ગયા. એ પેલી ચર્ચાથી હટી ગયો. પણ એ વંચિત વર્ગના મુદ્દા સમજવાની દરકારમાંથી મુકત થઈ ગયો. એટલે સમજયા વગર સુકાન બદલાઈ ગયું. લાંબો વખત સુધી કોમી મુદ્દો રહ્યો. એ આજે દેશમાં એ પહેલાં જેવો અપીલકારક નથી રહ્યો કારણ કે એમાં આર્થિક બાબત ન હતી. વંચિત વર્ગને પણ પોતાની ધાર્મિક Identity છે. હવે એના વળતાં પાણી છે એમાં અપીલ નથી. છે તે છે વધી નથી ઘટી હશે. આખા દેશમાં એ બતાવે છે કે આપણે ઉદારીકરણના Avenue ખૂલ્યા એના કારણે પુનર્વિચાર વગર આપણે પાછા ફરી ગયા. લોકો પાછા ફર્યા એ બરાબર છે પણ છાપાં તરીકે જે થવું જોઈએ એ પુનર્વિચાર અને આત્મનિરીક્ષણ થયું નથી. અખબારો આમાંથી Ignorant છે. પલટાતો નવો વર્ગ અને અખબારો એમાંથી મુકત રહ્યા છે. એમને સામેલ કરવા વાચક વર્ગ–સભાન–લખીને વિચારીને લખાયેલું હોય એને સ્થાન આપવું જોઈએ. અખબારોએ

મુવમેન્ટ ચલાવવી જોઈએ. અમદાવાદના બે કોલમીસ્ટો કે જેમની કોલમ વાચકોમાં લોકપ્રિય હતી (ચંદ્રકાંત બક્ષી અને વાસુદેવ મહેતા) જેમનામાં ઈશ્વર પેટલીકર અને નીરુભાઈ દેસાઈ જેવી બાલાશ જળવાતી દેખાતી ન હતી. આ બંને વાચકોની દષ્ટિએ લોકપ્રિય કોલમિસ્ટને સંવેદનાની વાત કરીએ તો હું નાપાસ કરું છું. અંગ્રેજી અખબારોએ તુલનાત્મક રીતે નવનિર્માણ અને અનામત વિરોધી આંદોલન સમયે સારો હિસાબ આપ્યો હતો તેમ કહી શકાય.

**<u>મુલાકાત – ૫</u>**

અમદાવાદ, ગુજરાત કે ભારતના પત્રકારત્વને બે યુગ ગણાવી શકીએ. એ આઝાદી પહેલાનો અને બીજો આઝાદી પછીનો યુગ એમ બે ભાગમાં કરી શકીએ. આઝાદી પહેલાના યુગમાં સામાજિક–આર્થિક રાજકીય ઘડતર અખબારો કરતું હતું. પહેલાંનું પત્રકારત્વ મિશનનું પત્રકારત્વ હતું. રાષ્ટ્રના ઉત્થાન, જાગરણનું મિશન લઈને બેઠું હતું. એમાંય ખાસતો નાના અખબાર કે જે રિજિયનલ હતા તે આઝાદીને વરેલા હતા. પણ આઝાદી પછી પત્રકારત્વનો આદર્શ રહ્યો નહી. ગાંધી–નહેરુએ કહ્યું કે સામાજિક–આર્થિક આઝાદી મેળવવાની છે. પણ એ આઝાદી માટે જે જાતની વિચારસરણી કમિટમેન્ટ હોવું જોઈએ એ દુર્ભાગ્યે ના જોવા મળ્યું. સર્વ માનવીય સમાનતા ભેદભાવ નિકાલના આદર્શમાં નેતાગીરી ચૂકી. સમાજના અન્ય અંગો ચૂકયાં એમ પત્રકારત્વ પણ ચૂકયું. પછી તો કેમ કરીને સત્તા ટકાવવી એમ નેતાગીરીમાં હોય તેવી રીતે અખબારો માટે કેમ કરીને ફેલાવો, વગ અને ધન વધારવુ એ જ રહ્યું.

શબ્દકસોટી હરીફાઈ, જે જુગાર હતો. લાખો રૂપિયાની હેરાફેરી થાય. જુગાર રમાડનાર જીતે એ નિયમ હોય છે. શબ્દકસોટીના માલિકો અઢળક ધન કમાયા. આ માલિકો અખબારોને સૌથી વધુ જાહેરખબર આપતા હતા. અખબારોની ઓફિસમાં બેસીને તેઓ કસોટી હરીફાઈ ચલાવતા હતા. આ કસોટીના કરમદાઓ અખબારોને નજીકથી જોતા હતા, જેથી અખબારોની મુશ્કેલી જાણવા માંડયા હતા એટલે પોતાની પાસેના કસોટીની હરીફાઈના

પૈસા તેમણે અખબારમાં લગાવ્યા. આ જુગારના પૈસે ધનવાન થયેલા લોકોએ મિશનથી ચાલતા અખબારો લઈ લીધાં ત્યારથી આ બંન્ને મોટા છાપાંઓએ સમાજના ભોગે પોતે તગડા થવાની પ્રવૃત્તિ આચરી છે.

ઉદારીકરણનું અખબારોને સ્પર્શતું પાસું છે એ વિદેશી મૂડીનું છે. અત્યાર સુધી તો માલિકો પોતે તગડા થયા. પરંતુ ગુણવત્તાની જાગૃતિ નથી રાખી. છાપાં ખરીદનાર મધ્યમવર્ગ – હિન્દુ સવર્ણની ઈચ્છા, એષણા મર્યાદા નાલાયકીને પોષે એ જાતનું સાહિત્ય પીરસી જરૂર પડે જુદાં જુદાં મુદ્દે ઉશ્કેરીને એને ગમતી વાતો કરે છે.

ઉદારીકરણ એટલે જયાં સુધી અખબારને લાગે વળગે છે ત્યાં સુધી બહારથી ઉદ્યોગ અને જાહેરખબર આવે–અને બીજું પાસું એટલે સીધું નાણાંરોકાણ થાય. આ અખબારોને લાભ થયો. બહુરાષ્ટ્રીય કંપનીઓ જેને પાંચ પૈસાનું પાણી પાંચ રૂપિયામાં વેચવું છે એમને પહોંચવા માટે અખબાર આધાર બને છે પરંતુ દેશી માલિકો વિદેશી માલિકોનો વિરોધ કરી રહયા છે કારણકે એ આવશે તો પોતાના નફામાં ભાગ પડાવશે તેવી એમને બીક લાગે છે.

વિદેશીમાંથી અત્યારે ભારતીય પત્રકારત્વમાં ફીચર આવ્યું છે. હિન્દુ અને એશિયન એજમાં એ જોવા મળે છે. વિદેશી અખબારોના પરિણામે નાનાં અખબારો બંધ થઈ જશે. જે કંઈ થશે એમાં Quality સુધરશે. બહારનાં અખબારો મૂડીવાદના દાતા છે. એ તો પોતાના હિતો જ જોશે. એ કેમ વિસ્તરે એનું જ કામ કરશે. અખબાર Quality સુધરશે. પણ Indian Society ના મૂલ્યોનો હ્રાસ થશે. Fittest will Survive એ જંગલનો કાનૂન જ ચાલશે. આપણે ત્યાં ગરીબ વર્ગ માટે રામ રોટી જેવાં સદાવ્રતો ચાલે છે એ બંધ થઈ જશે. સરવાળે ભારતીય સમાજની Quality of Life બગડશે. Colour of Life Improve થશે પણ Qualityના ભોગે થશે. આઝાદી પછી સારી બાબત અખબારોની એ રહી છે કે ખાસ કરીને લોકોને પહોંચની અંદર રહે એવી કિંમત રાખતા થયા છે. ગુજરાતમાં ૬૭% થી ઉપર શહેરમાં અને ૩૩% ગામડાંમાં અખબાર પહોંચે છે પણ મતનું ઘડતર અખબાર પ્રજામાં કરતું નથી કારણકે એમાં હિત પોતાનું હોય છે. વિકાસ કાર્યોની પહેલ અખબારો કરતાં નથી તેને માત્ર પોતાના ફેલાવા

અને નફાની  જ પડી હોય છે. કેટલાંક નાનાં અખબારો જો કે પ્રોપીપલ તરીકે ચાલે છે. એથી સરકારી તંત્ર પર એક રોક લગાવવાનું થોડું કામ થાય છે પરંતુ આ અખબારો લઘુ હોવાથી વ્યાપક અસર  પેદા થઈ શકતી નથી.

ગુજરાતી પત્રકારત્વ  એ Positive કરતાં Negative પત્રકારત્વ વધુ કર્યું છે. વર્ગ – કોમ વચ્ચે વૈમનસ્યનું કામ કર્યું છે આ વાત ૧૯૫૬થી આજ સુધી  હું જોતો આવ્યો છું  કે અખબારોએ  લોકલાગણીને ઉશ્કેરવાનું કામ કર્યું છે, પછી તે  મહાગુજરાતની ચળવળ હોય કે અન્ય કોઈ  માંગણી હોય એ  પ્રજાની સાથે ખિલવાડ કરવાનું કામ કરે છે.

પ્રજાકિય માંગણીને બંધારણીય રીતે  રજૂ કરવામાં આવે તો વાંધો નથી પણ અખબારોએ લાગણી ભડકાવવાનું જ કામ મોટે ભાગે કર્યું છે. પ્રજાનો પ્રચંડ મત હોય તો એને Reflect કરો પરંતુ એકની એક વાતથી લોકોને ઉશ્કેરવાનું કામ અખબારો કરે છે. સમાજની શિસ્ત હોય એનું પાલન થયું છે કે નહિ એ જોવાની જવાબદારી ચોથી જાગીરની હોવી જ જોઈએ. એ જોતાં ગુજરાતી પત્રકારત્વની ખાસ તો મોટા અખબારોની ભૂમિકા યોગ્ય નથી હોતી એમ ચોક્કસ કહી શકું. ગુજરાતી પત્રકારત્વ એનો જે  બહુધા વાચક વર્ગ છે  એવા સવર્ણ હિન્દુ વર્ગને જ પંપાળવાનું, એને ઉશ્કેરવાનું કામ કરે છે. જયારે એની સરખામણીએ અમદાવાદથી પ્રસિદ્ધ થતાં અંગ્રેજી અખબારો એની રીતે કામ કરે છે. એમની દૃષ્ટિથી બેલેન્સ રાખવાનું કામ કરે છે. અખબારોની આવી જ શૈલીના કારણે જ રાજકીય પરિબળો મજબૂત બન્યાં છે. પણ ગોધરાકાંડ પછીની જે ઘટનાઓ જોઈએ તો અંગ્રેજી અખબારો પણ ગુજરાતી અખબારોના રસ્તે જઈ રહ્યાં હોય તેવું લાગે છે અલબત્ત આ અંગે હજુ તપાસ પંચમાં સુનાવણી કાર્યવાહી ચાલી રહી છે એટલે ખરાઈ થઈ નથી એમ જરૂર કહીશ.

અંગ્રેજી એમની દૃષ્ટિએ બેલેન્સ કરવાનું કામ કરે છે. વિકાસ, શિક્ષણની ધર્મની વાત, વૈજ્ઞાનિક કેળવણી, જગત પ્રત્યેની જાગૃતિનું કામ નથી થતું. ગાંધીજી કોલ આપે ત્યારે બે–પાંચ આવતા હતા. છતાં અખબારોનાં પોતાનાં પાનાંઓમાં આદર્શને જગ્યા અપાતી. આજે કેમ નથી અપાતી. આપણે ત્યાં આઝાદી પછી નવરચનાના કાર્યો થયાં નથી, કારણ કે

અહીયા એ યુવાનો, પત્રકારો શિક્ષકો કામમાં નથી જોડાતા. એમને જોડવામાં કેમ નથી આવતાં પ્રેરણા કેમ નથી અપાતી ? ધાર્મિક નેતાઓની હવાઈ વાતોને મહત્વ અપાય છે. વિકાસાત્મક વાત આવે છે પણ ગ્રામ્ય સ્તરે થતાં નાનકડાં કામને શા માટે સ્થાન નથી અપાતું ? ગુજરાતી અને અંગ્રેજી અખબારોની આવૃત્તિ પણ ફીલ્મના સમાચારોને ચમકાવ્યા કરે છે. આઝાદી પહેલાં તો પત્રકારત્વ બરાબર હતું. આમાં દોષ ભાષાના પ્રોફેસરનો છે કે જેમણે ભાષા ઉપરાંત સારું વાંચન કે નબળુ વાંચન એની કેળવણી કરવાની વાત ચૂકયા છે.

ગુજરાતી કે અંગ્રેજી વર્તમાનપત્રના વાચકો એટલે મધ્યમ વર્ગ. ગરીબને તો અખબાર પોષાતું જ નથી. અને દાયકાઓ પહેલા લેનીને કહયું હતું કે ક્રાંતિને પહેલા દગો મધ્યમ વર્ગ દેશે. ક્રાંતિના બધા જ લાભ તેને જોઈશે. પણ તેમાં જોડાયા વગર બધું જ મેળવવું ગમશે. એને ફરજ બજાવવી નહિ ગમે.

આઝાદી પછી યુવાનોને ફરજિયાત સમાજસેવાની યોજનામાં કેમ ન મુકીએ ? એવો વિચાર મુકાયો હતો. પણ કોઈ અખબારે આ વાતને ટેકો નથી આપ્યો. આપણે તો માનવીય સ્વતંત્રતામાં માનીએ છીએ. એવી ટીકા થઈ છે. અખબાર કોઈ સમાજ હિતનું આંદોલન જગાવવા માગે તો મધ્યમવર્ગ એને સાથ નહીં આપે. અને અખબાર સાથ નથી આપતું કારણ એ કેળવાયું છે જ એવી રીતે કે ભાડા વધારો હોય તો એ નહીં ઊભો રહે. મધ્યમવર્ગ વિસ્તરી રહ્યો છે. આ વર્ગ વિસ્તરે એમાં નફાખોર ઉદ્યોગ–ધંધા, અખબારનું મુખ્ય હિત છે એ હિત જાળવણી કરે છે. આઝાદી આવી તે પહેલા પબ્લિક ડીમાન્ડ ફોર ફ્રીડમ એ આઈડિયલ વાત હતી. ગાંધીજી કોલ આપતા ત્યારે પણ પ્રજા ધ્રૂજતી હતી તેમ છતાં અખબારોએ આઝાદીના આદર્શને જગ્યા આપી હતી. અંગ્રેજોની ગમે તેવી સજાની ધમકી છતાં આવું કામ અખબારો કરતાં હતાં. આજે એ એવું જોવા મળતું નથી.

તબીબી શિક્ષણ મેળવતા વિધાર્થીને ભણીને ગ્રામ ક્ષેત્રમાં કામ કરવું એવો નિયમ કરાયો છે. હવે જો એ કામ ન કરે તો તેને અમુક રકમ સરકારને ભરપાઈ કરવી પડે છે.તો મધ્યમવર્ગનો વિધાર્થી લાખ રૂપિયા ચૂકવી દેશે પણ ગ્રામ વિસ્તારમાં સેવા કરવા જાય છે

ખરા ? કોઈ નથી જતા. બોન્ડની રકમ ચૂકવી દે છે. આ મધ્યમવર્ગ છે. હવે સ્થિતિ એવી આવીને ઊભી છે કે અખબાર કોઈ પ્રજા હિતનું આંદોલન ચલાવવા માગે તો આ દગાખોર મધ્યમવર્ગ એને સાથ નહિ આપે જેમ કે જો કોઈ જાહેર બસ વ્યવસ્થાના અસંતોષ સામે અખબાર આંદોલન છેડે તો મધ્યમવર્ગ નો માનવી એમ કહેશે હું તો લોન લઈને વાહન લઈશ. એના હિતના આંદોલનમાં પણ એ ટેકો નહિ આપે. મધ્યમવર્ગ વિસ્તરતો ગયો છે. પણ પોતાના જ પ્રશ્નોને આંદોલન કરવાનું હોય તો સાથ નહિ આપે. અખબારોએ પણ એને એવી જ કેળવણી આપી છે. ધાર્મિક કે કોમી મુદ્દે હુલ્લડો, બંધ કરાવવાની કેળવણી અખબારે આપી છે પરંતુ પોતાને સ્પર્શતા પ્રશ્નોમાં ઊભા રહેવાની કેળવણી અખબારોએ આપી નથી.

અખબાર સમાજની આરસી છે એમ કહેવાય છે. પણ હું તો એમ માનું છં કે અખબાર સમાજના માત્ર મધ્યમ વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. પૈસાદાર કે ઉચ્ચવર્ગ છે એનું પ્રતિનિધિત્વ કરે કે ન કરે એની પડી નથી અને સમાજના બહુ મોટા ગરીબવર્ગની સહેજેય દરકાર લેવાતી નથી. મધ્યમવર્ગ વિસ્તરે તેમાં અખબારનું સ્થાપિત હિત છે અને રાજકીય પક્ષોને પણ પોતાનો લાભ છે. નફાખોર વેપારીઓને પણ એનાથી ફાયદો છે એટલે મધ્યમવર્ગ વિસ્તરે એ તેમને ગમે એ સ્વાભાવિક છે અને આ બધા સહિયારા હિતની હિફાજત ગુજરાતના અંગ્રેજી અને ગુજરાતી અખબારો કરી રહ્યાં છે એ હું સ્પષ્ટ માનું છું.

ઘણાં વર્ષો પહેલા ગુજરાતી સાહિત્ય પરિષદ અને પત્રકાર યુનિયનના ઉપક્રમે પત્રકારોના શિક્ષણ વિશે એક વર્કશોપ થઈ હતી. તેમાં જે વાત આવી હતી તે વાત હું કહું તો એવી હતી કે અખબારોમાં ટાઈપરાઈટર ઉપરની આંગળી તો પત્રકારની હોય પરંતુ તેની સાથે કામ પાર પાડનાર દિમાગ તો માલિક કે તંત્રીનું હોય છે. એ તો તેના હિત–સ્વાર્થ પ્રમાણે જ પત્રકારની આંગળીઓ પાસે કામ કરાવવાનો છે. શિક્ષણ દરમિયાન ગમે તેટલા આદર્શ સાથે પત્રકારત્વ શીખવવામાં આવે પરંતુ જયારે વાસ્તવિક કામ કરવાનું આવે ત્યારે કયાં ચાલવાનું છે ? આખરે તો પત્રકારને માલિકની મુનસફી પ્રમાણે કામ કરવાનું છે ત્યારે આદર્શ જળવાય કેવી રીતે ? આ સંજોગોમાં માત્ર પત્રકાર તૈયાર કરવાના શિક્ષણથી શું થઈ શકે ?

એવો સવાલ મને થાય છે.

ગરીબ અને ઉચ્ચ વર્ગની આવકની ખાઈમાં થોડો ઘટાડો થાય એમાં MAIN STREAM અખબારોને રસ પડયો નથી. સમગ્ર સમાજને માટે અખબારોએ નુકશાન પહોંચાડવાનું એક કામ કર્યું છે. તેમના આ કામને કારણે સમાજમાં મોનોપોલીઝ, ગુંડાતત્વો, કોમી તત્વોને પોષણ મળતાં તેઓ ઊભા થયા છે એ નકારાત્મક છે. આજે ઉદારીકરણના કારણે ટુથપેસ્ટ,ઠંડાપીણા,સાબુ વગેરના નાના વેપારીઓ પૂરા થઈ ગયા છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ જ હવે આ વેપાર ચલાવે છે. આવું જ નાના અખબારો સાથે થશે. ગાંધીજી ખોટા ન હતા. નાના ઉધોગો બંધ થઈ જશે, બેકારોની સંખ્યા વધશે લોકમાનસ કેળવવાનું કામ અખબારો નહિ કરે કારણ કે એને તો જાહેરાત આપનારા લોકોનું હિત સાચવવાની દરકાર હોય છે.

મારા મતે જે લોકો સાધનસંપન્ન છે તેમની મનોપોલીમાં વધારો થશે. આ બધું થશે પણ છેવટે પ્રજા આંદોલન કરશે અને એ સમયે અખબારોએ પણ આઝાદીના સમયમાં જે ભૂમિકા ભજવી હતી તેવી ભૂમિકા ભજવવી પડશે. જયારે તેના પગ નીચે રેલો આવશે ત્યારે એને આ માટે છૂટકો નહીં રહે. એટલે અખબારોને સાથે આવીને ઊભા રહેવું પડશે અને અખબારના માલિકો બહુ શાણા છે. એ વખતે એ જોડો કયાં ડંખે છે એ જોઈને એ બાજુ એ ઊભો રહેશે.

પત્રકારત્વમાં આ બધુ ચાલે છે પણ એની મર્યાદા છે. એ એક દિવસ તૂટશે એવી મને આશા જરૂર છે.

## <u>મુલાકાત – ૬</u>

સમાજજીવનમાં પત્રકારત્વની અસર એક બહુ સાહજિક વસ્તુ છે. અરસ પરસ પણ છે. પત્રકારત્વ સમાજને ઘડે છે. એમ પત્રકારત્વને સમાજ પણ ઘડે છે. આપણે જોવા જઈએ તો સમાજનો જ એક ભાગ આપણે છીએ. પત્રકારો અને અખબારો સમાજનો ભાગ છે. સમાજમાં જે કંઈ સારી નરસી બાબત બને એની અસર પત્રકારત્વમાં પડે છે. પત્રકારત્વે સમાજને ચોક્કસ દિશા અને દશા અપાવવામાં પણ કારણભૂત બનતું હોય છે. જેમકે આપણા

લોક આંદોલન–રાજકીય આંદોલન હોય કે સમાજમાં ભૂમિકા અદા કરવાની આવે જેમ કે પાણીનો પ્રશ્ન છે, સ્ત્રી ભ્રૂણ હત્યાનો પ્રશ્ન છે, વધારે પડતી હિંસા છે એની સામે અવાજ આપવાની ભૂમિકા અખબારો પૂરી પાડે છે.

સામાન્ય માનવીના પ્રશ્નો અમદાવાદના અખબારો લઈ આવે છે જેમ કે અમદાવાદમાં મિલ કામદારના પ્રશ્નો પેદા થયા હતા. અમદાવાદમાં ૮૦ના દાયકા સુધીમાં સતત મિલો બંધ થતી ગઈ. મિલ કામદાર સૌથી સુખી ગણાતો. નિયમિત પગાર થતાં હતા એટલે કન્યા પણ તેમને ઝડપથી મળતી પરંતુ પછી એ સ્થિતિ વિલોપાતી ગઈ.

આપણે જોઈએ કે એના પ્રશ્નો હતા તે આવ્યા હતા. જનસત્તામાં મનીષી જાનીએ આખી આર્ટિકલની સીરીઝ કરી હતી. આ મિલ કામદારોની આજીવિકાનું સાધન ચાલી ગયું. એમના માટે બાળકોને કેવી રીતે ભણાવવા જીવન નિર્વાહ કેવી રીતે ચલાવો એવા પ્રશ્નો રજૂ કર્યા. આ બધી વાતોને સમાજ સમક્ષ મૂકી. એમાંથી કેટલી અસર નિકાલ કરનાર તંત્ર પર પડી છે એ જુદી વાત છે પણ સમાજ ઉપર અસર પડી. કેટલાકે આત્મહત્યા કરવી પડી, ઘણી મહિલાઓ દેહવ્યાપારમાં આવી ગઈ એવા સામાજિક પ્રશ્નો અખબારોએ રજૂ કર્યા છે. સામાન્ય માનવી બોલકો નથી કે જેનો અવાજ બળવાન છે પરંતુ સંગઠિત નથી તેવા વર્ગને અખબારોએ વાચા આપી છે. આ તો એક ઉદાહરણ છે. એવાં કેટલાંય પ્રશ્નો છે જેમાં અખબાર સામાજિક સમસ્યાઓનું નિરૂપણ સમાજ સમક્ષ કરે છે. પણ એમાં સાતત્ય નથી રહેતું. પણ અખબારો આવી ભૂમિકા ભજવે છે. મોટાં છાપાંઓ પણ આવા સમાચારોને વાચા આપે છે. પરંતુ સાતત્ય નથી. કે મિશનરૂપે પણ નથી જણાતું. અખબારની ભાષામાં કહીએ તો સમાચારનું ફોલો–અપ થતું નથી. એક–બે વાર અહેવાલ આવી જાય પછી એ સમાચાર ફરી આવતા નથી.

એકવાર એક ઘટના બને તો કોઈ એક અખબાર એ લઈ આવે પણ તેનું ફોલો–અપ બીજા પણ કરે છે. કારણ કે દરેક અખબારનો વાચક સરખો નથી હોતો. દરેક અખબારનો વાચક જુદો છે એટલે એમને માટે પણ એ જરૂરી છે. આ રીતે અખબારો પોતાની રીતે નક્કી

કરતા હોય છે કે મારા વાચકને હું શું આપી શકું. એ પ્રમાણે કામ થતું હોય છે. જો કે એક અખબાર કોઈ બાબત મિશનરૂપે ઉપાડે તો બીજું અખબાર એ પ્રમાણે કરે અને સાથે જોડાય એવું બનતું નથી. એનું ફોલો–અપ પણ અન્ય અખબારો કરતા નથી, કારણ કે અખબાર અન્ય અખબારે સમાચાર લીધા એટલે તેઓ લેતા નથી. વાચક વર્ગને ધ્યાનમાં રાખવાની વાત એમાં આવે છે. આજે એન્કાઉન્ટરની વાત આવી તો દરેક અખબાર પોતાના વાચકને એની વિગતો પ્રચુર માત્રામાં આપી રહ્યા છે. આજે છાપાંઓને હવે સામાજિક પ્રશ્ને વાચા આપવાની ફરજ પડી છે. કારણ કે ન્યૂઝ ચેનલો ૨૪ કલાક જુદી જુદી રીતે એક જ મુદ્દાને પ્રસારિત કરે છે. એમની સામે ટકવા માટે પત્રકારત્વને પણ આવુ કરવું પડતું હોય છે. હવે છાપાંમાં પણ ભલે અન્ય ઘણી સમસ્યાઓ હોય તેમ છતાં ન્યૂઝ ચેનલોની જેમ એકના એક સમાચાર આપવા મંડયા છે. લોકોને સૌથી વધુ માહિતી પહોંચાડવા માટે આમ થઈ રહ્યું છે.

ઘણી વખત વર્તમાનપત્રોમાં સમાજના બીજા પ્રશ્નો છે એ જે તે સમયે ગૌણ થઈ જાય છે. ધ્યાન ઓછું અપાય છે. જેમ કે શિક્ષણ, પાણી, વીજળી વગેરેના પ્રશ્નો ગૌણ થઈ જાય છે. ઉદાહરણ જોઈએ તો ધો–૧૨નું પરિણામ આવે ત્યારે વર્તમાનપત્રમાં પરિણામ અને તેની આનુષંગિક બાબતો વધુ જોવા મળે છે. અંગ્રેજી અખબારો એક ચોક્કસ વિષય સાથે ઝુંબેશ રૂપે કામ કરે છે. જેમ કે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા "બેટી બચાવો ઝુંબેશ" અને ગીરના સિંહોના મુદ્દે અનેક અહેવાલો પ્રસિદ્ધ કર્યા અને લોકજાગૃતિનું કાર્ય કર્યું. પરંતુ ગુજરાતી અખબારોમાં આ રીતનું નિશ્ચિત પ્રકારનું વર્ક કહી શકાય એવું પત્રકારત્વ જોવા મળતું નથી. કોઈ બાબત રાજયનો પ્રશ્ન છે એને વાચા આપવાનું, એને મિશનરૂપે રજૂ કરવાનું ગુજરાતી પત્રકારત્વમાં બનતું નથી.

અખબારોના કારણે લોકો સંગઠિત નથી થતા પણ અખબારમાં આવે એના કારણે લોકોના વિચાર ઘડવામાં બહુ જ ઉપયોગી સાબિત થાય છે. છાપાંમાં જે કંઈ આવે એના કારણે બે ભિન્ન મત ઊભા કરી આપવાની સ્થિતિ પત્રકારત્વ પેદા કરે છે. આપણી પાસે કયા મતમાં કેટલી ટકાવારી એ માપવા માટેની કોઈ ફૂટપટી નથી પરંતુ છાપાંનો વાચક જે વાંચે છે એ

મુજબ પોતપોતાની રીતે વ્યક્ત થતો હોય છે. આ રીતે ઘડતર લોકોનું થતું હોય છે. જેમ કે એન્કાઉન્ટરના કારણે એક વર્ગ ગુનેગારની સાથે આમ જ હોય એમ કહેનાર અને પોલીસ રાજ નહીં કાયદાનું રાજ ચાલે એવું માનનારો બીજો વર્ગ પણ જોઈ શકાય છે. ગુજરાતી અખબારો વાચકને કોઈ મુદ્દા પર તેમનો મત પૂછતા નથી કારણ કે એમાં અખબારમાં જગ્યાનો પ્રશ્ન હોય છે. પણ એક વિચાર ઘડવામાં મહત્વની ભૂમિકા અખબારો ચોક્કસ ઘડે છે. એટલે એક મુદ્દાને રજૂ કરીને તેની તરફેણમાં કે વિરુધ્ધમાં ભિન્ન મત જગાવવાનો પ્રયાસ અખબારો કરે છે. સમાજમાં હકારાત્મક અને નકારાત્મક ગમે તે બાબતે બંન્ને છેડાની વાત આનાથી ઉદ્દભવી શકે છે. જે કામ અખબારો કરે છે. આમાંથી એક સંવાદ સધાય અને સારું શું છે ? નરશું શું છે એ વાત અખબારો મૂકે છે. જેમાંથી લોકો નક્કી કરતા થાય છે.

એટલે સમાજમાં ઈષ્ટ કે અનિષ્ટ શું એ કદાચ વાચક ઉપર છોડવુંય પડે. કારણ કે એક છાપું ઘરના સરેરાશ પાંચેક સભ્યો વાંચતા હોય છે. હવે દરેકના રસ જુદાં જુદાં વિષયમાં છે. કોઈને રાજકારણમાં રસ પડે છે. હું એ વાંચું છું અને એમાંથી કોઈ વિચાર આવે તો મને ગમે છે પણ મારા વિચારથી વિરોધી વિચાર આવે તો તે પસંદ કરતો નથી. એવી જ રીતે બીજી વ્યકિતને ફિલ્મનું પસંદ હોય તો એ વાંચે છે. આથી, અખબારોમાં અન્ય બાબત જે રસની ન હોય તે પર ઓછું ધ્યાન આપે છે. રસના વિષય પર વધુ ધ્યાન આપે છે. એટલે જ આજે છાપાંમાં સબ બંદર કે વેપારીની ભૂમિકા ઊભી કરવી પડે છે. આજે છાપાંમાં રાજકારણ, સ્પોર્ટ્સ, શિક્ષણ, ધર્મ, કાયદો–વ્યવસ્થા વગેરે તમામ બાબતને પ્રાધાન્ય આપવું પડે છે. છાપાંઓની ભૂમિકા ઈષ્ટ–અનિષ્ટ નક્કી કરી આપવાની ઓછી થઈ છે. એ વાચક ઉપર છોડી દેવી જોઈએ. આપણે ત્યાં એવી કોઈ વ્યવસ્થા નથી કે વાચકને આમાં શું લાગ્યું ? એ જાણવામાં નથી આવતું. વાચકના પત્રો હોય છે પણ ઓછો સૂર હોય છે. તંદુરસ્ત પ્રણાલી એવી હોય કે ભલે સામેવાળાનો મત તદ્દન ભિન્ન મત હોય પણ લોકશાહી પરંપરામાં તેનો આદર કરવો પડે. આપણે ત્યાં વિરોધી સૂરને ઓછું સ્થાન અપાય છે. સામેવાળાનો પણ એક વર્ગ છે એ ભલે નાનો–મોટો હોય તે મતને આદર આપવો પડે. મતોનો આદર ઊભો કરવામાં

અખબારો હજુ સમૃદ્ધ બન્યા નથી. તમે એને માનો કે આ બાબત છે. જેમ કે વડોદરામાં ચિત્રોની બાબતમાં ભિન્ન મત છે. તેમાં બંન્નેનો આદર થવો જોઈએ. કેમ આવી વાત તેના મનમાં આવી છે તે જાણવાનો પ્રયાસ કરવો જોઈએ. બહુમતી છે અટેલે સાચા છે, લઘુમતી છે એટલે ખોટા છે એ ખોટું છે. આ બાબતમાં અખબારો સમૃદ્ધ નથી બન્યા અથવા તો એવી દિશા સૂચવી શકયા હોય એવું નથી બન્યું.

મુંબઈનું વાતાવરણ છે એમાં ત્યાં ગયેલો ગુજરાતી વાચક વર્ગ છે એ જુદી રીતે ટેવાયેલો છે. એને અમુક વસ્તુ ગમે છે તેમાં વયજૂથના ભાગ પણ છે. જેમ કે ૧૮ થી ૪૦ વર્ષના યુવાનોને જુદું જોઈએ છે. એટલે મીડ ડે, સમાંતર પ્રવાહ અને સમકાલીનનો વાચક વર્ગ છે એ રીતે મુંબઈ અમદાવાદથી અલગ પડે છે.

આપણે ત્યાં હવે મુંબઈની જેમ સ્વીકારાવા લાગ્યું છે. હવે ખાવાપીવાની વાત હોય કે ડાન્સ પાર્ટીની વાત અમદાવાદના વર્તમાનપત્રોમાં આવવા માંડી છે. અમદાવાદમાં આવું પત્રકારત્વ આખું જુદું જ લાગે. અમદાવાદના પત્રકારત્વમાં હતું જ નહિ એથી અલગ લાગે. આ પણ સમાજનો એક ચોક્કસ વયજૂથ વાળો વર્ગ એને મનપસંદ વાતો છે એની રહેણી કરણી છે એને દિવ્ય ભાસ્કરે સ્થાન આપ્યું.

ભાસ્કર સિવાયના અન્ય ગુજરાતી અખબારો જે અમદાવાદમાં છે તેમાં સંદેશ એ દિશામાં "સિટી પૂર્તિ" પ્રકાશિત કરીને સ્થાન આપે છે પણ અન્ય અખબારો હજુ એ તરફ ગયા નથી.

ગુજરાત સમાચાર એની પોતાની આગવી પરંપરાને વળગી રહ્યું છે. છતાં તેમાં થોડુંક પરિવર્તન આવ્યું છે. સમાજમાં સામૂહિક બનાવ હોય તેમાં યંગ જનરેશન ફોકસ થતું હોય તો આવવા માંડયું છે. સહુ પોતપોતાની મર્યાદામાં એ કરે છે બહુ ઓછું હોય છે પણ શરૂઆત થઈ છે.

એટલે વર્તમાનપત્રોએ રૂટિનથી હટીને જે વર્ગને ગમે એવી બાબતો અગાઉના સમયની વાતને બાજુએ રાખીને પ્રસિદ્ધિ કરવા માંડી છે. બહુ મોટા પ્રમાણમાં એ હજુ આવ્યું નથી પણ બની શકે કે કાલે એ જુદા પ્રકારમાં અને જુદા પ્રમાણમાં આવતું જશે. આ બાબત એવી નથી કે

એક જ સમયમાં તમારા આખા કલેવરમાં પરિવર્તન લાવી નાંખો. નવા રૂપરંગ સાથે આવી શકે પણ જે જૂનું છે એને એની પોતાની પરંપરા, ચોક્કસ વર્ગ લોકોના મનમાં બેસેલી છાપને તળિયાઝાટક ફેરફાર કરી નાંખે એવું ના બને. પણ એ એટલું સમજે છે કે હવે આપણો વાચક વર્ગ આ પણ છે. એને લગતું ઓછું વત્તું પ્રસિદ્ધ થાય છે એ એને ગમશે. એટલે ફિલ્મ, ધર્મ, મહિલાઓ વગેરેને ગમતું હોય એવું અખબારોએ આપવાનું શરૂ કર્યું છે. સ્ત્રીઓને ગમતી હોય એવી ફેશનથી માંડીને જુદી જુદી બાબતો આજે અખબારોમાં સ્થાન પામી છે. જે પહેલા વિચારવામાં આવતું ન હતું. અમદાવાદના પત્રકારત્વમાં આ પરિવર્તન આજે આવ્યું છે.

લોકોની વધુ વાંચવાની, વાંચવા કરતાંય વધુ જાણવાની એક સહજવૃત્તિ જે સીધી દેખાતી નથી પણ ધીમે ધીમે વધતી જાય છે. શિક્ષણ વધી ગયું છે એટલે આવું થયું છે એવું નથી દરેકને અને ખાસ તો યુવા પેઢી છે એને વધારેમાં વધારે જાણવાની જિજ્ઞાસા છે. કારણ કે એની પાસે બીજા બધાં માધ્યમો આવ્યાં છે. જેમ કે ટેલિવિઝન. આવાં માધ્યમો તેને જિજ્ઞાશા સંતોષવા આકર્ષે છે. એ રીતે એ અખબારોનો પણ પહેલાં કરતાં વધુ સહારો લેતો થયો છે.

પહેલાં છાપુ આવે તો ઘરમાં બધા વાંચે અને જાણકારી મેળવતા હતા. હવે એવું નથી. હવે એને વિશ્વમાં કયાંય કશુંક ચાલતું હોય છે એમાં એના રસના વિષય શું છે ? એ પ્રમાણે એ જાણવા માટે આ રીતે પ્રયાસ કરતો થયો છે. બીજામાં શું આવ્યું છે એના પ્રયાસમાં એ વધુ અખબાર વાંચતો થયો છે. સામયિક લેતો થયો છે. એમાં માત્ર ગુજરાતી–અંગ્રેજી અખબાર કે સામયિક એવું નથી. તેને જેમાં રસ હોય એ તે ખરીદે છે. તે પોતાનાં કપડાં, ફેશન ઉપરાંત વાચન માટે પણ ખર્ચ કરતો થયો છે.

આજના વાચકને અખબારની પોલિસી શું છે એ હવે ખબર છે. એના મનમાં નીતિ શું છે એની જાણકારી મેળવવા માટે નહીં પણ છાપાં એ જાણકારી માટે વાચે છે. અને છાપાંમાં સમાચાર આવે એટલે એ સીધો દોરવાઈ જતો નથી. જેમ કે ચૂંટણી પ્રચારમાં લાખોની મેદની થઈ એના કારણે એ દોરવાઈ જશે એવો ખ્યાલ એમાંથી નહીં લઈ શકાય. હા, છાપાં વધુ વાંચે એમાંથી એ કોમન શું છે અને તફાવત શું છે ? એ ઈંતેજારી હશે ત્યાં ચોક્કસ તપાસશે. એના

સિવાયની બાબતમાં એ બહુ પડતો નથી.

અમદાવાદીની છાપ કોઈ એક દિવસની પ્રક્રિયા નથી. સ્થળ કાળ અને વાતાવરણ, એ ભૂમિના ગુણો મૂળભૂત રીતે હોય છે. પછી જે કંઈ પ્રવાહો આવે છે એ ધીમે ધીમે એનામાં આરોપાતા હોય છે. અમદાવાદી એટલે "અડધી ચામાં ત્રણ જણા પી શકે. એને હોટલમાં છાપું વાંચવા જોઈએ. પંખો પણ જોઈએ અને ઠંડું પાણી જોઈએ છે અને બહાર મૂકેલી સાયકલનું પણ હોટલવાળો ધ્યાન રાખે એવો કંજૂસ" એવી વાત હતી. ખરેખર એવું નથી કંજુસાઈ તેની કરકસર હોઈ શકે. કોઈપણ સ્થળે વધુમાં વધુ શું કિફાયતી ભાવે મેળવી શકું છું એવું જાણવાની વૃત્તિ આ શહેરમાં દરેકને છે. અમદાવાદ બહારનો કોઈ મદ્રાસી આ શહેરમાં પાંચ વર્ષ રહેશે તો એ પણ ઘડાઈ જશે.

અમદાવાદના અખબારો એ અમદાવાદી નથી. અમદાવાદીઓ જે રીતે પ્રસ્થાપિત થયા છે એની સાથે એનું જોડાણ જબરજસ્ત છે. અમદાવાદી છેતરવાની ભૂમિકામાં હોતા નથી. પોતાનો લાભ જોતા હોય છે. આડકતરું નુકશાન પહોંચે પણ એવું વ્યાપક પ્રમાણ નથી. સીધો અસર કરતો નથી. છાપાંઓ પણ લોકો માટે, લોકો દ્વારા છે એમ કરીને લોકશાહી કંઈક શોધીને લઈ આવે છે. એના આધારે વાંચવાની, વિચારવાની અને એ પછી નિર્ણય કરવાની પ્રક્રિયા શરૂ થાય છે. એ પછી અખબાર અને સમાજ વચ્ચે અરસ પરસ ગુંથાય છે. પછી કયાંક કોક દિશા આપે છે તો કયાંક દશા કરી નાંખે છે. એ પ્રસંગ શું છે એના ઉપર આધાર રાખે છે. પરિણામ શું આવ્યું એ પછી ખબર પડતી હોય છે.

જેને પત્રકારત્વમાં આવવું છે કે આવવા માગે છે એનામાં આંતરિક ગુણ હોવો જોઈએ. હીરાને પોલિશ કરીએ એ પ્રોસેસ છે. જર્નાલિઝમ શિક્ષણ એ આ રીતની એક પ્રક્રિયા છે પણ પાયાની વાત એ છે કે એનામાં અંદર હોવું જોઈએ. એ આંતરિક વસ્તુ ના હોય તો માત્ર ને માત્ર ખાસ પ્રકારની સંસ્થાઓમાં અપાતી શિક્ષણ વ્યવસ્થા મોટો ભાગ નહિ ભજવી શકે. એ જનસંપર્કના ક્ષેત્રમાં આગળ વધી શકે. પણ પત્રકારત્વમાં ચાલી જાય એવું ન થાય. પત્રકાર તરીકે વ્યકિતમાં મૂળ તત્વ હોવું જોઈએ. તો જ શિક્ષણ કામ આવે એ સિવાય નહિ. એટલે આ

ક્ષેત્રમાં આવું જ છે તેને માટે પોતાનું અંતર તત્વ હોવું જોઈએ. તો પત્રકારત્વનું શિક્ષણ ઉપયોગી બની રહે છે. અંગ્રેજી પત્રકારત્વમાં યુવાનને પણ ઉચ્ચ પદની તક મળે છે. ગુજરાતી પત્રકારત્વમાં અનુભવની વાત આવે છે. ગ્લેમરના કારણે આવતા લોકો આ ક્ષેત્રમાં થોડો સમય સુધી ચાલી જાય પણ લાંબું નહિ ચાલી શકે. અને બીજું એ કે પત્રકારત્વમાં આવા લોકો પોતાનું ચોક્કસ યોગદાન નહિ આપી શકે. આપણે જૂની પેઢીના પત્રકારોને તેમના પત્રકારત્વના કારણે આજે પણ ઓળખીએ છીએ. એટલે પત્રકારત્વની કેળવણી જરૂર છે. સમાજમાં જે પડયું છે તે સમજો. સમસ્યા નજીકથી જઈને ન જોઈ શકો તો ચાલે નહિ. પત્રકારત્વમાં આ દષ્ટિએ માત્ર પત્રકારત્વનું વિશેષ શિક્ષણ હોય તો ચાલી જાય એવું બની શકે નહિ.

પત્રકારત્વના ક્ષેત્રમાં જ્ઞાન સિમિત છે. જે તે ક્ષેત્ર સિવાય એને બીજા ક્ષેત્રમાં એને ખબર ન પડે તેવી મર્યાદા પત્રકારોમાં જોવા મળે છે. અમદાવાદ અને મુંબઈના પત્રકારત્વમાં આ મૂળભૂત તફાવત છે. ગુજરાતી પત્રકારત્વનો આટલો ભાગ લૂલો છે એમ કહી શકાય.

### <u>મુલાકાત – ૭</u>

અમદાવાદનું પત્રકારત્વ અંગ્રેજી શિક્ષણના ઉત્સાહ અને અભિનિવેશમાંથી જન્મેલું પત્રકારત્વ છે. અત્યાર સુધી મધ્યમમાર્ગીય પત્રકારત્વ આ શહેરનું રહ્યું છે. એટલે કે, બગાવત કરે ઝુંબેશ લાવે આંદોલનમાં ઝુકાવે એવું પત્રકારત્વ જોવા મળતું નથી. બીજી બાજુ આ પત્રકારત્વે કાયમ મધ્યમમાર્ગ પસંદ કર્યો છે. સત્તામાં જે હોય પછી તે મોગલ શાસન હોય, અંગ્રેજી શાસન હોય કે આઝાદી પછીનું રાજકીય પક્ષનું શાસન હોય તે શાસનની સાથે રહ્યું છે. એવી ભૂમિકા રહી છે. અન્ય પત્રકારત્વની સરખામાણીએ અમદાવાદનું પત્રકારત્વ શાસન કે સત્તાની સાથે રહ્યું છે. એમ એટલા માટે કહી શકાય કે જો મુંબઈનું ગુજરાતી પત્રકારત્વ આપણે જોઈએ તો એણે કોઈ ને કોઈ રીતે વૈચારિક ચેતના સાથે સંબંધ જાળવ્યો છે. અમદાવાદના પત્રકારત્વમાં આવું જોવા મળતું નથી. મુંબઈનું પત્રકારત્વ જુદાં જુદાં આંદોલનો સમયે કયો માર્ગ લેવો એ સામૂહિક રીતે નક્કી કરતું હતું. જેમ કે રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના સમયે તેની

બેઠક થઈ હતી. દાદાભાઈ નવરોજી અને અન્યોએ જ્યારે મુસ્લિમ ફંડામેન્ટલિસ્ટો દ્વારા અખબાર ઉપર હુમલા થવાના બનાવો બન્યા ત્યારે આ મુદ્દે એક થઈને પત્રકારત્વને ચલાવ્યું હતું. રાસ્ત ગોફતાર એટલે કે "સત્યનો પ્રવકતા" ના નામે એ મુંબઈમાં પારસી કોમ્યુનિટી ઉપર થયેલા હુમલા સમયે પ્રસિદ્ધ થતું હતું. પારસી સમાજનો અવાજ રજૂ કરવાનો આમાં વૈચારિક પ્રયાસ હતો. મુંબઈના પત્રકારત્વમાં આવાં અસંખ્ય ઉદાહરણો મળે છે. પરંતુ અમદાવાદના પત્રકારત્વ સાથે આવું ઉદાહરણ શોધવું મુશ્કેલ છે. મુંબઈ મેટ્રોપોલીટન સિટી અને આ દેશનું મોખરાનું મહાનગર હોઈ, એક જાતની અવેરનેસને પરિણામે પત્રકારત્વમાં પણ જાગૃતિ ઝીલાઈ હોય એમ માની શકાય. પણ આવી જાગૃતિ અમદાવાદના પત્રકારત્વમાં ઓછી જોવા મળે છે. ગુજરાતના સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે આપણે ત્યાં શિક્ષણ ઉપર વધારે ભાર મુકાયો છે. અને આપણી ગુજરાતી સમાજની પરંપરા જે છે એ શ્રેષ્ઠી પરંપરા હોવાથી આવું બન્યું હોવાનું શકય છે. આ મહાજન પરંપરા મોટેભાગે સમાધાનવાદી વલણ ધરાવતી હતી. એ ગમે તે શાસન હોય એની સામે અવાજ ઉઠાવતા ન હતા. એકલદોકલ અપવાદો જોવા મળે ખરા, પરંતુ એ બહુ મુશ્કેલીથી જોવા મળે. એકંદરે મોગલ શાસન હોય કે અંગ્રેજી શાસન હોય એના ગુણગાન ગવાતા હોય એવું વધારે જોવા મળે. એટલે કે શાસકના ગુણગાન ગાવામાંથી જરાયે પાછા ન પડીએ એવી માનસિકતામાંથી ઊભી થયેલી સંસ્થા એટલે અમદાવાદનું પત્રકારત્વ છે.

ગુજરાતમાં બુદ્ધિપ્રકાશ નામનું પત્ર હતું. આ પત્રે ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામને યોગ્ય ન્યાય નથી આપ્યો. બલ્કે વિપરીત જ ચિત્ર દોર્યું છે. "સવા લાખ દુષ્ટનું દળ" એવી કવિતા પ્રસિદ્ધ કરીને નાના સાહેબની ટીકા તેણે કરી હતી. અને જે અહેવાલો આવ્યા તેમાં સ્પષ્ટ દેખાય છે કે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામની અખબારોને કોઈ લેવા દેવા ન હતી. એ પછીની પરંપરા જુઓ તો ૧૯૦૫ માં બંગભંગની જે ચળવળ ચાલી તેની સૌથી વધારે અસર સુરતમાં થઈ. અમદાવાદ એથી દૂર જ રહ્યું. એક કારણ એ હતું કે સુરત મુંબઈથી નજીક હતું. ગુજરાતમાં છુટાછવાયાં પ્રસંગો બન્યા હતાં પણ એ બધા અપવાદો છે. ૧૯૨૦ પછીની જે

ગાંધીજીની ચળવળ થઈ એમાં પણ અખબારોએ આગળ જઈને કામ કર્યું હોય ઝુંબેશ તરીકે ઝુકાવ્યું હોય એવું ભાગ્યે જ બન્યુ છે. એમાંય અમદાવાદની વાત આપણે કરી શકીએ. એટલે અમદાવાદના પત્રકારત્વની માનસિકતા એ રહી છે કે શાસનની વિરુદ્ધ ન જઈને આપણું પત્રકારત્વ કરતા રહેવું.

૧૯૪૭ માં આઝાદી આવી પરંતુ અમદાવાદના પત્રકારત્વની પરંપરા નષ્ટ થાય એવું તો જોવા મળ્યું નથી. એટલે સ્વતંત્રતા પછીનું ગુજરાતી પત્રકારત્વ પણ મોટે ભાગે રાજકીય ચેતના સિવાયના પ્રશ્નો પર જ વધારે ધ્યાન આપતું રહ્યું છે. મોટાભાગે સુધારાવાદી પત્રકારત્વ ગુજરાતી પત્રકારત્વનો તેનો આરંભકાળથી મુખ્ય હેતુ રહ્યો છે. અને એ જ હેતુ અત્યારે પણ જોવા મળે છે. પણ રાજકીય ચેતનાના ઉદાહરણ તરીકે ગુજરાતમાં ૧૯૪૭ના ભાગલા દેશના થયા એ વિશે Indepth Reporting જોવા મળ્યું નથી.અપવાદરૂપ કિસ્સો સૌરાષ્ટ્રના તંત્રી અમૃતલાલ શેઠનો અને તેમના સાથીઓનો ગણાવી શકાય. આઝાદી પછી તેમણે દેશી રજવાડાઓ સામે અહેવાલો લખીને રાજકીય ચેતનાનું પત્રકારત્વ દર્શાવ્યું હતું. પરંતુ એ સૌરાષ્ટ્રનું પત્રકારત્વ હતું અમદાવાદનું નહિ. જયારે એમને એમ લાગ્યું કે ગાંધીજીનો વિરોધ કરવો જોઈએ ત્યારે તેમણે મહાત્માનો પણ વિરોધ કર્યો હતો. પત્રકારત્વનો આદર્શ તેમનામાં જોવાતો હતો. એ કારણે તેમની સાથે મેઘાણી સહિતના સાહિત્યકારો, પત્રકારો જોડાયા હતા, જેણે ગુજરાતી પત્રકારત્વમાં "સૌરાષ્ટ્ર સ્કુલ"ની એક ગરિમા પ્રસ્થાપિત કરી હતી. આ એકમાત્ર ઉદાહરણ આખા ગુજરાતના પત્રકારત્વમાં રાષ્ટ્રીય ચેતના સાથે જોડાયેલું છે. એટલે સ્વતંત્રતા પછી પણ આપણે ત્યાં સ્થાપિત હિતની સાથે રહેવું એ અમદાવાદી અખબારોનું વલણ રહ્યું છે. કયારેક બાંધછોડ થતી હશે પણ એની પાછળ આર્થિક કારણ જવાબદાર હોય છે. એક અપવાદ અમદાવાદમાં રહ્યો હોય તો જનસત્તાએ ૧૯૫૬માં મહાગુજરાત ચળવળને ખુલ્લો ટેકો આપ્યો. અને એના માટે ખુમારી અને ખુવારીપૂર્વક લડયા. એના જેવું મોટા અખબારોએ નહોતું કર્યું. જનસત્તા જેવું બીજુ ઉદાહરણ સૌરાષ્ટ્રમાં જયહિન્દનું છે એણે પણ વિરોધપક્ષના અખબાર તરીકે કામ કર્યું.

કટોકટીના સમયે ૧૯૭૫માં સદ્દભાગ્યે ગુજરાતમાં કેન્દ્ર સરકારથી અલગ સરકાર જનતા મોરચો સત્તામાં હતો. એટલે અહીં એવા મોટા કાયદા કાનૂનો મિસા કે ૧૪૪મી કલમનો શરૂઆતમાં પ્રભાવ ન હતો. એના કારણે થોડીક મોકળાશ હતી પણ આ મોકળાશ ધીમે ધીમે ઓછી થતી ગઈ. સેન્સરશિપનું સીધું નિયમન આવ્યું. ગુજરાતમાં એ સમયે મિસાનો કાનૂન મોરચા સરકારે અસામાજિક તત્વો સામે કર્યો અને ૧૪૪મી કલમ હેઠળ સભા–સરઘસ સામે કોઈ કાનૂની કાર્યવાહી રાજય સરકારે ચલાવી ન હતી. આ શરૂઆતના સમયનો લાભ કટોકટી વિરૂદ્ધમાં થયો તે સમયે ગુજરાતી અખબારોએ સાથ જરૂર આપ્યો. સામાન્ય રીતે રાજય સરકાર સ્થાનિક અખબારોને જાહેરખબર, સમાચાર વ્યવસ્થા, સહિતની સવલતો આપે છે. આથી સગવડનો સવાલ છે ત્યારે રાજયમાં જે સરકાર હોય તેની સાથે રહેવાનું વલણ ગુજરાતી અખબારોનું જોવા મળે છે. પરંતુ કેટલીક વખત કાયદાઓનું અમલીકરણ કેન્દ્રના હાથમાં હોય ત્યારે લડતનો પ્રશ્ન આવે. કટોકટીમાં સેન્સરશિપ અને ન્યૂઝ પ્રિન્ટની બાબત કેન્દ્ર સરકાર હસ્તક હતી. એટલા માટે એ સમયે અખબારો પણ કેન્દ્રની વિરૂદ્ધમાં બહુ લખી શકે તેમ ન હતા. એ સમયે કટોકટીની વિરૂદ્ધમાં જે ગુજરાતી અખબારો ઝુંબેશ ચલાવતા હતા તેને તત્કાલીન કેન્દ્રીય મંત્રીએ જપ્તી –ઝડતીનો ડર દેખાડયો હતો. એ પછી એ અખબારમાં કટોકટીની વિરૂદ્ધના સમાચારો ઓછા કર્યા હતા.

ગુજરાતમાં જે મોટા છાપાંઓ દરેક વખતે સ્પર્ધાના તત્વના કારણે સામસામે જ રહ્યા છે. એક મોટું અખબાર કોઈ મુદ્દાને ટેકો આપે તો તેનું સ્પર્ધક અખબાર તેની સામે ઊભું જ રહે. પછી પ્રશ્ન ભલે પ્રજાજીવનની સમસ્યાનો હોય. અને આ પરિસ્થિતિ 'વર્તમાન' અને ચાબુક દર્પણ' ના સમયથી રહી છે. કારણ આપણે ત્યાં છાપાંઓ વ્યવસાયિક હરીફાઈમાંથી જન્મ્યાં છે એટલે આ બાબત તો કાયમથી રહી છે.

પ્રજાનો મોટો સમૂહ જેની સાથે હોય એની સાથે રહેવું એવું એક વલણ વ્યાવસાયિકતાના પરિણામરૂપે જ અમદાવાદના પત્રકારત્વમાં કટોકટી અને નવનિર્માણ કે અનામત વિરોધી આંદોલનને અખબારોએ ટેકો આપ્યો. વ્યાવસાયિક હરીફાઈનું તત્વ જ

અખબારમાં સ્થાન અપાવવામાં મોખરે રહ્યું છે. આંદોલનોમાં કયારેક અખબારો પોતાના અંગત વેરઝેરના કારણે પણ આંદોલનને સાથ આપતા હોય છે. છાપાંઓના આધારે સત્ય તારવી શકે એટલી બધી ક્ષમતા ગુજરાતના વાચકમાં નથી. કારણ કે છાપાંઓ આ તરફના કે પેલી તરફના અર્ધસત્ય ઉપર જ જીવે છે. એટલે અર્ધસત્ય ઉપર જ જીવતા હોય એની અસર સમાજ ઉપર થતી હોય તો એ પણ અર્ધસત્ય જેટલી જ રહે. એટલે લોકો જાગ્રત નથી એટલે આવાં છાપાં ચાલે છે. આવાં છાપાં ગુજરાતમાં ચાલતાં હોય એનું કારણ ગુજરાતના વાચકો છે. પાંચ છાપાં વાંચે તો પણ એના પોતાના આધારે જ એનું અર્થઘટન કરે છે. આજ સુધીની નાનામાં નાની કે મોટી ઘટના બની હોય એમાં એણે કેવળ અફવાઓ ઉપર જ આધાર રાખ્યો છે.

ગાંધીજીએ પત્રકારત્વમાં વાચકને ઘડવા કરતાં પોતાની નીતિ અને સિદ્ધાંતને પ્રતિપાદિત કરવા માટે અખબારનું માઘ્યમ અપનાવ્યું હતું. દરેક મહાપુરુષે આ કર્યું છે. ટીળક મહારાજે કેસરી, અરવિંદ ઘોષે વંદેમાતરમ, શ્યામજી કૃષ્ણ વર્માએ Indian Sociologyst દ્વારા પોતાના અભિગમનું ઘડતર થાય એ કર્યું છે. એમ છતાં એમાં માં વાચકનું ઘડતર થાય એવો પ્રયાસ હોય છે. ગાંધીજીમાં કમ્યુનિકેશન સ્કીલ હતી. કારણ કે જર્નાલિસ્ટ તરીકેનો તેમનો રોલ સાઈડમાં રહી જાય છે. એ મહાપુરુષ હતા. જર્નાલિસ્ટ ન હતા. આપણે તો અહી શુદ્ધ માલિકો છે એને વાચકો શું કરે છે એની પડી નથી. વાચકને એક યા બીજા રસ્તે પોતાના હિત પ્રમાણે દોરવો એ જ વધારે જોવા મળે છે. અમુક અંશે સુધારો થયો છે પણ એ આપણા માટે બહુ આશાસ્પદ રહ્યો નથી.

સમાજજીવન ઘડતરમાં નબળાઈ માટે પહેલો દોષ પ્રજાનો છે કારણ કે પત્રકારત્વ, જયુડિશિયરી, ધારાસભા, કારોબારી પણ એનાથી રચાય છે. લોકોને જોઈએ છે એમ ચાલે છે. અને લોકોને ગમે છે એ સાચું છે કારણ કે જો ન ગમતું હોત તો વિરોધ થયો હોત પરંતુ એવું વાચકો તરફથી જોવા મળ્યું નથી. છાપાંઓ ચાલે છે એની એક જ બાબત લો તો છાપાંઓ આ કારણે જ ચાલે છે એમ કહી શકાય. બીજું શું છાપાંમાં આવે છે ? અખબારોને પણ આવું કરવું પડે છે.

ગુજરાતી પત્રકારત્વની શરૂઆતથી લગભગ ૧૯૭૦ના દાયકા સુધી જે પત્રકારો રહ્યા એ અનુભવી પત્રકારો હતા. જાતે પત્રકારત્વ શીખ્યા. જાતે લખતા શીખ્યા. લખવાનો શોખ હતો એટલે પત્રકારત્વમાં આવ્યા હતા અને એ રીતે કામ કરતા હતા. નિષ્ઠાવાન હતા. એમની નિષ્ઠાનું એક પરિણામ એ રહ્યું કે એમને વેતન બહુ ઓછું મળ્યું. છતાં એમણે કામ કર્યું. એક કારણ એ પણ હતું કે એ જમાનાના છાપાંઓ પોતે પણ બહુ મૂડીવાદી ન હતા. પત્રકારત્વનો વ્યવસાય એમના માટે નશો હતો. આજના જર્નાલિઝમમાં તાલીમ લઈને આવેલા છે. આ અભ્યાસક્રમોમાં આધુનિક પત્રકારત્વનું પણ શિક્ષણ અપાય છે. આજના શિક્ષણમાં Instant સ્કીલનું બહુ વધારે મહત્વ છે. એટલે એક બાબતમાં પારંગત થવાના બદલે જુદાં જુદાં ફિલ્ડમાં થોડા થોડા જાણકાર બનવાનું વધુ હોય છે. એના પરિણામે સરવાળે પત્રકારત્વને નુકશાન ગયું છે. આજનો પત્રકાર પૈસા સારા મેળવે છે પણ કોઈ એક ક્ષેત્રને વ્યવસ્થિત ન્યાય આપી શકતો નથી.

આજના અખબારોને પણ ઊંડાણપૂર્વકનું પત્રકારત્વ કરનારની જરૂર નથી. સામાન્ય પત્રકાર જોઈએ છે. ઈધર ઉધરની ટીટબીટસ મેળવી લીધી કે સરકારી પરિપત્ર મેળવી લીધો એટલે પત્રકારનું કામ પૂરુ થઈ ગયું એમ ચાલે છે. પત્રકારત્વ કોઈપણ સમસ્યાના મૂળમાં જઈને કશુંક નવું લાવી શકે એવુ હોવું જોઈએ. સમાચારોમાં વધુ અસરકારક વિગતો અને લેખોમાં સાર્વજનિક જીવનના પ્રશ્નોનો અભ્યાસ ગુજરાતી પત્રકારત્વમાં નથી.

આ નથી એના કારણે ગોટાળા વળે છે. વાચક સુધી યોગ્ય પત્રકારત્વ પહોંચતું નથી. ગુજરાતી વર્તમાનપત્રો ગુજરાત સિવાયના પ્રશ્નો ઉપર બહુ ધ્યાન આપતા નથી. સમાચાર સંસ્થાના જે સમાચાર આવે એના આધારે લેખો બનતા હોય છે. એના બદલે ગુજરાતી અખબારોએ આવી કોઈ ઘટના વખતે એના પત્રકારને મોકલવો જોઈએ. ત્યાં પત્રકાર જશે તો તેને ખબર પડશે અને અખબારમાં વાસ્તવિક સ્થિતિ પ્રસિદ્ધ કરી શકાશે. એના અભાવને કારણે અંદરની પીડા આપણે પત્રકારત્વમાં વ્યકત કરી શકતા નથી. ઉદાહરણ તરીકે જોઈએ તો થોડા વર્ષો અગાઉ આસામની પ્રજાએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. તે સમયે ત્યાંની

પ્રજાના વિચારનો અન્ય પ્રદેશના અને ગુજરાતી અખબારોએ પણ વિરોધ કર્યો હતો. ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારનો અને દેશના અન્ય લોકોનો આગ્રહ પણ હતો કે લોકશાહી દેશમાં ચૂંટણી થવી જ જોઈએ. હું ત્યાં ગયો ત્યારે આસામની પ્રજાનો ચૂંટણી સામેનો વિરોધ મને યોગ્ય લાગ્યો હતો. પછી ચૂંટણી થઈ માત્ર ૧૦% મતદાન થયું. હિંસા પણ મોટા પાયે થઈ. એ પછીના તંત્રી લેખો જુઓ તો એમાં કહેવાયું કે ચૂંટણી ગેરવાજબી હતી. આમ આપણો દેશ વિશાળ છે. પ્રદેશે પ્રદેશે સામાજિક કે રાજકીય સમસ્યા અલગ છે. આથી સ્થાનિક સમસ્યાને સમજવા માટે સ્થળ પર જવું પત્રકારત્વ માટે અતિ આવશ્યક છે.

ગુજરાતના આદિવાસી વિસ્તાર કે કચ્છ જેવા અંતરિયાળ વિસ્તારની પ્રજાના પ્રશ્નોને અમદાવાદનું અખબાર સ્થાન આપતું નથી. એમના પ્રશ્નો જે તે વિસ્તારને આધારે ત્યાંની આવૃત્તિમાં છપાય છે એ ખરું પણ એમના પ્રશ્નો બાબતે સંપૂર્ણ ગુજરાતી સમાજ માહિતગાર જ હોતો નથી. આ બહુ મોટી મર્યાદા ગુજરાતી પત્રકારત્વમાં જોવા મળે છે. એટલે ગુજરાતમાં સાહિત્ય અને પત્રકારત્વનું વિકેન્દ્રીકરણ થવું જોઈએ. અત્યારે તો નાનામાં નાના ગામમાં પત્રકારનું કામ છાપાંનો એજન્ટ કરતો હોય છે. આ ખબરપત્રીનું કામ કેવું હોય છે એ બધા જાણે છે. જે ખબરપત્રી વધારે છાપાં મગાવે તેના અહેવાલોને અખબારમાં સ્થાન મળે. આ પ્રથા આપણા પત્રકારત્વએ તોડવી પડે. નાના ગામડા સુધી પત્રકારત્વે પહોંચવુ પડે. અખબાર ગામડામાં જાય છે એ જ મહત્વનું નથી ગામડામાંથી શું આવે છે ? એય મહત્વનું છે. અને આવા પ્રયોગથી છાપાંનો ફેલાવો તો વધે જ છે. યુરોપિયન દેશોમાં પણ સબર્બન અખબારો હોય છે. અત્યારે અખબારોએ જુદી જુદી આવૃત્તિઓ શરૂ કરી છે પણ એમાં કેવળ ઈરાદો છાપાંના સરક્યુલેશનનો જ જોવા મળે છે. ત્યાંના સ્થાનિક સવાલોના ઉકેલ લાવવાનો કે તેને વાચા આપવાનો પ્રયાસ ઓછો છે. એક રીતે આ સ્પર્ધાત્મક પણ છે. એક અખબાર જાય એટલે બીજું જાય એમ ચાલે છે. પણ હજુ તેમાં અવકાશ છે. છાપાંઓ જુદાં જુદાં હોય તો પણ સમાચાર એક સરખાં જ હોય છે. નવું કશું જોવા મળતું નથી. અમદાવાદના પત્રકારત્વની નકારાત્મક બાબતો મારી દ્દષ્ટિએ આ રીતે ગણાવી શકાય.

૧. અમદાવાદી પત્રકારત્વ નિર્ભેળ વ્યવસાયિક પત્રકારત્વ છે.

૨. મોટાભાગે તે Pro Establishment રહે છે.

૩. પ્રજાકીય આંદોલનો જગાડવામાં નિમિત્ત બનતા નથી. પણ જુવાળ આવે તો તેની સાથે થઈ જાય છે.

૪. અમદાવાદના પત્રકારત્વમાં સાહિત્યનો અંશ ઘણો ઓછો છે.

૫. શરૂઆતના પત્રકારત્વમાં સમાજ સુધારાનો અભિનિવેશ હતો. આજના અમદાવાદના પત્રકારત્વમાં એ રહ્યો નથી.

૬. અમદાવાદી પત્રકારત્વ ભાષાની દૃષ્ટિએ હજુ સજાગ નથી.

૭. અમદાવાદનું પત્રકારત્વ શિક્ષણના સવાલો પર ઉદાસીન છે.

સાપ્તાહિકના સહતંત્રી અને તંત્રીપદ હેઠળના મારા કાર્યકાળ દરમિયાન સામાજિક અને રાજકીય જાગૃતિ વિશે કામ કરવાનો મોકો મળ્યો. જે દરમિયાન નવનિર્માણનું સમર્થન, વિરોધપક્ષોની એકતા, કટોકટી તેમજ સેન્સરશિપનો અસરકારક વિરોધ એ ત્રણેય બાબતોએ વાચકોને પણ આંદોલનમાં રસ હતો એમ જણાયું. આના કારણે જપ્તી, ઝડતી અને જેલ ત્રણેય ભોગવવાનું પ્રાપ્ત થયું. એ સમયે સમાચારપત્ર એ માત્ર સમાચાર અને વિચારનું કામ કર્યું હતું.

આપણું પત્રકારત્વ મૂળભૂત રીતે વ્યાવસાયિક છે. વ્યવસાયમાં એક યા બીજા પ્રકારનું જોખમ ઉઠાવવું યોગ્ય નથી રહેતું. આ છતાં કોઈ અખબાર આવો પ્રયાસ કરે તો પ્રજા તેની સાથે જાય છે. પરંતુ આવા આંદોલનમાં પડવું અખબાર માટે જોખમ હોય છે.

ગુજરાતમાં ગાંધીજી કે ઈન્દુલાલ યાજ્ઞિકનું પત્રકારત્વ સફળ રહ્યું હતું કારણ કે તેઓ કોઈ ને કોઈ પ્રકારના વિચાર કે કારણને વરેલા હતા. એમના પ્રયાસો પત્રકારત્વ સુધારણાનું કાર્ય ન હતું. એ ખરું કે આડકતરી રીતે સુધારણા થઈ છે. પત્રકારત્વમાં એવા કેટલાંક સાહસિક પત્રકારો જોઈએ કે જે સમાજના આર્થિક–સામાજિક અને રાજકીય પ્રવાહો સમજે. રાજકીય દૃષ્ટિએ કેટલાક અખબારી પ્રયોગો ગુજરાતમાં થયા છે. પણ એ અખબારો ચાલ્યા

નથી. નેતાઓ પણ થયા નથી.

જનઆંદોલન છે એ પણ વ્યાપક સંદર્ભમાં જોવા જોઈએ. આંદોલનનાં પરિણામો જોઈએ તો ૧૯૪૨ પછી મહાગુજરાત આંદોલનમાં પહેલીવાર હિંસાનો આશરો લેવાયો. ગાંધીજીની કોઈ અસર નથી રહી એ એમાં સાબિત થયું. અને મહાગુજરાત ચળવળની સફળતા પછી પ્રાદેશિક સ્તરે એક બળવાન રાજકીય પક્ષ ઊભો થવો જોઈતો હતો. બધા પક્ષો પણ મહાગુજરાત આંદોલનમાં જોડાયા હતા. પણ પોત પોતાના સ્વાર્થને જોતાં બધા છૂટા પડી ગયા હતા. ગુજરાતમાં બહુ મોટા આંદોલનનું પરિણામ લાવવાની શકયતા હતી. પણ પરિણામ લાવી શકયા નહીં. એવી જ રીતે નવનિર્માણનું આંદોલન યુવા વિદ્યાર્થીઓએ ભ્રષ્ટાચાર સામે કર્યું. પરંતુ શાસક મુખ્યમંત્રીના રાજીનામા પછી શું થયું ? વિદ્યાર્થીઓએ આંદોલનના કારણે અભ્યાસ બગડયો છે તો માસ પ્રમોશનની માગણી કરી. હવે જે ભ્રષ્ટાચાર સામે આંદોલન કર્યું એ જ ભ્રષ્ટાચારની માગણી આ રીતે થઈ.

કટોકટીની લડાઈમાં આખા દેશમાં પરિણામ સત્તાના પરિવર્તનરૂપે આવ્યું. પણ બહુ ટૂંકાગાળામાં એ પરિવર્તન વેરવખેર થઈ ગયું. એટલે આંદોલનની સફળતાનો અર્થ વ્યકિત–વ્યવસ્થા બદલાય તો જ સફળ આંદોલન ગણાય એવો ગયો છે. એ સમગ્ર ભારતમાં વ્યાપ્ત છે. ગુજરાત કેવળ આંદોલનના કારણે મહાન છે એ બાબત ભૂલી જવી જોઈએ. અમદાવાદના ગુજરાતી વર્તમાનપત્રોની ઉજળી બાજુ રજૂ કરવી હોય તો કહી શકાય કે –

૧. ગુજરાતી વર્તમાનપત્રોનું સરકયુલેશન ઘણું મોટું છે. જે વ્યાવસાયિક દ્દષ્ટિએ સફળ થયાની ગવાહી પૂરે છે.

૨. સમાચાર સામગ્રી વૈવિધ્ય વધ્યું છે.

૩. નવા પત્રકારોને કામ કરવાનો અવકાશ મળ્યો છે.

૪. સ્પર્ધાના કારણે પત્રકારોનું શોષણ ઓછું થયું છે.

અમદાવાદની પ્રજાને જો સમજવી હોય તો કહી શકાય કે અમદાવાદ આખા ગુજરાત અને ગુજરાત બહારની જીવન ગુજરાન ઈચ્છતી પ્રજાનું મિશ્રણ છે. તેની પોતાની ઓળખ

નથી કે મૂળિયાં નથી. બહારનાઓએ અહીં આવીને આ શહેરને ઘાટ આપ્યો છે. જેના થકી સામૂહિક મિશ્ર પ્રજાના લક્ષણો કે અપલક્ષણો આવ્યા છે. અમદાવાદની પ્રજાનું રાજકીય એ પી સેન્ટર રાજકીય આંદોલન રહ્યું છે. પ્રજા ગમે ત્યારે છંછેડાય છે અને નાના મોટા આંદોલન કરે છે. પોલીસ ગોળીબાર પછી પણ તે અટકતાં નથી. અમદાવાદની પાસે પ્રજાકીય જાગૃતિ માટે બળવાન રાજકીય પક્ષો નથી કે સંસ્થાઓ નથી એટલે પ્રજા સ્વયંભૂ કામ કરે છે. પ્રજાને દોરવામાં સાહિત્યિક સંસ્થાઓ પણ નિષ્ફળ ગઈ છે.

ગુજરાતમાં રાજકીય દ્રષ્ટિએ જોઈએ તો સબળ રાજકીય પક્ષ સંગઠનની રીતે મજબૂત હોય પરંતુ પ્રજાકીય સંગઠનની વાત સમગ્રતયા જોવા મળતી નથી. રાજકીય પક્ષો પક્ષીય સંગઠનને બાદ કરતાં પ્રજાકીય સંગઠન બનાવવામાં સફળ હોતા નથી. આમ છતાં કોઈપણ પ્રજા 'Dependent' નથી હોતી. એના પર સંઘર્ષો આવે એમાંથી નવા ઘડતર સાથે ઊભી થાય છે. અમદાવાદની પ્રજા પણ આ તર્ક જોતાં પોતાની રીતે સંઘર્ષમાં ઊભી થશે એવી આશા છે.

**મુલાકાત – ૮**

અમદાવાદના પત્રકારત્વના મૂળ  ખાસા ઊંડા છે. આઝાદીના સમય પહેલાંથી અમદાવાદમાં ગુજરાતી પત્રકારત્વ વિકસ્યું હતું. જેને ગાંધીજીના સમયમાં વેગ મળ્યો હતો. પરંતુ અમદાવાદના પત્રકારત્વમાં મહિલા પત્રકારત્વની શરૂઆત એ દ્રષ્ટિએ ઘણી મોડી કહી શકાય તેમ છે.

જે મહિલાઓ આઝાદીની લડાઈ સાથે સંકળાયેલી હતી અને સામાજિક ક્રાંતિની વાતને વરેલી હતી. એમણે અખબારમાં લેખ લખવાનું શરૂ કર્યું હતું. ગુજરાત સમાચારનું તંત્રી પાનું આખું મહિલાઓના વિષય પર લેખ અને સામગ્રી પ્રસિદ્ધ કરતું હતું. જેમાં વિનોદિનીબેન નીલકંઠના લેખ આવતા હતા. તેઓ જુદાં જુદાં વિષયો પર સ્ત્રીઓને જાગ્રત કરવાનો પ્રયાસ કરતા હતા. જેમ કે શિક્ષણ છે. સામાજિક દૂષણો હતાં એમાંથી સ્ત્રીને બહાર કાઢવાનો એક દ્રષ્ટિકોણ વ્યકત થતો હતો. એમણે મહિલાઓને ઘરમાંથી બહાર કાઢવાનું કામ હાથ ધર્યું હતું. આ ઉપરાંત મહિલાઓના પ્રશ્નો ઉકેલતી સંસ્થાઓ જેવી કે જયોતિસંઘના અગ્રણીઓના લેખો

પણ છપાતા હતા. એ વખતે પત્રકારત્વમાં સમાજ સુધારણાનો હેતુ મુખ્ય હતો. મહિલાઓ બહાર નીકળીને વ્યવસાયી બની ન હતી. આ સમયે સમાજજાગૃતિના કાર્યમાં રહેલા સમાજસેવીઓએ મહિલાઓને જાગ્રત કરવાનો આ રીતે પ્રયાસ કર્યો હતો. આ સમાજસેવીઓ અખબારમાં લખતા હતા પરંતુ ખરા અર્થમાં તેમને પત્રકાર ના કહી શકાય. આજે પત્રકારત્વની વ્યાખ્યા કરીએ તો રિપોર્ટિંગથી માંડીને એડિટિંગ સુધીની બાબત આવી જાય છે એટલે એ સમયે મહિલા પત્રકારત્વનું કામ કરતાં લોકો આજના જે પત્રકાર કહેવાય તે રીતે કામ કરતા ન હતા. એટલે એમને પ્રોફેશનલ જર્નાલિસ્ટ તરીકે ના ગણી શકાય. એ સમયના જે મહિલા સામયિકો હતા તેના સંપાદકો પણ પુરુષો હતા. મહિલા પત્રકારો હતા જ નહીં એમ કહીએ તો ચાલે એટલી ઓછી સંખ્યામાં હતા. પણ અખબારમાં કાર્યરત મહિલાઓ પાર્ટટાઈમ કામ કરતા હોય તે રીતે સંકળાયેલા હતા. અખબારમાં મહિલા કામ કરતી હતી પણ આજની જેમ તેનું કામ અખબારમાં ખૂબ ઓછું હતું. મોટા અખબારોએ જે મહિલા સામયિક શરૂ કર્યા તેના તંત્રી તરીકે માલિક કે તંત્રીના કુટુંબની મહિલાઓ જ કાર્ય કરતા થયા. આવડત હોય તો કુટુંબની મહિલા શા માટે કામ ના કરે ? એવો ખ્યાલ હતો. અને માત્ર કુટુંબના સભ્ય હોય એટલે સામયિક ના ચાલી શકે એના માટે વ્યાવસાયિક સજ્જતા જરૂરી હોય છે. એમના કારણે બીજી મહિલાઓને આ ક્ષેત્રમાં તક મળી. છેલ્લા ૨૫ વર્ષમાં ઘણી મહિલાઓ અખબારમાં પ્રોફેશનલ તરીકે કામ કરતી થઈ છે એવું દેખાય છે.

એ વખતે અખબારમાં એવું હતુ કે મહિલાઓનું સામયિક મહિલાઓ સંભાળે એના સિવાય બહુ ઓછું કામ તેમને સોંપાતું હતું. પણ પછી છેલ્લા ૧૫ વર્ષમાં પત્રકારત્વનું શિક્ષણ આપતી ઘણી સંસ્થાઓ શરૂ થઈ અને વ્યવસાયમાં પોતાની આવડત સાથે કાર્યરત થવા માંડી. મહિલાઓ જયારે પ્રોફેશનલ તરીકે પત્રકારત્વમાં આવી ત્યારે તેમને મહિલા સામયિકની જવાબદારી, પત્રકારત્વમાં હળવા કહેવાય તેવા ક્ષેત્રનું રિપોર્ટિંગ, ડેસ્ક એડિટિંગ એવાં સરળ કામો સોંપાતાં હતાં. પરંતુ છેલ્લા એક દાયકામાં પરિવર્તન આવ્યું છે. આજે તો મહિલા પત્રકાર અખબારમાં મહત્વની કામગીરી ગણાય એવું પોલિટિકલ રિપોર્ટિંગ, ક્રાઈમ

રિપોર્ટિંગનું કામ પણ સંભાળી રહી છે. વ્યવસાયમાં પ્રવેશ્યા પછી ઘણી મહિલા પત્રકારોએ અમે કોઈપણ કામ કરી શકીએ છીએ અખબારી કાર્યોમાં સ્ત્રી–પુરુષનો ભેદ કરવાની જરૂર નથી એવું પ્રતિપાદિત કરી આપ્યું. આથી મહિલાઓને આજે અખબારમાં પહેલાં જે કામ નહોતા મળતા તેવા અઘરા ફિલ્ડની કામગીરી સોંપાય છે. અને મહિલાઓ પણ સમયની પાબંદી સિવાય અન્ય વ્યવસાયીઓની જેમ મોડીરાત સુધી અખબારમાં ફરજ બજાવવાની કામગીરી કરે છે. મહિલા પત્રકારોને સતત એવું અનુભવાતું હતું કે મહિલા હોવાના કારણે અમને અમુક જ કામ સોંપવામાં આવે છે. પરંતુ છેલ્લા પાંચેક વર્ષથી તો આખું ચિત્ર બદલાઈ ગયું છે. આજે મહિલા સામયિક કરતાં રિપોર્ટિંગમાં કામ કરતી મહિલાઓની સંખ્યા વધી ગઈ છે. આમ છેલ્લા એક દાયકામાં ખાસું પરિવર્તન આવ્યું છે.

આજે પણ ઘણા એવા વ્યવસાયો છે કે જે માત્ર પુરુષોના વર્ચસ્વ ગણાય છે જેમ કે કોર્પોરેટ સેકટર, વકીલાત, સાયન્સ ફિલ્ડમાં વ્યવસાયી મહિલાઓ છે ખરાં પરંતુ તેમની સંખ્યા ખૂબ જ ઓછી છે. અને ઉચ્ચપદે આજે પણ મહિલા ઓછી જોવા મળે છે. પત્રકારત્વનું ક્ષેત્ર પણ એવું હતું પરંતુ આજે તેમાં સ્ત્રી–પુરુષને કામ સોંપવાની બાબતે સમાનતા આવી છે. પહેલાં તો સ્ત્રી શિક્ષિત હોય તો તેના માટે શિક્ષક બનવાનું જ ક્ષેત્ર હતું. આજે તેમાં બદલાવ આવ્યો છે.

ગુજરાત કે અમદાવાદ નહીં પરંતુ આખા ભારતમાં મહિલા પત્રકારોની સંખ્યા ઓછી હતી. છેલ્લા એક–દોઢ દાયકામાં પરિવર્તન આવ્યું છે. કારણ બહારની કામગીરી કરવી પડે, મોડી રાત સુધી ફરજ બજાવવી પડે. આથી માલિકો એ મહિલા વ્યવસાયીઓનું ધ્યાન રાખવું એવો ક્રમ છે. મહિલાઓએ વ્યવસાયમાં સાબિત કરવું પડયું કે અમે મહિલા હોવા છતાં બહારનું ફીલ્ડ વર્ક કરી શકીએ છીએ. મોડી રાત સુધી રોકાઈ શકીએ છીએ. હવે અખબારના તંત્રીઓને પણ લાગે છે કે મહિલાઓ સારી રીતે કોઈપણ ફીલ્ડનું કામ કરી શકે છે. એક સમય એવો હતો કે સમાજના દરેક ક્ષેત્રમાં મહિલાઓ આ કામ ના કરી શકે તેવો માહોલ હતો. માત્ર પત્રકારત્વના વ્યવસાય નહીં અન્ય વ્યવસાયોમાં આ રીતે હતું. સમાજની દૃષ્ટિને બદલાતાં

વાર લાગી. માલિકો પણ એવું વિચારતા કે મહિલાને ફીલ્ડ રિપોર્ટિંગની કામગીરીમાં મૂકું ને કંઈ થાય તો જવાબદારી કોની ? એવો પ્રશ્ન રહેતો હતો. આજે પણ મોડી રાત સુધી મહિલા ફરજ બજાવે ત્યારે તેને મૂકવા જવાની વ્યવસ્થા સંસ્થા કરે છે. એક નિયમ એવો છે. એટલે સ્ત્રીઓને કામમાં ઓછી રાખવી અને રાખવામાં આવે તો એને બપોર કે સાંજ સુધીમાં કામ પૂરું થઈ જાય તેવી કામગીરી સોંપવી આ બધી માન્યતા બદલાતા સમય લાગે છે. ધીરે ધીરે હવે દરેક ક્ષેત્રમાં પરિવર્તન આવ્યું છે. એમાં પત્રકારત્વના વ્યવસાયનો પણ સમાવેશ થાય છે.

આપણા બંધારણે સ્ત્રી–પુરુષને સમાન ગણ્યાં છે. શિક્ષણનો ફેલાવો થયો સ્ત્રી શિક્ષિત અને ઉચ્ચ શિક્ષિત બની. આથી કોઈપણ વ્યકિતને કંઈક બનવાની મહત્વાકાંક્ષા હોય છે તેના કારણે મહિલાને પત્રકાર બનવાની ઈચ્છા થાય. ત્યારે શિક્ષણે એને તક આપી. અને પત્રકારત્વના શિક્ષણે એમાં વધારો કર્યો કારણ કે સ્ત્રી બતાવી શકતી હતી કે આ વ્યવસાયમાં રસ છે. અને સામે પક્ષે તંત્રી સ્થાને બેઠેલાઓને પણ જણાયું કે આમાં કંઈ ખોટું નથી. વ્યકિત શિક્ષણ લે એટલે એની વિચાર શકિત આપોઆપ વિકસે છે અને પોતાની કારકિર્દી ઘડવા માટે એ પ્રયાસ કરે છે.

પહેલા સમાજે વાડા નક્કી કર્યા હતા. પણ હવે સાબિત થયું છે કે સ્ત્રીઓ પુરુષોની સમકક્ષ છે. હા, સ્ત્રીએ દરેક ક્ષેત્રમાં પુરુષની સામે પોતાની જાતને સાબિત કરવી પડે છે કે એ પુરુષ જેટલું નહી પુરુષથી વધુ અને વધારે સારી રીતે કામ કરી શકે છે ત્યારે એને આ કામ મળતું થયું છે. દરેક ક્ષેત્રમાં શરૂઆતના સમયમાં જે મહિલાઓ આવી હોય તેમણે આ રીતે કામ કરવું જ પડે છે પછી પાછળથી આવનાર સ્ત્રીઓને વાંધો આવતો નથી.

અમદાવાદમાં ગુજરાતી વર્તમાનપત્રો અને અંગ્રેજી વર્તમાનપત્રોમાં મહિલા પત્રકારોની સંખ્યાનો રેશિયો તપાસવો એ યોગ્ય ન કહેવાય કારણ કે અંગ્રેજી અખબાર ઓછા છે, તેમનું સરકયુલેશન ઓછું છે અને ગુજરાતીની સરખામણીએ તેમાં કામ કરતાં વ્યવસાયીઓનું પ્રમાણ પણ ઓછું છે આથી જ્યાં પુરુષોની સંખ્યા ઓછી હોય ત્યાં મહિલા વ્યવસાયીની સંખ્યા પણ ઓછી હોય એ સ્વાભાવિક છે.

આજથી દશેક વર્ષ પહેલા રેડિયો, ટેલિવિઝન અને પ્રિન્ટ મીડિયાના મહિલા કર્મચારીઓએ વુમન્સ મીડિયા ફોરમ રચ્યું છે. જેમાં ૪૦ જેટલા મહિલા વ્યવસાયીઓ પ્રારંભમાં જોડાયા હતા. આજે તો મહિલા વ્યવસાયીઓની સંખ્યા ૧૦૦ જેટલી થઈ છે. પરંતુ પત્રકારત્વના વ્યવસાયમાં વ્યવસાયી માટે સમય કાઢવો મુશ્કેલ હોય છે એટલે હાલમાં મળવાનું ઓછું બને છે.

આ સંસ્થા દ્વારા સમાજમાં પત્રકારત્વના મહિલા વ્યવસાયીઓના પ્રશ્નો ચર્ચવા અને એના ઉકેલ ચકાસવાનો પ્રયાસ હાથ ધર્યો છે. પ્રશ્નો અને વિચારોની આપ લે થાય છે એમાં મજા આવે છે. શરૂઆતનાં બે વર્ષ તો નિયમિત મળતા રહયા હતા. પરંતુ વ્યવસાયી હોવાથી સમયનો અભાવ અને સંપર્ક કરવાનું મુશ્કેલ થયું એથી અત્યારે નિયમિત મળવાનું થતું નથી. આ રીતનો પ્રયાસ સારો રહ્યો છે. એટલે હવે આ ફોરમને નિયમિત કરવાની ઈચ્છા છે.

મહિલા પત્રકારોને સ્ત્રી હોવાના કારણે એ જે કરવા માગતી હોય એ સ્ત્રી છે એટલે ન કરી શકે એવી મર્યાદા નડતી હોય છે જે દરેક વ્યવસાયમાં હોય છે. થોડા વર્ષોથી અમદાવાદના પત્રકારત્વમાં મહિલાઓ માટે વ્યવસાયીક તકો વધી છે. હવે અખબારો પણ મહિલાને કામ આપતા થયા છે. અમદાવાદની જીવનશૈલી છેલ્લા પાંચ સાત વર્ષોથી ખૂબ જ ઝડપથી બદલાઈ છે, કારણ કે નાના શહેરમાંથી અમદાવાદ મેગાસિટી બન્યું છે, એટલે આપોઆપ સમાજનું કલેવર બદલાય છે. વિસ્તાર, વસ્તી વધી છે. એટલે આજે સ્પર્ધા પણ વધી છે. મહિલા પત્રકારોને ફીલ્ડમાં સારો પ્રતિસાદ મળે છે. સામેવાળી વ્યકિત સૌમ્યતાથી, આદરથી વર્તે છે. પણ મહિલા છે એટલે એને માહિતી ન મળે કે તંત્રમાં બેસેલો પુરુષ એને ટાળતો હોય એવું બનતું નથી.

આજે પત્રકારત્વમાં આવવા માંગતા યુવકો અને યુવતીઓ આ ક્ષેત્રને ગ્લેમરસ ફિલ્ડ માનીને આવવા માંગતા હોય છે. હકીકતમાં એ છે અને નવા આવનાર દરેક વ્યકિતને ફિલ્ડમાં જે ટોચનું ફિલ્ડ ગણાતું હોય તેવા ફિલ્ડનું રીપોર્ટિંગ કરવું હોય છે. પહેલાના પીઢ પત્રકારોનું વાચન વિશાળ હતું. આજના યુવા પત્રકારોમાં વાચન ઓછું છે. અને માત્ર સમાચાર

લેખનલક્ષી કામ જ તેઓ કરે છે.

આ ક્ષેત્રમાં વાચન–લેખન અને સમાજને બહુ જ ઊંડાણપૂર્વક સમજવાનો હોય છે જે બહુ લાંબા સમયની પ્રક્રિયા છે. બહુ ટૂંકા ગાળામાં એ ન થઈ શકે. કારણ કે પત્રકારત્વ એ નિરંતર શીખવાની પ્રક્રિયા છે. નિવૃત્તિ સુધી શીખવાની આ પ્રક્રિયા ચાલુ રહે છે. પણ આજની પત્રકારત્વની પેઢીમાં એ જોવા મળતું નથી.

પત્રકારત્વની શિક્ષણ સંસ્થાઓ ચાલુ થઈ છે એ સારી વાત છે. પરંતુ શિક્ષણ એક ઘરેડમાં ચાલી રહ્યું છે એને બદલે એમાં વિશેષીકરણ લાવવાની જરૂર છે. પત્રકારત્વનું શિક્ષણ ખૂબ હળવાશથી લેવામાં આવે છે. અભ્યાસક્રમમાં સૈધ્ધાંતિક બાબતો વધુ છે. વ્યવસાયી તરીકે જે કામ કરવાનું હોય તે કામની પ્રાયોગિક તાલીમનો સમયગાળો ખૂબ જ ઓછો હોય છે. પ્રયોગિક વાત આખી જુદી હોય છે એટલે તાલીમ જ ના હોય એ તો વિદ્યાર્થીઓનો સમય બગાડવા જેવું હોય છે. સમૂહ માધ્યમોમાં વિદ્યાર્થીને તાલીમ આપવી જોઈએ. એવું પણ થઈ શકે કે શિક્ષણ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ પાસે "લેબ જર્નલ" કે ડોકયુમેન્ટરી તૈયાર કરાવાય, તો ન્યૂઝ અને પ્રોડકશનની તાલીમ મેળવી શકાય. એસાઈમેન્ટસમાં સ્ટોરીઝ, સમાચાર અહેવાલ લખાવવાનો મહાવરો કરાવવો જોઈએ. પત્રકારત્વનું શિક્ષણ આપવું એ સારુ જ છે કારણ કે સીધા વ્યવસાયમાં આવતા પહેલાં કંઈક તો તે જાણકારી મેળવતા હોય છે. આજના સમયની માંગ સાથે પત્રકારત્વના અભ્યાસક્રમને તૈયાર કરવો જરૂરી છે.

## પ્રકરણ – ૭

## અભ્યાસનાં તારણો અને સુચનો

પ્રસ્તુત સંશોધન અભ્યાસ શોધ નિબંધના પ્રકરણ–૧ થી શરૂ કરીને પ્રકરણ – ૬ સુધીના પ્રકરણોમાં સંશોધન સંદર્ભે વિવિધ માહિતી જેવી કે ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ, વ્યવસાયનું સમાજશાસ્ત્ર સંદર્ભેના વિવિધ સંશોધનો અને તે સંબંધનું સાહિત્ય વ્યવસાયી ઉત્તરદાતાઓની સામાજિક–આર્થિક પશ્ચાદ્‌ભૂ દર્શાવતી વિવિધ માહિતી તેના વર્ગીકરણ અને વિશ્લેષણ અને તેના દ્વારા વ્યવસાયના સમાજશાસ્ત્રનું એક શબ્દ ચિત્ર ઉપસાવવાનો પ્રયાસ કર્યો છે. સંશોધન નિબંધમાં તમામ બાબતો મહત્વની હોય છે. અને વર્ગીકરણ અને વિશ્લેષણના સહારે સમગ્ર સંશોધનના પ્રશ્નની સમગ્રતયા સ્પષ્ટતા પણ જરૂરી હોય છે. કારણ કે એના દ્વારા સંપૂર્ણ સ્થિતિ જાણી શકાય છે અને તેના આધારે ભવિષ્યમાં પણ ઉપયોગી સંશોધન કાર્ય થઈ શકે છે. આ દ્રષ્ટિએ સંશોધનનું અંતિમ પ્રકરણ સંશોધનની વિશિષ્ટ ફળશ્રુતિઓ દર્શાવવાનું હોય છે. સંશોધન અભ્યાસના આ અંતિમ પ્રકરણને હકીકતે સમગ્ર અભ્યાસનું 'એસેન્સ' ગણાવી શકાય. સંશોધનકર્તાના અભ્યાસનો નિચોડ તેમાં હોય છે. સંશોધક પોતાનું સંશોધન અભ્યાસકાર્ય વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી કરે છે અને તેની પાસે જે હકીકતો ઉપસે છે તે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી રજૂ કરે છે. એટલે આ અંતિમ પ્રકરણ કે જેમાં તારણો અને સૂચનો સંશોધક રજૂ કરતો હોય છે તેથી તે અતિ મહત્વનું ગણાય છે.

આ પ્રકરણમાં અભ્યાસના હેતુઓની ચકાસણી થઈ છે ? શું સમીક્ષા કરી છે ? વ્યવસાયી તરીકે કેવા પરિવર્ત્યો સાથે તેમને કેવો અને કેટલો સંબંધ છે ? વગેરેની સ્પષ્ટતા કરવાની સંશોધકને તક રહે છે. તથા સંશોધન દરમિયાન વિવિધ સંજોગોના પરિણામે કોઈ પાસાં રહી ગયા હોય અને સંશોધકના ધ્યાનમાં આવ્યા હોય તો તે સુચનરૂપે રજૂ કરવામાં આવે છે. જેથી ભવિષ્યમાં અન્ય સંશોધક તે મુદ્દાઓ પ્રત્યે ધ્યાન આપીને તેમના સંશોધનોને સંવર્ધિત બનાવી શકે છે. આ પ્રકરણમાં સંશોધન તારણો તથા સુચનો રજૂ કરાયાં છે જે ભાવિ સંશોધકોને સમાજ વિજ્ઞાનમાં સંશોધનની દિશામાં માર્ગદર્શક બની રહેશે એવી આશા છે. સંશોધનના તારણો આ મુજબ છે :

૧. પત્રકારત્વનો વ્યવસાય સમાજના અનેક પાસાંઓ સાથે સંકળાયેલો છે. તેમાં લેખન, સાહિત્ય અને શિક્ષણ અગ્રસ્થાને છે. પરંપરાથી શિક્ષણ મહદઅંશે ઉચ્ચ જ્ઞાતિઓમાં

કેન્દ્રિત થયું હતું. આ બાબત અમદાવાદના પત્રકારત્વમાં પણ જોઈ શકાય છે. વ્યવસાયીઓમાં ઉચ્ચ જ્ઞાતિના વ્યકિતઓ વિશેષ પ્રમાણમાં છે. અને તેમાં પણ સૌથી વર્ણવ્યવસ્થામાં સૌથી ટોચની 'બ્રાહ્મણ' જ્ઞાતિના વ્યવસાયીઓની ટકાવારી વધુ છે. બ્રાહ્મણ જ્ઞાતિનો પ્રભાવ અહીં જોવા મળે છે.

૨. ઉચ્ચ જ્ઞાતિ બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિના જ્ઞાતિજનોમાં પણ વ્યવસાયીકરણની તક્નો ઉપયોગ જણાય છે. મુખ્યત્વે ચોક્કસ પ્રકારના વ્યવસાય સાથે જોડાયેલી આ બક્ષીપંચની જ્ઞાતિના વ્યકિતઓ હવે શિક્ષણ સાથે સજ્જડ નાતો ધરાવતા પત્રકારત્વમાં પણ સારી એવી સંખ્યામાં જોડાતા હોવાનું જણાય છે. અનામત વ્યવસ્થાનો લાભ તેમના વિકાસમાં ફળદાયી નીવડયો છે એમ તારવી શકાય. જો કે અનુસૂચિત જાતિ અને જનજાતિના વ્યવસાયીઓનું પ્રમાણ આ વ્યવસાયમાં આજે પણ નગણ્ય છે.

૩. બે વ્યવસાયીઓએ પોતાની જ્ઞાતિ અને ધર્મની વિગતો આપવાનું ટાળ્યું છે. આ પૈકી એક ઉત્તરદાતા કે જે મહિલા છે તેમણે જ્ઞાતિ અને ધર્મમાં માનતા નથી એમ સ્પષ્ટ જણાવ્યું છે. જે દર્શાવે છે કે ૨૧મી સદીના ઉચ્ચ શિક્ષિત યુવાનોનો પરંપરાગત જ્ઞાતિ અને ધર્મનો ખ્યાલ બદલાયો છે. જ્ઞાતિ અને ધર્મને તેઓ ઓળખ માટે ગૌણ માને છે.

૪. ગુજરાતની એક ઓળખ મહાજન પરંપરા છે. આ મહાજન પરંપરા અમદાવાદમાં આઝાદી આંદોલન પહેલાંથી અસ્તિત્વમાં હતી. મહાજન પરંપરામાં શિરમોર એવા જૈન વેપારીઓ હતા. આજે પત્રકારત્વ વ્યવસાય બન્યો છે ત્યારે મહાજન પરંપરાના મોભી જૈનો અમદાવાદના અખબારોમાં ઠીક ઠીક માલિકી ધરાવે છે. પત્રકારત્વમાં વ્યવસાયી તરીકે તેમની સંખ્યા ખૂબ જ ઓછી છે પણ માલિકીની વાત આવે ત્યારે થોડાં અખબારોને બાદ કરતાં અમદાવાદના અખબારોના માલિકો તરીકે જૈનો જોવા મળે છે.

૫. પત્રકારત્વ એ આકરી મહેનત અને દોડધામ માગી લેતો વ્યવસાય છે. આ વ્યવસાયમાં સૌથી વધુ પ્રમાણ ૪૦ વર્ષ સુધીના યુવાનોનું સવિશેષ જણાય છે. ૪૦ કે ૫૦ વર્ષથી

પત્રકાર તરીકે સેવા આપતા અનુભવીઓ પણ જોવા મળે છે. જે દર્શાવે છે કે અમદાવાદના પત્રકારત્વમાં જૂની અને નવી બન્ને પેઢીઓ પોતાનું યોગદાન આપી રહી છે. યુવાનો સાથે અનુભવીને પણ આ ક્ષેત્રમાં સ્થાન અપાય છે.

૬. આર્થિક દ્દષ્ટિએ અમદાવાદ ગુજરાતનું મુખ્ય મહાનગર છે. આ શહેર રોજગારીની તક પૂરી પાડે છે એ બાબત અભ્યાસમાં જણાય છે કારણ કે પત્રકાર વ્યવસાયીઓમાંથી ૭૨% ઉપરાંત વ્યવસાયીઓ અમદાવાદના મૂળવતની નથી છતાં તેઓ અહીં સ્થાયી થયા છે.

૭. પત્રકારત્વ એટલે લેખન કૌશલ્યમાં માહિર વ્યકિતઓનો વ્યવસાય. પરંતુ વ્યવસાયી પત્રકારોની વિગતો ચકાસતાં એવું માલુમ પડે છે કે ફાર્મસી, બી.એસસી., એન્જિનિયરિંગ જેવા વિજ્ઞાન વિષયના સ્નાતકોએ પણ આ વ્યવસાય સ્વીકાર્યો છે. ચોક્કસ પ્રકારનું શિક્ષણ મેળવ્યું હોય તે જ પત્રકાર બની શકે એવું વલણ અમદાવાદના પત્રકારત્વમાં જોવા મળતું નથી. એટલું જ નહીં પત્રકારત્વના વિશેષ શિક્ષણના બદલે આંતરિક સૂઝને વધારે મહત્વ આપવામાં આવે છે. પરિણામે વ્યવસાયી તરીકે પત્રકારત્વનું ખાસ શિક્ષણ જરૂરી ગણાતું નથી. જો કે છેલ્લા થોડા વર્ષોથી પત્રકારત્વના અભ્યાસક્રમો અનેક કક્ષાએ શરૂ થયા હોઈ પત્રકારત્વના વિદ્યાર્થીઓ આ ક્ષેત્રમાં સ્થાન પામતા જાય છે.

૮. અમદાવાદના પત્રકારોના શિક્ષણની વિગતો જોઈએ તો તેમાં પણ બ્રાહ્મણ જ્ઞાતિના વ્યવસાયીઓમાં શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધુ છે.

૯. જ્ઞાતિ પરંપરાથી શિક્ષણ અને પેઢીઓથી શિક્ષણ પરંપરાના કારણે બ્રાહ્મણ જ્ઞાતિનું વર્ચસ્વ શિક્ષણ સાથે સીધો નાતો ધરાવતા પત્રકારત્વમાં પણ જોવા મળે છે. અખબારનો માલિક બ્રાહ્મણ હોય તેવું ભાગ્યે જોવા મળે પરંતુ વ્યવસાયમાં સંખ્યાની દ્દષ્ટિએ તેમની ટકાવારી અન્ય જ્ઞાતિજનો કરતાં ઘણી ઊંચી છે અને માલિક પછી બીજા નંબરનું સ્થાન તેઓ ધરાવતા જણાય છે.

૧૦. અમદાવાદની વિશિષ્ટ ઓળખ તેની પોળ અને કોટ છે (દીવાલ) પરંતુ મોટાભાગના વ્યવસાયીઓ સાબરમતી નદીપારના વિસ્તારમાં વસવાટ કરે છે. નદીપાર વસતા લોકો મોટાભાગે મહાનગરમાં શિક્ષણ, મનોરંજનના કારણે સ્થાયી થાય છે. આ બાબત જોવા મળે છે.

૧૧. નદીપારના પશ્ચિમ વિસ્તારની જીવનશૈલી ઉપલી જ્ઞાતિઓની જીવનશૈલી છે. આથી પત્રકારત્વ સાથે સંકળાયેલ કોઈપણ જ્ઞાતિનો વ્યવસાયી ચાહે તે ઉચ્ચ જ્ઞાતિનો હોય કે નિમ્ન જ્ઞાતિનો પરંતુ નદીપારના વિસ્તારમાં વસવાટ વધુ પસંદ કરે છે. એની પાછળનું કારણ આ વ્યવસાયનો ઉંચો સામાજિક દરજ્જો હોવાનું પણ જણાય છે. નિમ્ન જ્ઞાતિનો વ્યવસાયી પણ પોતાનું સ્થાન અને દરજ્જો બદલવા નદીપારના વિસ્તારમાં રહેવાનું પસંદ કરે છે એમ દર્શાવી શકાય. અભ્યાસનાં ઉત્તરદાતાઓમાં ઉપલી જ્ઞાતિઓનું સવિશેષ પ્રમાણ અને તેમાં થયેલી ઊભી સામાજિક ગતિશીલતા તેઓના વર્તમાન રહેઠાણનું પ્રતિક કહી શકાય. આ ઉપરાંત થોડા વર્ષોથી અખબારી સંસ્થાઓ નદીપારના વિસ્તારમાં ખસેડાઈ છે જેના કારણે વ્યવસાય અને નિવાસ નજીક રહે એ આશય પણ જોવા મળે છે.

૧૨. નદીપારનો વિસ્તાર વ્યવસાયીઓનો રહેણાંક વિસ્તાર વધુ હોવાના પરિણામે અમદાવાદના જૂના વિસ્તાર એટલે કે કોટ–પોળ વિસ્તારમાં જે જ્ઞાતિ વ્યવસ્થાના સ્વરૂપના આધારે આવાસ વ્યવસ્થા હતી તે તૂટી ગઈ છે કે તૂટી રહી છે એમ કહી શકાય કારણ કે પોળમાં એક નિશ્ચિત જ્ઞાતિની જ વસ્તી હતી. અન્ય જ્ઞાતિજનને તેમાં સ્થાન નહોતું. આ પરંપરાગત વ્યવસ્થા પશ્ચિમ અમદાવાદના વિકાસના કારણે તૂટી હોવાનું આપણને જોવા મળે છે. આ બાબત એમ દર્શાવે છે કે આધુનિક સમયમાં વ્યક્તિને તેના પડોશ જૂથના સભ્યો કંઈ જ્ઞાતિના છે તેની લેવા દેવા નથી. જ્ઞાતિ આ સંદર્ભમાં વધુ જોવા મળે છે. એક જ જ્ઞાતિના સભ્યો સમાન હોય અને તેમનો રહેણાંક

વિસ્તાર એક હોય એ બાબતના બદલે વ્યાવસાયિક રીતે દરજ્જાની સમાનતાનું વલણ આજે જોવા મળે છે.

૧૩. વ્યાવસાયિકો પૈકી ૮૯% પોતાની વ્યકિતગત કે પૈતૃક માલિકીના મકાનમાં વસવાટ કરે છે. એ જોતાં વ્યાવસાયિકોની મકાન માલિકી હક્ક એ દર્શાવે છે કે પત્રકારો તેમના વ્યવસાયમાં યોગ્ય આર્થિક વળતર પ્રાપ્ત કરે છે. આર્થિક સંપન્નતાના પરિણામે તેઓ માલિકી હક્ક પ્રાપ્ત કરી શકયા છે. જો કે આશ્ચર્યજનક બાબત એ છે કે જેઓ ભાડાના મકાનમાં રહે છે તેમાં સૌથી વધુ ઉચ્ચ જ્ઞાતિના વ્યવસાયીઓ છે. એમાં પણ બ્રાહ્મણ જ્ઞાતિના સૌથી વધુ છે. બક્ષીપંચમાં સમાવિષ્ટ જ્ઞાતિના એકપણ વ્યવસાયી ભાડાના મકાનમાં રહેતા નથી.

૧૪. વ્યવસાયીઓમાં મકાન માલિકીનું પ્રમાણ વધુ છે એટલું જ નહી પણ કુટુંબની જરૂરિયાત માટે ૩ રૂમ અને રસોડાનું મકાન આદર્શ ગણાવી શકાય. વ્યવસાયીઓ પૈકીના અડધાથી વધારે મોટા મકાનમાં વસવાટ કરે છે. જે દર્શાવે છે કે માત્ર મકાન પોતાની માલિકીનું લઈ શકાય એટલું નહી પરંતુ મોકળાશથી રહી શકાય તેવી આવાસ સુવિધા ધરાવે છે. વ્યવસાયીઓની સધ્ધરતા દર્શાવતી આ બાબત પણ નોંધવી પડે. જો કે દલિત વ્યવસાયી ભલે પત્રકારત્વના વ્યવસાયી તરીકે વ્યવસાયી ઊંચો સામાજિક દરજ્જો ધરાવતો હોય પરંતુ તેને એક રૂમ રસોડાનું ભાડાનું મકાન જ છે. તેનો સામાજિક અને આર્થિક દરજ્જો આવાસની દ્દષ્ટિએ જો તપાસીએ તો હજુ ઊંચો આવ્યો નથી એ સ્પષ્ટ થાય છે.

૧૫. વ્યવસાયીઓનો બહુ મોટો ભાગ ફલેટમાં વસે છે. જે દર્શાવે છે કે ધંધા–રોજગારના કારણે વિકસિત એવા આ મહાનગરમાં વસ્તી ગીચતાનું પ્રમાણ અન્ય શહેરોની સરખામણીએ વધુ છે. અને ખાસ કરીને શહેરના નદીપારના વિસ્તારમાં વસ્તી ગીચતા વધુ છે કે જયાં મોટાભાગના ઉત્તરદાતાઓ વસવાટ કરે છે. વ્યવસાયીઓ આર્થિક સંપન્ન હોવાના કારણે મકાન માલિકી ધરાવે છે પરંતુ હજુ તેઓ ધનાઢય કે

અતિધનાઢયની શ્રેણીમાં આવતા નથી એટલે મકાન બાંધકામ ફલેટ/એપાર્ટમેન્ટ (૫૩%) વધુ જોવા મળે છે. સ્વતંત્ર બંગલા અને રોહાઉસીસમાં બહુ ઓછા વ્યવસાયીઓ (૧૫%) વસવાટ કરે છે. તેવી જ રીતે જોઈએ તો શહેરની ચાલી કે પોળમાં રહેવાનું બહુ ઓછા વ્યવસાયીઓ (૫%) પસંદ કરે છે એમ જણાય છે.

૧૬. વ્યવસાયીઓની જ્ઞાતિ આપણે જાણીએ છીએ તે મુજબ સૌથી વધુ ઉત્તરદાતાઓ બ્રાહ્મણ જ્ઞાતિના છે એ સિવાયની અન્ય જે જ્ઞાતિઓ છે તેઓમાં પણ વેપાર વાણિજય સાથે પેઢીઓથી સંકળાયેલી વેપારી જ્ઞાતિનું પ્રતિનિધિત્વ બહુ સીમિત છે. આમ, મધ્યમ વર્ગના પરિવારનું પ્રતિનિધિત્વ આ વ્યવસાયમાં વધુ હોઈ સ્વાભાવિક છે કે સ્વતંત્ર બંગલા–લકઝુરિયસ રોહાઉસીસ તેમને પરવડી શકે એમ નથી અને નદીપારનો વિસ્તાર ધનાઢય હોઈ સ્વતંત્ર મકાનના દર ખૂબ ઊંચા હોઈ એ મધ્યમવર્ગીય વ્યવસાયીઓને પોષાયી શકે નહીં. તેમના માટે ફલેટ બાંધકામની માલિકી પ્રાપ્ત કરવી જ શકય હોય છે જે જોઈ શકાય છે. વ્યવસાયીઓની જો પેઢી તપાસીએ તો તેમના પૂર્વજો પણ વ્યવસાયી તરીકે જ હશે જેના પરિણામે આર્થિક સબળતાનો વારસો તેમને પ્રાપ્ત થયો નહીં હોય. એથી પણ મકાન બાંધકામ સ્વતંત્ર પ્રાપ્ત નહીં કરી શકયા હોય. આમ છતાં એક વાત સ્પષ્ટ થાય છે કે સામાજિક પ્રતિષ્ઠા અને દરજજા સભાનતાને ઘ્યાનમાં લઈને વ્યવસાયીઓ ધનાઢય ગણાતા અને વસ્તી ગીચતા ધરાવતા વિસ્તારમાં વસવાટ પસંદ કરે છે. આ ઉપરાંત નગર જીવનમાં હાઈરાઈઝ બિલ્ડિંગમાં રહેવાનું વલણ પણ જણાય છે.

૧૭. આપણા દેશમાં આર્થિક ઉદારીકરણના પરિણામે ૯૦ના દાયકા પછી ઝડપી ઉદ્યોગીકરણ ઉદ્‌ભવ્યું. ઉદ્યોગીકરણ અને શહેરીકરણ એ બંન્ને સંયુકત રીતે જોડાયેલા પાસાં છે. બંન્ને સાથો સાથ જોવા મળે છે. આ બાબત વ્યવસાયીઓની માહિતીમાંથી તારવી શકાય છે. નગરીકરણનું એક મુખ્ય લક્ષણ વિભકત કુટુંબ પણ હોય છે. ઉપલબ્ધ માહિતીની આપણે સમીક્ષા કરીએ તો સ્પષ્ટ થાય છે કે વિભકત કુટુંબનો

અભિગમ વ્યવસાયીઓમાં જણાય છે. નગરીય જીવનશૈલીનું આ એક અહીં લક્ષણ જોવા મળે છે.

૧૮. વ્યવસાયીઓ પૈકી જેમની ઉંમર ૪૦ વર્ષથી ઓછી છે તેઓએ છેલ્લા ૧ વર્ષથી માંડીને ૧૦ વર્ષ દરમિયાન રહેઠાણનું સ્થળ બદલ્યું છે એ પણ એ વાતનું સમર્થન આપે છે કે સંયુકત કુટુંબના સભ્યોએ છૂટા પડીને વિભકત કુટુંબ રચ્યું છે. વ્યવસાયમાં જે ખાસો અનુભવ ધરાવે છે તેવા વ્યવસાયીઓએ રહેઠાણ બદલ્યું નથી, એ જોતાં એમ કહી શકાય કે વ્યવસાયીઓની નવી પેઢીમાં બાપ દાદાનું રહેઠાણ કે સંયુકત કુટુંબ છોડવાનું વલણ જોવા મળે છે તે જૂની પેઢીના વ્યવસાયીઓમાં જોવા મળતું નથી.

૧૯. જ્ઞાતિની દ્દષ્ટિએ રહેઠાણ બદલાવની સ્થિતિ ચકાસીએ તો ઉચ્ચ જ્ઞાતિના વ્યવસાયીઓમાં આ પ્રમાણ સૌથી વધુ (૮૩%) છે. ઉચ્ચ જ્ઞાતિ પરંપરાગત વ્યવસ્થાથી આર્થિક અને સામાજિક દ્દષ્ટિએ સંપન્ન હતી જે આજે પણ લગભગ જળવાઈ રહ્યું છે. જયારે સંયુકત કુટુંબની બાબત આપણે જોઈએ તો ગરીબોમાં સંયુકત કુટુંબ વધારે અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં એ વધુ ચુસ્ત જોવા મળે છે.ગરીબોને ગરીબી સિવાય બીજું કશું વહેંચવાનું હોતું નથી એટલે સંયુકત કુટુંબ વ્યવસ્થા એક રીતે ફરજિયાતપણે ચાલતી હોય એવું બની શકે અથવા તો સાંસ્કૃતિક મૂલ્યોને પ્રમાણે જળવાતી હોય પરંતુ નગરમાં આ મૂલ્યો લગભગ અસ્તિત્વ ધરાવતા નથી. આ વ્યવસાયીઓનો ભૂતકાળ માની લઈએ કે ગરીબી સાથે સંકળાયેલો હોય પરંતુ આજે એવી સ્થિતિ નથી. બહુધા વ્યવસાયીઓ સ્વમાલિકીનું મકાન અને જીવન જરૂરિયાતની ભૌતિક સુખ સુવિધાઓ ધરાવે છે અને ઉપલી જ્ઞાતિના સભ્યો હોવાના પરિણામે તેઓમાં વિભકત કુટુંબની વ્યવસ્થા વિસ્તરતી જોવા મળે છે.

૨૦. વ્યકિતનો સામાજિક દરજજો માત્ર કુટુંબ કે જ્ઞાતિ આધારિત આજે રહ્યો નથી બલ્કે દેખાદેખીના આજના જમાનામાં હવે જીવનશૈલી, રહેણાંક વિસ્તાર વગેરે બાબતો પણ સામેલ થઈ છે. એ બાબત અભ્યાસમાં દેખાય છે. કારણ કે જેઓ નદીપારના ધનાઢય

વિસ્તારમાં રહેતા હતા તેમણે પોતાનું નિવાસ સ્થાન અગાઉના કરતાં વધુ ધનાઢય ગણાવી શકાય તેવા વિસ્તારમાં ખસેડયું છે.

૨૧. વ્યવસાયીઓ પૈકીના જે મૂળ અમદાવાદના વતની નથી તેમણે મોટાભાગે નદીપારના વિસ્તારમાં જ વસવાટ કરવાનું પસંદ કર્યું છે. જે દર્શાવે છે કે અમદાવાદના મૂળવતનીઓ અને સ્થળાંતર કરીને આવેલા વ્યવસાયીઓમાં નદીપારના વિસ્તારમાં વસવાટનો ઝોક વધારે જણાય છે.

૨૨. વ્યવસાયીઓ પાસે ભૌતિક સુવિધાના સાધનો જેવા કે ટેલિવિઝન સેટ અને રેફ્રીજરેટર લગભગ તમામ પાસે છે. પરંતુ તેની સરખામણીએ એરકંડીશનરની સુવિધા બહુ ઓછા વ્યવસાયીઓ (૮%) ધરાવે છે. આ ઉપરાંત આજના જમાનામાં કોમ્પ્યુટર અત્યંત ઉપયોગી ગણાય છે. પરંતુ વ્યવસાયીઓમાંથી બહુ થોડા વ્યવસાયીઓએ (૨૯%) કોમ્પ્યુટર વસાવ્યું છે. તેવી જ રીતે ફોર વ્હીલર ધારકોની સંખ્યા પણ ઓછી છે. નોંધનીય બાબત એ છે કે આજના ઈન્ફર્મેશન ટેકનોલોજીના જમાનામાં ઈન્ટરનેટ વિપુલ માહિતી પ્રાપ્ત કરવા માટેનું અત્યંત મહત્વનું સાધન છે પરંતુ અડધાથી પણ વધારે વ્યવસાયીઓ ( ૫૪% ) તેનો ઉપયોગ કરતા નથી. પત્રકાર પાસે તેના વ્યવસાયને ધ્યાનમાં લેતા તમામ ક્ષેત્રમાં દેશ અને દુનિયામાં શું બની રહ્યું છે ? એની માહિતી હોવી આવશ્યક છે. અને ઈન્ટરનેટ સુવિધા તેમાં ખૂબ જ ઉપયોગી થાય છે. તેમ છતાં તેનો મર્યાદિત ઉપયોગ થાય છે. એ દર્શાવે છે કે વ્યવસાયીઓ તેઓ જે ક્ષેત્રનું કાર્ય સંભાળે છે એના સિવાયની અન્ય કોઈ જાણકારી મેળવવામાં તેમને રસ નથી. મજાની વાત એ છે કે ૧૪ ઉત્તરદાતાઓ પાસે ફોર વ્હીલર છે તે પૈકીના આઠ પાસે કોમ્પ્યુટર નથી.

૨૩. ઈન્ટરનેટ જેમ માહિતી યુગમાં જરૂરી છે તેમ વ્યવસાયીઓ માટે મોબાઈલ પણ આવશ્યક સાધન છે તેમ છતાં તમામ વ્યવસાયીઓ પાસે મોબાઈલ નથી. સમાજમાં સીધી માહિતી પ્રાપ્ત કરવા માટે માહિતી દાતા જરૂરી હોય છે. આ માહિતીદાતા જો

મોબાઈલથી સંપર્ક કરે તો તેને વ્યવસાયી સાથે ઓળખની જરૂર જણાતી નથી. આમ છતાં આ ક્ષેત્રના વ્યવસાયીઓ પૈકી મોબાઈલનો ઉપયોગ ઘણાં વ્યવસાયીઓ (૨૭% ) ઉપયોગ જ કરતાં નથી. આજે મોબાઈલ લકઝરી નહી જરૂરિયાત બન્યો છે તેવા સમયમાં પત્રકાર સેવાકર્મી મોબાઈલનો ઉપયોગ કરતા નથી એ આશ્ચર્યકારક ગણાવી શકાય.

૨૪. પત્રકારત્વના વ્યવસાયીને કોઈપણ નવી જાણકારી આપવાનું કામ કરવાનું હોય છે. આ માટે વાહન સુવિધા આવશ્યક માનવામાં આવે છે. પરંતુ ત્રણ ઉત્તરદાતાઓ વાહન ધરાવતા જ નથી. સ્પોટ રિપોર્ટિંગના આજના પત્રકારત્વમાં અને વ્યવસાયનો કોઈ નિશ્ચિત સમય નક્કી ન હોવા છતાં વાહન સુવિધા ધરાવતા નથી એ જોવા મળ્યું છે.

૨૫. આપણે અગાઉ જોયું કે સામાજિક દરજ્જા ઉચ્ચતાની સભાનતાના પરિણામે વ્યવસાયીઓમાં નદીપારના વિસ્તારમાં વસવાટનું વલણ વધુ જોવા મળે છે. નગરીય જીવનશૈલી તરફનો લગાવ એના માટે જવાબદાર છે. તો બીજી તરફ નગર સંસ્કૃતિના 'ઝડપી'ના જમાનામાં 'ક્રેડીટ કાર્ડ' એ સ્ટેટસ સિમ્બોલ તરીકે જોડાયેલું હોવા છતાં બહુ ઓછા વ્યવસાયીઓ ( ૨૩% ) 'પ્લાસ્ટિક મની' કન્સેપ્ટ સ્વીકારી રહયા છે. એ દર્શાવે છે કે એક તરફ જમાનાને અનુરૂપ રહેણાંક વિસ્તાર પસંદ કરીને નગર જીવનશૈલી અપનાવે છે. પરંતુ નગર જીવનશૈલીની તમામ બાબતો તેઓ સ્વીકારીને ચાલતા હોય તેમ જણાતું નથી.

૨૬. ભૌતિક સાધન સુવિધા અંગેની ઉપલબ્ધ થયેલી તમામ માહિતી પરથી એવા તારણ પર આવી શકીએ કે પત્રકારત્વના વ્યવસાયી તરીકે તેઓ ઊંચી સામાજિક પ્રતિષ્ઠા ધરાવતા હોઈ રહેણી કરણી નગર જીવનને અનુરૂપ તેમણે સ્વીકારી છે પરંતુ વ્યવસાયની જરૂરિયાત હોવા છતાં તમામ બાબતોનો સંપૂર્ણ સ્વીકાર આ વ્યવસાયીઓમાં જોવા મળતો નથી. કારણ કે તમામ વ્યવસાયીઓ પાસે ટેલિવિઝન, ફ્રીઝ, મોબાઈલ, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, વોશિંગ મશીન, વાહન અને ક્રેડિટ કાર્ડનો

સંપૂર્ણ ઉપયોગ તેઓ કરતા નથી. નગર જીવનના સભ્ય તરીકે અન્યના અનુકરણને બાજુએ મૂકીએ તો પણ જે વ્યવસાયમાં જોડાયેલા છે તેની જરૂરિયાતના ભાગરૂપે પણ આધુનિક સંચાર સાધનોનાં ઉપયોગથી વ્યવસાયીઓ દૂર રહયા છે. ગુજરાતના મહત્વના મહાનગર અને આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરના પત્રકારત્વના વ્યવસાયીઓ 'ઈનફર્મેશન ટેકનોલોજી'નો વિનિયોગ પોતાના કાર્યમાં પ્રયોજતા જોવા મળતા નથી તો અન્ય શહેરો અને ગ્રામીણ વિસ્તારના પત્રકારત્વના વ્યવસાયીઓમાં એનો ઉપયોગ હશે કે કેમ ? એ તપાસનો વિષય બને તેમ છે.

૨૭. વ્યવસાયીઓ પૈકીના ગુજરાતી પત્રકારત્વ સાથે સંકળાયેલા છે તેવા બહુ ઓછા વ્યવસાયીઓ અંગ્રેજી અખબારો પોતાના ઘેર મંગાવે છે. એ દર્શાવે છે કે વર્નાકયુલર પ્રેસ સાથે સંકળાયેલા આ વ્યવસાયીઓને રાષ્ટ્રીય અખબારોમાં કેવા સમાચારો પ્રસિદ્ધ થાય છે તે જાણવાની જરૂરિયાત જણાતી નથી. તેઓ માત્ર તેઓ જે પ્રાદેશિક પત્રકારત્વ સાથે સંકળાયેલા છે તેના સિવાયના અખબારોને મહત્વ આપતા નથી. તેમને સોંપાયેલી કામગીરી સ્થાનિક પત્રકારત્વ સાથે સંકળાયેલી હોઈ આવું વલણ તેઓમાં જોવા મળે છે તો સામે પક્ષે અંગ્રેજી પત્રકારત્વ સાથે સંકળાયેલા વ્યવસાયિઓ એક થી વધુ ગુજરાતી અખબારો પોતાના ઘેર મંગાવે છે. જે ગુજરાતી પત્રકારત્વના વ્યવસાયીઓથી તદ્દન જુદી બાબત જોવા મળે છે. એની પાછળ એવું કારણ હોઈ શકે કે રાષ્ટ્રીય પત્રકારત્વ સાથે તેઓ સંકળાયેલા હોઈ તેઓ ગુજરાતી સમાજ અને સમાજજીવનથી પૂર્ણ માહિતગાર ન હોય. ઉપરાંત જનસામાન્ય જે રીતે ગુજરાતી પત્રકારત્વ સાથે જોડાયેલો હોય છે તે રીતે અંગ્રેજી પત્રકારત્વ સાથે તેને નિકટનો નાતો હોતો નથી. આથી, સમાજને સ્પર્શતી સંપૂર્ણ વિગતો પ્રાપ્ત કરવા માટે અંગ્રેજી અખબારોના પત્રકારો ગુજરાતી વર્તમાનપત્રોને મહત્વનો આધાર ગણતા હોય છે. રાષ્ટ્રીય કક્ષાના બે મોટા ગજાનાં અંગ્રેજી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન એકસપ્રેસ માત્ર અમદાવાદ નહી પરંતુ ગુજરાતના અન્ય મોટા શહેરોમાંથી

વર્ષોથી પ્રસિદ્ધ થાય છે. તેમ છતાં તેમનો ફેલાવો (વાચક વર્ગ) ખૂબ જ સીમિત રહ્યો છે. ગુજરાતીઓના ઘરમાં આ અંગ્રેજી અખબારો ઓછા જોવા મળે છે.

૨૮. સરેરાશ ગુજરાતી અખબાર વાચક અને ગુજરાતી પત્રકારને અંગ્રેજી અખબારના વાચક તરીકે ચકાસીએ ત્યારે એક બાબત સમાન જોવા મળે છે. અંગ્રેજી અખબારનું વાચન તેઓમાં નથી એમ આપણે દર્શાવી શકીએ.

૨૯. પ્રાદેશિક પત્રકારત્વની આપણે વાત કરીએ ત્યારે વર્નાકયુલર પ્રેસ તેમની ભાષામાં પ્રસિદ્ધ થતાં વર્તમાનપત્રોની સાથે પોતાના અખબારની સમાચાર સામગ્રી સહિતની વિગતોની સરખામણી કરે છે પરંતુ અંગ્રેજી કે અન્ય કોઈ ભાષાના અખબાર સાથે સીધી હરીફાઈ ન હોવાથી સરખામણી કરવામાં આવતી નથી. આ કારણને પરિણામે પણ ગુજરાતી પત્રકારોમાં અંગ્રેજી અખબારનું વાચન મર્યાદિત હોય એમ કહી શકાય.

૩૦. દૈનિક વર્તમાન પત્રના વ્યવસાયીની સરખામણીએ સામયિકમાં કાર્યરત વ્યવસાયીમાં વાચન વૈવિઘ્ય જોવા મળે છે. તેઓ સ્થાનિક શહેરના ગુજરાતી ભાષી અખબાર ઉપરાંત રાજયના વિવિધ નગરોમાંથી પ્રસિદ્ધ થતાં મહત્વના દૈનિકો અને અંગ્રેજી અખબારો નિયમિત વાંચતા હોય છે. એની પાછળનું કારણ એવું જણાય છે કે સામયિકમાં કાર્યરત વ્યવસાયીને દૈનિક વર્તમાનપત્રના વ્યવસાયી કરતાં જુદા પ્રકારે કામ કરવાનું હોય છે. અખબારોમાં જે ઘટના પ્રસિદ્ધ થાય તેની પાછળના કારણો સાથેની 'ન્યુઝ સ્ટોરી' તેમને તૈયાર કરવાની હોય છે. અને તેમનું કાર્યક્ષેત્ર સમગ્ર પ્રદેશ હોઈ તેમને રાજયના કોઈપણ વિસ્તારની તમામ માહિતીને રજૂ કરવાની હોય છે. આથી, દૈનિક પત્રકારત્વ સાથે સંકળાયેલા પત્રકાર કરતાં તેમને વધુ અખબારો વાંચવા પડે એ એમના માટે અત્યંત આવશ્યક છે.

૩૧. પત્રકારત્વના ક્ષેત્રમાં વ્યવસાયીઓને પૂરતો પગાર નહીં આપીને માલિકો દ્વારા તેમનું આર્થિક શોષણ થાય છે એમ તારવી શકાય છે. પત્રકારોએ અન્ય વ્યાવસાયિકોની જેમ પગાર માટે હકકદાર છે તેમ ગણીને વખતોવખત તેમના પગાર ધોરણ માટે પગાર

પંચ કેન્દ્ર સરકાર નીમે છે. પરંતુ આ પંચોની ભલામણ અનુસાર તેમને પગાર ચૂકવાતો નથી. સંખ્યાબંધ ઉત્તરદાતાઓએ (૩૫%) આ બાબત સ્પષ્ટ કરી છે. જયારે અન્યોએ (૨૮%) બધાને મળતો નથી, કાયમીને મળે છે એમ દર્શાવ્યું છે જયારે કેટલાંકે જવાબ આપવાનું ટાળ્યું છે એ જોતાં આ વ્યવસાયમાં વ્યવસાયીનું શોષણ થાય છે એ સ્પષ્ટ થાય છે. તેમ છતાં અખબાર કર્મીઓએ કયારેય પગાર વધારા માટે કે વેતનપંચ અનુસાર પગાર આપવાની જાહેર માંગણી કરી હોય એવી જાણકારી મળતી નથી. જે દર્શાવે છે કે સમાજની સમસ્યાઓના નિરાકરણ માટે મોખરે રહેતા આ ક્ષેત્રના વ્યવસાયીઓ પોતાના ન્યાયી હક્કને પ્રાપ્ત કરવા નિષ્ક્રિય હોય એમ જણાય છે. રસપ્રદ વિગત એવી તારવી શકાય છે કે જેમનો અન્યની સરખામણીએ પગાર ઘણો ઓછો છે તેવા વ્યવસાયી ઉત્તરદાતાઓએ જવાબ આપવાનું ટાળ્યું છે.

૩૨. પત્રકારોના પગાર સંદર્ભમાં એમ પણ જણાય છે કે મોટા ગજાનાં અખબારોમાં કામ કરતા વ્યવસાયીઓની સરખામણીએ લઘુ અખબારોમાં કાર્યરત વ્યવસાયીઓને ઓછો પગાર મળે છે. અને તેવી જ રીતે અનુભવી વ્યવસાયીની સરખામણીએ ક્ષેત્રમાં પ્રવેશેલા નવાસવા પત્રકારોને વેતન ઓછું મળે છે.

૩૩. થોડા વર્ષોથી ગુજરાતમાં નવા અખબારના આગમનના પરિણામે અખબારો વચ્ચે આંતરિક હરીફાઈ સર્જાતાં પત્રકારોનું પગાર ધોરણ આજે સુધર્યુ છે એટલું જ નહીં ઘણા કિસ્સામાં પત્રકારો કોન્ટ્રાકટ સિસ્ટમથી કામ કરતા થયા છે જેનાથી વેતનપંચની ભલામણ કરતાં બમણું આર્થિક મહેનતાણું તેઓ મેળવી રહયા છે. આ બાબત ગુજરાતી પત્રકારત્વમાં શરૂ થયેલા 'પ્રોફેશનાલિઝમ'ને વ્યકત કરે છે.

૩૪. આ વ્યવસાયના લઘુ–ગુરુ એમ તમામ પ્રકારના અખબારોના પત્રકારોને મળતા વ્યવસાયની અખબારોના પત્રકારોને મળતા વ્યવસાયની વિગતો મેળવતાં સ્પષ્ટ થાય છે કે આ વ્યવસાયમાં કાર્યરત બહુધા વ્યવાસયીઓને નિયત પગાર ચૂકવાતો નથી. તેમનું આર્થિક શોષણ થાય છે. તેમ છતાં તેઓ આ વ્યવસાયમાં કામ કરવાનું કેમ ચાલુ

રાખે છે ? અન્ય કોઈ વ્યવસાયમાં જતા નથી એ બાબત પ્રશ્નાર્થરૂપે રહે છે.

૩૫. પત્રકારત્વ એટલે લેખન વાચન સાથે જોડાયેલું કાર્ય. પરંતુ ઉત્તરદાતા પૈકી અડધો અડધ વાચનથી દૂર રહેતા હોય તેમ જણાય છે કારણ કે વાચનને સમયના અભાવે કરી શકતા નથી અને પ્રશ્નનો જવાબ નહી આપનારની સંખ્યા ઘણી મોટી છે. (૩૬%) અખબારી વૃતાંત નિવેદકો સમયના અભાવે વાચન કરી શકતા નથી એ ચિંતાજનક છે. જાણીતા સાહિત્યકાર સ્વ.ચંદ્રકાંત બક્ષીએ એકવખત એવી ટીકા કરી હતી કે પત્રકારત્વમાં વપરાતા શબ્દો વર્ષોથી એક સરખા આવે છે. એમાં કોઈ નવીનતા જોવા મળતી નથી. સ્વાભાવિક છે કે વાચન નવા શબ્દો અને ભાષા લાઘવ આપે છે. જો વાચન ના હોય તો નવા નવા શબ્દો ઉપયોગમાં આવી શકે નહીં. આને ચિંતાજનક બાબત ગણાવી શકાય.

૩૬. વ્યવસાયીઓની બહુ મોટી સંખ્યા વાચન કરતી નથી પરંતુ જેઓ વાચન કરે છે તેમના વાચનમાં વિષય વૈવિધ્ય જોવા મળે છે. અને માત્ર ગુજરાતી નહીં અંગ્રેજી સાહિત્યના પુસ્તકોનું વાચન જોવા મળે છે. અંગ્રેજી અખબાર વાચનનું ભલે ઓછું પ્રચલન હોય પણ વ્યવસાયિકોમાં અંગ્રેજી સાહિત્ય કૃતિઓનું વાચન જોવા મળે છે.

૩૭. અખબારોમાં પહેલાં જે કામગીરી સંભાળવાની હોય તે રીતે વ્યવસાયીની પસંદગી થતી હતી. ઉદાહરણ તરીકે જોઈએ તો જો ડેસ્ક એડિટરની જરૂરિયાત હોય તો એ કામ કરી શકે તેવા ઉમેદવારની પસંદગી કરાતી હતી. પણ 'પ્રોફેશનાલિઝમ'નો પત્રકારત્વમાં પ્રારંભ થતા હવે રિપોર્ટિંગ, એડિટિંગ બધી જ બાબતોની જાણકારી આવશ્યક માનવામાં આવે છે. અને અખબાર પણ એ મુજબ સમયાંતરે વ્યવસાયીની કામગીરી બદલાવતા રહે છે. પહેલાં આવી પરિસ્થિતિ ન હતી. વ્યવસાયી જે વિભાગમાં જોડાય તે વિભાગમાં નિવૃત્તિ સુધી કાર્યરત રહેતો હતો. અન્ય વિભાગમાં તેની બદલી થતી નહી. હવે એવું રહ્યું નથી. વ્યવસાયી અખબારના કોઈપણ કામગીરી સંભાળી શકે એ ઈચ્છનીય ગણાય છે.

૩૮. પ્રાદેશિક અથવા તો વર્નાકયુલર જર્નાલિઝમમાં જે તે ભાષાના અખબારોની સંખ્યા વધારે હોય તે સહજ છે તે રીતે જોતાં ચેનલ કે અન્ય ભાષાના વ્યાવસાયીકોની સંખ્યા પ્રમાણમાં ઓછી જોવા મળે છે. અમદાવાદના પત્રકારોને લખવાની સ્વતંત્રતા છે. મર્યાદા અને સચ્ચાઈને વળગેલું પત્રકારત્વ જોવા મળે છે. વર્તમાનપત્રોના માલિક વચ્ચે દુશ્મનાવટભર્યા સંબંધો હોઈ શકે પરંતુ વર્તમાનપત્રોના વ્યવસાયીઓ વચ્ચે આંતરિક સ્પર્ધામાં તંદુરસ્ત વાતાવરણ જોવા મળે છે.

- જુદાં જુદાં વર્તમાનપત્રોના વ્યાવસાયિકો એક જ ફિલ્ડનું રિપોર્ટિંગ કરતા હોય તો તેમની વચ્ચે એક્તાનું પ્રમાણ જોવા મળે છે. જે સમાચારો મેળવ્યા હોય તેની આપલે એકબીજા વચ્ચે થાય છે. આ સમાચાર આપલે કરતા વ્યવસાયી મિત્ર જૂથને 'સિન્ડીકેટ'ના નામે ઓળખવામાં આવે છે.
- અમદાવાદના નાના–મોટા વર્તમાનપત્ર હોય કે ગુજરાતી, અંગ્રેજી કોઈપણ ભાષાના હોય કે કોઈપણ સ્થળેથી પ્રસિદ્ધ થતા હોય, જુદાં જુદાં જૂથો વચ્ચે આ 'સિન્ડીકેટ' સંબંધ અવશ્ય જોવા મળે છે.
- લોકપ્રશ્નોને વાચા આપતું અને સમાજજીવનનો ધબકાર ઝીલતું અને કુદરતી કે માનવસર્જિત આપત્તિ સમયે બચાવ–રાહતકાર્યોમાં પ્રજાની પડખે ઊભા રહેવાની તત્પરતા વ્યકત કરતું પત્રકારત્વ જોવા મળે છે.
- ગુજરાતના અન્ય પ્રાદેશિક વિસ્તારોની સરખામણીએ અમદાવાદનું પત્રકારત્વ તદ્દન નોખી ભાત પાડતું પત્રકારત્વ છે. જેમાં રાજકીય, ગુના, મહિલાઓ, ઉત્કૃષ્ટ પૂર્તિ, લેખો વગેરેની અખબારી સામગ્રી તદ્દન ભિન્ન ઓળખ ઊભી કરે છે.
- કોઈ એક પક્ષ કે ઉદ્યોગ જૂથના ઈશારે નહી ચાલતુ પરંતુ નિર્ભીક અવાજ રજૂ કરતું પત્રકારત્વ.
- પત્રકારોનું પગારના સંદર્ભે આર્થિક શોષણ થતું હોવા છતાં પીળા પત્રકારત્વનું પ્રમાણ મર્યાદિત.
- મર્યાદિત પ્રમાણમાં પત્રકારત્વ ખરું પણ તેની ગેરહાજરી પત્રકારત્વમાં ચોક્કસ વ્યાપેલી છે. અર્થાત પીળા પત્રકારત્વ કે બદનક્ષીભર્યા પત્રકારત્વથી બાકાત નથી.

- અમદાવાદનું પત્રકારત્વ સમાજજીવનને ઓછું સ્પર્શતું ઉપરચોટિયું પત્રકારત્વ.
- પત્રકારો જૂની પેઢીના હોય કે નવી પેઢીના હોય કે પત્રકારત્વનું વિશેષ શિક્ષણ પ્રાપ્ત કરીને આવ્યા હોય પરંતુ દરેકનું વ્યકિતત્વ અલગ છે. આમ દરેકની લાક્ષણિકતાઓ એકબીજાથી ભિન્ન છે.
- ગુજરાતી અખબારો મોટાભાગે વ્યકિતગત માલિકીના છે. જૂથના અખબાર ન હોવાથી તંત્રી કે જે માલિક છે એની સુચના મુજબ કામ કરવું પડે છે. જેના પરિણામે ઘણી વખત તટસ્થ રહેવાનો પત્રકાર ધર્મ બજાવી શકાતો નથી.
- અમદાવાદની પ્રજા મોટા અખબારને જ સ્વીકારે છે. આથી ગમે તેટલું ગુણવત્તાસભર સામગ્રી સાથેના લઘુ અખબારો પ્રસિદ્ધ થતાં હોય તો પણ તેને વાચક વર્ગ મળતો નથી. આથી મોટા સમાચાર પત્રો માત્ર સમાચારપત્રો બનીને રહયા છે. અખબારમાં વિચારપત્રનો આદર્શ ઓછો જોવા મળે છે.
- પત્રકારત્વ અને સમાજ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલા હોવા છતાં વર્તમાનપત્રોના માહિતી સોર્સ (સ્રોત) તરીકે નાગરિકો મદદરૂપ બનતા નથી.
- અખબાર ફેલાવાની દ્દષ્ટિએ ગમે તેટલું વંચાતું હોય પરંતુ કોઈપણ અખબારમાં પ્રજાને મૂંઝવતા પ્રશ્ન વિશે રજૂઆત આવે તો કોઈપણ સરકારી તંત્ર તરત એ કામનો ઉકેલ લાવે છે. એટલે લઘુ અખબાર પણ સમસ્યાના ઉકેલમાં સફળ નીવડે છે.
- આજે પત્રકારત્વ ભલે 'મિશનરી' કાર્યમાંથી પ્રોફેશન બન્યો હોય તેમ છતાં પત્રકારત્વ આજે વ્યવસાયી હોવા છતાં સેવાવ્રતી બનીને સમસ્યાના નિવારણમાં સક્રીય ભાગ ભજવે છે. પત્રકારોને માત્ર પગારથી નિસ્બત નથી સમાજ પ્રત્યે તેમનું દાયિત્વ તેઓ સમજે છે અને એનું ઋણ ચૂકવવા હંમેશા પ્રયત્નશીલ રહે છે.
- વિદેશી અખબારોના ભારતમાં પ્રવેશ સંદર્ભે એવા મંતવ્ય પ્રાપ્ત થયા છે કે જો વિદેશી અખબારો આ ક્ષેત્રમાં આવશે તો પત્રકારોને વધુ પગાર મળશે અને તંદુરસ્ત હરીફાઈ પત્રકારત્વમાં જામશે. આમ, વર્તમાન પત્રકારત્વમાં વ્યવસાયીઓનું આર્થિક શોષણ

દૂર કરી શકવાનો રામબાણ ઈલાજ અખબારી વ્યવસાયમાં વિદેશી માલિકીમાં જોવામાં આવે છે. પગારની સરખમાણીએ પત્રકારત્વની ગુણવત્તાને ગૌણ માનવામાં આવે છે.

- જો કે વિદેશી માલિકીના પરિણામે ભારતીય સમાજના સાંસ્કૃતિક લક્ષણો અને રાષ્ટ્રહીત જોખમાશે એવી ચિંતા પણ વ્યકત કરવામાં આવી છે.
- એક તરફ જયારે ભારતભરમાં વર્તમાનપત્રોના માલિકો અને દેશની બે સૌથી મોટી સમાચાર સંસ્થાઓ વિદેશી માલિકી સામે વિરોધ કરી રહી છે ત્યારે વર્તમાનપત્રોમાં કાર્યરત વ્યાવસાયિકો 'પગાર' ના મુદ્દે અખબારી વ્યવસાયમાં વિદેશી માલિકીને આવકારી રહયા છે.
- જૂથના અખબાર માલિકો દ્વારા પત્રકારને વધુ સ્વતંત્રતા આપવામાં આવે છે કોઈ સમાચાર છપાયા હોઈ તેની સામે કોઈનો વિરોધ રજૂ થાય તેવા સમયે વિરોધ કરનારને એ સાબિત કરવાની ચેલેન્જ પણ અપાય છે. આમ, જૂથના અખબારોના સત્તાધીશો તેમના વ્યાવસાયિકોને ટેકો આપે છે.
- પ્રજાના વિવિધ વર્ગોની જે તે સમસ્યાની વિરુદ્ધમાં અખબાર પ્રસિદ્ધિ આપે છે તેના પરિણામે સંખ્યાબંધ સમસ્યાઓનો ઉકેલ આવે છે. આમ, અમદાવાદના અખબારો પ્રજાભિમુખ ભૂમિકા ભજવે છે.
- અખબારો માત્ર પ્રજાને મુશ્કેલ લગતી બાબતો જ નહી બલ્કે વિવિધ માહિતીપ્રદ સામગ્રી પ્રસિદ્ધ કરે છે જેનો લાભ માત્ર શિક્ષિતો જ નહી નિરક્ષરોને પણ પહોંચે છે. ખાસ કરીને કૃષિ સાથે સંકળાયેલી વિગતોના પરિણામે કૃષિ તરાહ અને પાક ઉત્પાદનમાં સુધારો મેળવી શકાયો છે. ગ્રામીણ ક્ષેત્રની અભણ પ્રજાને માટે પણ અખબાર ઉપયોગી બન્યું છે.
- કચ્છમાં ભૂકંપ સમયે અમદાવાદના પત્રકારો રિપોર્ટિંગ અર્થે ગયા હતા તે સમયે ત્યાંની સ્થાનિક પ્રજાને રાહત–બચાવમાં મદદની જરૂરિયાત તેમને જણાઈ ત્યારે આ વ્યવસાયીઓ કલમને બાજુએ મૂકીને સેવાકાર્યમાં જોડાઈ ગયા હતા. અમદાવાદીઓ

માનવસર્જિત કે કુદરતી હોનારત સમયે સરકારી તંત્રની મદદની આશા વગર પરિસ્થિતિઓ સામે ઝીક ઝીલે છે, એ મૂળ અમદાવાદી તાસીર કચ્છ ભૂકંપ વખતે પણ જોવા મળી હતી. આમ, પત્રકાર અણીના સમયે સંવેદનશીલ વ્યકિતત્વનો પરિચય આપે છે.

- પત્રકારને જો ખબર પડે તો કોઈપણ વાત છાપી દેશે એવી લોકોને સતત શંકા તેમના પર હોવા છતાં પત્રકાર અન્ય વ્યવસાય કર્મીઓ કરતાં જુદું વ્યકિતત્વ ધરાવે છે. એક વ્યવસાયી તરીકે તે ફકત પગારને મહત્વ આપતો જણાતો નથી. સમય પ્રમાણે તે 'કર્મશીલ' (Activist) બની જાય છે. પછી તે બચાવ કામગીરીમાં જોતરાવાના કામમાં પણ સામેલ થઈ જાય છે.

૩૯. પત્રકારની ઓળખ કોઈપણ ઘટનાના નીરક્ષીર વિવેચક તરીકેની છે. સામાજિક, આર્થિક અને રાજકીય બનાવો કે બાબતનોની અસર ભવિષ્યમાં કેવી પડશે એનું આકલન અનુભવ ઉપરાંત જે તે ઘટના, બનાવો વિશે સમાજને તેમના અંગત અનુભવોમાંથી ઓળખવાની સમજણ ભવિષ્ય કથનમાં સાચી સાબિત થાય છે.

- ગુજરાતમાં સત્તાના સમીકરણની રાષ્ટ્રીય સ્તરે પડનારી અસર બાબતે તેઓના મંતવ્યો આજે સાચા પડી રહયા છે. જે દર્શાવે છે કે પૂરા ગુજરાતી સમાજને સમજી શકવાની તેમનામાં કુનેહ છે.
- ચૂંટણી સમયે ભલે 'ઓપિનિયન પોલ' ખોટા પડતા હોય પરંતુ ચૂંટણીના જે પરિણામો આવ્યા હોય એની અસર કેવી પડશે એનું સ્પષ્ટ ચિત્ર મીડિયા કર્મીઓ દોરી શકે છે. 'ઓપિનિયન પોલ'ની માફક કોઈપણ પ્રશ્ન જવાબ વગર આ રીતે આખી બાબતને સમજવી અને સચોટ ભવિષ્ય ભાંખવુ એ સમાજજીવનને સાચું સમજવાની કુનેહ ગણાવી શકાય.
- કોઈપણ સમાજના સભ્યો તેમને સ્પર્શતા પ્રશ્નો, મુદ્દાઓ પરત્વે સભાન હોય છે. એ મુદ્દા પ્રાદેશિક સરકારની પસંદગીમાં અને કેન્દ્રીય સરકારની પસંદગીમાં અલગ અલગ

હોય છે આથી બંને બાબતો ભલે ચૂંટણીમાં મતદાન અને સત્તા સંબંધી હોવા છતાં તેની વચ્ચે બહુ મોટો ભેદ રહેલો છે એ સમજી શકાય છે.

- સમાજજીવનમાં રોજબરોજના અનુભવો ઉપરાંત પ્રજા કયા મુદ્દે કેવું વલણ સ્વીકારશે એ બાબત અનુભવે પત્રકારો સમજે છે. એટલે કે લોકશાહી દેશમાં નાગરિકની નાડ પારખવાની આવડત તેમનામાં ચોક્કસ છે.
- આપણા રાજયના લોકોની સરખામણીએ અન્ય રાજયોના લોકો કેવી અભિવ્યકિત કરશે એ તેઓ સમજી શકે છે. આમાં એક વાત બહુ મહત્વની એ તારવી શકાય કે ગુજરાતી પત્રકારત્વ સાથે સંકળાયેલો વ્યવસાયી સ્થાનિક ગુજરાતી સમાજને સ્પષ્ટ સમજે એ તો સાહજિક છે પરંતુ અન્ય પ્રદેશ કે રાષ્ટ્રીય સ્તરે એક ઘટના કેવી અસર નિપજાવશે એ બાબતને પણ તેઓ નાણી શકે છે. આ બહુ જ મહત્વની વાત કહી શકાય.

૪૦. પત્રકારત્વમાં પ્રવેશ અને એ પછી આ ક્ષેત્રમાં ટકી રહેવા માટે આવડતની જરૂર હોય છે. મહિલાઓ, લઘુમતી કે દલિતો માટે પ્રવેશબંધી નથી પરંતુ આવડત હોય તે આ ક્ષેત્રમાં આવી શકે છે. પત્રકારત્વ એ દરેક માટે ખુલ્લુ છે. જે કોઈ જ્ઞાતિ કે વર્ગની મોનોપોલી ધરાવતું નથી. છતાં પત્રકારત્વમાં અન્ય વર્ગો અને જ્ઞાતિઓની સરખામણીએ દલિત, મહિલાઓ અને લઘુમતીઓની સંખ્યા ખૂબ જ ઓછી છે.

- પત્રકારત્વ શિક્ષણ સાથે જોડાયેલું છે દલિતો અને લઘુમતીઓમાં શિક્ષણનું પ્રમાણ અન્યોની સરખામણીએ પ્રમાણમાં ઓછું હોઈ તેમની સંખ્યા નહીવત છે.

૪૧. પત્રકારત્વમાં કામના કલાકો નિશ્ચિત હોતા નથી ઉપરાંત મોડી રાત સુધી ફરજ બજાવવાની હોવાથી મહિલાઓનું પ્રમાણ ઓછું છે.

- અમદાવાદ ગુજરાતનું સૌથી પ્રગતિશીલ મહાનગર હોવા છતાં મહિલાઓ માટે રાતની નોકરીનો સ્વીકાર સમાજ કરી શકતો નથી. જેમાં મહિલાઓ પણ સામેલ છે. આમ, અમદાવાદ સંપૂર્ણ આધુનિકતાની સાથે પરંપરાઓને પકડીને ચાલતો સમાજ છે. એક રીતે અમદાવાદ શહેરી સમાજ છે પણ તેના સિક્કાની બીજીબાજુ ગ્રામીણ સમાજની

રૂઢિઓ જાળવી રાખવાની બાબત પણ ડોકાયા વિના રહેતી નથી.

- પત્રકારત્વનું ક્ષેત્ર એ ખાનગી વ્યવસાય છે. આ ક્ષેત્રમાં વ્યાવસાયિક પાસે કુશળતા અને શિક્ષણ બંને હોવા જોઈએ. ખાનગી ક્ષેત્ર હોવાથી સરકારી ક્ષેત્રમાં જેમ અનામત વ્યવસ્થાનો લાભ મળે છે તેવો લાભ અહી ઉપલબ્ધ નથી. આ જોતાં આ ક્ષેત્રમાં નબળા વર્ગો ગણાતા મહિલાઓ, દલિતો અને લઘુમતીઓની સંખ્યા નહિવત છે.

૪૨. લઘુમતી જૂથ પૈકી મુસ્લિમ વ્યવસાયીઓ ઘણે ભાગે મુસ્લિમ ટ્રસ્ટ સંચાલિત અખબારમાં વ્યાવસાયિક તરીકે કાર્યરત છે. તો લઘુમતી પૈકીના જૈનો વેપાર સાથે વધુ જોડાયેલા હોઈ તેઓમાં નોકરીનો સ્વીકાર ખૂબ જ ઓછો હોય છે. આથી તેમની સંખ્યા ઓછી જોવા મળે છે.

૪૩. ગુજરાતી પત્રકારત્વમાં મહિલાઓની સંખ્યા ખૂબ જ ઓછી છે. અને એમાં પણ અખબારોમાં જેને અત્યંત મહત્વનો વિભાગ ગણવામાં આવે છે એવા રિપોર્ટિંગ વિભાગમાં તો આંગળીના વેઢે ગણી શકાય એટલી જ મહિલા પત્રકારો કાર્યરત છે. વ્યવસાયી પત્રકાર તરીકે અખબારમાં કાર્યરત મહિલા પત્રકારો મોટાભાગે પૂર્તિ, ડેસ્ક અને એડિટિંગ વિભાગમાં ફરજ બજાવે છે.

- પત્રકારત્વ ભલે લૈગિંક ભેદભાવથી પર અને શિક્ષિત લોકોનો વ્યવસાય કહેવાતું હોય પરંતુ અમદાવાદના ગુજરાતી પત્રકારત્વમાં એક પણ મહિલાને ક્રાઈમ રિપોર્ટિંગ અથવા તો પોલીસ ક્ષેત્રનું રિપોર્ટિંગ કરવાનું સોંપાયું હોય તેવું બન્યું નથી.
- શિક્ષણ અને બુદ્ધિને જયાં તક આપવામાં આવે છે અને ક્ષેત્રના સેવા વ્યવસાયીઓ પણ આ બાબતે સંમતિસૂચક સૂર પૂરાવે છે તેવા પત્રકારત્વના વ્યવસાયમાં તંત્રીકક્ષાએ હજુ પણ સ્ત્રીઓને મહત્વની ફરજ ન સોંપાય તેવી માનસિકતા વ્યાપ્ત હોવાનું જણાય છે.
- છેલ્લા થોડા વર્ષોથી અમદાવાદના અખબારોએ ડાન્સ પાર્ટી, કીટી પાર્ટી વગેરે કોસ્મોપોલિટન કલ્ચર દર્શાવતા અહેવાલ – Photographs પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું છે તેમ પત્રકારત્વની વિવિધ સંસ્થાઓમાં યુવતીઓ પણ શિક્ષણ મેળવતી થઈ હોવાથી તેઓ

ધીરે ધીરે પત્રકારત્વના વ્યવસાયમાં પ્રવેશતી જાય છે. ઘણે ભાગે પુરુષ આધિપત્ય હેઠળના આ વ્યવસાયમાં મહિલાઓની સામેલગીરી વધતી જશે એમ જણાય છે.

- પત્રકારોને રાજકારણીઓ સાથે ઘનિષ્ઠ સંબંધ હોય છે. સમાજના એક પ્રતિષ્ઠા ધરાવતા વ્યવસાયી તરીકે તેમની પાસે અનેક લોકો પોતાના વિવિધ કામો અર્થે આવતા હોય છે. આ કામો પત્રકારત્વ સાથે સહેજે સંકળાયેલા હોતા નથી. તે કામ કઢાવવા માટે પત્રકારોને રાજકારણીઓની મદદ જોઈતી હોય છે. આથી તેમની સાથે તેમને સારા સંબંધો હોય છે. તો રાજકારણીઓને પણ પોતાની વગ અને રાજકીય ઓળખ જાળવવા માટે કે વધુ મજબૂત બનવા પત્રકારોની જરૂર હોય છે. તેમની સાથેના સારા સંબંધો પાછળ પ્રસિદ્ધિ પામવાની ભૂખ છે. આથી તેમની વચ્ચે સંબંધ હોય છે.
- પત્રકારોને રાજકીય નેતાઓ સાથે સંબંધ હોય છે પરંતુ જે તે સમયે સમાચાર બાબતે જયારે નિસ્બત હોય ત્યારે આવા સમાચારોને નહીં છાપવાનું સમાધાન વ્યવસાયીઓ કરતા નથી. તેઓ સમાચાર વેલ્યૂના આધારે ગમે તે રાજકારણી હોય અને વ્યકિતગત ગમે તેટલાં સારા સંબંધો હોય તેમ છતાં તેમને છાવરતા નથી.
- પત્રકાર અને રાજકારણીઓ વચ્ચેના સંબંધો એક રીતે માહિતી મેળવવા માટે પણ હોય છે. રાજકીય વ્યકિત જાહેર જીવન સાથે સંકળાયેલી હોઈ સમાજમાં બનતી કોઈ ઘટનાની જાણકારી તેમને ઝડપભેર મળતી હોય છે. આ રીતે માત્ર રાજકીય નહીં પરંતુ એ સિવાયના જુદાં જુદાં ક્ષેત્રોની કંઈક નવી જાણકારી મેળવવા માટે પત્રકારો માટે તેઓ ઉપયોગી છે. માહિતી પૂરી પાડનાર એક સ્રોત હોય છે. આ કારણે પણ પત્રકાર અને રાજકારણી વચ્ચેના ઘનિષ્ઠ સંબંધો પ્રસ્થાપિત થયેલા હોય છે.

૪૪. રાજકારણી સાથે વ્યકિતગત સંબંધ સારા હોય પરંતુ કોઈ એવી બાબત હોય કે જે એક અખબારનો પત્રકાર સંબંધ હોય એવા રાજકારણીને કદાચ છાવરે પરંતુ બીજા અખબારમાં એ સમાચાર પ્રસિદ્ધ થાય તો અખબાર અને પત્રકારની વિશ્વસનીયતા ઘટી જાય. આથી આવું ઓછું બને છે.

- પત્રકાર એ વર્તમાનપત્રનું મુખ્ય બળ કે ચાલક બળ અવશ્ય છે પરંતુ તેની સાથે એવું નથી કે સમાચાર પ્રસિદ્ધ કરવા કે નહી કરવા તેની સત્તા તેના હાથમાં હોય છે. એ તો વ્યવસાયમાં એક કર્મચારી તરીકેની ભૂમિકા ભજવે છે આથી અંતિમ નિર્ણય તો તંત્રી કે માલિકને લેવાનો હોય છે આથી રાજકારણી–પત્રકાર વચ્ચેના સંબંધો સમાચાર પ્રસિદ્ધિમાં બહુ ઉપયોગી બનતા નથી. પરંતુ તંત્રી સાથેના સંબંધો એમાં મહત્વના બને છે એ ચોક્કસ છે.

૪૫. પત્રકારત્વ એ મુકત વ્યવસાય છે. કોઈપણ વ્યકિત આ ક્ષેત્રમાં પત્રકાર નહી માલિક બની શકે છે. આ ક્ષેત્રમાં પ્રામાણિક માણસો જ આવે એવું શકય થોડું છે. અન્ય વ્યવસાયોની જેમ આ ક્ષેત્રમાં પણ એવી કોઈ મર્યાદા બાંધી શકાય તેમ ન હોવાથી ખોટા માણસો આ ક્ષેત્રમાં આવી જાય છે જેને પરિણામે આ ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર પ્રવેશ્યો છે. જો કે આનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. પણ પત્રકારત્વ ધર્મ બજાવવાનું પત્રકાર કે તંત્રી–માલિક માટે કોઈ ફરજિયાતપણું ન હોઈ આ ક્ષેત્રમાં નકારાત્મક બાજુઓ જોવા મળે છે.

- પત્રકારો રાજકારણીઓ કે રાજકીય પક્ષોના હાથા બનીને કામ કરતા હોય છે એની પાછળનું કારણ અપૂરતા પગાર ધોરણ પણ જવાબદાર છે.
- અન્ય ક્ષેત્રો પછી તે વ્યવસાય ક્ષેત્ર હોય કે સેવાક્ષેત્ર હોય તેમાં નીતિમત્તાનું ધોરણ નીચું ઊતર્યું છે તેવી જ રીતે પત્રકારત્વના વ્યવસાયમાં પણ નીતિમત્તાનું ધોવાણ થયું છે. આખરે તેની સાથે સંકળાયેલા લોકો સમાજના સભ્યો હોવાથી આવી પરિસ્થિતિ જોવા મળે છે.

૪૬. પત્રકારત્વમાં વર્ષોથી સંકળાયેલા જૂની પેઢીના પત્રકારો પત્રકારત્વ માટે પત્રકારત્વના વિશેષ શિક્ષણની આવશ્યકતા જરૂરી માનતા નથી. તેઓ પોતે આવા શિક્ષણ સિવાય પણ પત્રકારત્વમાં સફળ બન્યા છે. તેથી શિક્ષણ કરતાં અનુભવને જ મહત્વ આપે છે.

- આજે દરેક ક્ષેત્ર ખાસ શિક્ષણ સાથે સંકળાયેલું જોવા મળે છે તેમ પત્રકારત્વના શિક્ષણને નવી પેઢીના પત્રકારો મહત્વનું માને છે. જો કે શિક્ષણ સાથે વ્યવસાયનો

અનુભવ તદન જુદો હોવાનું તેઓ દર્શાવે છે. તેમ છતાં શિક્ષણ દ્વારા વ્યવસાયની થોડી પાયાની જાણકારી મળી રહે છે એથી જરૂરી ગણાવે છે.

- વ્યક્તિમાં પત્રકારત્વનાં રસ, ભાષા અને નવું વિચારવાની આવડત હોય તો જ શિક્ષણ ઉપયોગી બની રહે છે. યુનિવર્સિટીમાં પત્રકારત્વના શિક્ષણની ડીગ્રી ગોલ્ડ મેડલ સાથે મેળવવાથી સારા પત્રકાર બની શકવાની કોઈ ગેરંટી નથી એમ નવી પેઢીના વ્યવસાયીઓ સ્પષ્ટ માને છે.
- પત્રકારત્વની શિક્ષણ સંસ્થાઓમાં પત્રકારત્વનું શિક્ષણ અખબારમાં કોલમ લખતા સાહિત્યકારો અને અધ્યાપકો આપતા હોય છે. તેમને માત્ર અભ્યાસક્રમના મુદ્દાઓની જ ખબર હોય છે. પત્રકારત્વ ક્ષેત્રમાં વાસ્તવિક શું કામગીરી હોય છે તેની જાણકારી કલાસરૂમમાં આપવામાં આવતી નથી. આથી પત્રકારત્વની સંસ્થાઓ વ્યાવસાયિક સજ્જતા કેળવણીનું શિક્ષણ આપતી નથી.
- અખબારોમાં જે વ્યાવસાયિકો કાર્યરત છે તેમાં જે જૂની પેઢીના વ્યવસાયીઓ છે તેઓ સ્વાભાવિક છે કે સીનીયર પોઝિશનમાં હોય છે. પત્રકારત્વનું ઔપચારિક શિક્ષણ મેળવ્યા વગર અનુભવ અને આવડતના આધારે એ સ્થાન પ્રાપ્ત કર્યું હોય છે. પત્રકારત્વનું શિક્ષણ મેળવીને જયારે નવો સવો વ્યવસાયી આ ક્ષેત્રમાં દાખલ થાય છે ત્યારે તેને સોંપાતું કામ તેને આવડતું નથી. આથી અનુભવી વ્યવસાયીને એમ લાગે છે કે પત્રકારત્વનું શિક્ષણ કંઈ કામનું નથી. વર્ગખંડના શિક્ષણની સામે સમાચારપત્રની વાસ્તવિક કામગીરીમાં આ રીતે જમીન આસમાનનો ભેદ છે.
- આજે દરેક ક્ષેત્રમાં વ્યવસાયી માટે શિક્ષણ આવશ્યક ગણાય છે. કોઈપણ ક્ષેત્રની અંદરનો અનુભવ ઉપયોગી હોય છે એ દૃષ્ટિએ પત્રકારત્વમાં પણ શિક્ષણ પછી ક્ષેત્રમાં સીધો અનુભવ જરૂરી હોય છે. માત્ર શિક્ષણ નહી વ્યવસાયમાં અનુભવ ઘડતર કરે છે.
- પત્રકારત્વમાં શિક્ષણ (પત્રકારત્વનું) આવશ્યક માનવામાં આવતું નહી પરંતુ હવે થોડા વખતથી ઈચ્છનીય અને આવકાર્ય માનવામાં આવે છે. કારણ કે વ્યવસાયની પદ્ધતિસરની સૈદ્ધાંતિક તાલીમ મેળવી હોય તો પ્રાયોગિક કાર્યો ધીમે ધીમે શીખી શકાય છે એવી માન્યતા જૂની

પેઢીના પત્રકારોમાં પણ વિકસતી ગઈ છે. ઉપરાંત પત્રકારત્વનું શિક્ષણ આપતી સંસ્થાઓની સંખ્યા અને વિદ્યાર્થીઓનું પ્રમાણ વધવાથી માન્યતા પરિવર્તિત થઈ છે એમ કહી શકાય.

૪૭. સામાન્ય રીતે પત્રકાર એટલે સમાજની કોઈપણ બાબતનો જ્ઞાતા ગણાય છે. સમાજજીવનના દરેક પાસાં, ઘટનાઓની સંપૂર્ણ જાણકારી તેમની પાસે હોય એવી આમ સમાજની સજ્જડ માન્યતા હોય છે. પરંતુ પત્રકારો પ્રત્યેની આ માન્યતા હકીકતે સાચી નથી એવું જણાય છે. પત્રકારોને જયારે માહિતી અધિકાર કાયદા (Right to Information) વિશે પૂછવામાં આવ્યું ત્યારે બહુમતી વ્યવસાયીઓએ માહિતીનો અધિકાર હોવો જોઈએ એવો જવાબ આપ્યો હતો. આ પ્રત્યુત્તરમાં એવો અર્થ અભિપ્રેત હતો કે પત્રકારત્વનો વ્યવસાયી કોઈની પણ પાસે કોઈપણ માહિતી માગે તો સામેની વ્યકિત કે સંસ્થાએ એ માહિતી પૂરી પાડવી એ પત્રકારનો અધિકાર છે. આ જવાબમાં વ્યકિતગત બાબતને પ્રાધાન્ય અપાયું છે. આ કાયદાથી દેશના નાગરિકોને જે અધિકાર મળ્યો છે તેની ચર્ચા તેમણે કરી નથી.

- પત્રકારોના કામના કલાકો અનેક ગણા હોઈ દોડધામ ભરી નોકરીમાં અન્ય ક્ષેત્રની જાણકારી મેળવવાનો સમય કદાચ ન મળતો હોઈ આ બાબતે તેમની પાસે જાણકારી ન હોવાનું શકય છે.
- આ ઉપરાંત બીજી એક બાબત એ પણ શકય છે કે પત્રકારોમાં પોતે જે ફિલ્ડનું કાર્ય સંભાળતો હોય તેના સિવાય કોઈપણ અન્ય ફિલ્ડમાં માથું નહી મારવાનો વણલખ્યો સિદ્ધાંત ગુજરાતી પત્રકારત્વમાં જોવા મળે છે તેનાં પરિણામે પોતે જે ફિલ્ડ સંભાળતો હોય તેના સિવાયના ફિલ્ડમાં તે જાણકારી ધરાવવાની દરકાર કરતો નથી. આ કારણે પણ તેને આ અંગેની જાણકારી ન હોય તે બની શકવા સંભવ છે.
- ગુજરાતી પત્રકારત્વ એ પ્રાદેશિક પત્રકારત્વ છે. આથી રાષ્ટ્રીય સ્તરે જે નીતિ નિર્ધારણ થાય તેની અસર લાંબાગાળે થતી હોય છે. છતાં ગુજરાતના સમાજજીવન સાથે જ જેને નિસ્બત છે એ વ્યવસાયીને રાષ્ટ્રીય કક્ષાના નિર્ણયોની જાણકારી ન હોય એમ જણાય છે.

- પત્રકારો માહિતી મેળવવાની પ્રક્રિયામાં સીધા સંકળાયેલા છે. માહિતી પ્રાપ્ત કર્યા પછી અન્યોને એ માહિતી પહોંચાડવાના એ મુખ્ય વાહક છે. આથી માહિતી અધિકાર બાબતનો પ્રશ્ન પોતાને ખૂબ જ સ્પર્શતો હોઈ તેમણે વ્યકિતગત રીતે આખો પ્રશ્ન જોઈને પ્રત્યુત્તર આપ્યા હોય એમ બની શકે છે.
- સતત કામમાં રત રહેનાર વ્યવસાયી હોય કે વ્યકિતગત બાબત સમજીને પ્રશ્નનો જવાબ આપ્યો હોય કે રાષ્ટ્રીય કક્ષાએ લેવાયેલી નીતિ વિષયક બાબતની જાણકારી તેમની પાસે ન હોય પરંતુ કોઈપણ રીતે આ ક્ષેત્રના વ્યવસાયીમાં જાણકારીનો અભાવ ચિંતાપ્રેરક છે. સમાજના ભદ્રવર્ગના સભ્ય અને આખા સમાજમાં બનતી કોઈપણ ઘટનાની જાણકારી જેમની પાસે હોય એવું માનવામાં આવે છે ત્યારે માહિતી અધિકાર સંદર્ભના કાયદા વિશે તેમની પાસે જાણકારીનો અભાવ દુઃખદ છે. વર્નાકયુલર જર્નાલિસ્ટમાં રાષ્ટ્રીય મુદ્દાઓની જાણકારીનો અભાવ આ આખીય બાબતમાં સ્પષ્ટ જોવા મળે છે.

૪૮. વિશ્વના કોઈપણ વિસ્તારના પત્રકારત્વ પાસે જે તે સમાજ એવી અપેક્ષા રાખે કે તેમનું અખબાર સમાજજીવનની સાચી છબી રજૂ કરતું હોય. અમદાવાદના પત્રકારત્વ પાસે પણ આવી આશા હોય એ સાહજિક છે. સમાજજીવનની સાચી છબી તે રજૂ કરે છે. એમ અડધોઅડધ વ્યવસાયીઓ માને છે.

- જો કે અન્ય વ્યવસાયીઓ સમાજજીવનની સાચી છબી પત્રકારત્વ અંશતઃ રજૂ કરે છે. અથવા તો કોઈ ઘટના ઉદ્દભવે ત્યારે વ્યકત કરે છે પરંતુ એ પછી લાંબા સમય સુધી એ ચાલુ રાખતા નથી એવો મત વ્યકત કરે છે.
- અખબારો પોતાનો અંગત સ્વાર્થ હોય તો જ સાચી છબી રજૂ કરે છે એવા મંતવ્યો પણ સાંપડયા છે.
- ઉત્તરોની સર્વગ્રાહી સમીક્ષા કરતા પત્રકારત્વ પાસે સમાજજીવનની સાચી છબી રજૂ કરવાની સમાજની અપેક્ષા અમદાવાદના અખબારો સંતોષી શકયાં નથી એમ જણાય છે.

૪૯. પત્રકારત્વ એટલે દૈનિક ઘટનાઓનો રોજિંદો દસ્તાવેજ. આ ઉકિત મુજબ સમાજ હવે વિસ્તૃત થતો ગયો છે અને હવે એ વધતો જાય છે. શિક્ષણનું પ્રમાણ પણ ખાસું વધ્યું છે વાંચનાર વર્ગ વધ્યો છે તો અપેક્ષાઓ પણ વધી છે. તો સામે પક્ષે અખબાર પાસે જગ્યાનો અભાવ એ બહુ મોટો પ્રશ્ન છે. આથી પત્રકારત્વ સમાજજીવનની એક બાબત રજૂ કરે છે પરંતુ તેને સતત ચાલુ રાખવી એ જગ્યાના અભાવે અઘરી હોય છે. આથી સમયે સમયે જયારે એવી કોઈ ઘટના ધ્યાનમાં આવે ત્યારે વર્તમાનપત્રો સ્થાન આપવાનું મુનાસીબ માને છે. આમ વાચક તરીકે લોકોની પત્રકારત્વ પાસેની વ્યાપક અપેક્ષાઓ અને અખબારની મર્યાદા લક્ષમાં લેતાં અખબારો સમાજજીવનની સાચી છબી રજૂ કરતાં નથી એવો ફરિયાદનો સૂર સંભળાય છે.

- જો કે થોડા વર્ષોથી અમદાવાદના પત્રકારત્વમાં સ્પર્ધાનું તત્વ વધતાં હવે સમાજજીવનની સાચી છબી રજૂ કરવાનું વલણ અખબારોમાં વધ્યું છે. પ્રજાની પાયાની સમસ્યાઓને હવે અખબારો વધુ સ્થાન આપતા થયા છે.
- પત્રકારત્વે રૂઢિચુસ્ત સમાજમાં વ્યાપ્ત અંધશ્રદ્ધા અને કુરિવાજો દૂર કરવાનું અને તેના સ્થાને સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ પ્રસરાવવાનું કાર્ય કર્યું છે.

૫૦. પત્રકારત્વે આ ઉપરાંત નવી પેઢીના યુવાનોમાં પણ જાગૃતિ ફેલાવીને માર્ગદર્શકની અસરકારક ભૂમિકા ભજવી છે.

- જો કે સમાજમાં નવી વ્યવસ્થા લાવવામાં પત્રકારત્વ ઉપરાંત અન્ય પરિબળોએ પણ પોતાનો ફાળો આપ્યો છે. પત્રકારત્વની સાથે આ પરિબળો પણ નવી સામાજિક વ્યવસ્થા આણવામાં સહભાગી બન્યા છે.
- અમદાવાદનું પત્રકારત્વ એ "પ્રેસ નોટ કલ્ચર" છાપવાનું વલણ ધરાવે છે. આથી કોઈ નવીન સામાજિક વ્યવસ્થા લાવવામાં પત્રકારત્વનો ફાળો નથી એવો વ્યવસાયીઓનો (૩૩%) મત છે.

- બદલાતા સમાજમાં માનવમૂલ્યોનો હ્રાસ થતો હોય તેવી જૂની અને જરીપુરાણી બાબતોને બદલે નવી વ્યવસ્થા દાખલ થાય તે જરૂરી છે. પરંતુ એના માટે માત્ર અખબાર ઉપર જ આધાર રાખવો જરૂરી નથી. અખબાર નવી સામાજિક વ્યવસ્થા કે સામાજિક પરિવર્તન સમાજમાં લાવવાનું એક માધ્યમ છે. પણ તેની સાથે અન્ય પરિબળો પણ તેના સહાયક હોવાં જોઈએ. આ માટે પ્રજા પણ તેની સાથે સંકળાયેલી હોવી જોઈએ. માત્ર અખબાર એકલા હાથે નવી સામાજિક વ્યવસ્થા જન્માવી શકે એ આશા આદર્શ છે. પરંતુ અમદાવાદમાં નવી સામાજિક વ્યવસ્થા લાવવામાં લોક–સહયોગ સાંપડતો નથી એ ઉલ્લેખનીય છે.

૫૧. નવી વ્યવસ્થા એક માત્ર પત્રકારત્વના કારણે આવતી નથી. એની સાથે અનેક આનુષંગિક પરિબળો નવી સામાજિક વ્યવસ્થાના જનક હોય છે. પરંતુ, એક બોલકા પ્રતિનિધિ તરીકે પત્રકારત્વને અન્યની સરખામણીએ વધુ મહત્વ મળે છે. એથી એને મુખ્ય પરિબળ માનવામાં અન્ય પરિબળોનું સ્થાન ગૌણ બની જાય છે. પત્રકારત્વનો સક્રિય સહયોગ અવશ્ય હોય છે. પરંતુ પત્રકારત્વથી જ નવી વ્યવસ્થા આવે એ માનવુ વધારે પડતું છે.

૫૨. પત્રકારત્વ સામાજિક વ્યવસ્થા લાવનારું અત્યંત ઉપયોગી પરિબળ છે, કારણ કે સમાજમાં જનમત ઘડનારું એ સશકત માધ્યમ છે. સમાજના સભ્યોને ચોક્કસ દિશામાં વાળવાની શકિત તેની પાસે છે. સમાજમાં નવી વ્યવસ્થા બાબતે વિરોધ અને તરફેણ એ બંને છેડાના વિચારમાં માનતા લોકોના વિચારોને અખબાર સ્થાન આપે છે. અને લોકશાહી ઢબે સમગ્ર સમાજ શું ઈષ્ટ કે શું અનિષ્ટ ? એનો તલસ્પર્શી વિચાર કરીને નિર્ણય લેવાની તક પૂરી પાડે છે. આ દ્રષ્ટિએ પત્રકારત્વ સમાજમાં વિચાર જાગૃતિનું બીજ વાવવાનું અને તેને વિકસિત કરવાનું કાર્ય નિભાવે છે.

- મૂળભૂત રીતે પત્રકારત્વ એ સામાજિક વ્યવસ્થા પેદા કરવાનું એક પરિબળ છે. પરંતુ ઉષ્ણ માધ્યમ હોવાના કારણે તથા પ્રજામાં અખબારોની વિશ્વનીયતાના પરિણામે

સમાજ નવી સમાજ વ્યવસ્થા માટે અખબાર પર ઘણો નિર્ભર છે તેમ કહી શકાય.

૫૩. પત્રકારત્વમાં સંશોધનાત્મક પત્રકારત્વની આગવી વિશેષતા છે. એના સિવાયનું પત્રકારત્વ તદ્દન ફીક્કું લાગે. સંશોધન વિનાનું પત્રકારત્વ નિરર્થક ગણાવી શકાય. અમેરિકન પત્રકારત્વમાં "વોટર ગેટ" પ્રકરણ દ્વારા કૌભાંડ બહાર લાવનારું પત્રકારત્વ હોય કે "બોફોર્સ કાંડ"નું કૌભાંડ ભારતમાં બહાર લાવનારું સંશોધન પત્રકારત્વ હોય એ કોઈપણ દેશના પત્રકારત્વમાં આગવું સ્થાન ધરાવે છે. પરંતુ સંશોધન પત્રકારત્વ સહેલું નથી. અમદાવાદના પત્રકારોએ (૩૦%) વખતોવખત આવી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો છે. તેમ છતાં પત્રકારત્વમાં આવી બાબત બહુ સહજ છે. એવો મત તેઓ વ્યકત કરે છે.

- સંશોધનાત્મક પત્રકારત્વમાં જે મુશ્કેલીઓ દર્શાવવામાં આવી છે તેમાં ગ્રંથાલય સુવિધાનો અભાવ, માહિતી આપનાર સોર્સની પુરાવા આપી શકવાની અસમર્થતા અને અખબારમાં અહેવાલ પ્રસિદ્ધિ પછી કાયદાકીય આંટી ઘુંટી વગેરે ઉપરાંત સૌથી મહત્વની બાબત આર્થિક હોવાનું પણ વ્યવસાયીઓ દર્શાવે છે.
- સંશોધનાત્મક પત્રકારત્વ એ ખૂબ જ કઠીન ગણાતુ હોવા છતાં વ્યવસાયીઓ પત્રકારત્વને અતિ મહત્વનું ગણાવે છે. આ ક્ષેત્રમાં આવી તકલીફો એ વ્યવસાયનો એક હિસ્સો છે. એટલે તદ્દન સાહજિક છે. "પત્રકારત્વ એટલે પડકારો". એ ન્યાયે આ મુશ્કેલીઓથી પીછેહઠ ન કરવાની હોય એમ વ્યવસાયીઓ સ્પષ્ટ માને છે. જે અમદાવાદના પત્રકારત્વની નીડરતા પ્રગટ કરે છે.
- સંશોધનાત્મક પત્રકારત્વ કપરું હોવા છતાં પત્રકારત્વનો પ્રાણ છે. ચોથી જાગીરનું સન્માન છે. પરંતુ વ્યવસાયીઓ પૈકીના (૧૦%) વ્યવસાયીઓ આર્થિક પ્રશ્નના કારણે સંશોધનાત્મક પત્રકારત્વને અતિ મુશ્કેલ ગણાવે છે. પત્રકાર વ્યવસાયીઓના ઓછા પગારનો મુદ્દો સંશોધન પત્રકારત્વ પ્રયોજતા પત્રકારને પણ અસરકર્તા હોવાનું દર્શાવે છે. એ બાબત એવો નિર્દેશ કરે છે કે આર્થિક બાબત સંશોધનાત્મક પત્રકારત્વના

ખેડાણમાં નિંદણનું કામ કરે છે.

- સંશોધનાત્મક પત્રકારત્વમાં સૌથી મોટી સમસ્યા એ વ્યવસાયીઓને અપાતા અપૂરતા આર્થિક વળતરની ગણાવી શકાય. સંશોધનાત્મક પત્રકારત્વની ઉપયોગિતા જોતાં આ પરિસ્થિતિ ગંભીર કહી શકાય.
- સંશોધનાત્મક પત્રકારત્વમાં એક મુશ્કેલી એ પણ છે કે તંત્રી–ઉપરીઓનો સહકાર મળતો નથી એવી પત્રકારોની એક લાગણી છે ત્યારે આ બાબતે સહકારનું વાતાવરણ વ્યાવસાયિકને મળે તેવું વાતાવરણ સર્જવું જોઈએ. પત્રકારત્વની ઓળખ તેમાં પ્રસિદ્ધ થતી સમાચાર સામગ્રીની વિશ્વનીયતાના આધારે સ્થાપિત થતી હોય છે. અને પ્રજાકિય વિશ્વાસ સંશોધનાત્મક પત્રકારત્વને સહારે મેળવી શકાતો હોય છે. આથી સંશોધનાત્મક પત્રકારત્વ વધુને વધુ વિકસે એવા પ્રયાસો કરવા જરૂરી છે.

૫૪. અમદાવાદના પત્રકારત્વે સામાજિક અને આર્થિક વિકાસમાં વધુ મહત્વની ભૂમિકા ભજવી હોવાનું (૪૫%) વ્યવસાયીઓ માને છે.

- સમાજને ચોક્કસ દિશા સૂચન કરીને સામાજિક પરિવર્તન સમાજમાં લાવવામાં પત્રકારત્વે સરાહનીય ભૂમિકા ભજવી છે. પરંપરાગત સમયથી ધંધા–રોજગારમાં અગ્રણી નગરની ઓળખ જાળવવામાં પત્રકારત્વ મદદરૂપ બન્યું છે. વેપાર–વાણિજ્યને ઉત્તેજન મળે એવી ખેવના પણ જોવા મળે છે.
- અમદાવાદના પત્રકારત્વે સમયાંતરે જે તે સામાજિક–આર્થિક સમસ્યાઓના નિવારણ અર્થે પ્રયાસ કરીને સાચા લોક પ્રહરીની ફરજ બજાવી છે.
- અમદાવાદના સામાજિક–આર્થિક વિકાસમાં પત્રકારત્વે બહુ ઓછી ભૂમિકા ભજવી હોવાનું કેટલાંક વ્યવસાયીઓએ (૧૭%) દર્શાવ્યું છે. તો અન્ય કેટલાંક વ્યવસાયીઓએ (૮%) બહુ સામાન્ય, નકારાત્મક, મર્યાદિત, યોગ્ય નહી એવો પણ મત વ્યકત કર્યો છે. આ જોતાં એમ કહી શકાય કે વ્યવસાયની મજબૂત સાંકળ સમા આ વ્યવસાયીઓ પોતાના વ્યવસાયને સામાજિક–આર્થિક વિકાસના સહાયક પરિબળ તરીકે મહત્વનું આંકતા નથી.

- અમદાવાદના પત્રકારત્વમાં વિકાસલક્ષી પત્રકારત્વનું પ્રમાણ ઓછું હોવાનું અને અપવાદરૂપ કિસ્સામાં વિકાસલક્ષી પત્રકારત્વ જયારે જોવા મળે ત્યારે માલિકને ફાયદો મળતો હોય તો જ સ્થાન મળે છે એવી લાગણી વ્યકત કરી છે. જે દર્શાવે છે કે વ્યવસાયી તરીકે પત્રકાર જે સાચું લાગે કે સમાજને માટે સારૂ હોય તેવી બાબતોને માલિકની મરજી સિવાય પ્રસિદ્ધ કરી શકતો નથી.

૫૫. વ્યકિત કે વ્યવસાયી કોઈપણ કામ સાથે જોડાયેલો હોય ત્યારે શ્રેષ્ઠ કામગીરીની કદરરૂપે તેને સત્કારવામાં આવે, સન્માનવામાં આવે તો વ્યવસાય પ્રત્યેની જવાબદેહી (Accountability) વધે છે. નૈતિક જુસ્સો તેને મળે છે. આથી કામ પ્રત્યેનું સમર્પણ વધે છે. આ દૃષ્ટિએ વ્યવસાયીને એવોર્ડઝ આપીને સન્માનવાની પ્રથા આવશ્યક છે. પરંતુ એવોર્ડઝ યોગ્ય વ્યકિતને ન મળતા હોવાની ફરિયાદ દરેક ક્ષેત્રમાં હોય છે. આવી ફરિયાદ પત્રકારત્વના વ્યવસાયમાં પણ છે. ખરા અર્થમાં કામ કરતાં પત્રકારત્વના વ્યવસાયીઓને એવોર્ડઝ ( ૯૦% ) કોઈ એવોર્ડ મળ્યો નથી.

- પત્રકારત્વના એવોર્ડઝ જે ફિલ્ડ રિપોર્ટિંગ કરતાં હોય તેવા પત્રકારોને નહી પણ અખબારમાં જેમની કોલમ ચાલતી હોય તેવા કોલમિસ્ટસનું (સાહિત્યકારોને મહદઅંશે) જ પત્રકાર તરીકેના એવોર્ડઝથી નવાજવામાં આવે છે.
- પત્રકારત્વના ક્ષેત્રમાં એવોર્ડઝ વિતરણ એ એક પ્રકારનું તૂત છે. જેમને પત્રકાર જગત પણ પત્રકાર તરીકે ઓળખતું ન હોય અથવા તો પત્રકારત્વ ક્ષેત્રમાં કોઈ મહત્વનું યોગદાન આપ્યું ન હોય તેવી વ્યકિતને પત્રકારત્વમાં સારી કામગીરી બજાવ્યાના સન્માનપત્રો અપાય છે.
- કુલ ઉત્તરદાતાઓ પૈકી બહુ ઓછા વ્યવસાયિઓને (૧૦%) એવોર્ડઝ મળ્યા છે. પરંતુ આ પૈકીના અડધો અડધ (૫૦%)તો એવોર્ડ મેળવ્યો હોવા છતાં એવોર્ડઝ પત્રકારને નહી કટાર લેખકો– સાહિત્યકારોને મળે છે એવી ફરીયાદમાં પોતાનો સૂર પૂરાવે છે.

- પત્રકારત્વના ક્ષેત્રમાં એવોર્ડઝ વિતરણ એ એકબીજાને સાચવવા સમાન હોવાથી વ્યવસાયીઓમાં એવોર્ડ માટે સન્માનની લાગણી જોવા મળતી નથી. આથી જો એવોર્ડઝ માટે નામ આવે તો ખોટાંને જ એવોર્ડ અપાય છે એવી છાપ હોઈ પોતાની આબરૂ જવાનો ડર વ્યવસાયીઓ સેવે છે. અને એવોર્ડ ન મળે એને સારી બાબત ગણાવે છે.
- પત્રકારત્વના ક્ષેત્રમાં ગમે તેને નહીં પણ પત્રકારત્વમાં મહત્વનું પ્રદાન કરનાર વ્યવસાયીને અને ખાસ તો સંશોધનાત્મક પત્રકારત્વમાં પ્રદાન કરનાર વ્યવસાયીને એવોર્ડ અપાવો જોઈએ. એવોર્ડ માટે વ્યવસાયની પસંદગી કરવા માટે ચોક્કસ પ્રકારની મૂલ્યાંકન પદ્ધતિની હિમાયત કરવામાં આવી છે. કેટલાક વ્યવસાયીઓએ એવો મત વ્યકત કર્યો છે કે એવોર્ડની કશી તમા રાખવી ન જોઈએ. અખબારમાં કોઈ સમાચાર છપાયા હોય તેને પ્રજામાંથી પણ એક વાચક પત્ર તરીકે પ્રતિસાદ મળે એ વ્યવસાયી માટે એવોર્ડ કરતાં મોટી વાત છે. સાચો એવોર્ડ વાચક આપે છે. વાચકનો પત્ર એ પ્રોત્સાહન પૂરું પાડનારો હોય છે એવી લાગણી વ્યકત કરે છે. નબળા કે નોંધારા માનવીનો પોતાની કલમ સહારો બને એ એવોર્ડ કરતાં વધુ સુખદ અનુભવ હોવાની વાત તેઓ કરે છે.
- વ્યવસાયીઓ ઉત્સાહ વધારવા માટે આવકાર્ય એવાં એવોર્ડઝ વિતરણના મામલે આ ક્ષેત્રમાં આવકારદાયક સ્થિતિ ન હોવાનું જોવા મળે છે.
- વ્યવસાયીઓના કાર્યના યોગ્ય મૂલ્યાંકન સાથેના એવોર્ડઝ વિતરણની વ્યવસ્થાની અમદાવાદના પત્રકારત્વમાં ગેરહાજરી સાબિત થાય છે.

૫૬. પત્રકારત્વમાં કાર્યરત વ્યવસાયીઓને અખબારમાં તેમને જે કામગીરી સોંપવામાં આવી છે તે પસંદગી મુજબનું કામ હોવાનું (૮૦%) દર્શાવે છે.

- સામાન્ય રીતે એકનું એક કામ કંટાળો આપનારું બની જતું હોય છે પણ બહુધા પત્રકારો વર્ષોથી એક જ ક્ષેત્રમાં કામ કરતાં હોવા છતાં તેમની કામગીરી તેમને પસંદ

હોવાનું દર્શાવે છે. જે દર્શાવે છે કે પત્રકારત્વના વ્યવસાયીને મળતો કામનો આનંદ કે સંતોષ આ ક્ષેત્રમાં રોમાંચક છે.

- આ ઉપરાંત કેટલાક એવી લાગણી વ્યકત કરે છે કે પત્રકારત્વમાં ઉપરી જે કામગીરી સોંપે તે કરવાની હોય છે. આથી વ્યવસાયી તરીકે પસંદ કે નાપસંદની વાત કરવી અયોગ્ય છે. દરેકને પોતાની પસંદગી મુજબનું કામ મળે એવું વ્યવસાયી માટે શકય નથી હોતું, કારણ કે અન્ય કોઈ વ્યવસાયીને પણ શકય છે કે એ જ ફીલ્ડ પસંદ આવતું હોય. વ્યાવસાયિકો પોતાના ક્ષેત્રની કામગીરી માટે સમર્પિત છે તેઓમાં માગણી મુજબ કામ મળે એવું વલણ જોવા મળતું નથી. આ ઉપરાંત અન્ય વ્યવસાયોની જેમ આ વ્યવસાયમાં પણ સિનિયરની સૂચના અને નિર્ણય પાલન જોવા મળે છે.
- પસંદગી મુજબનું ફિલ્ડ હોવાની વ્યવસાયીઓની વાતથી એક બાબત એવી પણ તારવી શકાય કે ઉપરીઓ પણ વ્યવસાયીઓની આવડત પારખીને તેમને ગમતા ક્ષેત્રની કામગીરી સોંપતા હોય એવું શકય છે.
- વ્યવસાયીઓની દ્દષ્ટિએ જો ફિલ્ડ પસંદગી પાછળનું કારણ તપાસીએ તો એમ કહી શકાય કે વર્ષો સુધી એક ફિલ્ડમાં કામ કર્યું હોય એ કામગીરી સાથે એને ગાઢ લગાવ થઈ ગયો હોય તેથી કામનો તેમને આનંદ મળતો હોય એવું બની શકે.
- મોટાભાગના વ્યવસાયીઓના ઉત્તરોની માહિતી ચકાસતાં સ્પષ્ટ થાય છે કે વ્યવસાયીઓમાં ફિલ્ડ કામગીરીમાં પસંદગી અને નાપસંદગીનું તત્વ જોવા મળતું નથી. એકની એક ઘરેડમય કામગીરી તેમને કંટાળો આપતી નથી.
- બહુ થોડા વ્યવસાયીઓએ તેમને સોંપાયેલ ફિલ્ડની કામગીરી પસંદ નથી એમ દર્શાવ્યું છે. એમાં શકય છે કે અગાઉ તેઓ જે ફિલ્ડ સંભાળતા હતા તેની સાથે તેમને લગાવ થઈ થયો હોય પણ પછી એ ફિલ્ડના બદલે તેમને અન્ય ફિલ્ડ સોંપાયું હોય ત્યારે આવી લાગણી થઈ હશે એમ કહી શકાય.

૫૭. અમદાવાદના પત્રકારત્વમાં કાર્યરત વિવિધ અખબારોમાં કાર્યરત વ્યવસાયીઓની વિગતો ચકાસીએ તો એક બાબત સ્પષ્ટ નજરે ચડે છે. પત્રકારત્વના જુદાં જુદાં ક્ષેત્રમાં વિવિધ અખબારમાં કામ કરતા વ્યવસાયીઓની વ્યકિતગત મોનોપોલી હોય તેમ જણાય છે. જેમ કે ક્રાઈમ રિપોર્ટિંગ, સચિવાલય કે રાજકીય પક્ષોનું રિપોર્ટિંગ, કોર્ટ રિપોર્ટિંગ, મ્યુનિસિપલ કોર્પોરેશન રિપોર્ટિંગ વગેરે જેદા જુદા રિપોર્ટિંગના ક્ષેત્રમાં દરેક અખબારમાંથી એક નિશ્ચિત વ્યવસાયીનું નામ જ જોડાયેલું હોય છે. આ વ્યવસાયીઓ એક અખબારમાંથી બીજા અખબારમાં જોડાય ત્યારે પણ ફિલ્ડ રિપોર્ટિંગનું 'મોનોપોલી સ્ટેટસ' જળવાતું હોય છે. જે નવા અખબારમાં તે જોડાય ત્યાં તેને અગાઉના અખબારમાં જે ફિલ્ડ સંભાળતા હોય તે ફીલ્ડ જ તેમને સોંપવામાં આવે છે. અમદાવાદના પત્રકારત્વમાં આ વિશેષતા સવિશેષ જોવા મળે છે.

૫૮. વિશેષતાની વાત કરીએ તો અમદાવાદના પત્રકારત્વની વિશેષતા એ 'સિન્ડીકેટ' જર્નાલિઝમની પણ છે. એટલે વ્યવસાયી જે ફિલ્ડમાં કામ કરતો હોય તે ફિલ્ડની 'સિન્ડીકેટ' સાથે સંબંધ હોય છે. સિન્ડીકેટના તંદુરસ્ત સંબંધો તેની નોકરી સાથે સીધા જોડાયેલા છે. જે 'સિન્ડીકેટ'માં જોડાયેલા હોય તેમની વચ્ચે તેમના ફિલ્ડની મહત્વની જાણકારી અન્ય અખબારના વ્યવસાયીને પહોંચાડવાની ફરજિયાત હોય છે. આ સિન્ડીકેટ એકતા પાછળનું કારણ એ હોય છે કે ગમે તે અખબારમાં કામ કરતા હો પણ તે અખબાર અન્ય અખબારમાં મહત્વની ગણાય એવી માહિતીને પ્રસિદ્ધિ આપવામાંથી બાકાત ન રહી જાય. અખબારી ભાષામાં કહીએ તો કોઈ મેટર ચૂકી ન જવાય. વ્યવસાયી તરીકે સમાચાર ચૂકી જવાની બાબત બહુ જ મુશ્કેલી સર્જનાર છે. આ સંજોગોમાં સિન્ડીકેટ સંબંધો નોકરીમાં આવનારી મુશ્કેલીનું નિવારણ કરવાની ગુરુચાવી સમાન છે.

- વ્યવસાયમાં ફિલ્ડ પસંદગી મુજબના હોવાનું જયારે બહુમતી વ્યવસાયીઓ દર્શાવી રહયા છે ત્યારે એની પાછળ 'સિન્ડીકેટ' સંબંધો પણ કારણભૂત છે એમ કહી શકાય.

કારણ કે એક ફિલ્ડમાંથી બીજા ફિલ્ડનું કવરેજ કરવાનું હોય ત્યારે બીજા ફિલ્ડમાં કાર્યરત વ્યવસાયીઓ નવા વ્યવસાયને બહુ ઝડપથી પોતાની સિન્ડીકેટમાં સ્વીકારી લેતા નથી. સિન્ડીકેટ સંબંધો વિના વ્યવસાયમાં મુશ્કેલી સર્જાતી હોઈ આ પ્રત્યુત્તર વધુ મળે છે એમ તારવી શકાય.

૫૯. પત્રકારો એટલે જેઓ માત્ર ને માત્ર લખવાના વ્યવસાય સાથે જોડાયેલા વ્યવસાયીઓ છે. અખબારોમાં તો તેઓ સમાજજીવનના વિવિધ પ્રશ્નો સહિતની સમાચાર સામગ્રી, ફીચર લેખો લખતા હોય છે. તેમનો આગવો વાચક વર્ગ પણ હોય છે પરંતુ મજાની વાત છે કે મોટાભાગના વ્યવસાયીઓ તેમના શ્રેષ્ઠ લેખોનું સંપાદિત પુસ્તક પ્રસિદ્ધ કરતા નથી. પુસ્તક અને અખબારની જયારે સરખામણી કરીએ ત્યારે કહી શકાય કે આજનું અખબાર એ આવતીકાલની પસ્તી છે. અલબત્ત, અખબાર અને પુસ્તક બંને ઐતિહાસિક દસ્તાવેજી મૂલ્ય અવશ્ય ધરાવે છે પણ પુસ્તક લોકભોગ્ય વધુ બને છે. આ દ્રષ્ટિએ પુસ્તકનો મહિમા છે. એ જોતાં અખબારી લેખોનું પુસ્તક ઉપયોગી બની રહે છે પરંતુ પત્રકાર વ્યવસાયીઓમાં પુસ્તક પ્રકાશન જોવા મળતું નથી એ નોંધનીય બાબત છે.

- વ્યવસાયી તરીકે પત્રકારોને જે અસંતોષ છે તેમાં વ્યવસાય પસંદગી કે પસંદગીનું ફીલ્ડ વ્યવસાયની કામગીરીના ભાગરૂપે સંતોષકારક ન હોવાનું મોટાભાગના વ્યવસાયીઓ નકારે છે પરંતુ વ્યવસાયીઓમાં સૌથી મોટો અસંતોષ ઓછા પગાર પછી બાયલાઈન (સમાચાર અહેવાલ કે લેખ વ્યવસાયીના નામ સાથે પ્રસિદ્ધ કરવા બાબત)નહીં મળતી હોવાના મુદ્દે છે. અખબાર અને તેના વાચક વચ્ચે સીધો સંબંધ અખબારમાં પ્રસિદ્ધ થતી સામગ્રીના કારણે છે. જેમાં વ્યવસાયી સમાયેલો છે. આથી જયારે અખબારમાં તેમની એકસકલુઝિવ સ્ટોરી હોય ત્યારે બાયલાઈન સાથે પ્રસિદ્ધિ મળે એમ વ્યવસાયી ઈચ્છતો હોય છે. પરંતુ અમદાવાદના અખબારોમાં બાયલાઈન સાથે સમાચાર પ્રસિદ્ધિ આપવાનું ઓછું જોવા મળે છે. જેની સામે વ્યવસાયીઓમાં વ્યાપક અસંતોષ છે. બાયલાઈન એ અત્યંત મહત્વની છે કારણ કે જેમ અખબાર–વાચક વચ્ચે સંબંધ છે તેમ

વાચક અને અખબારમાં લખતા વ્યવસાયી વચ્ચેના તાદાત્મય અર્થે એ જરૂરી છે. પત્રકારત્વના વ્યવસાયી માટે તેનો માહિતીદાતા ખૂબ જ ઉપયોગી હોય છે. અને એ માત્ર સરકારી તંત્રમાં બેઠેલો વ્યકિત જ નહીં વાચક પણ હોઈ શકે. ઘણે ભાગે માહિતીદાતા તેની ઓળખ છતી ના થઈ જાય એવું હંમેશા ઈચ્છતો હોય છે. આ સંજોગોમાં બાયલાઈન દ્વારા વ્યવસાયી અને વાચક વચ્ચે સીધો સંપર્ક થઈ શકે છે. જે સરવાળે તો અખબારને જ લાભકર્તા બને છે. આ મુજબ 'બાયલાઈન' અખબારના હિતમાં હોવા છતાં અખબારો આપતા નથી. એની પાછળનું કારણ એવું જણાય છે કે અખબાર માલિકો પોતાના અખબારની ઓળખ સ્થાપિત થાય અને જળવાય રહે એવું ઈચ્છે છે. તેમના વ્યવસાયીની વ્યકિતગત ઓળખ ઊભી ન થાય તેની તકેદારીરૂપે બાયલાઈન પ્રસિદ્ધ કરતાં નથી.

- પત્રકારત્વના વ્યવસાયીઓ પૈકી લગભગ મોટાભાગના વ્યવસાયીઓએ (૮૦%) જોબ સેટિફેકશન હોવાનું દર્શાવ્યું છે. એ દર્શાવે છે કે આ વ્યવસાય પડકારરૂપ ગણાતો હોવા છતાં તેના વ્યવસાયીઓને પડકારજનક કામગીરી બજાવવામાં રસ છે. વ્યવસાયમાં જોબ સેટિફેકશન અત્યંત જરૂરી છે જે આ ક્ષેત્રના વ્યવસાયીઓમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.
- એક વ્યવસાયીએ જયારે તેઓ ખૂબ જ મહેનત પછી કોઈ અહેવાલ તૈયાર કરે પરંતુ તે તેમને સરસ ના લાગે તો ખુદને અસંતોષ થાય છે. આ સમયે તેમને જોબ સેટિસ્ફેકશન નથી થતું એમ જણાવે છે. એમની આ લાગણીમાં પત્રકારત્વના પ્રજાકીય સમર્પણનો ભાવ ટપકે છે.
- જે વ્યવસાયીઓને જોબ સેટિસ્ફેકશન નથી એના કારણ તરીકે એમ દર્શાવ્યું છે કે વ્યવસાયી તરીકેની કામગીરીની સાથે માલિક–તંત્રીના અંગત કામો (તંત્ર સાથેના) કમને કરવા પડે છે ત્યારે વ્યવસાયમાં અસંતોષ થાય છે.

૬૦. છેલ્લા બે ત્રણ વર્ષમાં ગુજરાતમાં પત્રકારત્વના ક્ષેત્રમાં હરીફાઈનું સ્તર વધ્યું છે તેના

હકારાત્મક પાસાં જોવા મળે છે.

- કોઈ અખબાર પોતાની મરજી મુજબ ચાલે એ સ્થિતિ હવે ચાલતી નથી કારણ કે વાચકો અન્ય છાપાંઓ વાંચીને પોતાની રીતે આખીય બાબતમાં વાસ્તવિકતા શું છે ? એ સમજી જાય છે.
- આજનો વાચક Sharp છે એટલે અખબારો પણ વિશ્વસનીયતા ટકી રહે તે રીતે કામ કરતાં થયા છે. વાચકોમાં શિક્ષણનું પ્રમાણ વધતાં એનામાં હોશિયારી આવી છે. અખબારો પણ જવાબદારીપૂર્વક વર્તી રહ્યાં છે.
- કદાચ માલિક કોઈ રાજકીય વિચારધારામાં માનતો હોય તો તેને બાદ કરતાં બળાત્કાર, અપહરણ, ખૂન જેવા કિસ્સાઓમાં અખબારો સત્યની પડખે ઊભા રહે છે.
- અખબારોમાં રાજકીય વૃત્તાંત નિવેદનનું પ્રમાણ લગભગ ૨૦% જેટલું હોય છે. બાકીના ભાગમાં શિક્ષણ, સેલિબ્રિટીઝના ઈન્ટરવ્યૂઝ, હ્યુમન ઈન્ટરેસ્ટ સ્ટોરીઝને વધુ સ્થાન હવે મળે છે. જેને પહેલાં નગણ્ય સ્થાન અપાતું હતું.
- અમદાવાદ શહેરના વિકાસનો કોઈ Concept જ ન હતો તે રીતે શહેર વિકસતું જાય છે. વિકસિત અમદાવાદમાં વાચકોના રસને તૃપ્ત કરવા માટે તંત્રીઓ અને પત્રકારોએ વધુ મહેનત કરવી પડે છે. જે પત્રકારત્વમાં વ્યાવસાયિકતા વધી હોવાનું દર્શાવે છે.

૬૧. પત્રકારત્વની ગુણવત્તામાં સુધારો થયો છે. ગમે તે વ્યકિત પત્રકારત્વમાં ચાલી જાય એ દિવસો હવે પૂરા થયા છે.

- આજે બદનક્ષીયુકત પત્રકારત્વ (પીળું પત્રકારત્વ) એક અખબાર લાંબો સમય સુધી ચલાવી શકે નહીં એવું વાતાવરણ પેદા થયું છે.
- આજના પત્રકારત્વમાં Value Addition નું તત્વ પ્રવેશ્યું છે જેનાથી સ્થાનિક પત્રકારત્વે રાષ્ટ્રીય પત્રકારત્વની બરાબરી કરી શકે તેવું કલેવર ધારણ કર્યુ છે.
- પત્રકારત્વની ગુણવત્તા સુધરી છે. એની સાથે સાથે ઊંચા પગાર વ્યવસાયીઓને મળવા માંડયા છે. પગાર પંચની ભલામણો કરતાં ત્રણ–ચાર ગણો પગાર વધારો

વ્યવસાયીઓ મેળવતા થયા છે એટલે પગાર પંચની જરૂરિયાત રહી નથી.

- ભૂતકાળમાં વર્તમાનપત્રના માલિકોને ટ્રેડ યુનિયનમાં પોતાની સંસ્થામાં કામ કરતાં વ્યવસાયીઓ હોદ્દેદાર બને એમાં રસ રહેતો હતો. આજે વ્યવસાયીઓને તગડા પગાર મળવાની શકયતા હોઈ પગાર વધારાની માંગણીનો પ્રશ્ન રહેતો નથી. આથી પત્રકારત્વ ક્ષેત્રમાં ટ્રેડ યુનિયનનું અસ્તિત્વ નામ માત્રનું રહ્યું છે.
- પત્રકારોની વ્યાવસાયિક સજ્જતા માટે પણ ટ્રેડ યુનિયન આવશ્યક હોઈ એ પુનઃ કાર્યરત થાય એવો વિચાર કરવામાં આવી રહ્યો છે. જેમાં જે અખબારમાં કામ કરતાં હોય એની કોઈ આંતરિક ચર્ચા નહિ કરતાં માત્ર વ્યવસાયની કુશળતાની ચર્ચા અને એ સંબંધના કાર્યક્રમોની વિચારણા કરવામાં આવી રહી છે.
- પત્રકારો એ સમાજનો બુદ્ધિજીવી વર્ગ છે. આથી આંતરિક તેજોદ્વેશના કારણે સર્વે પત્રકારોમાં એકતા પેદા કરવી અતિ મુશ્કેલ છે. એક છત નીચે બધા પત્રકારો એકત્ર થાય એ લગભગ અશકય વાત છે.

૬૨. કોઈપણ પ્રાદેશિક પત્રકારત્વ રાષ્ટ્રીય પત્રકારત્વની સરખામણીએ જુદું હોય છે કારણ કે પ્રદેશે પ્રદેશે વ્યકિત અને સમાજ જુદાં જુદાં હોય છે આથી તુલના કરવી અશકય છે.

- રાષ્ટ્રીય પત્રકારત્વની સરખામણી જો ગુણવત્તાની દ્દષ્ટિએ કરીએ તો અમદાવાદનું પત્રકારત્વ સજ્જ છે.
- રાષ્ટ્રીય સરખામણીએ અમદાવાદનું પત્રકારત્વ પ્રાદેશિક પત્રકારત્વનું પ્રતિનિધિત્વ કરે છે આથી થોડા ફેરફાર તેમાં જોવા મળે છે, કારણ કે જે તે વિસ્તારના લોકો જે પ્રકારની વાચન સામગ્રી ઈચ્છતા હોય તે મુજબ સમાજના એકંદર આરોગ્યનો પડઘો પાડતી સામગ્રી અખબારો પ્રસિદ્ધ કરતાં હોય છે. જે અમદાવાદના પત્રકારત્વમાં પણ જોવા મળે છે.
- પત્રકારત્વ ઉપર દેશના કરિશ્માતી નેતાનો પ્રભાવ ઝીલાતો હોય છે. આપણા દેશની સૌથી મોટી કમનસીબી આઝાદી પછીના થોડા વર્ષોને બાદ કરીએ તો કરિશ્માતી

નેતૃત્વની કમી છે. આના પરિણામે અખબારો ઉપર પણ એની અસર પડી છે.

૬૩. દુનિયાના કોઈપણ પત્રકારત્વમાં વત્તા–ઓછા અંશે કાળુ કે બદનક્ષીકારક પત્રકારત્વ તો રહેવાનું જ. સંસારમાં ઈષ્ટની સાથે અનિષ્ટ હોય જ માટે પત્રકારત્વ સંપૂર્ણ સ્વચ્છ હોય એ શકય જ નથી.

- પત્રકારત્વના પ્રસારમાં આર્થિક બાબત અગત્યની છે. આથી જયાંથી આર્થિક મદદ મળતી હોય તેવી જાહેરખબર આપતી સંસ્થાઓ અને વેપારના અન્ય પરિબળોની અસર પત્રકારત્વમાં આવતી હોય છે. અમદાવાદનું પત્રકારત્વ પણ આમાંથી બાકાત નથી. પણ મહદ્અંશે અમદાવાદના અખબારો સ્વચ્છ છે.
- આર્થિક પાસાંના પરિણામે બહુ ઓછા વર્તમાનપત્રો અને પત્રકાર તટસ્થ જોવા મળે. હકીકતે આ વ્યવસાયની જરૂરિયાત છે. આથી અન્ય કોઈ ખોટાં તારણ ઉપર આવવું જોઈએ નહિ. અખબારનું અસ્તિત્વ ટકાવી રાખવા આ જરૂરી હોય છે.
- આર્થિક પરિબળના પરિણામે સમાચારની ચોરી, સ્પર્ધા થાય છે કેટલાંક સમાચારો છપાતા નથી તો કેટલાંક વાચકને ન ગમતા સમાચાર પણ છપાતા હોય છે.
- અણગમતું છપાય તો એની સામે વાંધો ન હોવો જોઈએ. કારણ કે મુકત લોકશાહીની જેમ મુકત પત્રકારત્વ પણ અત્યંત આવશ્યક છે. જો લોકશાહી મુકત ન હોય અને પત્રકારત્વ જો મુકત હોય તો મુકત લોકશાહી વહેલી મોડી આવે છે. એટલે મુકત પત્રકારત્વ લોકશાહીની પણ રક્ષા કરે છે અને પ્રજાના હિતોની પણ રક્ષા કરે છે માટે સમાજ માટે ખૂબ જ ઉપયોગી છે.

૬૪. અખબારોની ભાષા વાચકને સમજાય તેવી હોવી જોઈએ, કારણ કે વર્તમાનપત્ર એ વાચકો સાથેનો સંવાદ છે. આ બાબત અખબારો માટે અત્યંત મહત્વની છે અમદાવાદના અખબારો માટે અત્યંત મહત્વની છે અમદાવાદનાં અખબારો આ બાબતનો ખ્યાલ રાખે છે.

- શિક્ષણના વિસ્તરણને પરિણામે અખબાર હવે કોઈ એક વ્યકિતનું નહિ બલ્કે સમગ્ર

કુટુંબનું બન્યું છે. આથી તમામ ઉંમરના વાચકોને ધ્યાનમાં રાખીને વર્તમાનપત્રો પ્રસિદ્ધ થઈ રહયાં છે.

- અમદાવાદી એટલે પાકો. પરંતુ આમાં પાકો એટલે ખરાબ નહી પરંતુ વ્યવહારું અને ગણતરીવાળો એવો છે. અમદાવાદી અન્યની સરખામણીએ શાણો – કોઈનાથી જલદી ન છેતરાય એવો હોય છે.
- વર્તમાનપત્રોમાં મુદ્રણનાં સાધનો બદલાયા હોવાથી યાંત્રિક પરિવર્તન આવ્યું છે પરંતુ અગાઉના સમય કરતાં પત્રકારત્વમાં વ્યાવસાયિક સજ્જતા વધુ આવી છે એમ માનવું બિલ્કુલ અસ્થાને છે.
- પત્રકારત્વનું શિક્ષણ એ એક પ્રકારની વ્યાવસાયિક તાલીમ છે. તાલીમ મેળવવી કંઈ ખોટી નથી પરંતુ આ રીતે શિક્ષણ મેળવે એ સારો પત્રકાર બની શકે એ માન્યતા ખોટી છે.

૬૫. લેખકને જેમ બીજ હોય છે તેમ પત્રકારનો પણ જીવ હોય છે. પત્રકારત્વમાં રસ હોય અને વ્યવસાયમાં જોડાય પછી લખાણ અને ભાષા ધીરે ધીરે ગુણવત્તાસભર બનતી જાય. પરંતુ પત્રકાર તરીકે એકમાત્ર ભાષા જ નહીં પરંતુ તેની સાથે સાથે પોતાનું સમીકરણ, સમાજની ચિંતા કરવાની ખેવના હોય તો જ પત્રકાર બની શકાય, પત્રકાર માટે આ જરૂરી બાબત છે. જો આ વિશેષતાઓ ન હોય તો દરેક સાહિત્યકાર પત્રકાર બની શકયા હોત. પણ એવું બનતું નથી. આમ, પત્રકારત્વનું શિક્ષણ વ્યકિતને રસ અને આંતરિક સૂઝ હોય તો જ ઉપયોગી બની શકે, અન્યથા નહીં.

- એક સમય એવો હતો કે કોઈપણ શિક્ષિત માણસ પાસે કામ ન હોય તો કાં એને શિક્ષણના અથવા તો પત્રકારત્વના વ્યવસાય સિવાય ત્રીજો વિકલ્પ ન હતો. આજે પત્રકારત્વમાં આવવા માટે શિક્ષણ મળે છે અને તાલીમ મેળવી શકાય છે એમાં કંઈ જ ખોટું નથી.

૬૬. અનામતની બેઠકમાં વધારો કરવાના સરકારના પગલાં સામે સવર્ણ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને અન્યાય થશે એ વિચાર અનામત વિરોધી આંદોલનના મૂળમાં હતો.

- એકરીતે અનામત વિરોધી આંદોલન સ્વયંભૂ હતું. જેને ગુજરાતના બૌદ્ધિક મધ્યમવર્ગનો ટેકો હતો. પરંતુ પછી ધીમે ધીમે આંદોલને રાજકીય રંગ પકડી લીધો.
- અનામત વધારવા તત્કાલીન મુખ્યમંત્રીએ પ્રયત્ન કર્યા એના કારણે તેમના વિરોધીઓએ આંદોલનને ટેકો આપ્યો. એટલે મેરીટ વર્સીસ રિઝર્વેશનનો જે પ્રશ્ન હતો તે સવર્ણ વર્સીસ અન્ય પછાત વર્ગોનો બન્યો.
- ગુજરાતના ગુજરાતી અખબારોએ અનામત વિરોધી આંદોલનકર્તા વર્ગને સારો સપોર્ટ આપ્યો, કારણ કે એ સમયે આજે જે સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓ છે એ ન હતી. શિક્ષણની બાબતમાં બીજા રાજયો કરતાં ગુજરાત ઘણું આગળ હોવા છતાં મેરીટોરિયસ વિદ્યાર્થીઓને પ્રોફેશનલ કોર્સીસમાં પૂરતી તક મળતી ન હતી. અખબાર માલિકો, અખબારમાં કામ કરતાં વ્યવસાયીઓ કે રાજકીય સમીક્ષકો બધાએ વર્ગમાંથી આવતા હતા કે જેમનું હિત અનામત વિરોધી આંદોલન સાથે સંકળાયેલું હતું આથી તેઓ ટેકો આપતા હતા.
- અખબારો સાથે જોડાયેલા વ્યવસાયીઓ મોટાભાગે અનામત વિરોધી આંદોલનના સમર્થનમાં હતા. કારણ કે તેઓ એ સમાજના એક ભાગ હતા.
- અખબારો અનામત વિરોધી આંદોલન દરમિયાન રાજકીય નેતાના પૂતળા–દહન, બક્ષીપંચના અહેવાલની હોળીના ફોટોગ્રાફસ, અહેવાલ અને અનામતથી દેશને કેટલું નુકશાન જશે એવા લેખો દ્વારા સમર્થન આપતા હતા.
- અખબારી વ્યવસાયીઓ અને તેઓ જે સમાજ સાથે સંબંધિત છે એનાથી અનામતના કારણે નુકશાન જતું હોઈ અંગત પૂર્વગ્રહના કારણે પણ આ આંદોલનની તરફેણમાં હતા.
- પત્રકારત્વમાં Main Stream Journalism સિવાયના પત્રો (વિચારપત્રો) અનામતની તરફેણમાં હતા. પરંતુ તેવા પત્રોની સંખ્યા ઓછી હતી અને વાચક વર્ગ પણ મર્યાદિત હતો. જેથી તેનો પ્રભાવ ઘણો ઓછો હતો. જયારે દૈનિક અખબારોનો વાચક વર્ગ વિશાળ હતો. આથી વિચારપત્રોની સરખામણીએ વર્તમાનપત્રોની અસરકારકતા

વધારે હતી.

- અનામત વિરોધી આંદોલનના પરિણામે સમાજમાં સવર્ણ વિરૂધ્ધ એસ.સી., એસ.ટી., અને ઓ.બી.સી. એ જાતનું રાજકિય ધ્રુવીકરણ રચાયું હતું.
- ૧૯૯૧માં મંડલ કમિશનની ભલામણોને વી.પી.સિંહે અમલી બનાવી. મંડલ કમિશને અહેવાલ તો ઘણાં વર્ષો પહેલાં આપ્યો હતો. પરંતુ ભલામણોના અમલથી સમાજમાં વિભાજન થશે એ જાણતાં હોવાથી તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ તેનો અમલ કર્યો નહોતો. ગુજરાતમાં એનો અમલ થતાં પુનઃ સ્વયંભૂ આંદોલન તેની સામે થયું હતું.

૬૭. એ સમયે અનામતનો લાભ મળતો હતો એ જ્ઞાતિ–સમૂહો અને સવર્ણ જ્ઞાતિના લોકો વચ્ચે સામાજિક કટુતા ફેલાઈ હતી. જો કે આજે એ શમી ગઈ છે કારણ કે આજે સેલ્ફ ફાયનાન્સ કોલેજીસની સંખ્યા વધી છે એટલે, અનામતનો લાભ ન હોય તેવા સવર્ણ જ્ઞાતિના વિદ્યાર્થીઓને ગુજરાત અને અન્ય રાજયોમાં પ્રવેશની તક ઊભી થઈ છે. આથી પહેલાંની સરખામણીએ વિરોધ શમી ગયો છે.

- શિક્ષણના ક્ષેત્રમાં બેઠકનો વધારો અને સ્પર્ધાત્મક યુગની શરૂઆત થતાં અનામતની અસર ભૂંસાવા માંડી છે.
- ગુજરાતમાં થયેલા વિવિધ આંદોલનો જેમ કે મહાગુજરાત, નવનિર્માણ હોય કે અનામત વિરોધી આંદોલન હોય તેમાં શાસકને હટાવવા માટેનું આંદોલન હતું એમ સ્પેસિફિક ના કહી શકાય. જો કે કોઈપણ આંદોલનમાં રાજકીય પક્ષો તેને પાછળથી (અંદરખાને) સપોર્ટ ના કરે તો આંદોલન લાંબો સમય ચાલી શકે નહિ.

૬૮. પ્રજામાંથી આંદોલન સ્વયંભૂ શરૂ થયું હોય તો પણ રાજકીય ટેકા વિના ન ચાલી શકે કારણ કે આંદોલન ચલાવવા માટે નેતાગીરીની માર્ગદર્શક રૂપે પણ જરૂર હોય છે. ઉદા.તરીકે નવનિર્માણ આંદોલનની શરૂઆત વિદ્યાર્થીઓથી થઈ પણ પછી રાજકીય સપોર્ટ મળ્યો.

- અનામત વિરોધી આંદોલન સમયે સ્થાનિક વર્તમાનપત્રો (ગુજરાતી) આંદોલનની

તરફેણમાં હતા. જ્યારે રાષ્ટ્રીય અખબારો (અમદાવાદ સ્થિત અંગ્રેજી અખબારો) અનામતની તરફેણમાં હતા. કારણ કે ઈન્ડિયન એક્સપ્રેસ અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના તંત્રી અને પત્રકારો મોટાભાગે ગુજરાત બહારથી આવેલા હોઈ ગુજરાતના યુવાનોની લાગણી સમજી શકતા ન હતા.

- એ સમયના રાજકીય સત્તાધીશો પણ એવું ઈચ્છતા કે અંગ્રેજી અખબારોમાં અનામત આંદોલનની વિરૂદ્ધમાં છપાય તો રાષ્ટ્રીય સ્તરે તેમની છાપ સારી ઊભી થાય. આથી અંગ્રેજી અખબારોનો વિશ્વાસ સંપાદન કરવાનું વલણ તેમણે અખત્યાર કર્યું હતું. આથી, અંગ્રેજી અખબારો સરકારના સમર્થનમાં અનામત આંદોલનને સારું કવરેજ આપતા હતા.
- ગુજરાતી વર્તમાન પત્રનો વ્યવસાયી સ્થાનિક સમાજ સાથે સંબંધ ધરાવતો હોય આથી મનમાં કંઈપણ હોય છતાં Out Right સપોર્ટ ના કરે. તેના મનમાં ડર હોય જ. આથી તેઓ અનામત વિરોધી આંદોલનને જ સપોર્ટ કરે એમ કહી શકાય.

૬૯. ગુજરાતી પત્રકારત્વની સરખામણીએ અંગ્રેજી પત્રકારત્વની ઓછી અસર સમાજમાં પડે છે. કારણ કે અંગ્રેજી વાચનારો વર્ગ ખૂબ જ ઓછો અને વાચનાર બુદ્ધિજીવી–ભણેલો–ગણેલો હોવાથી લખાણથી પ્રભાવિત ન થાય. જ્યારે ગુજરાતી વર્તમાનપત્રોનો વાચક વર્ગ ખૂબ જ વિશાળ અને અખબારથી પ્રભાવિત થનાર પણ વધુ એટલે તેની અસર જોવા મળે છે.

- નવનિર્માણ આંદોલનમાં કંઈક અંશે તે વખતના ગુજરાતના મુખ્યમંત્રી કેન્દ્રીય નેતાગીરીની સામે પડયા હોવાથી તેમને હટાવવા માટે પણ તેમના વિરોધી રાજકારણીઓએ આંદોલનને ટેકો આપ્યો હતો.
- પહેલી વખતનું નવનિર્માણ આંદોલન સફળ આંદોલન થયું હતું. પરંતુ બીજી વખતે તે સફળ રહ્યું ન હતું, કારણ કે નવનિર્માણના યુવા નેતાઓ પૈકીના એકાદને બાદ કરતાં બાકીના નેતાઓને રાજકીય પક્ષોએ પ્રલોભન આપ્યાં હતાં. અને એમાં થોડા ઘણા અંશે

રાજકારણીઓ ભાગલા પડાવવામાં સફળ રહયા એ કારણે બીજા તબક્કામાં એ સફળ આંદોલન ના બની શકયું.

૭૦. ગુજરાતમાં નવનિર્માણ કે અન્ય કોઈ આંદોલનોની નિષ્ફળતામાં કેટલાક કારણો છે જેમ કે એકવખત આંદોલન શરૂ થાય ત્યારે 'હૈસા ભેગો હૈસો' એ ભાવ સાથે જોડાયા હોય છે. પણ પછી મને શું મળશે ? એવુ ગણિત કામે લગાડે અને ધીમે ધીમે ઓછા થતા જાય. એ જ રીતે આઝાદી જંગના સમય જેવી આદર્શ નેતાગીરીનો અભાવ છે. પરંતુ હવે આદર્શવાદી નેતૃત્વ મળતું નથી. માત્ર અંગત પૂર્વગ્રહોથી આંદોલન શરૂ થતા હોય છે એવું પ્રજાને લાગે છે. આથી આજનો માનવી 'સ્વકેન્દ્રી' બન્યો છે. લોકોમાં આંદોલનથી કંઈ વળવાનું નથી એવી હતાશા આવી ગઈ છે.

- આંદોલનમાં ઉપલા કે ઉપલા મધ્યમ વર્ગને રસ નથી. બધા પોતાના ધંધા–રોજગારમાં જ રસ લે છે. આ વર્ગ 'આર્મ ચેર એકિટવિસ્ટ' છે. તેમને ભાષણો, ચર્ચા અને દલીલોમાં રસ હોય છે. એથી વિશેષ રસ હોતો નથી. બીજો વર્ગ છે એ આંદોલનમાં આવે પરંતુ તે જુએ કે આંદોલનમાં સાથે કોણ છે. આ વર્ગ આંદોલન માટે મહત્વનો છે. એ જો મોટી સંખ્યામાં હોય તો આંદોલનને વેગ મળે. પરંતુ પછી ધીમે ધીમે તેમાં જોડાયેલો વર્ગ ઓછો થતો જાય છે. મીડિયાના ટેકા વગર કોઈપણ આંદોલન લાંબુ ચાલી શકતું નથી. એ આંદોલનોનો અભ્યાસ કરીએ તો જણાય છે.

૭૧. નવનિર્માણ આંદોલન અને અનામત વિરોધી આંદોલન બંને તદ્દન અલગ આંદોલન હતા. અનામત વિરોધી આંદોલનમાં અન્યાયનું એક વ્યકિતગત તત્વ આવતું હતું. જયારે નવનિર્માણમાં વ્યકિતને કોઈ સીધી અસર ન થઈ હોય પણ રાજકારણીઓના ભ્રષ્ટાચાર સામેનું એક "Value Based" આંદોલન હતું. જેના પરિણામે માત્ર ગુજરાતની પ્રજા કે ગુજરાતી અખબારોનો જ નહી સમગ્ર રાષ્ટ્રની પ્રજા અને રાષ્ટ્રીય પત્રકારત્વનો પણ એને ટેકો સાંપડયો હતો.

૭૨. તાજેતરમાં ગોધરા ટ્રેન હત્યાકાંડ પછી થયેલા કોમી હુલ્લડમાં ધર્મનું તત્વ વધુ જોવા

મળે, એટલે કોઈને ચોક્કસ હકીકત ખબર ના હોય તો પણ આંધળો સપોર્ટ કરે. અને આવી ઘટનાઓમાં ન્યાયિક પંચો પણ સત્ય બહાર લાવવામાં નિષ્ફળ નીવડે છે, કારણ કે એમની પાસે માહિતી પૂરી પાડનારું તંત્ર પોલીસ છે. એ પણ આ કેસમાં એક પક્ષકાર છે એટલે મનફાવતા સાક્ષીઓ તે લાવે અને એક સચ્ચાઈ એવી પણ છે કે તોફાનોમાં સ્વતંત્ર સાક્ષીઓ મળતા નથી. ગોધરાકાંડ અને એ પછીના કોમી તોફાનોને લાંબો સમય થયો નથી એટલે એના વિશે અત્યારે કશું કહેવું વધારે પડતું ગણાય.

૭૩. કોઈપણ આંદોલન માત્ર દુનિયાના ટેકાથી સફળ થતું નથી કે કોઈપણ આંદોલન સમૂહ માધ્યમોનો ટેકો ના હોય તો નિષ્ફળ જતું નથી. એની સફળતાનો આધાર કેટલું મજબૂત છે ? એના પર છે સમાજના પાયામાંથી ઊગેલું હોય, વિશ્વસનીય આગેવાની હોય અને પ્રતિબદ્ધતા હોય તો એ અસરકારક બની શકે છે.

- ઘણીવાર સામૂહિક નેતાગીરી હોય પરંતુ લક્ષ એક જ હોય તો આંદોલન સફળ બને છે. એમાં જો કે સૌથી મોટો આધાર નેતા ઉપર રહેલો છે. મહાગુજરાત આંદોલન આ કારણથી સફળ નીવડયું હતું.
- અંગ્રેજી રાષ્ટ્રીય અખબારોની ગુણવત્તા સારી હોય છે પરંતુ એમાં સાધન સંપન્ન વર્ગનો જ પડઘો પડે છે. કોઈપણ સમાચાર પત્ર પોતાના વાચક વર્ગને ધ્યાનમાં રાખતો હોય એ સ્વાભાવિક છે આથી એ જોવા મળે છે.

૭૪. અંગ્રેજી અખબારો જેમ ઉચ્ચ વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે એમ ગુજરાતી અખબારો મધ્યમવર્ગની વાચાને સ્થાન આપે છે જેમાં શોષિતવર્ગની પીડાને ઓછું સ્થાન અપાય છે.

- શોષિત કે વંચિત વર્ગની વાત અખબારોમાં ઓછી આવતી હોઈ ૧૯૮૫ના અનામત વિરોધી આંદોલન પછી દલિત સાહિત્ય અને દલિત પત્રકારત્વનું પ્રમાણ વધ્યું છે.
- અમદાવાદ ધંધા–રોજગાર આપતું મહાનગર હોઈ અમદાવાદ બહારથી લોકો સ્થળાંતર કરીને અહીં સ્થાયી થાય છે. આથી અમદાવાદ શહેરમાં જુદાં જુદાં પ્રદેશો, વર્ગો અને જ્ઞાતિઓના સહીયારા સહવાસથી પચરંગીપણું આવ્યું છે. જે મુંબઈની

તરાહનું છે.

૭૫. મહારાષ્ટ્રના મુંબઈને બાદ કરીએ તો મરાઠી સમાજની સામાજિક અને સાંસ્કૃતિ ઓળખ છે પરંતુ એવી રીતે ગુજરાતી સમાજની ઓળખ નથી. ઓળખનું અસ્તિત્વ જાળવવાના પ્રયાસો કલા, સાહિત્ય કે ફિલ્મમાં પણ જોવા મળતા નથી.

- ગુજરાત સમૃદ્ધ હોવાના કારણે અમદાવાદ એક મોટું બજાર ધરાવે છે. ઉપભોકતાવાદ અમદાવાદમાં જોવા મળે છે. આજે પશ્ચિમ વિસ્તાર અને પૂર્વ વિસ્તાર એમ બે ભાગમાં વહેંચાયેલા અમદાવાદને નવું પણ કહી શકાય નહીં કે પરંપરાગત પણ કહી ન શકાય. હાલમાં આ શહેર તેના સંક્રાંતિકાળમાંથી પસાર થઈ રહ્યું છે.

૭૬. અન્ય વ્યવસાયો જેમ કે તબીબી અને કાયદાની માફક પત્રકારત્વનું Formal શિક્ષણ જરૂરી નથી. જેમનામાં ન્યૂઝ સેન્સ, સમજણ અને અભિવ્યકિતના ગુણો હોય એ પત્રકાર બની શકે. જો કે આજે વૈવિધ્યીકરણવાળા પત્રકારત્વમાં પત્રકારનું વિશેષ શિક્ષણ જરૂરી બન્યું છે. પત્રકારત્વમાં વ્યવસાયીકરણનું તત્વ આવ્યું છે એના પગલે ખાસ શિક્ષણનો ખ્યાલ વિકસ્યો છે.

- પત્રકારત્વમાં આંતરસૂઝ હોય તો સફળ બની શકાય છે. નર્મદ કે ગાંધીજીએ કોઈપણ પ્રકારનું પત્રકારત્વનું શિક્ષણ લીધું ન હતું છતાં સફળ પત્રકાર બની શકયા હતા.
- ગુજરાતમાં પત્રકારત્વના શિક્ષણમાં સૈદ્ધાંતિક શિક્ષણ પર વધુ ભાર મૂકાય છે. પ્રાયોગિક શિક્ષણનું ઓછું ધ્યાન અપાય છે. પત્રકારત્વના વર્ગ ખંડ અને ન્યૂઝરૂમ વચ્ચે જોડાણ (Link) હોવું જોઈએ. એનો ગુજરાતમાં પત્રકારત્વનું શિક્ષણ આપતી સંસ્થામાં અભાવ છે. અખબારો અને પત્રકારત્વનું શિક્ષણ આપતી સંસ્થાઓ વચ્ચે જીવંત સંપર્ક નથી આથી અખબારના ચાલકો એમ માને છે કે પત્રકારત્વનું શિક્ષણ કામનુ નથી. એક જાતનો પૂર્વગ્રહ ઊભો હોય છે.

૭૭. આઝાદીના સમયનું પત્રકારત્વ એક મિશન હતું. આજે પત્રકારત્વ એક વ્યવસાય છે એટલે અખબાર પાસે મિશન કે નેતૃત્વની આશા નકામી છે કારણ કે એનો માલિક

ધંધાર્થી છે.

- અખબારો આજે પોતાનું હિત હોય એવા પ્રશ્ને આંદોલન ચલાવવાનો પ્રયાસ કરે છે પણ એ લાંબુ ચાલતું નથી કારણ કે હવે વાચકો અખબારોનું સ્થાપિત હિત સમજે છે.

૭૮. આઝાદી પહેલાંનું પત્રકારત્વ સમાજનું સામાજિક, રાજકીય અને આર્થિક ઘડતર કરતું હતું. રાષ્ટ્રનું ઉત્થાન, રાષ્ટ્રીય જાગરણનું મિશનરી પત્રકારત્વ હતું. એમાં પણ ખાસ કરીને ભાષા–પ્રાદેશિક પત્રો વર્તમાનપત્રો હતા છતાં એક વિચાર પત્ર તરીકે કાર્યરત હતા. આ આખો વિચાર આઝાદી પછી બદલાઈ ગયેલો જોવા મળે છે.

- આઝાદી મેળવવા પાછળનો આપણા રાષ્ટ્રીય નેતાઓનો જે વિચાર હતો એ વિચાર દાયિત્વ સ્વતંત્રતા મેળવ્યા પછી અખબારોમાં જોવા મળ્યું નથી. સર્વ માનવીય સમાનતાનો આદર્શ ભૂલી જવાયો છે. સમાજના તમામ અંગો આદર્શને ભૂલ્યા એમાં પત્રકારત્વનો પણ સમાવેશ થાય છે. નેતાગીરી કેમ ટકાવી રાખવી એ રાજકારણીઓ માટે સવાલ હતો. એમ અખબારનો ફેલાવો કેમ વધારવો એ પ્રશ્ન અખબારોનો રહ્યો. અને ક્રમશઃ તેમાં વગ અને આર્થિક ફાયદો કેમ વધારવો એ બાબતો આવતી ગઈ. અખબાર એટલે મિશન એ ભાવ તદ્દન વિલોપાઈ ગયો.

- આઝાદીના સમયગાળામાં ગુજરાતના બે મોટા ગજાનાં અખબારોમાં શબ્દકસોટી હરીફાઈના નામે જુગાર ચાલતો હતો. આ જુગાર રમાડનારાઓના કાર્યાલય પણ અખબારની કચેરીમાં હતાં આથી તેઓને અખબારની આર્થિક મુશ્કેલીઓ તેમના ધ્યાનમાં આવી. આથી કસોટી હરીફાઈના જુગારના પૈસે તગડા થયેલા લોકોએ ધીમે ધીમે અખબારની માલિકી પોતાના હસ્તક લઈ લીધી. ત્યારથી ગુજરાતમાં બંને મોટા છાપાંઓએ અખબારી આદર્શો નેવે મૂકીને સમાજના ભોગે પોતે તગડા થવાની પ્રવૃત્તિ આચરી છે.

૭૯. ગુજરાતી અખબારમાલિકો અખબારી વ્યવસાયમાં આર્થિક સંપન્ન થયા છે. પરંતુ અખબારમાં ગુણવત્તા જાળવણીનું કામ બહુ ઓછું થયું છે. અખબારોએ એના બહુમતી

વાચક વર્ગ એવા હિન્દુ સવર્ણ મધ્યમવર્ગની ઈચ્છા–એષણા અને એની મર્યાદાઓને પોષે એ જાતના લખાણો પ્રકાશિત કર્યા છે. અને જરૂર પડે જુદાં જુદાં મુદ્દે તેમને ઉશ્કેરીને સામ સામે લડાવવાનું જ કાર્ય કર્યું છે.

૮૦. ભારતીય સમાજમાં જો વિદેશી અખબારો આવશે તો પત્રકારત્વની ગુણવત્તા જરૂર સુધરશે. પરંતુ વિદેશી માલિકો માત્ર પોતાનું હિત જ જોશે. અને એ કેમ વધુ વિસ્તરે એના પ્રયાસો કરશે. ભારતીય સમાજના મૂલ્યોનો હ્રાસ થશે. અને "Fitest will Survive" નો જંગલ કાનૂન પત્રકારત્વમાં ચાલશે. જેના પરિણામે લઘુ અખબારોનું અસ્તિત્વ જોખમાશે. આપણા દેશમાં જે સેવા–સદાવ્રતની ભાવના ચાલે છે એ ખત્મ થઈ જશે. Quality of Life બગડશે.

- આઝાદી પછીની પત્રકારત્વની ઊજળી બાજુ જો ગણીએ તો અખબાર તેની કિંમત લોકોને પોષાય તેવી રાખે છે. ગુજરાતનાં શહેરોમાં ૬૭% લોકો સુધી અને ગામડામાં ૪૦% લોકો સુધી અખબાર આજે પહોંચ્યું છે.

૮૧. ગુજરાતી પત્રકારત્વે હકારાત્મક કરતાં નકારાત્મક કામ વધુ કર્યું છે. જેમ કે વર્ગ–કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાવાનું કામ કર્યું છે. વિકાસ કાર્યોની પહેલ એ અખબારનું કર્તવ્ય છે પરંતુ ગુજરાતમાં એ જોવાતું નથી. વર્તમાનપત્રના માલિકોને પોતાના અખબારના ફેલાવા અને નફાની જ પડી હોય છે.

- નાના અખબારો અને વિચારપત્રો આજે પણ "Pro People" તરીકે કાર્યરત છે. પરંતુ તેનો વાચક વર્ગ સીમિત હોવાથી સમાજમાં વ્યાપક અસર પેદા કરી શકતા નથી.
- આઝાદીની લડત સમયે પણ ગાંધીજી કોઈ કાર્યક્રમ આપતા ત્યારે પ્રજા અંગ્રેજ શાસકોથી ધ્રૂજતી હતી. પણ અખબારોએ આઝાદીના આદર્શને સ્થાન આપ્યું હતું. પરિણામે પ્રચંડ જનસમૂહે આઝાદીના આંદોલનમાં ઝુકાવ્યું હતું. અખબારો અંગ્રેજોની કોઈપણ ધમકીને વશ થયા વગર નીડરતાથી પોતાનો પત્રકારત્વ ધર્મ બજાવતા હતા. આજે આઝાદ ભારતના પત્રકારત્વમાં એ જોવા મળતું નથી.

૮૨. આઝાદીના જંગ સમયે અખબારો પ્રજાને સમાજ નવરચનાની પ્રેરણા આપતા હતા અને એ કામમાં જોડતા હતા. આજે એ પ્રેરણા અને કામમાં જોડવાનો આદર્શ પત્રકારત્વમાં જોવા મળતો નથી.

- અખબારોની સાથે શિક્ષણમાં રહેલા લોકોનો પણ દોષ છે. કારણ કે વ્યકિતને શિક્ષણની સાથે કેળવવાની વાત જોવા મળતી નથી. સમાચાર પત્રો અને શિક્ષણશાસ્ત્રીઓ વાચકની કેળવણીની વાત ચૂકયા છે.

૮૩. અખબારો પણ મધ્યમવર્ગને ધ્યાનમાં રાખીને સમાચાર સામગ્રી પ્રસિદ્ધ કરે છે. મધ્યમવર્ગને તમામ લાભો મેળવવા હોય છે પરંતુ કોઈપણ આંદોલનમાં જોડાયા વગર તેને બધુ મેળવવું હોય છે. એને ફરજ બજાવવાની ગમતી નથી.

- આઝાદી પછી યુવાનોને ફરજિયાત સમાજસેવાના કામમાં જોડવાની વાત આવી હતી. આ એક સારા વિચારને કોઈ અખબાર કે શિક્ષણશાસ્ત્રીઓએ ટેકો આપ્યો ન હતો. પરંતુ આ તો સરમુખત્યારશાહી વિચાર છે. આપણે લોકશાહી વિચારને વરેલા છીએ. આ વિચાર તો માનવીય સ્વતંત્રતાનો ભોગ લેનારો છે એવી ટીકા કરવામાં આવી હતી. અખબારોએ સમાજ નવરચના અર્થેના એક યોગ્ય આદર્શને ટેકો આપ્યો ન હતો.

૮૪. આજે આર્થિક ઉદારીકરણના માહોલમાં મધ્યમવર્ગ વિસ્તરી રહ્યો છે. અને આ વર્ગ વિસ્તરે એમાં નફાખોર અખબાર માલિકોનું હિત સમાયેલું છે. અખબારોએ હિત જાળવણીનું કામ કરતાં રહે છે.

- આજે સ્થિતિ એવી ઊભી થઈ છે કે અખબાર પ્રજાના હિતમાં કોઈ આંદોલન શરૂ કરે તો મધ્યમવર્ગ તેને ટેકો નહીં આપે. વાચક કેળવણીનો અભાવ આપણને જોવા મળશે. મધ્યમવર્ગ પોતાના જ પ્રશ્ને આંદોલન કરવાનું હોય તો સાથે ઊભો નહી રહે, કારણ કે અખબારોએ તેને આવી કેળવણી જ આપી છે. જો કે જ્ઞાતિ કે ધર્મના મુદ્દે એ જરૂર બહાર આવશે. હિંસામાં પણ ઝુકાવશે કારણ કે આ કેળવણી તેને મળી છે.

૮૫. અખબાર સમાજની આરસી કહેવાય છે. પણ એ માત્ર મધ્યમવર્ગનું જ પ્રતિનિધિત્વ કરે છે. ઉચ્ચ વર્ગને કોઈ પડી નથી. જયારે સમાજના બહુ મોટા એવા વિશાળ ગરીબ વર્ગને તો અખબાર સહેજેય ધ્યાનમાં લેતો નથી.

- મધ્યમવર્ગ વિસ્તરે એમાં રાજકીય પક્ષોનું હિત છે. અખબારોનું પણ હિત છે. એટલે આ સહિયારા હિતની હિફાજત ગુજરાતી અને અંગ્રેજી અખબારો કરે છે.

૮૬. ઘણાં વર્ષો પહેલા ગુજરાતી સાહિત્ય પરિષદ અને પત્રકાર યુનિયનના ઉપક્રમે યોજાયેલા એક વર્કશોપમાં એક વાત આવી હતી કે પત્રકારોની આંગળીમાં પેન હોય છે પણ એની પકડ તો માલિક કે તંત્રીના હાથમાં હોય છે. ગમે તેટલું પત્રકારત્વનું આદર્શ શિક્ષણ આપો. પરંતુ જયારે વાસ્તવિક કામ તેને કરવાનું આવે ત્યારે માલિકની મુનસફી પ્રમાણે તેને કામ કરવાનું હોય છે. આ સંજોગોમાં આદર્શ કેવી રીતે જળવાય ? પત્રકાર તૈયાર કરવાના શિક્ષણથી શું થશે ? એ સવાલ તો ઊભો જ રહે છે.

૮૭. સમાજના ગરીબ અને ઉચ્ચ વર્ગની આવકની અસમાનતામાં ઘટાડો થાય એવા પ્રયાસો અખબારોએ કોઈ દિવસ વિચાર્યા જ નથી. લોકમાનસ કેળવવાનું કામ પત્રકારત્વ કયારેય નહીં કરે કારણ કે એનું આર્થિક હિત તેમાં નથી.

- ગુજરાતમાં એક સમય એવો આવશે કે મધ્યમવર્ગને પોતે આંદોલન કરવું પડશે. અને અખબારો પણ ત્યારે પ્રજાની સાથે રહેશે કારણ કે અખબાર માલિકો ખૂબ જ શાણા છે એ પ્રજાની નાડ પારખીને તેમની પડખે ઊભો રહેશે.

૮૮. સમાજજીવનમાં પત્રકારત્વની અસર બહુ સાહજિક છે. અરસ પરસ પણ છે. પત્રકારત્વ સમાજને ઘડે છે એમ પત્રકારત્વને પણ સમાજ ઘડે છે.

- પત્રકારત્વ એ સમાજનો જ એક ભાગ છે. જે સમાજને ચોક્કસ દિશા અને દશા અપાવવામાં કારણભૂત બનતું હોય છે. આપણા રાજકીય આંદોલન લોક આંદોલન હોય કે વિવિધ તબકકે સમસ્યાઓના પ્રશ્ને સમાજને સાવચેત કરવાનો વખત આવે ત્યારે અખબાર પોતાની ભૂમિકા અદા કરે છે.

૮૯. સામાન્ય માનવીને મૂંઝવતા પ્રશ્નોને અમદાવાદના અખબારો સ્થાન આપતું રહ્યું છે. અમદાવાદમાં મિલો બંધ પડતી થઈ તે સમયે મિલ કામદારોના આર્થિક અને સામાજિક પ્રશ્નોની છણાવટ કરતી નિયમિત લેખ શ્રેણી જનસત્તા અખબારે ઘણા સમય સુધી ચલાવી હતી.

- આ રીતે અમદાવાદનાં અખબારો સમાજજીવનના પ્રશ્નો વખતો વખત રજૂ કરતાં રહે છે. એમાંથી કેટલી અસર નિકાલ કરનાર તંત્ર પર પડી એ આખી જુદી બાબત છે પણ અખબારોએ પોતાની ફરજ બજાવી છે.
- સામાન્ય માનવી બહુમતીમાં છે પરંતુ એનો અવાજ બળવાન છે પણ સંગઠિત નથી અને આ વર્ગ બોલકો પણ નથી. તેવા વર્ગને અખબારોએ હંમેશા વાચા આપી છે.
- એવા કેટલાય પ્રસંગો છે કે જેમાં અખબારે સામાજિક સમસ્યાઓનું નિરૂપણ સમાજ સમક્ષ રજૂ કર્યું હોય છે એમાં જો કે સાતત્ય હોતું નથી પણ અખબાર પ્રયાસ કરે છે.
- સામાજિક સમસ્યાને અખબારમાં સ્થાન અપાય છે. લઘુ કે ગુરુ તમામ અખબારો એને સ્થાન આપે છે. પરંતુ તેમાં સાતત્ય અથવા તો એકવાર કોઈ સમસ્યા પ્રસિદ્ધ થાય પછી તેનું ફોલોઅપ થતું નથી એમ જણાય છે.
- એક અખબાર કોઈ સમાજની સંવેદનશીલ ઘટના પ્રસિદ્ધ કરે પછી અન્ય અખબારો પણ એ ઘટનાને પ્રસિદ્ધ કરતા રહે છે. કારણ કે દરેક અખબારનો વાચક અલગ છે. એટલે કોઈ વખત એક અખબાર એક ઘટના ચૂકી જાય તો બીજા દિવસે તે ઘટના અને તેની આનુષંગિક બાબતોને પણ સ્થાન આપે છે. અખબારો વાચકને શું જોઈશે ? એ પોતાની રીતે નક્કી કરીને સમાચાર પ્રસિદ્ધ કરતાં હોય છે.
- સમાજને સ્પર્શતી કોઈ બાબત સામે કોઈ અખબાર મિશનરૂપે ઝુંબેશ શરૂ કરે તો બીજા અખબારો પણ તેમાં ઝુકાવે એવું બનતું નથી. એક અખબારે ઉપાડેલો પ્રશ્ન અન્ય અખબાર ફોલોઅપ રૂપે પણ પ્રસિદ્ધ કરતું નથી. કારણ કે 'અન્ય એ કરે છે માટે અમે એમાં નહીં' એવી સ્પર્ધાત્મક માનસિકતા અખબારી જગતમાં જોવા મળે છે.

૯૦. આજે ન્યૂઝ ચેનલો ૨૪ કલાક ચાલે છે. આથી અખબારોને પણ હવે સામાજિક પ્રશ્નોને વાચા આપવી પડે છે. પહેલાં એવું ન હતું. ચેનલની સામે ટકી રહેવાના પ્રયાસો રૂપે વર્તમાનપત્રોમાં આ બાબત આવી છે.

- ઘણીવખત અખબારો એકની એક ઘટનાની પાછળ સતત પાછળ પડી જાય છે. આથી એ સમયે સમાજના અન્ય પ્રશ્નો અખબાર માટે તદ્દન ગૌણ કે ઉપેક્ષિત બની જતા હોય એવું ચિત્ર ઉપસે છે.
- ગુજરાતી અખબારોમાં એક ચોક્કસ મુદ્દાને આધાર બનાવીને પત્રકારત્વ થતું ઓછું જોવા મળે છે. જયારે અંગ્રેજી અખબારો એક ચોક્કસ વિચાર સાથે ઝુંબેશ રૂપે સમાચાર પ્રસિદ્ધ કરતા જોવા મળે છે. ઉદાહરણ તરીકે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા રાજયમાં સ્ત્રી–પુરુષ અસમાન પ્રમાણ સામે 'બેટી બચાવો' ઝુંબેશ શરૂ કરીને લોકજાગૃતિનું કાર્ય કરે છે. પરંતુ ગુજરાતી અખબારોમાં આ રીતનું નિશ્ચિત પ્રકારનું મિશનરી વર્ક કહી શકાય એવું પત્રકારત્વ જોવા મળતું નથી.

૯૧. અખબારોના કારણે પ્રજા સંગઠિત બને છે એવું નથી પરંતુ લોકવિચાર ઘડવામાં અખબારો ઉપયોગી સાબિત થયા છે.

- ગુજરાતી અખબારો દ્વારા વાચકને કઈ બાબત પસંદ છે એ જાણવાનો પ્રયાસ થતો નથી. વાચકોની અભિવ્યકિતરૂપે વાચકોના પત્રોને બહુ ઓછા અખબારો સ્થાન આપે છે. અખબારોમાં જગ્યાના અભાવે વાચકોના પત્રને સ્થાન અપાતું નથી.
- અખબાર કોઈપણ સામાજિક પ્રશ્નને ચર્ચાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. સમાજમાં હકારાત્મક અને નકારાત્મક કોઈપણ વાત આનાથી ઉદ્દભવી શકે છે. એમાંથી સારું નરસું પોતાની રીતે સમજી શકે. આ કામ અખબારો બખૂબી નિભાવે છે.
- અખબાર એ આજે ઘરના તમામ સભ્યોનું બન્યું છે. આથી અખબાર માલિકો દરેક વાચકનો રસ ધ્યાનમાં રાખીને શિક્ષણ, ધર્મ, રાજકારણ, રમત ગમત, જયોતિષ, મહિલાઓને લગતા લેખો, કાયદો–વ્યવસ્થા વગેરે વિષય વૈવિધ્ય સાથે અખબારો

પ્રસિદ્ધ થાય છે. વાચકોના રસ જુદાં જુદાં છે તેને વાચક તરીકે જાળવી રાખવાના અખબારો પ્રયાસ કરે છે આથી અત્યારના અખબારો પાસે ઈષ્ટ અને અનિષ્ટ નક્કી કરી આપવાની ભૂમિકા ઓછી થઈ છે.

૯૨. અખબારની જે માન્યતા હોય તેનાથી વિરુદ્ધનો કોઈ સૂર હોય તો ગુજરાતી અખબારો તેને સ્થાન આપતાં નથી. વિરોધી મત ભલે હોય પણ તેનો અવાજ અખબારમાં રજૂ થવો જોઈએ. પરંતુ અમદાવાદના અખબારો મતનો આદર ઊભો કરવામાં હજુ સમૃદ્ધ બન્યાં નથી.

- અમદાવાદનાં વર્તમાનપત્રોનાં હવે વાચક જૂથ અલગ અલગ થતાં જાય છે તેમ તેમ બદલાતાં જાય છે. વર્તમાનપત્રો હવે પ્રજાની જેમ પચરંગી બનતા જાય છે. અમદાવાદના પત્રકારત્વમાં પહેલા જે કયારેય હતું જ નહીં એ આજે શરૂ થયું છે. જેમ કે ડાન્સ પાર્ટી, કીટી પાર્ટી વગેરે હવે સમાચારપત્રોમાં જોવા મળે છે. આવું ઈચ્છતો પણ એક વર્ગ છે એ હવે નવા શરૂ થયેલા વર્તમાનપત્રોએ દર્શાવ્યું છે. જો કે બહુ જાણીતા મોટાગજાના ગુજરાતી અખબારે આ બાબતોને સ્થાન આપ્યું નથી. એ પરંપરાને વળગી રહીને જ વર્તમાનપત્ર પસિદ્ધ કરે છે.
- એક જ સમયમાં વર્ષોથી ચાલતા અખબારનું સમગ્ર કલેવર બદલાવું શકય નથી કારણ કે જૂનું હોય તેને પોતાની પરંપરા હોય છે વાચક પણ તેની સાથે જોડાયેલો હોય છે. આથી બદલાવ સ્વીકારવામાં થોડો સમય જાય છે. પણ આ રીતનું ધીમું પરિવર્તન અમદાવાદના અખબારોમાં આવી રહ્યું છે.

૯૩. આજના વાચકોમાં વધુ વાંચવાની એ કરતાંય વધુ જાણવાની એક સહજવૃત્તિ પેદા થઈ છે. માહિતી પૂરી પાડતા સંચાર સાધનો વધ્યાં છે અને વિકસિત બન્યાં છે ત્યારે આ સ્પર્ધામાં આજનાં અખબારોએ પણ અસ્તિત્વ ટકાવવા વાચકની જિજ્ઞાશા પૂર્તિ અર્થે ખાસ ધ્યાન આપવું પડે છે.

- આજનો વાચક અખબાર વાંચીને કોઈ બાબતે દોરવાઈ જતો નથી. વધુ છાપાં વાંચીને

એ કોમન શું છે ? એ તપાસીને પછી આગળ વધતો હોય છે.

૯૪. અમદાવાદી એટલે સામાન્ય રીતે કંજૂસ એવી છાપ છે એ હકીકતે ખોટી છે. અમદાવાદીની કંજૂસી ખરેખર તો કરકસર હોઈ શકે છે અને અમદાવાદી જે એક જ લક્ષણે ઓળખાય છે. એવું લક્ષણ તો બહારથી આવીને અમદાવાદમાં વસતી કોઈપણ વ્યકિતમાં આવી જાય છે. આ શહેર ખૂબ ઝડપથી કોઈને પણ પોતીકું બનાવી લે છે એ એની ખાસિયત છે.

- સરેરાશ અમદાવાદી કોઈને છેતરી લેવો એવું ઈચ્છતા નથી. અલબત્ત, એ પોતાનો લાભ અવશ્ય જુએ. પણ એમાં બીજાને નુકશાન પહોંચાડવાનો ઈરાદો હોતો નથી.

૯૫. પત્રકારત્વનું વિશેષ શિક્ષણ એ એક પ્રક્રિયા છે. જો વ્યકિતમાં આંતરિક ગુણ ના હોય તો એ પત્રકાર બની શકે નહીં. પત્રકાર તરીકેનું મૂળતત્વ જો ના હોય તો ગમે તેટલું શિક્ષણ હોય ઉપયોગી ના બને. જો આંતરસૂઝ હોય તો જ પત્રકારત્વનું શિક્ષણ ફળદાયી નીવડે છે.

- પત્રકારત્વમાં અનુભવ અને કેળવણી ચોક્કસ જરૂરી છે. સમાજને સમજો નહીં ત્યાં સુધી ગમે તેટલું લખાય કે છપાય તોપણ એ અર્થહીન બની જાય છે. સમસ્યાને નજીકથી સમજો નહીં ત્યાં સુધી નકામું છે.
- ગુજરાતી પત્રકારત્વમાં અનુભવને ધ્યાનમાં લેવાય છે. યુવાનોમાં આવડત હોય પરંતુ અનુભવ ના હોય તો ઉચ્ચ પદ મળતું નથી. જયારે અંગ્રેજી પત્રકારત્વમાં આવડતને તક મળે છે.

૯૬. અમદાવાદના પત્રકારત્વ ક્ષેત્રના વ્યવસાયીઓમાં જ્ઞાન સીમિત છે. મહદઅંશે પત્રકાર જે ફીલ્ડનું રિપોર્ટિંગ કે કામ સંભાળતો હોય તેના સિવાયના અન્ય ફીલ્ડની માહિતીથી તે તદ્દન અજાણ હોય છે. મુંબઈના ગુજરાતી પત્રકારત્વની સરખામણીએ અમદાવાદના પત્રકારત્વમાં આ બહુ મોટી કમી છે.

૯૭. અમદાવાદના પત્રકારત્વમાં બે મોટા ગજાનાં ગુજરાતી અખબારો સિવાય અન્ય કોઈ

અખબારને વાચકો સ્વીકારી ના શકે તેવી માન્યતા ખોટી ઠરી છે. બે મોટા અખબારોની હાજરીમાં એમની સરખામણીએ ઊભું રહી શકે એવું અખબાર ગુજરાતમાં થોડા સમયથી આવ્યું છે એ એનું પ્રમાણ છે.

- આ નવા અખબારે પોતાની જગ્યા વાચકોમાં કરી લીધી એનું કારણ તેણે અમદાવાદ શહેરમાં જે નવો વાપરનાર વર્ગ આવ્યો તેને ઓળખી કાઢયો તેને ગણાવી શકાય.
- આમ નવું અખબાર તો આવ્યું. પ્રસ્થાપિત પણ થયું છતાં અખબારનું કામ પ્રજા સાથે કામ પાર પાડવાનું હોય તેના બદલે વાપરનાર કે ખરીદનાર વર્ગ સાથે પાર પાડનારું રહ્યું.
- આ ખરીદનાર–વાપરનાર વર્ગના અખબારી સંબંધો એ દર્શાવે છે કે અખબારો બજાર સમાજ સાથે કામ પાર પાડી શકે છે પરંતુ અખબારો નાગરિક સમાજ સાથે કામ પાડી શકતા નથી.
- અમદાવાદના પત્રકારત્વમાં એકમાત્ર "જનસત્તા"એ નાગરિક સાથે નિસ્બત ધરાવતું પત્રકારત્વ કર્યું હતું. આજે પણ તેનું લખાણ ગમે એવું જ છે. પણ કમનસીબે વાચકો સાથે તેની પ્રત્યક્ષ હાજરી ઘણી ઓછી છે.
- અમદાવાદના પત્રકારત્વમાં જેને "Main Stream Journalism" કહેવાય તેના બે મોટા અખબારો સમાજના એક બહુ મોટા વર્ગને વિકાસની પ્રક્રિયામાં સામેલ કરવામાં નિરૂત્સાહ રહ્યા છે.
- અનામત વિરોધી આંદોલન બાદ આ મોખરાના અખબારની નીતિ સામે વંચિત વર્ગોમાં પ્રતીકભાવ પેદા થયો અને એના પરિણામે મુસ્લિમ અને હિન્દુ વંચિત વર્ગના પ્રશ્નોને વાચા આપતું મુસ્લિમ ટ્રસ્ટનું ગુજરાતી અખબાર શરૂ થયું. જે ખૂબ જ ટૂંકા ગાળામાં ગુજરાતના બે મોટા છાપાંઓ પછી ત્રીજા ક્રમનું અખબાર બન્યુ હતું.
- અમદાવાદમાં થોડા સમય પહેલા જે મોટા ગજાનું અખબાર શરૂ થયું તેણે પોતાના ફેલાવા માટે વાચક સાથે "ભેટ કુપન"રૂપે બજાર ડીલ શરૂ કર્યું. તેની સાથે ગુજરાતમાં વર્ષોથી જામેલા મોખરાના બંન્ને અખબારોએ પણ એ પદ્ધતિ જ અપનાવી. આમ,નવા

અખબારથી વાચક–અખબારના સંબંધોને બદલે ગ્રાહક–બજારના સંબંધો શરૂ થયા.

- ગુજરાતમાં બે મોટાં અખબારો પછી ત્રીજું અખબાર શરૂ થયું જેના પરિણામે અન્ય પ્રાદેશિક રીતે નોંધપાત્ર અને નામના ધરાવતા રાજયના અન્ય અખબારોને ઘસારો પહોંચ્યો.
- નવા અખબારના પરિણામે ગુજરાતી વર્તમાનપત્રોમાં વર્ષોથી ચાલતી માત્ર બે જ અખબારની સર્વોપરિતા તૂટી. એના પરિણામે પહેલાં નહોતું એવું ખુલ્લાપણું તમામ અખબારોએ સ્વીકારવું પડયું.

૯૮. એક સમયે ગુજરાતના વર્તમાનપત્રોએ ગુજરાતી સમાજને ઘડવાનું કામ કર્યું હતું. પરંતુ આજે સમાજ જીવનને હકારાત્મક રીતે ઘડયું હોય એવો મતલબ હોય તો જવાબ આપવો ખૂબ જ મુશ્કેલ છે.

- મોટાભાગના પ્રશ્નો સમયે ગુજરાતના અમદાવાદ સ્થિત વર્તમાનપત્રોએ સૌજન્યપૂર્ણ વૃત્તાંત નિવેદનને બદલે દ્વેષપૂર્ણ વૃતાંત નિવેદનો પ્રસિદ્ધ કરવાનું વલણ રાખ્યું છે. અખબારના કોલમિસ્ટોએ પણ સમાજની જે તે વખતની સમસ્યાને સમજાવવાનો કે વિશ્લેષણ કરવાનો પ્રયાસ કર્યો નથી. વાસુદેવ મહેતા અને ઈશ્વર પેટલીકર સિવાયના પત્રકારોનું કામ સરસ રહ્યું છે. પણ એ દંતકથારૂપ છે. આજે પત્રકારત્વ એ કોઈ મૂળગામી વિચાર સમાજને આપ્યો હોય તેવું દેખાતું નથી.
- મુખ્ય પ્રવાહના વર્તમાનપત્રો ગમે તે ઘડીએ ગમે તેને નાયક અને ખલનાયક બનાવી દે છે. આગળ પાછળની બાબતોની સમીક્ષાનો એમાં અભાવ જોવા મળે છે.
- વર્તમાનપત્રોની સાથે વિચારપત્રો ચાલે છે. પરંતુ વિચારપત્રો નાનકડાં નિસ્બત ધરાવતા સભાનવર્ગમાં જ ચાલે છે. એનો વાચક વર્ગ મુઠઠીભર છે એથી એની અસર બહુ ઝીલાતી નથી.
- અમદાવાદના પત્રકારત્વમાં જે રિપોર્ટિંગ ફીલ્ડના પત્રકારો અહેવાલ લખે તેના સંદર્ભમાં કોલમિસ્ટે ઈનડેપ્થ કોલમ લખાય એનું ઘ્યાન રાખવું જોઈએ એ અત્યંત

અગત્યનું છે.

૯૯. નવનિર્માણ અને અનામત વિરોધી આંદોલન સમયે અખબારો એમાં ઉત્સાહથી જોડાયા હતા. એ ઉત્સાહ પાછળનું કારણ એ હતું કે આંદોલનમાં જોડાયેલો મધ્યમવર્ગ અને છાપાં ચલાવનાર (વ્યવસાયી) બંને મધ્યમવર્ગી હતા. એટલે એકબીજા સાથે મેળ બેસતો હતો.

- મધ્યમવર્ગ એવું માનતો હતો કે સમાજના ભ્રષ્ટાચાર સહિતના જે કોઈ પ્રશ્નો છે એ રાજકીય પક્ષોને કારણે છે. છાપાંમાં કાર્યરત મધ્યમવર્ગને રાજકારણીઓ નકામા છે એમ કહેવું ફાવે તેમ હતું. આમ, વાચાળ મધ્યમવર્ગ, છાપાં ખરીદનાર મધ્યમવર્ગ અને છાપાંમાં બેઠેલાં મધ્યમવર્ગને અનુકૂળ હતું એટલે અખબારોએ એ સમયે સમર્થન આપ્યું હતું.
- અખબારોએ નવનિર્માણ આંદોલન સમયે મધ્યમવર્ગની લાગણીઓને બહોળી પ્રસિદ્ધિ આપી હતી પણ પછી ભ્રષ્ટાચાર સામેની લડત પુનઃ ચલાવી નથી કે વંચિત વર્ગની વેદના બાબતે સમાજમાં સંવેદના પ્રગટાવવાનું કાર્ય કર્યું નથી એની નોંધ લેવી ઘટે.
- ગુજરાતમાં રાજકીય પક્ષો નાગરિકોના મત ઘડનારા કયારેય રહયા નથી. તમામ રાજકીય પક્ષો મત માગનારા જ રહયાં છે. ગુજરાતમાં જનમત ઘડતરની પ્રક્રિયાનો અભાવ છે. અને એમાં ગુજરાતના પત્રકારત્વની પણ કોઈ સુચારુ ભૂમિકા રહી નથી.

૧૦૦. આર્થિક ઉદારીકરણના પરિણામે સમાજમાં નાટયાત્મક પલ્ટો આવ્યો છે. અનામત આંદોલન સમયે જે વર્ગ અનામતનો વિરોધ કરતો હતો તેના માટે ઉચ્ચ શિક્ષણ અને રોજગારીમાં તક ઉપલબ્ધ બની. આથી એ અનામત ઉજળિયાતોને શિક્ષણ અને રોજગારમાં તક વંચિત કરે છે એ ચર્ચા અને આંદોલથી દૂર હટી ગયો. વંચિત વર્ગને સમજવાની દરકાર કેળવાઈ નહી.

- ઉદારીકરણે નવા Avenues ખોલ્યા. એટલે કોઈપણ આંદોલનને ધ્યાનમાં રાખીને સમાજમાં આવું શા માટે બન્યું ? એનો પુનર્વિચાર કર્યા વગર પાછા વળી ગયા. પાછા

ફર્યા એ બરાબર છે પણ સમાજને કનડતા મુદ્દાઓ પ્રત્યે પુનર્વિચાર અને આત્મનિરીક્ષણ થવું જોઈએ. આ પ્રક્રિયામાં અખબારની બહુ મોટી ભૂમિકા છે પણ અમદાવાદના અખબારો એ બાબતે અજાણ રહયા છે.

૧૦૧. અમદાવાદનો પલટાતો નવો વર્ગ સમાજજીવનની ઘટનાઓથી અજાણ છે. સમાજને સ્પર્શતી વાતોને લક્ષમાં લઈને ઝુંબેશ શરૂ કરે અને ખાસ તો વાચકોને એમાં સામેલ કરે એ અમદાવાદના પત્રકારત્વમાં જરૂરી છે.

- અમદાવાદનાં અખબારોમાં લખતા કોલમિસ્ટો પૈકી જેઓ વાચકોમાં લોકપ્રિય છે તેઓને પણ સંવેદનાસભર લેખોના સંદર્ભે નાપાસ કરવા પડે તેવું તેમનું કામ છે.
- અમદાવાદના અંગ્રેજી અને ગુજરાતી પત્રકારત્વની તુલના કરીએ તો બધી મર્યાદા છતાં અંગ્રેજી અખબારોએ ગુજરાતી વર્તમાનપત્રોની સરખામણીએ અનામત આંદોલન અને નવનિર્માણ આંદોલન સમયે સારું કામ કર્યું હતું.

૧૦૨. અમદાવાદનું પત્રકારત્વ બ્રિટીશ શિક્ષણના ઉત્સાહ અને અભિનિવેશમાંથી પેદા થયું છે.

- અમદાવાદનું પત્રકારત્વ તેના પ્રારંભકાળથી અત્યાર સુધી મધ્યમાર્ગી રહ્યું છે. એ કોઈ આત્યંતિક બનીને ઝુંબેશ ચલાવે, બળવાને ઉત્તેજન આપે કે આંદોલન શરૂ કરાવે એવું બન્યું નથી. એ મોગલ શાસક હોય, અંગ્રેજ હોય કે આઝાદી પછી લોકશાહી સરકાર હોય શાસકની વિરુદ્ધમાં અમદાવાદના અખબારો જતા નથી.
- મુંબઈમાં પત્રકારત્વની સરખામણી અમદાવાદના પત્રકારત્વ સાથે કરીએ તો મુંબઈનું ગુજરાતી પત્રકારત્વ આનાથી તદ્દન અલગ રીતે કાર્યરત રહ્યું છે.
- મુંબઈ રાજકીય રીતે જાગ્રત છે, આથી ત્યાંનું પત્રકારત્વ સત્તાની વિરુદ્ધમાં પ્રજાનો અવાજ રજૂ કરે છે ગુજરાતી પત્રકારત્વનો મહત્વનો હિસ્સો એવા અમદાવાદમાં અંગ્રેજોનું પત્રકારત્વ જોવા મળતું નથી.
- ગુજરાત એ શ્રેષ્ઠી પરંપરાનું છે. આથી મહાજનો મોટાભાગે કોઈપણ સમયે પોતાના ધંધા–રોજગારને સાચવવા માટે સમાધાન કરી લેતા હતા. એ પરંપરા પત્રકારત્વમાં

પણ જોવા મળે છે.

- અમદાવાદમાં પત્રકારત્વની સંસ્થા એક રીતે શાસકોના ગુણગાન ગાવાની માનસિકતામાંથી પેદા થઈ છે.
- અંગ્રેજી શાસન સામે જયારે ૧૮૫૭માં સર્વપ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ થયો તેને તે વખતના ગુજરાતના પ્રતિષ્ઠિત ગણાતા સામયિકે યોગ્ય ન્યાય આપ્યો ન હતો. ૧૯૦૫ની બંગભંગ ચળવળને પણ ગુજરાતના અખબારોએ પણ વિશેષ સ્થાન આપ્યું ન હતું કે અમદાવાદની પ્રજા પણ એ ચળવળના સમર્થનમાં બહાર નહોતી આવી. પરંતુ મુંબઈથી નજીક એવા સુરતમાં અસર બંને પક્ષે નોંધાઈ હતી.
- ગાંધીજીએ જયારે આઝાદીની ચળવળમાં ઝુકાવ્યું તે સમયે પણ અમદાવાદના પત્રકારત્વે આગળ રહીને એક ઝુંબેશ તરીકે કામ કર્યું હોય એવું ભાગ્યે જ બન્યું હતું.
- અમદાવાદનાં અખબારો પોતાનું સાચવીને બેસવાની પરંપરા ધરાવતા હોઈ આઝાદી પછી પણ અમદાવાદના અખબારો રાજકીય ચેતના સિવાયના પ્રશ્નો પર ધ્યાન આપતા રહયા છે.

૧૦૩. ગુજરાત અને અમદાવાદનું પત્રકારત્વ તેના પ્રારંભકાળથી જ સમાજ સુધારણા તરફનો ઝોક ધરાવતું રહ્યું છે. ૧૯૪૭માં ભારતના ભાગલા સંદર્ભે ઊંડાણપૂર્વકના અહેવાલો અમદાવાદના અખબારોમાં જોવા મળતા નથી.

- આઝાદી પછી અમદાવાદ નહી પરંતુ સમગ્ર ગુજરાતના પત્રકારત્વમાં માત્ર એક જ અખબાર "સૌરાષ્ટ્ર" વર્તમાનપત્રે પ્રજાના પ્રશ્નો પછી તે રાજસત્તા સામે હોય તો પણ અવાજ રજૂ કર્યો છે. આ એક જ સુખદ અપવાદ ગુજરાતી પત્રકારત્વમાં જોવા મળે છે.
- અમદાવાદના પત્રકારત્વમાં સત્તા કે શાસક વિરુદ્ધ જો કોઈ અપવાદ રહ્યો હોય તો એ જનસત્તા અખબારનો રહ્યો છે. આ અખબારે મહાગુજરાત ચળવળને ખુલ્લું સમર્થન આપ્યું હતું.
- સ્થાપિત હિત સાથે રહેવું એ અમદાવાદના અખબારોનું વલણ રહ્યું છે. માત્ર આર્થિક

કારણ અખબારને સ્પર્શતું હોય તેવા સંજોગોમાં એ સત્તા વિરુદ્ધ જાય છે. અન્યથા સાથ આપે છે.

- ગુજરાતમાં અખબારો કટોકટીની વિરુદ્ધમાં રહયા એમાં પણ સરકાર સાથે રહેવાનું પાસું જ જોવા મળે છે. ગુજરાતમાં જે સરકાર સત્તામાં હતી તેની વિરોધી સરકાર કેન્દ્રમાં હતી. આથી કેન્દ્ર સરકારના સીધા કાનૂનો ગુજરાતની જનતા મોરચા સરકાર લાગુ પાડતી નહી. અને જાહેરખબર, સમાચાર વ્યવસ્થાનું કાર્ય રાજય સરકાર સંભાળતી હોઈ અને પ્રજા પણ કટોકટી વિરુદ્ધ હોઈ ગુજરાતી અખબારોએ કટોકટીની સામેના આંદોલનમાં સાથ આપ્યો હતો.
- આ અંદોલનમાં પણ ગુજરાતી વર્તમાનપત્રોએ સ્થાનિક સરકારની સગવડનો સવાલ હોઈ સાથ આપ્યો હતો.
- જો કે પછી કેન્દ્રીય સંચાર મંત્રીશ્રીએ ગુજરાત મુલાકાત સમયે જપ્તી, ઝડતી અને અન્ય કાયદાકીય જોગવાઈઓની ધમકી આપ્યા પછી ગુજરાતના અખબારોએ પહેલાં કરતાં કટોકટીના સમાચારોનું પ્રમાણ ઓછું કરી નાંખ્યું હતું.

૧૦૪. ગુજરાતના મોટા ગજાના વર્તમાનપત્રો હંમેશા એકબીજાની સામે રહયા છે. એક અખબાર કોઈ મુદ્દાને ટેકો આપે તો પ્રતિસ્પર્ધી અખબાર તેનો વિરોધ કરે છે. સ્પર્ધાના તત્વને કારણે આવુ થતું રહ્યું છે.

- ગુજરાતી વર્તમાનપત્રો વ્યવસાયિક હરીફાઈમાંથી જન્મ્યા છે એટલે આ બાબત કાયમી રહી છે. પ્રજાકીય આંદોલનમાં પણ આ બાબત અખબારોમાં જોવા મળે છે.
- પ્રજાનો મોટો સમૂહ જે તરફ હોય એ તરફ રહેવાનું વલણ વ્યાવસાયિકતાના પરિણામરૂપે અમદાવાદના પત્રકારત્વમાં જોવા મળે છે.
- ઘણીવખત અંગત રાગદ્વેષના પરિણામે પણ અખબારો આંદોલનને ટેકો આપે છે.
- છાપાંઓ ગમે તે હોય પરંતુ અર્ધસત્ય ઉપર જીવે છે આથી વાચક અખબારો વાંચીને સત્ય તારવી શકતો નથી.

- અખબારો ચાલે છે તેમાં વાચકોની જાગૃતિનો અભાવ જોવા મળે છે. આજસુધીની રાજયની નાનામાં નાની કે મોટામાં મોટી ઘટના હોય વાચકોએ કેવળ અફવાઓ ઉપર જ આધાર રાખ્યો છે.
- ગાંધીજીએ પત્રકારત્વનો ઉપયોગ પ્રજા ઘડતર ઉપરાંત પોતાની નીતિઓ અને સિદ્ધાંતો પ્રતિપાદિત કરવા માટે કર્યો હતો.
- વિશ્વના મોટાભાગના મહાનુભાવોએ આ રીતે પત્રકારત્વનો વિચાર ઘડતર કરવા માટે સહારો લીધો છે એમ ગુજરાતમાં ગાંધીજીએ કર્યું હતું.
- ગાંધીજી પાસે કમ્યુનિકેશન સ્કીલ હતી. એ માત્ર પત્રકાર કે તંત્રી ન હતા. જયારે આજના વર્તમાન પત્રના માલિકો શુદ્ધ માલિકો છે. એમને વાચકની પડી નથી. પરંતુ પોતાના હિત પ્રમાણે વાચકને દોરવાનો પ્રયાસ કરે છે. આજે અમુક અંશે સુધારો થયો છે પણ એ બહુ આશાસ્પદ નથી.
- સમાજજીવનની નબળાઈ માટે પહેલો દોષ પ્રજાનો છે કારણ કે પ્રજા દ્વારા ધારાસભા, કારોબારી કાયદાઓ અને પત્રકારત્વ રચાય છે.
- અખબારો જે કંઈ પીરસે એ લોકોને ગમે છે એવી માધ્યમો દલીલ કરે છે એ એક રીતે સાચી છે કારણ કે જો ગમતું ન હોત તો વિરોધ થયો હોત. છાપાંઓ ચાલે છે એનું એક જ કારણ જોવું હોય તો છાપાંઓ આ કારણે ચાલે છે એવું કહેવું ખોટું નથી.

૧૦૫. ગુજરાતી પત્રકારત્વમાં ૧૯૭૦ સુધીના ગાળામાં જે પત્રકારો આવ્યા એ અનુભવી અને નિષ્ઠાવાન હતા. એમની નિષ્ઠાના પરિણામે એમને વેતન ખૂબ જ ઓછું મળતું હતું. એ વખતનાં છાપાંઓ પણ બહુ મૂડીવાદી ન હતા. પત્રકારત્વનો વ્યવસાય એમના માટે નશો હતો.

- આજે પત્રકારત્વનું શિક્ષણ લઈને આવતા લોકો આ વ્યવસાયમાં આવે છે. આધુનિક શિક્ષણમાં Instant Skill પર વધુ ભાર મુકાય છે એટલે આજનો શિક્ષણ મેળવીને પત્રકાર બનેલો વ્યવસાયી એક બાબતમાં પારંગત થવાના બદલે બધી બાબતોના

થોડાંક જાણકાર હોય એવું બન્યું છે. પરિણામે પત્રકારત્વને નુકશાન થયું છે.

- આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં પત્રકારને વેતન સારું મળે છે પરંતુ કોઈ એક ક્ષેત્રને સુંદર ન્યાય આપી શકે એવુ કાર્ય જોવા મળતું નથી.

૧૦૬. આજના પત્રકારત્વમાં તંત્રીઓને ઊંડાણપૂર્વકનું પત્રકારત્વ કરનારની જરૂર નથી. પરંતુ ઈનડેપ્થ રિપોર્ટિંગના બદલે ઈધર ઉધરની વાતો લઈને મસાલો ભભરાવીને લખનારની જરૂર હોય છે.

- પત્રકારનું કામ કોઈપણ સમસ્યાના મૂળમાં જઈને કશુંક નવુ લાવી શકે એવું હોવું જોઈએ. સમાચારોમાં વધુ અસરકારક વિગતો અને લેખોમાં સાર્વજનિક જીવનના પ્રશ્નોનો અભ્યાસ ગુજરાતી પત્રકારત્વમાં જોવા મળતો નથી.
- ગુજરાતી વર્તમાનપત્રો ગુજરાત સિવાયના પ્રશ્નો ઉપર બહુ ધ્યાન આપતા નથી. સમાચાર સંસ્થાના સમાચારો પર જ આધારિત રહે છે. એના આધારે લેખો લખાતા હોય છે. ગુજરાત બહારની કોઈપણ ઘટનાની જાણકારી માટે પત્રકારને મોકલવાના દ્દષ્ટાંત ઓછા જાણવા મળે છે. આથી જે તે ઘટના અને ત્યાંના સ્થાનિક સમાજની વાસ્તવિકતાનું નિરૂપણ ઉપસાવી શકાતું નથી.
- વિશાળ ભારતીય સમાજમાં પ્રદેશે પ્રદેશે સમસ્યા અલગ છે આથી સ્થાનિક સમસ્યાને સમજવા માટે સ્થળ પર જવું પત્રકારત્વ માટે અતિઆવશ્યક છે. દેશના અન્ય પ્રદેશની જેમ ગુજરાત રાજયની પણ કોઈ સમસ્યા કે ઘટના સમયે મોટા ગજાના વર્તમાનપત્રો આખા પ્રશ્નને સમજવાનો પ્રયાસ કરતાં નથી. આદિવાસી કે સરહદી વિસ્તારની સમસ્યાઓ ત્યાંની સ્થાનિક આવૃત્તિમાં સ્થાન પામે પરંતુ સંપૂર્ણ ગુજરાતી સમાજ અખબાર દ્વારા માહિતગાર હોતો નથી.

૧૦૭. ગુજરાતી વર્તમાનપત્રો અને સાહિત્યનું વિકેન્દ્રીકરણકરવાની આવશ્યકતા છે. અત્યારે તો તાલુકા કે ગ્રામ કક્ષાએ પત્રકારનું કામ છાપાંનો એજન્ટ (ખબરપત્રી) સંભાળે છે. અખબારો જે ખબરપત્રી વધુ અખબાર મંગાવતો હોય તેના સમાચારો અખબાર વધુ

છાપતા હોય છે. આ પ્રથા પત્રકારત્વમાં તોડવી પડે. નાનાં નાનાં ગામડાં સુધી પત્રકારત્વ ખરા અર્થમાં પહોંચવું જોઈએ. ગામડામાં વર્તમાનપત્ર શું લઈને જાય છે એ અગત્યનું છે તેમ ગામડામાંથી શું આવે છે ? એ પણ અગત્યનું છે. આવા પ્રયોગો વર્તમાનપત્રનો ફેલાવો વધારવામાં પણ ઉપયોગી છે.

- અખબારોએ આજે જિલ્લા કે નગરની અલગ અલગ આવૃત્તિઓ શરૂ કરી છે. પણ એમાં સ્થાનિક સવાલોના ઉકેલ લાવવાનો કે તેને વાચા આપવાના બદલે સરકયુલેશન વધારવાનો પ્રયાસ હોય છે.
- અખબારોની વિવિધ આવૃત્તિઓ સ્પર્ધાના કારણે શરૂ થઈ છે. અખબારો જુદાં જુદાં હોય પણ સમાચાર સામગ્રી એકસરખી જોવા મળે છે. કશી નવીનતા જોવા મળતી નથી.

૧૦૮. અમદાવાદના પત્રકારત્વની નકારાત્મક બાબતો નીચે મુજબ રજૂ કરી શકાય :

૧. અમદાવાદી પત્રકારત્વ નિર્ભેળ વ્યાવસાયિક પત્રકારત્વ છે.

૨. અમદાવાદનું પત્રકારત્વ મોટાભાગે સત્તા કે સ્થાપિત હિતની સાથે રહે છે.

૩. અમદાવાદનાં અખબારો પ્રજાકીય આંદોલનો જગાવવામાં નિમિત્ત બનતાં નથી પણ જુવાળ આવે તો તેની સાથે થઈ જાય છે.

૪. અમદાવાદના પત્રકારત્વમાં સાહિત્યનો અંશ ઓછો છે.

૫. અમદાવાદના પત્રકારત્વના પ્રારંભમાં સમાજ સુધારાનો અભિનિવેશ આજના પત્રકારત્વમાં રહ્યો નથી.

૬. અમદાવાદનું પત્રકારત્વ શિક્ષણના સવાલો ઉપર ઉદાસીન છે.

૧૦૯. નવનિર્માણ અને કટોકટીના સમયગાળામાં અખબારના વાચકોને પણ આંદોલનમાં રસ હતો. અને વર્તમાનપત્રોએ સમાચાર અને વિચારનું કામ કર્યું હતું.

- અમદાવાદનું પત્રકારત્વ મૂળભૂત રીતે વ્યાવસાયિક હોવાથી જોખમ ઉઠાવવાથી દૂર રહે છે. જો જોખમ ઉઠાવે તો પ્રજા અખબારની સાથે જાય છે. પરંતુ આર્થિક રીતે

વર્તમાનપત્રોને નુકશાન સહન કરવું પડે છે એવા ઉદાહરણો છે.

- ગુજરાતના જનઆંદોલનને વ્યાપક સંદર્ભમાં પરિણામની દૃષ્ટિએ જોઈએ તો ૧૯૪૨ પછી કે આઝાદી પછીના પહેલ વહેલા ૧૯૫૬માં "મહાગુજરાત" આંદોલનમાં હિંસાનો આશરો લેવાયો હતો. જે દર્શાવે છે કે બહુ ટૂંકાગાળામાં આ શહેરે ગાંધીજીના અહિંસાના આદર્શની અસર ગુમાવી દીધી હતી.
- "મહાગુજરાત" ચળવળની સફળતા પછી ગુજરાતની અસ્મિતા જળવવાના અભિગમરૂપે પ્રાદેશિક સ્તરે બળવાન વિરોધપક્ષ ઊભો થવો જોઈતો હતો પરંતુ એ થઈ શકયું નહીં. આંદોલનની સફળતા પછી સહુ રાજકારણીઓ છૂટા પડી ગયા હતા.
- એવી જ રીતે "નવનિર્માણ" વખતે વિદ્યાર્થીઓએ ભ્રષ્ટાચાર સામે આંદોલન ચલાવ્યું પણ શાસક મુખ્યમંત્રીના રાજીનામા પછી સમાજનું નવનિર્માણ કરવાનો વિચાર પણ નામશેષ જ થઈ ગયો. જે ભ્રષ્ટાચાર સામે વિદ્યાર્થીઓએ લડત શરૂ કરી હતી એ જ વિદ્યાર્થીઓએ પરીક્ષાના બદલે "માસ પ્રમોશન"ની માગણી કરીને ભ્રષ્ટાચારને આડકતરી રીતે સ્વીકાર્યો. ૧૯૪૨ ની હિંદ છોડો ચળવળ સમયે પણ શિક્ષણ કાર્ય બગડયું હતું પરંતુ આવી માગણી થઈ ન હતી.
- કટોકટી સામેની લડાઈમાં પણ આખા દેશમાં રાજકીય સત્તાનું પરિવર્તન જ આવ્યું અને બહુ ટૂંકાગાળામાં એ પરિવર્તન વેરવિખેર થઈ ગયું હતું. ભારતીય સમાજમાં આંદોલન એટલે વ્યકિત કે રાજકીય પક્ષની સત્તામાં બદલાવ થાય એને જ આંદોલનની સફળતા ગણી લેવામાં આવે છે. આંદોલનના અન્ય તમામ હેતુઓ પરિપૂર્ણ થાય એવો સંપૂર્ણ પ્રયાસ બાજુએ મૂકી દેવાય છે. જે ગુજરાતને પણ લાગુ પાડી શકાય છે.

૧૧૦. અમદાવાદની પ્રજાકીય જાગૃતિ માટે બળવાન રાજકીય પક્ષો નથી કે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ નથી. સાહિત્યિક સંસ્થાઓ પણ પ્રજાને વિચાર દોરવણી આપવામાં નિષ્ફળ ગઈ છે.

- ગુજરાતમાં સમયાંતરે જુદાં જુદાં રાજકીય પક્ષો સબળ રહયા છે પરંતુ કોઈ પણ પક્ષીય સંગઠને મજબૂત પ્રજાકીય સંગઠન ઊભુ કરવાનો પ્રયાસ કર્યો નથી.

- વિશ્વના કોઈપણ સમાજની પ્રજા હંમેશા 'Dependent' રહેતી નથી. સંઘર્ષો આવે એમાંથી નવા ઘડતર સાથે ઊભી થાય છે જે અમદાવાદની પ્રજાને પણ લાગુ પડે છે.
- અમદાવાદ આખા ગુજરાત અને ગુજરાત બહારની જીવન ગુજરાન ઈચ્છતી પ્રજાનું મિશ્રણ છે.
- અમદાવાદની પોતાની ઓળખ નથી કે ઊંડા મૂળિયાં નથી. અમદાવાદ બહારના લોકોએ આ શહેરને ઘાટ આપ્યો છે. જેના થકી સામૂહિક મિશ્ર પ્રજાનાં લક્ષણો કે અપલક્ષણો આ શહેરમાં આવ્યાં છે.
- અમદાવાદની પ્રજા રાજકીય આંદોલનમાં મોખરે રહે છે. પ્રજા ગમે ત્યારે છંછેડાય તો આંદોલન કરે છે અને પોલીસ પગલાં છતાં પણ તરત જ અટકતાં નથી. સંઘર્ષ લાંબો સમય ચાલે છે.
- અમદાવાદના વર્તમાનપત્રોની હકારાત્મક બાજુઓ આ મુજબ વર્ણવી શકાય :
    ૧. અમદાવાદના ગુજરાતી વર્તમાનપત્રોનો ફેલાવો અને વાચકવર્ગ બહુ વિશાળ છે. જે અખબારો વ્યાવસાયિક દૃષ્ટિએ સફળ થયાની સાબિતી આપે છે.
    ૨. અમદાવાદનાં અખબારોમાં પહેલાની સરખામણીએ સમાચાર સામગ્રીનું વૈવિધ્ય વધ્યું છે.
    ૩. નવા પત્રકારોને કામ કરવાનો અવકાશ મળ્યો છે.
    ૪. અમદાવાદનાં અખબારો વચ્ચે તીવ્ર સ્પર્ધાના પરિણામે પત્રકારોનું શોષણ ઓછું થયું છે. અને વેતનમાં વધારો થયો છે.

૧૧૧. અમદાવાદમાં મહિલા પત્રકારત્વ આઝાદીની લડાઈમાં જોડાયેલા શિક્ષિત મહિલાઓ દ્વારા શરૂ થયું હતું.

- આઝાદીના સમયમાં મોટા ગજાના અખબાર દ્વારા દર સપ્તાહે નિયમિત એક પાનું મહિલાઓના પ્રશ્નો અને જાગૃતિ માટે રાખવામાં આવતું હતું.

  મહિલાઓને સામાજિક દૂષણોને ફગાવી દેવા અને ઘરની ચાર દીવાલમાંથી બહાર

લાવવાનો સમાજ સુધારણાનો પ્રયાસ પત્રકારત્વમાં હતો.

- સ્વાતંત્ર્ય આંદોલન અને સમાજ સુધારણાના ક્ષેત્રે કાર્યરત આગેવાનો મહિલા પત્રકારત્વની શરૂઆત કરનાર હતા. પરંતુ તેઓ આજના વ્યવસાયી જેમ અખબાર સાથે સંપૂર્ણ રીતે જોડાયેલા ન હતા.
- એ સમયના મહિલા સાપ્તાહિકોના તંત્રી પણ પુરુષો હતા.
- પત્રકારત્વમાં મહિલાઓની સંખ્યા એ સમયે ખૂબ જ ઓછી હતી. અને જે હતા તેઓ પણ બહુ થોડો સમય પત્રકારત્વ સાથે કાર્યરત રહેતા હતા.
- અમદાવાદના પ્રમુખ અખબારોએ મહિલા સામયિક શરૂ કર્યા ત્યારે તેના તંત્રીની જવાબદારી કુટુંબની સ્ત્રીને જ સોંપવામાં આવતી હતી. જે પરંપરા આજે પણ ચાલુ છે.
- અખબારી માલિકી ધરાવતા કુટુંબની મહિલા મહિલા સામયિકનું મહત્વનું પદ આવડત હોય તો ધરાવી શકે એમાં ખોટું નથી. આ મહિલાઓ ભલે ઉચ્ચ સ્થાને કુટુંબના કારણે રહી હોય પરંતુ તેમના કારણે આ ક્ષેત્રમાં મહિલાઓને તક મળી શકી એ ફાયદો થયો.
- મહિલાઓને મુખ્ય પ્રવાહના પત્રકારત્વનું કામ લગભગ સોંપાતું નહોતું. મહિલાઓને પત્રકારત્વ ક્ષેત્રમાં હળવા ગણાતાં કામો જેવાં કે મહિલા સામયિકની કામગીરી, ડેસ્ક કે પૂર્તિ વિભાગનું ટેબલ વર્ક સોંપવામાં આવતું હતું. માલિક–તંત્રી પણ એવું વિચારતા હતા કે મહિલા વ્યવસાયીને ફીલ્ડમાં કામગીરી સોંપું કે મોડીરાત સુધી ફરજ બજાવે અને તેને કંઈ થાય તો ? એ પ્રશ્ન તંત્રીઓ સમક્ષ રહેતો હતો.
- પત્રકારત્વ ક્ષેત્રમાં કાર્યરત મહિલા પત્રકારો સતત એવું અનુભવતી હતી કે મહિલા હોવાથી તેમને પત્રકારત્વની કેટલીક કામગીરીથી દૂર રાખવામાં આવે છે.
- સ્ત્રી–પુરુષ વ્યવસાયીના કામ સંબંધે સમાજે વાડા બાંધ્યા હતા એ પત્રકારત્વના વ્યવસાયમાં પણ જોવા મળતું હતું. મહિલાઓએ જેમ દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓએ પુરુષની સમકક્ષ નહી બલ્કે તેનાથી વધુ અને સારું કામ કરે છે એ પુરવાર કરવું પડે છે. આવું પત્રકારત્વમાં પણ મહિલા વ્યવસાયીઓએ કર્યું. અને પુરુષ–સ્ત્રી વ્યવસાયી તરીકે

કામના સંદર્ભે પણ સમકક્ષ બન્યાં.

- આજે પત્રકારત્વમાં ઘણેભાગે પુરુષો જ કામ કરી શકે એવા અઘરા ફીલ્ડ પોલિટિકલ રિપોર્ટિંગ, ક્રાઈમ રિપોર્ટિંગ મહિલાઓ કરતી થઈ છે. તેઓ કોઈપણ કામગીરી અને મોડીરાત સુધી પણ મહિલાઓ ફરજ બજાવે છે.
- અમદાવાદના પત્રકારત્વમાં વ્યવસાયી તરીકે સ્ત્રી–પુરુષમાં હવે સમાનતા જોવા મળે છે. પહેલાં શિક્ષિત સ્ત્રી માટે વ્યવસાયી બનવું હોય તો એકમાત્ર શિક્ષણનું જ ક્ષેત્ર હતું. આજે ઘણાં બધા ક્ષેત્રોમાં સ્ત્રીઓને વ્યાવસાયિક તક મળી છે.
- સ્ત્રીઓ માટે વ્યાવસાયિક તક વધી છે તેમ છતાં હજુ ઉચ્ચપદ પર સ્ત્રીઓ ઓછી જોવા મળે છે.
- અમદાવાદમાં મહિલા સામયિક, પૂર્તિ કે ડેસ્કની કામગીરીમાં મહિલાઓની સંખ્યા છે તેના કરતાં રિપોર્ટિંગ ફીલ્ડમાં વ્યવસાયી મહિલાઓની સંખ્યા વધી ગઈ છે.
- વ્યવસાયમાં સ્ત્રી–પુરુષનો ભેદ કરવાની જરૂર નથી એવું મહિલાઓએ પ્રતિપાદિત કરી બતાવ્યું તેના કારણે પત્રકારત્વમાં સ્ત્રીની સંખ્યા વધી છે અને જે ક્ષેત્ર મહિલા વ્યવસાયીઓ માટે વણખેડાયેલા રહયા હતા તે પણ તેમને પ્રાપ્ત થયા છે.
- પત્રકારત્વમાં મહિલાઓના પ્રમાણમાં વધારો અને અખબારમાં અગત્યની ગણાય એવી કામગીરી મહિલાઓને સોંપાય છે એની પાછળ શિક્ષણ પણ મહત્વનું પરિમાણ છે.
- સ્ત્રી ઉચ્ચ શિક્ષણ મેળવતી થઈ પરિણામે દરેક વ્યકિતની જેમ તેનામાં મહત્વાકાંક્ષા જાગ્રત થઈ અને શિક્ષણ આ મહત્વાકાંક્ષા સંતોષવામાં મદદરૂપ બન્યું.
- અમદાવાદના ગુજરાતી વર્તમાનપત્રો અને અંગ્રેજી વર્તમાનપત્રોમાં વ્યવસાયી મહિલા પત્રકારોની સંખ્યાની સરખામણી અયોગ્ય છે કારણ કે ગુજરાતી વર્તમાનપત્રો સામે તેમની સંખ્યા અને રીડરશિપ ઓછી હોઈ વ્યવસાયીઓનું પ્રમાણ ઓછું છે આથી મહિલાઓની સંખ્યા ઓછી હોય એ સહજ છે.
- અમદાવાદના વિવિધ સમૂહ માધ્યમોના મહિલા કર્મીઓએ વિમેન્સ મીડિયા ફોરમ

રચ્યું છે. જેના થકી વ્યવસાયી તરીકે મહિલાના પ્રશ્નોની ચર્ચા, ઉકેલ અને વિચારોની આપલેનો પ્રયત્ન શરૂ થયો છે. એક સમયે ૪૦ જેટલા મહિલા વ્યવસાયી નિયમિત રીતે બે વર્ષ સુધી મળતા રહયા હતા. આજે અંદાજે અમદાવાદમાં મહિલા વ્યવસાયીઓની સંખ્યા વધી છે પરંતુ આ વ્યવસાયમાં સમય મળવો મુશ્કેલ હોઈ હવે ફોરમની નિયમિત મીટિંગ મળી શકતી નથી.

- દરેક વ્યવસાયમાં નવા જોડાય ત્યારે સમસ્યાઓ નડતી હોય છે. તેવી રીતે મહિલાઓ જયારે પત્રકારત્વના ક્ષેત્રમાં આવી તે સમયે તેઓ જે કરવા માગતી હતી તે તેઓ સ્ત્રી હોવાથી કરી ન શકે એવી મર્યાદા નડતી હતી જે આજે દૂર થઈ શકી છે. દરેક ક્ષેત્રમાં પ્રારંભમાં આવનાર વ્યવસાયીને પ્રવેશનારને જે મુશ્કેલીનો સામનો કરવાનો આવે છે એ પછીના ગાળામાં નવા વ્યવસાયીને એવો વાંધો આવતો નથી એમ આજે સ્ત્રીઓ માટે એક વ્યવસાય તરીકે પત્રકારત્વમાં પ્રવેશ અને ઈચ્છિત કામ એ પડકારરૂપ રહયું નથી.
- પત્રકારત્વના વ્યવસાયમાં જે મહિલાઓને ફીલ્ડ રિપોર્ટિંગની કામગીરી મળી છે તેમને ફીલ્ડમાં સારો પ્રતિભાવ મળે છે. એક મહિલા તરીકે તંત્રમાં બેસેલી વ્યકિત આદર અને સૌમ્યતાથી વર્તે છે. જેમાં સમાજનો સ્ત્રી–દાક્ષિણ્ય ભાવ જોવા મળે છે.

૧૧૨. છેલ્લાં પાંચ સાત વર્ષમાં મેગાસિટી અમદાવાદની સામાજિક જીવનશૈલી બદલાતી જાય છે. વસ્તી અને વિસ્તારમાં વધારો થયો છે. પરિણામે સમાજનું કલેવર બદલાઈ રહ્યું છે. આથી વ્યવસાયમાં પણ સ્પર્ધા વધી છે.

- પત્રકારત્વમાં આવવા ઈચ્છતા યુવાનો આ ફીલ્ડને ગ્લેમરસ માનીને કારકિર્દી બનાવવા માગે છે. અને પત્રકારત્વમાં પ્રવેશીને મહત્વના ગણાય તેવા રાજકીય અને ક્રાઈમ રિપોર્ટિંગનું ફીલ્ડ જ તેમને મેળવવું હોય છે.
- પત્રકારત્વની અગાઉની પેઢીમાં વિશાળ વાચન હતું. આજના યુવા પત્રકારોમાં વાચન સ્તર ખૂબ નિમ્ન છે. તેઓ માત્ર સમાચાર એકત્ર કરીને લેખન જ કરે છે. સમાચારના અર્થઘટન અને મૂલ્યાંકનની ગુણવત્તાનો તેમનામાં અભાવ જોવા મળે છે.

- પત્રકાર માટે વાચન લેખન અને સમાજને સમજવાનું ઉંડાણ હોવું જોઈએ. જે તત્કાળ આવી શકે નહી થોડા વર્ષોના અનુભવ પછી એ આવે છે.

૧૧૩.પત્રકારત્વમાં વ્યવસાયી માટે વ્યાવસાયની શરૂઆતથી નિવૃત્તિ સુધી પત્રકારત્વ એ નિરંતર શિક્ષણની પ્રક્રિયા છે. પરંતુ આજની પેઢીમાં વ્યવસાયમાં રહીને નવું શીખવાનું વલણ જોવા મળતું નથી.

- વ્યવસાયમાં આવે એ પહેલા વ્યવસાયની પ્રાથમિક જાણકારી મળી રહે તે હેતુથી પત્રકારત્વનું શિક્ષણ એ સારી વાત છે. ગુજરાતમાં પત્રકારત્વનું શિક્ષણ એક ઘરેડમાં ચાલી રહ્યું છે વિશેષીકરણનો અભાવ એમાં જણાય છે. પત્રકારત્વના અભ્યાસક્રમને હળવાશથી લેવામાં આવે છે. સૈદ્ધાંતિક શિક્ષણ પર વધુ ભાર મુકાય છે. પ્રાયોગિક તાલીમ ખૂબ જ ઓછી આપવામાં આવે છે. પત્રકારત્વનું શિક્ષણ એ વ્યાવસાયિક તાલીમનો ભાગ છે ત્યારે જો તેને શિક્ષણ દરમિયાન અપૂરતી તાલીમ આપવામાં આવે તો વિદ્યાર્થી માટે સમયનો વ્યય છે.
- પત્રકારત્વની શિક્ષણ સંસ્થાઓએ "લેબ જર્નલ" કે ડોકયુમેન્ટરી વિદ્યાર્થી પાસે તૈયાર કરાવવાની તાલીમ આપવી જોઈએ જેથી ન્યૂઝ, વ્યુઝ અને પ્રોડકશનની પ્રેકટિકલ તાલીમ તેઓ મેળવી શકે.

૧૧૪. આજે પત્રકારત્વ એક વ્યવસાય બન્યું છે ત્યારે અન્ય વ્યવસાયોની માફક આ વ્યવસાયમાં પણ તેના વ્યાવસાયિકો પાસે વિશિષ્ટ પ્રકારની તાલીમ કે ખાસ પ્રકારનું શિક્ષણ હોવું જોઈએ. જો કે પત્રકારત્વમાં કાર્યરત મોટાભાગના વ્યાવસાયિકો એવી માન્યતા ધરાવતા હોય છે કે પત્રકારત્વમાં શિક્ષણ ઉપયોગી બનતું નથી. જો કે આવું માનનારા વર્ગને તેઓ જયારે આ ક્ષેત્રમાં પ્રવેશ્યા તે સમયે પત્રકારત્વના શિક્ષણનો લાભ મળ્યો ન હતો. પત્રકાર અને વિશેષ શિક્ષણ એ બાબતે પશ્ચિમમાં પણ મતમતાંતર હતાં. આજે યુરોપમાં લગભગ ૬૦ જેટલી યુનિવર્સિટીઓમાં પત્રકારત્વનું

એક સ્વતંત્ર અભ્યાસક્રમ તરીકે શિક્ષણ અપાઈ રહ્યું છે. પત્રકારત્વનું પણ વિશેષ શિક્ષણ જરૂરી છે એવો વિચાર વિશ્વના જાણીતા પત્રકાર જોસેફ પુલિત્ઝરને ૧૯૧૦માં આવ્યો હતો. એ સમયે તેમણે પત્રકારત્વના શિક્ષણ માટે કોલંબિયા યુનિવર્સિટીને ૨૦ લાખ ડોલરનું દાન આપવાનો વિચાર જાહેર કર્યો હતો. યુનિવર્સિટીએ પણ પત્રકારત્વમાં કોઈ તાલીમ કે શિક્ષણ હોઈ શકે એમાં આશ્ચર્ય પામીને દાન સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. પુલિત્ઝરે ત્યારે દલીલ કરી હતી કે પત્રકારોને સાચા પત્રકાર બનવાની તાલીમ મળે ઉપરાંત જે વાચકો માટે અખબાર પ્રસિદ્ધ થાય છે તેમના પ્રત્યેની ફરજ, જવાબદારી અને ઋણ સમજવામાં મદદરૂપ બને તેવું શિક્ષણ પત્રકારત્વમાં હોય એ જરૂરી છે.

## <u>સંશોધન સુચનો</u>

સંશોધક સંશોધનની સમગ્ર પ્રક્રિયામાં સક્રિય સહભાગી બન્યો હોઈ તેના સંશોધન કાર્ય દરમિયાન વિવિધ અનુભવોને લક્ષમાં લેતા સામાજિક સંશોધનના અભ્યાસ તારણો ઉપરાંત સંશોધન અંગેના સુચનો પણ અત્યંત જરૂરી હોય છે. નવા સંશોધકો માટે એ દિશાસૂચક અને અલગ રીતે સંશોધન કરવાની પ્રેરણા પૂરી પાડે છે. મારા સંશોધન અભ્યાસના સુચનો બે ભાગમાં રજૂ કર્યા છે જેમ કે –

(ક) સંશોધન સંદર્ભના સુચનો :

(ખ) પત્રકારત્વ સંદર્ભના સુચનો :
(અમદાવાદના અખબારોનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ)

### <u>(ક) સંશોધન સંદર્ભના સુચનો :</u>

(૧) ગુજરાતમાં સમાજશાસ્ત્રીય સંશોધનનું વિહંગાવલોકન કરીએ તો એવું સ્પષ્ટ જણાય છે કે આપણે ત્યાં વ્યવસાયના સમાજશાસ્ત્રના સંદર્ભે પ્રમાણમાં મર્યાદીત સંશોધનો થયા છે. સંશોધન સંસ્થાઓએ આ તરફ વિશેષ ધ્યાન આપ્યું નથી. પરંતુ વ્યકિતગત રીતે ખાસ કરીને પીએચ.ડી. સંશોધન સંદર્ભે પ્રયત્નો થયા છે.

પ્રસ્તુત અભ્યાસમાં આ દિશાનો નાનકડો પ્રયત્ન થયો છે. આ પ્રયાસ દરમિયાન સંશોધન પ્રક્રીયાના થયેલા અનુભવો સંશોધકને પોતાને અને ભવિષ્યમાં થનારા સંશોધનો કરવા પ્રેરે છે.

(૨) આપણે ત્યાં હજુ પણ વ્યાવસાયિકો અને બિન વ્યાવસાયિકો વચ્ચેનો સમાજશાસ્ત્રીય તફાવત ઉભરીને આવ્યો નથી. ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ભણાવાય છે અને ઔદ્યોગિક કામદારોના સંશોધન થાય છે પરંતુ વ્યવસાયનું સમાજશાસ્ત્ર નહિ વિકસતા ડોકટર, વકીલ, આર્કીટેકટ, કન્સલ્ટન્ટસ, પત્રકારો વગેરે વ્યાવસાયિકોને સામાજિક સંદર્ભમાં મૂલવવાના અને તપાસવાના પ્રયત્નો મર્યાદીત રહ્યા છે. આમ ૨૧મી સદીમાં જે રીતે વ્યાવસાયિક પરિવર્તન આવે છે એ સંદર્ભમાં વ્યવસાયના સમાજશાસ્ત્રનું અધ્યયન અને અધ્યાપન અનિવાર્ય છે.

(૩) વ્યવસાયના સમાજશાસ્ત્રમાં સંશોધન વખતે ઉત્તરદાતાઓની પસંદગી અને તેની સંખ્યા અથવા તો Sample નો મહત્વનો પધ્ધતિશાસ્ત્રીય પ્રશ્ન ઉપસ્થિત થાય છે. એકતરફ વ્યવસાયના સંગઠનોની ડીરેકટરી ઉપલબ્ધ છે અને બીજી તરફ જેઓ અંગે એક સામાન્ય ચિત્ર ઉપસ્થિત કરી શકાય એમ છે. પરંતુ મોટાભાગના વ્યાવસાયિકો પોતાના કામમાં ઠીક ઠીક વ્યસ્ત હોવાના કારણે તેઓની ઉત્તરદાતાની પસંદગીમાં વિચાર કરવો પડે એમ છે. આ સંદર્ભમાં પ્રશ્નાવલી પધ્ધતિનો ઉપયોગ કરીએ તો માહિતી મળવાની શકયતા છે પણ સાથે સાથે ભૂતકાળના અનુભવો કહે છે કે પ્રશ્નાવલી ભરાઈને પરત આવવાની શકયતાઓ ઓછી જણાય છે. મુલાકાત અનુસૂચિ યોગ્ય પ્રયુકિત છે પરંતુ કલાક કે સવા કલાક જેટલો સમય વ્યાવસાયિકો સંશોધકને સંશોધન માટે ફાળવે એ પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે.

ટુંકમાં ઉત્તરદાતા પસંદગી અને માહિતી એકત્રીકરણ પ્રયુકિત સંદર્ભે ઠીક ઠીક

વિચાર કરવો પડે એમ છે.

(૪) સામાજિક સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરતી વખતે આંકડાકીય માહિતી તો વૈવિધ્યસભર મળે છે પરંતુ ગુણાત્મક માહિતી ખાસ કરીને વ્યવસાયના સમાજશાસ્ત્રમાં અનિવાર્ય બને છે. આ દષ્ટિએ ફોકસ ગૃપ ડીસ્કશન (F.G.D.) અથવા તો કેસ સ્ટડી પધ્ધતિ અનિવાર્ય બને છે. પ્રસ્તુત અભ્યાસમાં Case Study નો ઉપયોગ કર્યો છે. પરંતુ પત્રકારો જેવા વ્યાવસાયિકોને એક સ્થળે ભેગા કરી દોઢથી બે કલાક ફોકસ ગૃપ ડીસ્કશન કરવું શકય બન્યું ન હતું. જો કે ભવિષ્યમાં આ પધ્ધતિનો ઉપયોગ અવશ્ય થવો ઘટે.

(૫) પત્રકારોના પ્રસ્તુત અભ્યાસ બાદ એવું પણ સૂચન કરવાનું મન થાય છે કે જુદા જુદા વ્યવસાયો અંગેની Baseline Information – એટલે કે પાયાની માહિતી સમાજશાસ્ત્રીઓએ સતત મેળવવી જોઈએ અને તેને અપડેટ કરવી જોઈએ. જેનાથી જુદાં જુદાં વ્યવસાયો અંગેની છેલ્લામાં છેલ્લી માહિતી સંશોધન શરૂ કરતાં પહેલાં સંશોધકને મળી રહે.

(૬) અંગત પ્રશ્નોના જવાબો અંગે અન્ય સામાજિક સંશોધનોમાં બને છે તેમ પ્રસ્તુત અભ્યાસમાં પણ એવું લાગ્યું કે કેટલાંક અતિ મહત્વના પ્રશ્નો જે વ્યવસાયને સમજવામાં જરૂરી છે તેની પૂરતી માહિતી ઉપલબ્ધ થતી નથી. એનું એક કારણ એવું પણ લાગ્યું કે શિક્ષિત વ્યાવસાયિકો પણ સમાજશાસ્ત્રીય સંશોધન અંગે જરૂરી ગાંભીર્ય ધરાવતા નથી. પત્રકારોને પોતાના લેખ–અહેવાલ રજૂ કરતી વખતે વારંવાર આંકડાકીય માહિતીમાં રસ પડે છે. પરંતુ સંશોધન કાર્ય અંગે આ માહિતી મેળવવાની વૈજ્ઞાનિક પધ્ધતિમાં કયાં તો વિશ્વાસ નથી અથવા તો ગુપ્તતા અંગે કદાચ તેઓને શંકા રહેતી હશે એમ દર્શાવી શકાય.

## (ખ) પત્રકારત્વ સંદર્ભના સુચનો :
## (અમદાવાદના અખબારોનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ)

અમદાવાદએ ગુજરાતનું સૌથી મોટુ શહેર છે. તાજેતરમાં આ મહાનગરને મેગાસિટીનો દરજ્જો મળ્યો છે. પરંતુ આ શહેરનો ઈતિહાસ તપાસીએ તો મઘલકાળથી વેપારનું મહત્વનું કેન્દ્ર રહ્યું છે. એ સમયે ઢાકા, મુર્શિદાબાદ અને આગરા સાથે ગુજરાતનું સુરત અને અમદાવાદ પણ વેપાર વાણિજયના મહત્વના નગર તરીકે પ્રસ્થાપિત થયું હતું. એટલે અમદાવાદ દાયકાઓથી ધંધા અને રોજગારની દ્દષ્ટિએ અવ્વલ નંબરનું નગર રહ્યું છે. અને પ્રશાસનિક રીતે પણ મહત્વનું રહ્યું છે. ધંધા–રોજગારના મૂળિયાના પરિણામે જયાં મહાજન પરંપરા અસ્તિત્વમાં આવી છે એવા મહાનગરને સમાજશાસ્ત્રીય દ્દષ્ટિએ જોવાનો પ્રયત્ન કરીએ તો આ શહેર જ્ઞાતિ અને ધર્મની દ્દષ્ટિએ અનેક વૈવિઘ્ય ધરાવે છે. વર્ષો પહેલાં સ્થળાંતર કરીને અમદાવાદ આવેલા અને અમદાવાદની પોળોમાં ખાસ કરીને ઉપલી જ્ઞાતિઓએ વસવાટ કર્યો હતો. જયારે અન્ય જ્ઞાતિના લોકો અને મુસ્લિમોએ પણ શહેરના નિશ્ચિત વિસ્તારમાં વસવાટ કર્યો હતો. કારણ કે અમદાવાદ શહેરમાં પણ વસવાટ પણ લગભગ કામની દ્દષ્ટિએ જ થતો હતો. સમય જતાં અમદાવાદનો વિકાસ થયો એના પગલે શિક્ષણનો વ્યાપ વઘ્યો અને સાક્ષરતાનો વધારો થયો એની અસર અમદાવાદના પ્રિન્ટ મીડિયા પર પડી. જેમ કે એક જમનામાં એક કે બે અખબારો હતાં. એની હજારો નકલો વેચાતી હતી. અને અમદાવાદમાં ભણેલા ગણેલા લોકોના ઘેર છાપાં આવતા હતાં. છેલ્લા ૨૫ વર્ષમાં અમદાવાદનું અખબાર હવે અલગ અલગ ધર્મના અને જ્ઞાતિના લોકો સુધી પહોંચ્યું છે. અને Across The Generation રોજ સવારનું અનિવાર્ય અંગ બની ગયું છે. અનેક અખબારો આજે અમદાવાદમાં પ્રસિદ્ધ થાય છે. આથી અમદાવાદનાં અખબારોમાં જે લખે છે એ પત્રકારોને અને અખબારને સમજવાની અનિવાર્યતા છે. સમાજશાસ્ત્રીય સંશોધનની વાત કરીએ તો આપણે ત્યાં અખબારો અને તેના વ્યવસાયીઓને ઘ્યાનમાં રાખીને સંશોધનો ઓછા થયાં છે. બીજા રાજયોમાં કે ભાષામાં આવા પ્રયાસો થયા છે પણ પત્રકારત્વના વ્યવસાયને સામાજિક સંશોધનની દ્દષ્ટિએ જોવાનો પ્રયાસ ઓછો થયો છે. પત્રકારો જે લખે છે એ લખતી વખતે

ચોક્કસ પ્રકારનો હેતુ ધરાવે છે. પરંતુ એ લખાણ અખબારમાં પ્રસિદ્ધ થાય પછી વાચકમાં કે સમાજમાં ઝીલાય છે ત્યારે એની અસર અલગ અલગ પ્રકારની હોય છે. દા.ત. એક નાની વાત જોઈએ. અમદાવાદમાં મોટા ભાગના લોકો સ્થળાંતર કરીને વસ્યા છે. થોડા વર્ષોમાં સૌરાષ્ટ્રમાંથી મોટાપાયે લોકો આ શહેરમાં રત્નકલા કારીગરીના વ્યવસાય અર્થે આવીને વસ્યા છે. તેમનો રહેણાંકનો વિસ્તાર પણ શહેરનો ચોક્કસ વિસ્તાર છે. પણ અમદાવાદનું તમે અખબાર ખોલો તો તેમાં સૌરાષ્ટ્રના સમાચાર વાંચવા નહીં મળે અથવા કોઈ ચરોતરથી આવ્યા હોય કે ઉત્તર ગુજરાતમાંથી આવીને વસ્યા હોય તો તેમને તેમના વતનના વિસ્તારના સમાચાર અમદાવાદના અખબારમાં વાંચવા મળતા નથી. અમદાવાદના અખબારોમાં વતનની વાત આવતી નથી. એ વાત કયાંથી લાવવી ? એ પ્રશ્ન જેમનું વતન અમદાવાદ નથી તેમના માટે એ સવાલ રહે છે. અમદાવાદનું અખબાર ભૌતિક શહેરને મહત્વ આપે છે. પણ શહેરમાં રહેતા લોકોના ગમા કે અણગમાની વાત કરતા નથી. કોઈપણ છાપાંમાં ગામની વાત નથી આવતી. એ અખબારની સ્થાનિક આવૃત્તિમાં એ જોવા મળશે પણ અમદાવાદમાં એ જોવા નહીં મળે. આ એક પત્રકારત્વની દ્દષ્ટિએ બહુ મોટી સમસ્યા છે. આ અંગે કદી પત્રકારત્વમાં બેસેલા લોકો ચિંતિત થયા નથી.

શહેરમાં રહેતી વ્યકિત શહેરમાં વસતી ભલે હોય પણ તેનું લાગણી સહ જોડાણ તેના વતનના ગામ સાથે રહેલું હોય છે. હવે એવું બન્યું છે કે મોબાઈલ અને ટેલિફોન સુવિધાના કારણે ગામથી રોજ સમાચાર આવતાં રહે છે. પ્રિન્ટ મીડિયા કરતાં સંચારના નવા સાધનો ગામ અને શહેરને સાંકળે છે પરંતુ અખબાર આ સંબંધને સાંકળી શકયું નથી. આ એટલા માટે જરૂરી છે કે એનાથી એ સમજણ ઊભી થાય છે કે વાચકની વસ્તીશાસ્ત્રીય બંધારણની (Demography) લાક્ષણિકતા પ્રમાણે અખબાર ધ્યાન આપતું નથી.

અમદાવાદના પત્રકારત્વમાં સાહિત્યકારો કોલમિસ્ટ છે. અત્યારસુધી અમદાવાદના પત્રકારત્વનો ઈતિહાસ જ એવો રહ્યો છે કે જે સાહિત્ય લખી શકે એ પત્રકાર બની શકે. એટલે સાહિત્યકાર અને પત્રકાર વચ્ચેનો તફાવત લાંબા સમય સુધી તફાવત રહ્યો નહીં. એટલા માટે

ગુજરાતી ભાષાના કવિઓ અને લેખકો કે જેમનો સમાજજીવન સાથે ઉત્કૃષ્ટ સંબંધ હતો એવા સાહિત્યકારોની કોલમ અખબારમાં ના આવી. દા.ત. કવિ રાવજી પટેલ અને પન્નાલાલ પટેલના લેખો અખબારોમાં એક કોલમ તરીકે નથી આવ્યા. એટલે એકબાજુ જે લેખકોએ સમાજજીવનને ભરપૂર સંવેદયું હતું અને સામાજિક પાસાંઓની આસપાસ ગુંથાયેલા કથાબીજો જેમની કલમમાંથી જન્મ્યા હતા એવા લેખકોના વિચારોની અખબારમાં ગેરહાજરી હતી. પરંતુ જે સાહિત્યકારોનો સમાજજીવન સાથેનો નાતો ઉપરછલ્લો હતો અને એક ભાષા વિવેચક તરીકે જેમણે સાહિત્યિક સેવાઓ આપી હતી કે સાહિત્યમાં વધુ પ્રદાન ન હતું એવા સાહિત્યકારોની કોલમો અખબારમાં આવતી હતી. આજે પણ આવી પરિસ્થિતિ છે એમાં બહુ ફરક હજુ સુધી આવ્યો નથી. એટલે એવા સાહિત્યકારો કે જેમણે સમાજને બહુ નિકટતાથી ચકાસ્યો કે અનુભવ્યો ન હતો તેમના લેખો–કટારો આવતી હતી. જેમાં સમાજજીવનને સ્પર્શતી વાતોનો અભાવ વર્તાતો રહ્યો હતો. આજે પણ જે કોઈ ઘટના કે બનાવ બને છે તેના સમાચાર સિવાયની અભિવ્યકિત અખબારમાં ઝીલાતી નથી. એટલે સમાચારપત્રોમાં વર્તમાન આવે છે. પણ ઈતિહાસ આવતો નથી. ભવિષ્ય તરફ પણ દિશા નિર્દેશ આવતો નથી.

એટલે બને છે એવું કે અમદાવાદમાં જયારે કોઈ આંદોલન થાય કે કોમી હુલ્લડ થાય ત્યારે એના કારણો શોધવામાં તકલીફ પડે છે. એટલે પત્રકારત્વની દ્રષ્ટિએ જે લખાણ આવવું જોઈએ એ અથવા મૂલ્યાંકન સાથેનું લખાણ આવવું જોઈએ એ અખબારનવેસો પાસે ઈતિહાસની જાણકારી નહીં હોવાથી પત્રકારો કે અખબારો આપી શકતા નથી. વર્તમાનપત્રોમાં જે લખે છે એ વ્યવાસાયી કે જે અખબાર સાથે સીધો જોડાયેલો પત્રકાર છે તે પોતાને કોલમિસ્ટથી ઉતરતો માને છે.એટલે જો કોઈ સાહિત્યકારની કોલમ આવતી હોય તો એ શ્રેષ્ઠ છે એમ માને છે. આ કોલમિસ્ટો દર અઠવાડિયે સમાજ વિશે, સાહિત્ય વિશે કે અમદાવાદ શહેર વિશે લખે છે એ શહેરને સમજવાની વાત આવે ત્યારે કોલમિસ્ટ કરતાં પોતાને નિમ્ન માને છે. અગર પત્રકારોમાં એક પ્રકારનો આ Complex છે કે અમે કેવી રીતે લખી શકીએ એટલે અમદાવાદના અખબારોમાં અમદાવાદ શોધ્યું જડે એમ નથી એવુ બન્યું છે.

કોલમોમાં વૈશ્વિક વાતો કે પ્રેમની વાતો અથવા તો અંગત રસ હોય તે વ્યકત થતું હોય છે. પણ અમદાવાદ જે પત્રકારોની કલમ દ્વારા રોજ વ્યકત થતું હોય તેમની મર્યાદા એ હોય છે કે એ સમાચારને વિશ્લેષણાત્મક રીતે નથી લખી શકતા. એટલે ઘટનાનું વિશ્લેષણ કરવાનું કામ કોલમિસ્ટનું છે. પણ તેઓના લખાણમાં એ દેખાતું નથી. અને પત્રકારોએ જે ઘટનાની સમીક્ષા કરવી જોઈએ તેઓ પોતાને એવા લખાણ માટે સજ્જ માનતા નથી. એના કારણે ગુજરાતી અખબારોમાં કોઈપણ ઘટનાનું વિશ્લેષણ જોવા મળતું નથી.

બહુ રસપ્રદ છે કે, દેશમાં મોટા પાયે જ્ઞાતિસંઘર્ષો અમદાવાદ શહેરમાં થયા છે. દેશના કોઈપણ શહેરમાં અનામત સામેનું આંદોલન અમદાવાદ શહેરમાં જેટલું ચાલ્યું એટલો લાંબો સમય ચાલુ નથી. આ દેશના કોઈ રાજયમાં સમયાંતરે કોમી તોફાનો અમદાવાદની માફક થયા નથી. નાનાં છમકલાં થયાં છે પણ સમયાંતરે નથી થયાં. કોમી તોફાનોનું સાતત્ય ગુજરાતમાં રહ્યું છે. તેમાં અમદાવાદ હંમેશા કેન્દ્રમાં રહ્યું છે. જ્ઞાતિ સંઘર્ષ કે કોમી સંઘર્ષો ગુજરાતમાં વ્યાપક થયા છે. તેમ છતાં આ આંદોલન અને કોમી તોફાનોમાં કેટલા લોકો મૃત્યુ પામ્યા અને કેટલું નુકશાન ગયું એની આંકડાકીય માહિતી જ અખબારમાં જોવા મળે છે. સમાજશાસ્ત્રીય દ્દષ્ટિએ આંદોલનની તરાહ ચકાસવાનું ભાગ્યે જ બન્યું છે. એટલે જે સ્થાનિક પ્રજાનાં અખબારો છે એ સામાજિક ઘટનાઓની સમીક્ષાથી અળગા રહયા છે પરંતુ જે રાષ્ટ્રીય અખબારોની શ્રેણીમાં આવે છે એવા ગુજરાત બહારના અંગ્રેજી અખબારોના પત્રકારો મોટી સંખ્યામાં ગુજરાતમાં આવીને બધી બાબતોને સમજે છે. એ લોકો સમાજના જુદાં જુદાં વર્ગોના લોકોને મળે છે. સમાજના સામાન્ય સભ્યો, પત્રકારો, સમાજ વિજ્ઞાનીઓને રાજકીય નેતાઓને મળીને આખી ઘટના સમજવાનો પ્રયાસ કરે છે અને પછી લખે છે. જયારે સ્થાનિક ગુજરાતી અખબારોના પ્રતિનિધિઓએ 'Across the Section' જઈને પત્રકારત્વ કર્યુ હોય એવું બહુ ઘ્યાનમાં આવતું નથી. પત્રકારત્વની સમાજશાસ્ત્રીય દ્દષ્ટિએ સમીક્ષા કરીએ તો બહુ અગત્યની વાત એ છે કે અખબારનો પત્રકાર સમાજને કેવી રીતે જુએ છે ? એટલે આપણે પત્રકાર પાસે સમાજ વિજ્ઞાનીની તાલીમની અપેક્ષા રાખતા નથી. પણ એક પત્રકાર

અમદાવાદમાં ૨૫–૩૦ વર્ષથી પત્રકારત્વમાં કાર્યરત હોય તો એ ઘટનાને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈ શકતો હોવો જોઈએ. દા.ત.૨૦૦૬ના વર્ષમાં અન્ય પછાત વર્ગોની અનામતની ચર્ચા ચાલી ત્યારે અમદાવાદના બહુ ઓછા અખબારોએ તેની ચર્ચા કરી. અનામત વિરોધી આંદોલનનું એક જમાનાનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું એ શહેરના અખબારે ઓબીસી અનામત સમયે નહિવત લખ્યું હતું.

એટલે તમારે કોઈ આંદોલનને પત્રકારત્વની દૃષ્ટિએ સમજવું હોય તો તમે નહીં સમજી શકો. કારણ કે અખબારોમાં એ સમયની હકીકતો (Facts) છે પણ ઘટનાઓના આંતરસંબંધની વાત નથી. એ જ સમયમાં જે નિયમિત કોલમો લખાઈ એ લખનારાઓ મોટાભાગે ઉપલી જ્ઞાતિના હતા એટલે એમનાં લખાણો જ્ઞાતિવાદી રહ્યા. એમનું માનસ જ્ઞાતિવાદી રહ્યું. પત્રકાર તરીકેની તટસ્થતા ન જળવાઈ. આમ, અખબારોના લાખો વાચકોને વિશ્લેષણનું ભાથું મળ્યું જ નહિ. બીજી બાજુ ગુજરાતી અને અંગ્રેજી બંને છાપાં વાચનારો વર્ગ બહુ ઓછો છે. હમણાંનો તાજો દાખલો લઈએ તો ગત ૨૦૦૬ના ગુજરાતના પૂર સંબંધે બિનસરકારી રાહે નિમાયેલા તપાસપંચે તપાસ અહેવાલ જાહેર કર્યો. પરંતુ અમદાવાદનાં ગુજરાતી અખબારોએ આ અહેવાલ પ્રસિદ્ધિ સમયે થયેલી પત્રકાર પરિષદમાં અપાયેલી વિગતો જ આપી. પરંતુ આ તપાસ પંચનો અહેવાલ ગુજરાતી અખબારોએ પ્રસિદ્ધ કર્યો નથી. આથી ગુજરાતમાં થયેલી કુદરતી હોનારતનો આવેલો સ્વતંત્ર અહેવાલ ગુજરાતની પ્રજા સુધી પહોંચ્યો જ નહીં. જેની સામે અંગ્રેજી અખબારે સળંગ એક સપ્તાહ સુધી આ અહેવાલની વિગતો પ્રસિદ્ધ કરી. આમ અંગ્રેજી અખબાર કે જેના વાચક પ્રમાણમાં બહુ ઓછા છે તે અહેવાલ પ્રસિદ્ધ કરે છે જયારે જેનો વાચક વર્ગ સૌથી વધુ છે એવા ગુજરાતી અખબારો પ્રજાને આ પ્રકારની માહિતી પહોંચાડવાની બાબતથી દૂર રહે છે. પ્રશ્ન એવો પણ ઉપસ્થિત થાય છે કે કુદરતી હોનારતનો જે અહેવાલ આવ્યો એમાં પણ પ્રસિદ્ધિ બાબતે ગુજરાતી અખબારોની આવી સ્થિતિ હોય તો પછી માનવસર્જિત હોનારતની ઘટના કે તેના અહેવાલોનો રિપોર્ટ તો કેવી રીતે પહોંચે ? એટલે હવે ભવિષ્યમાં જે પત્રકારો આવે કે હાલમાં છે એવા પત્રકારો પાસે એક અપેક્ષા એવી સ્વાભાવિક

રહે કે સમાજને સ્પર્શતી વિવિધ સમસ્યાઓ–પ્રશ્નો પરત્વે કેળવાય. કોલમિસ્ટ કશું નહીં કરી શકે પત્રકાર જ કરી શકશે અથવા જુદી રીતે કહીએ તો પત્રકારે જ કરવું પડશે. સમાચાર અને સમાચાર વિશ્લેષણ બંને ભૂમિકા અખબારમાં કાર્યરત પત્રકારે જ ભજવવી પડશે.

ગુજરાતી પત્રકારત્વમાં બીજી એક બાબત એવી જોવા મળે છે કે વ્યકિત કે વિરૂદ્ધ ગમે તે વિરોધ અખબાર કરતું હોય ત્યારે જે તે સમય અગાઉની ઘટના વિશે લખાતું નથી. વર્તમાન બાબતો સાથે જ અખબાર સામગ્રી રજૂ કરતું હોય છે. કદાચ તપાસપંચનું મહત્વ ગુજરાતી અખબારો સમજયા નથી એમ કહીએ તો અસ્થાને નથી. જયારે ગુજરાતમાં કોમી તોફાનો કે આંદોલનો થયા છે તેના તપાસપંચ તો રચાયાં જ હતાં. પરંતુ આ તપાસપંચના અહેવાલ ગુજરાતી અખબારોએ બહુ ઓછા પ્રસિદ્ધ કર્યા છે. સંપૂર્ણ અહેવાલ કોઈ અખબારે આજસુધી પ્રસિદ્ધ કર્યો હોય એવું બન્યું નથી. એટલે ઘટના સમયે અમદાવાદનું પત્રકારત્વ લખે છે પણ પછી એ સમયાંતરે લખાતું નથી. જેમ કે ગુજરાતમાં દરજી જ્ઞાતિ ઓબીસીમાં મુકાઈ. પણ ગુજરાતનાં અખબારોમાં દરજી જ્ઞાતિ વિશેની વાત કોઈ અખબારમાં થઈ નથી. દરજી જ્ઞાતિનો દરેક સભ્ય ગામડામાં અને શહેરમાં રહેતો હોય છે છતાં આવી નોંધ અખબારોમાં આવતી નથી. પત્રકારો સમાજમાં જે ઘટના બની રહી છે એને જોવાની અને સમાજમાં એનું શું મહત્વ છે એને જોડીને રજૂ કરતા નથી. એટલે આવા વિશ્લેષણનું કામ આપણું નથી એ રીતે પત્રકારત્વમાં ચાલે છે. સમાજની આવી મહત્વની ઘટનાઓ વિશે ગુજરાતી અખબારો લખતા નથી.

પત્રકાર સમાજની આજુબાજુ બનતી ઘટનાને પોતાની રીતે નહીં જોતા એને તટસ્થતાપૂર્વક જુએ એ જરૂરી હોય છે. આવી લાક્ષણિકતા પત્રકાર પાસે હોવી જોઈએ. સમાજની અપેક્ષા પત્રકાર પાસે ઘણી હોય છે. અખબારનવેશ તરીકે દરેક વિસ્તાર અને લોકોની સ્પષ્ટ ઓળખ હોવી જોઈએ. એક મુસ્લિમ વિસ્તારમાં રહેતો નાગરિક હોય તે હિન્દુ વિસ્તારને સમજતો નથી. પણ પત્રકારે તો બંને વિસ્તાર અને ત્યાં રહેતા લોકોને સમજવા પડે. અભ્યાસ કરવો પડે પણ આવી સ્થિતિ પત્રકારત્વમાં જોવા મળતી નથી. માનો કે કોઈ પત્રકાર પાસે અભિગમ હોય તો પણ એને એના માલિકની મરજી મુજબ લખવું પડે છે. જો

અખબારના થોડા અનુભવી પત્રકારોને એક સવાલ કરવામાં આવે કે તમે જે આશયથી પત્રકારત્વમાં આવ્યા હતા એ મુજબ કામ કરી શકયા છો ખરા ? તો લગભગ પત્રકારો તંત્રી–માલિકના કહયા અનુસાર કામ કરવાનું હોઈ જે વિચારથી પત્રકારત્વમાં આવ્યા હતા તે રીતે કામ કરી શકયાં નથી એમ સ્વીકારશે. આવુ દરેક પ્રોફેશનમાં બને છે. જે પત્રકાર સાથે પણ બને છે આથી પત્રકાર રીઢો થઈ જાય છે. સમાજમાં જે મૂલ્ય વ્યવસ્થાનું સ્તર નીચું જતું જાય છે એ પત્રકારત્વમાં પણ જોવા મળે. બધું જ બજાર અવલંબિત થઈ ગયું છે એમાં પત્રકાર પાસે જ કેમ અપેક્ષા રાખો છો ? એ સવાલ વાજબી છે.

એક બાબત એ પણ છે કે અમદાવાદનો પત્રકાર મધ્યમવર્ગ અને નિમ્ન મધ્યમવર્ગમાંથી આવ્યો છે. જ્ઞાતિ ભલે ઉપલી હતી પરંતુ વર્ગ તો મધ્યમવર્ગ છે. આ વર્ગ અને જ્ઞાતિની માનસિકતાથી જે મનોજગત ઘડાય છે એ પત્રકારત્વના વ્યવસાયમાં બહુ મોટી ભૂમિકા ભજવે છે. પત્રકારત્વમાં આર્થિક અનિશ્ચિતતા છે એટલે યેનકેન પ્રકારે તેની નોકરી સાચવી રાખવી પડે છે. એને કારણે બહુ સાહસ કરી શકતા નથી. અખતરા કે પ્રયોગો પત્રકાર ઓછા કરે કારણ એમાં મધ્યમવર્ગનું સામાજીકરણનું તત્વ આવે છે. જેમ કે મ્યુનિસિપલ કોર્પોરેશનનું રિપોર્ટિંગ કરવાનું હોય તો સમગ્ર શહેરના વિસ્તારમાં પછી તે પોશ કે સ્લમ એરિયા હોય ત્યાં શું બની રહ્યું છે ? એની તપાસ રાખવાની હોય છે. પરંતુ પત્રકાર આ વિસ્તારોના વિકાસ માટે માત્ર બજેટના આંકડાઓ દર્શાવતા સમાચારને જ મહત્વ આપે છે. અમદાવાદનો જે નદીપારનો વિસ્તાર છે એ વિસ્તારને જ અખબાર વધારે પ્રસિદ્ધિ આપે છે. પૂર્વ વિસ્તારને ખૂબ ઓછું સ્થાન આપે છે. ગરીબો રહે છે તેવા વિસ્તારોના પ્રશ્નોને સ્થાન મળતું નથી. મધ્યમવર્ગની માનસિકતા એમાં જોવા મળે છે કારણ કે પત્રકાર સાધન સંપન્ન વર્ગમાંથી આવતો નથી પરંતુ એ એટલો ગરી બ નથી કે સ્લમ એરિયામાં રહેતા હતા. આથી અમદાવાદની ભૂગોળથી પરિચિત ના હોય એ પત્રકાર મ્યુનિસિપલ કોર્પોરેશનનું રિપોર્ટિંગ કરતો હોય છે. એટલે પત્રકારત્વમાં જેને ફીલ્ડ કહેવાય છે એ ફીલ્ડની ઓળખ આવતી નથી. એથી અમદાવાદની છાપાંમાં ઓળખ કેવી રીતે આવે ? આમાં છાપાંના માલિકોને પણ રસ ના

હોય એ શકય છે.

જો કે અમદાવાદના સમાચાર જગતમાં સ્પર્ધા વધી ત્યારથી જુદાં જુદાં વિષયોને લઈને વર્તમાનપત્રો લખતા થયા છે. લેઆઉટ બદલવાની અને સમાચારની સાથે ન્યૂઝ સ્ટોરી આપવાનું વલણ આવ્યું છે. એ પણ પાછું કીટી પાર્ટી અને શોપિંગ મોલની સ્ટોરીઝમાં અટવાયું છે. આથી અમદાવાદનો પત્રકાર આ વૈભવથી અંજાયો પરંતુ અમદાવાદની ગરીબી કે ગરીબોની પ્રત્યે સંવેદના જગ્રત ના થઈ. આથી અમદાવાદના એક બહુ મોટા ભાગ એવા પૂર્વ અમદાવાદની વિગતો એ વિસ્તારમાં રહેતો હોય એ પત્રકારો જ લખે છે, એ સિવાયના નહીં. હવે અમદાવાદમાં પૂર્વ વિસ્તારમાં રહેતા પત્રકારો ખૂબ જ ઓછા છે. મોટાભાગના પત્રકારો વિવિધ કારણોસર પશ્ચિમ અમદાવાદમાં વસે છે. અને અમદાવાદના અખબારોમાં નદીપારના પશ્ચિમ વિસ્તારને જ વધુ સ્થાન મળે છે. એ જોવા મળે છે. મજાની વાત એ પણ છે કે અત્યારે પૂર્વમાં વસતો પત્રકાર થોડા સમયમાં પશ્ચિમ વિસ્તારમાં આવીને વસે છે. પછી પૂર્વ વિસ્તારનો અવાજ રજૂ થવાનું પ્રમાણ ઓછું થાય છે.

જયોતિસંઘે અમદાવાદના સેકસવર્કર સાથે કામ શરૂ કર્યું. અમદાવાદમાં સેકસ વકર્સ તો હતી જ. પણ હવે આ ક્ષેત્રમાં કામ કરતા લોકો પાસેથી માહિતી મેળવીને લખાતું થયું છે. અગાઉના સેકસવર્કર સંબંધના લખાણોમાં અને આજના લખાણોમાં ગુણવત્તાની દૃષ્ટિએ સારું પરિવર્તન આવ્યું છે. શરૂઆતમાં જયારે સેકસ વર્કર અને પોલીસ કર્મચારીઓ સાથેની સંયુકત બેઠક કાયદાની જાણકારી અર્થે હતી. એ સમયે એક પત્રકારે અમદાવાદમાં સેકસ વર્કર્સની સંખ્યા અંગેનો અહેવાલ લખ્યો. 'સેકસ વર્કરની સાથે પોલીસની ભૂમિકા' એ વિષયની મીટિંગ વિશે કશું જ ના લખાયું. પણ આજે સેકસ વર્કરના પ્રશ્નો પ્રત્યે પત્રકારોનું વલણ બદલાયું છે. એટલે પત્રકાર સાથે પણ સમાજ અને સમાજમાં એક સ્થાને બેસેલી વ્યકિતઓ કે સમાજને સમજાવી શકતા હોય એમણે ઓરિએન્ટેશન કરવું જોઈએ. સમાજની પણ પત્રકાર સાથે આંતરક્રિયા થવી જોઈએ એની ખોટ અમદાવાદના સમાજમાં જોવા મળે છે.

આંતરક્ષેત્રીય સંધાણની વાત થવી જોઈએ. ગયા વર્ષે અમદાવાદના અંગ્રેજી અને

ગુજરાતી વર્તમાનપત્રોના કાર્યાલયોમાં સેકસ વર્કર મહિલાઓ સામેથી તંત્રીઓ અને પત્રકારોને મળવા ગયા હતા. એનાથી ઘણું સારું પરિવર્તન આવ્યું છે. સમાજના આ ઉપેક્ષિત વર્ગને અત્યાર સુધી જે રીતે સમાજ અને અખબાર જોતા હતા તેમાં પરિવર્તન આવ્યું છે.

અખબારો પણ પોતાની રીતે સમાજ સાથે આંતરક્રિયા કરવાનો પ્રયાસ કરે છે જેમ કે અખબારો કોઈપણ ઘટનાની જાણ કરવાનું પ્રજાને ઈજન આપે છે. એટલે પત્રકારત્વ વ્દારા આવા પ્રયાસો થાય છે. અત્યાર સુધી વર્તમાનપત્રોમાં સરકારની નીતિ કે બજેટ સમયે અર્થશાસ્ત્રીની કોમેન્ટસ લેવા માટે અખબાર સંપર્ક કરતા હતા. પરંતુ થોડા વર્ષોમાં એમાં પરિવર્તન આવ્યું છે. હવે અખબારો સમાજશાસ્ત્રીઓને, મનોવિજ્ઞાનીઓને અને કર્મશીલોને સમાજના જુદાં જુદાં ઈશ્યુઓ સંબંધે પૂછે છે. મોટા ગજાના સમાજશાસ્ત્રીઓની કોલમ હવે અખબારોમાં શરું થઈ છે. વાચકો તેમની કોલમ વાચીને પ્રચંડ પ્રતિસાદ આપે છે. આમ પ્રતિભાવ પણ સારો મળ્યો છે.થોડું પણ લખી વાંચી શકતા લોકોમાં અખબાર વાચન વધ્યું છે. એને કારણે વાચક વર્ગમાં વૈવિધ્ય આવ્યું છે. આ ઉપરાંત અમદાવાદનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ સામાજિક પ્રશ્નોમાં પણ વધારો થતો થયો છે. આત્મહત્યા, બળાત્કાર, ખૂન જેવા કિસ્સાઓમાં વધારો થતો રહ્યો છે. આમ કોઈ ઘટના વારંવાર બને ત્યારે સ્વાભાવિક છે લોકોને આવું કેમ બને છે એ જાણવાની જિજ્ઞાસા થાય અને અખબારને એ સંતોષવા માટે લખવાની ફરજ પડે છે.

સામાજિક પ્રશ્નોને મીડિયા આ રીતે રિફલેકટ કરતું થયું છે તો સામાપક્ષે સમાજ પણ જાગ્રત બન્યો છે. પત્રકાર પણ સામાજિક મદ્દા પર સંવેદનશીલ બન્યો છે. એને સમજ પૂરી નથી પણ એ હવે એમાં રસ લેતો થયો છે. હવે સમાજના સામાજિક ઈશ્યુ એટલા મહત્વના છે કે અખબારે તેને ધ્યાનમાં લેવો પડે છે. એમાં તજજ્ઞ પાસેથી માહિતી મેળવવાનો પ્રયાસ અખબારો કરતાં થયા છે.

એકતરફ સમાજ પણ પત્રકારો માટે મોટી ધારણાં બાંધી લે છે. પત્રકાર એટલે બધી જ બાબતોનો જ્ઞાતા એવી સમાજની માન્યતા છે. પત્રકારો બધી જ બાબતો જાણતા ન હોય અને

તેમના પર એમ થોપી ના દેવાય પરંતુ સમાજની આ એક મોટી મર્યાદા છે તમામ બાબતો પત્રકારો અને પત્રકારત્વ ઉપર નાંખી દેવી ખોટી છે. જો જુદાં જુદાં પ્રશ્નો પરત્વે પત્રકારનું ધ્યાન દોરવામાં આવે અને આ સમસ્યા પાછળનાં મૂળગામી કારણો તરફ તજજ્ઞો આંગળી ચીંધે એવી પરિસ્થિતિ ઊભી થવી જરૂરી છે. જે પત્રકારત્વ ઉપરાંત સમાજ માટે ઉપયોગી બનશે. સમાજ પ્રત્યે માત્ર પત્રકારત્વ અને પત્રકારનું જ દાયિત્વ હોવું જોઈએ એ માન્યતા સમાજમાંથી દૂર થવી જોઈએ. પત્રકારત્વ અને સમાજ વચ્ચેની આ ખૂટતી કડી જોડાય એ આવકાર્ય રહેશે.

*******

## ENGLISH REFERENCES
(BOOKS & JOURNALS & PERIODICALS)


| | | |
|---|---|---|
| 1. | A New Dictionarary Of Sociology | G.Duncan Mitchell<br>1979 |
| 2. | The Craft Of Sociology and Other Essay | Occupational Mobility And Social Change<br>Dr. I.P.Desai<br>Ajanta Publications<br>1980 |
| 3. | The Sociology of Contemporary India | D.A.Chekki<br>Sterling Publishers<br>New Delhi<br>1978 |
| 4. | Dictionary of Sociology | William. P.Scott<br>Goyal Saab Publishers<br>Delhi |
| 5. | History of Freedom Movement in India | Volume-1- 2- 3<br>Calcutta<br>1962 |
| 6. | A Century of Social Reforms in India | Natarajan S.A.<br>1956 |
| 7. | Educational Research - An Introduction | Gall. M. D & Borg,<br>Long Man Publishers<br>New York<br>1956 |
| 8. | Encyclopedia of Britannica | Chicago<br>Britannica<br>2000 |
| 9. | International Encyclopedia of Social Science | Vol -2-3 |
| 10. | A Survey Research in Sociology and Social Anthropology | Amita Ahluwalia<br>ICSSR<br>New Delhi<br>Vol-2 |
| 11. | Sociology of Work Vol - 2 | University of Minnesota Press |
| 12. | The professions | Car - Sonders and Wilson<br>Oxford Press London 1933 |
| 13. | Encounters the Boss | Goff Man .C.<br>Merill Company Indiana 1963 |
| 14. | Sociology of Occupation | Hall R.A.H.<br>In Corporation N.J. 1969 |
| 15. | Profession of Power | Johnson T<br>1972 |
| 16. | Some Problems in the Sociology of the Profession | Barber<br>1963 |

| | | |
|---|---|---|
| 17. | The Press and the Society - A Sociological Study | Department Of Sociology<br>M.S.University Baroda<br>1965 |
| 18. | The Community with A Community the Professions | American Sociological Review<br>1953 |
| 19. | Sociological of Work | Caplow T.<br>University Of Minnesota Press<br>Minneapolis<br>1957 |
| 20. | The Rise of Professionalism | M.L.Larsen<br>Pediatrics Vol-63 no.3<br>1979 |
| 21. | Professional Sociology | College Of Liberal Art<br>Dept. Of Sociology<br>Temple University |
| 22. | Journalism Education | Hindu English Daily Article<br>K.E.Epan<br>15th July 2007. |
| 23. | The Study of Society | Spencer H.<br>London<br>1873 |
| 24. | Outline of Sociology | Ward.l.f.<br>New york<br>1898 |
| 25. | Principle of Sociology | Spencer.h.<br>London<br>1897 |
| 26. | Social Organization | Rivers w.h.r. London 1924 |
| 27. | Methods in Social Research | Goode w.j and hatt.p.h. New york |
| 28. | Sociology | Gohn.J.Macioins<br>7th Eddition Prenticehall New Jersy 1987 |
| 29. | Media Culture and Society | Vol.25th Sage Publication London 2003 |
| 30. | The Study of Indian Society | Hans Nagpaul<br>S.Chand & Company New Delhi |

## ગુજરાતી
## (પુસ્તકો અને સામયિકો)

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાતી વિશ્વકોશ – પત્રકારત્વ અને પત્રસાહિત્ય | મુખ્ય સંપાદક : ધીરૂભાઈ ઠાકર (ખંડ–૧૦)<br>વિશ્વકોશ ટ્રસ્ટ<br>૧૯૯૨ |
| ૨. | આવિષ્કાર | તંત્રી : અભય રાવલ,<br>પત્રકારત્વ વિશેષાંક ઈન્ફર્મેશન જર્નાલિસ્ટ વેલ્ફેર સોસાયટી,<br>ગાંધીનગર |
| ૩. | અમદાવાદનું પત્રકારત્વ | શોધ પ્રબંધ (એમ.ફીલ.)<br>જીતેન્દ્ર દેસાઈ,<br>ગુજરાતી વિદ્યાપીઠ |
| ૪. | પત્રકારત્વની વિકાસરેખા | વિષ્ણુભાઈ પંડયા,<br>નવભારત સાહિત્ય મંદિર<br>અમદાવાદ<br>૧૯૯૧ |
| ૫. | ભારતમાં અંગ્રેજી રાજ ભાગ : ૧–૨ | પંડીત સુખલાલજી |
| ૬. | અમદાવાદનો ઈતિહાસ (૧૮૫૦ સુધીનો) | મગનલાલ વખતચંદ શેઠ,<br>ગુજરાત વિદ્યાસભા,<br>અમદાવાદ |
| ૭. | ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન | ડો. નીરા અ. દેસાઈ,<br>યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,<br>૧૯૮૩ |
| ૮. | સંશોધન ડિઝાઈન | ડો. વિમલ પી. શાહ,<br>યુનિવર્સિટી ગ્રંથ નિમાંણ બોર્ડ,<br>૧૯૯૦ |
| ૯. | ગુજરાત દિપોત્સવી અંક | ગુજરાતી પત્રકારત્વ (લેખ)<br>કાંતિ ભટ્ટ, વિ.સં.૨૦૫૩ |
| ૧૦. | શૈક્ષણિક સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ | એચ.જી. દેસાઈ એન્ડ કે.જી. દેસાઈ,<br>ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિમાંણ બોર્ડ,<br>૧૯૯૭ |
| ૧૧. | ગુજરાતી માધ્યમનો સામાજિક સંદર્ભ | દૃષ્ટિ સામયિક<br>૧૯૮૧ |

| | | |
|---|---|---|
| ૧૨. | પારિભાષિક કોશ – સમાજશાસ્ત્ર | ડો. વિદ્યુત જોષી,<br>ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિમાંણ બોર્ડ,<br>૧૯૯૭ |
| ૧૩. | સાહિત્ય અને સમાજ | ડો. વિદ્યુત જોષી,<br>પાર્શ્વ પબ્લિકેશન<br>૨૦૦૪ |
| ૧૪. | છેલ્લાં પચ્ચીસ વર્ષનું ગુજરાતી પત્રકારત્વ | ભગવતીકુમાર શર્મા,<br>ગુજરાત યુનિવર્સિટી,<br>અમદાવાદ<br>૧૯૮૬ |
| ૧૫. | સંશોધકની બૌધ્ધિક માનસિક ભૂમિકા – લેખ | ડો. વિદ્યુત જોષી,<br>અભિવ્યકિત સામયિક<br>માર્ચ–૨૦૦૬ |
| ૧૬. | ગુજરાત અંગેના સમાજશાસ્ત્રીય અભ્યાસો – લેખ | ઈ.જે.મસીહી<br>પર્યાય સામયિક<br>૧૯૯૪ |
| ૧૭. | પત્રકારત્વનું શિક્ષણ | યાસીન દલાલ,<br>પરિચય ટ્રસ્ટ,<br>મુંબઈ<br>૨૦૦૦ |
| ૧૮. | આધુનિક ભારત | ડો. આર.એલ. શુકલ,<br>દિલ્હી યુનિવર્સિટી,<br>૨૦૦૩ |
| ૧૯. | પત્રકારત્વ સિધ્ધાંત અને અધ્યયન | ડો. ચંદ્રકાન્ત મહેતા<br>ભૂમિપ્રકાશન<br>અમદાવાદ<br>૧૯૯૦ |

## <u>પરિશિષ્ટ – ૧</u>

(પ્રશ્નાવલી)

## **પરિશિષ્ટ – ૨**

(અમદાવાદ શહેરનો નકશો)

**<u>પરિશિષ્ટ – ૩</u>**

(મુંબઈ સમાચાર – પ્રથમ પાનુ)

## <u>પરિશિષ્ટ – ૪</u>
(ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ)

## પરિશિષ્ટ – ૫

(અમદાવાદના વર્તમાનપત્રોની યાદી)

*

| ¿Ü | ÕhëÞð_ ÞëÜ | ÕþÀëåÞ V×â |
|---|---|---|
| 1. | ÃðÉßëÖ çÜëÇëß | Õþ½ Ú_Ôð Õþõç ÂëÞÕðß ±ÜØëäëØ – 380001 |
| 2. | ç_Øõå | ç_Øõå Ûäà, áëÍ çùçëÝËí ßùÍ, äjëëÕðß Öâëä Õëçõ, ÚùÍÀØõä ÕùVË ±ùìÎç, ±ÜØëäëØ – 380054 |
| 3. | ìØTÝ ÛëVÀß | ±õ-102, ±ëäëäßí ±õÕëËóÜõLË, ÎÞ ìßÕìOáÀ ×íÝõËß ÕëÈâ, çõËõáë³Ë ±õìßÝë, ±ÜØëäëØ. |
| 4. | ÉÝìèoLØ | ÉÝìèoLØ ÕìOáÀõåLç, ÃðÉßëÖ ÇõQÚçý, ±ëlÜßùÍ, ±ÜØëäëØ-9. |
| 5. | áùÀçkëë-ÉÞçkëë | 3½õ Üëâ, çÜÛëä èëµç, É°ç Ú_Báù{, ÚùÍÀØõä, ±ÜØëäëØ.-15 |
| 6. | çÜÛëä ÜõËÿù | çÜÛëä Õþõç, çÜÛëä èëµç, É°ç Ú_Ãáë çëÜõ, ÚùÍÀØõä, ±ÜØëäëØ. |
| 7. | ÃðÉßëÖ Ë<Íõ | áùÀìèÖ ÕþÀëåÞ çëäýÉìÞÀ ËÿVË, 33/1, åëèõ±ëáÜ, ±ÜØëäëØ – 380028 |
| 8. | Ô Ëë³Qç ±ùÎ ³ìLÍÝë (±_Ãþõ°) | 139, ÎìÍÝë ÇõQÚçý, ±ëlÜßùÍ, ±ÜØëäëØ-9. |
| 9. | Ô ³LÍíÝÞ ±õÀçÕþõç (±_Ãþõ°) | 3½õ Üëâ, çÜÛëä èëµç, ÚùÍÀØõä, ±ÜØëäëØ 380015, |
| 10. | Ô ³ÀùÞùìÜÀ Ëë³Qç (±_Ãþõ°) | 139, ±ëlÜ ßùÍ, ±ÜØëäëØ – 9 |
| 11. | ìÚ{Þõç VËëLÍÍó (±_Ãþõ°) | wÜÞ_. 211/212, çëÀëß 2, ±ëlÜßùÍ, ±ÜØëäëØ – 380006 |
| 12. | ÎëÝÞëãLçÝá ±õÀçÕþõç (±_Ãþõ°) | çÜÛëä Õþõç, ÚùÍÀØõä ±ÜØëäëØ |
| 13. | Íõ³áí LÝð{ ±õLÍ ±õÞëáíçíç (Íí.±õÞ.±õ.ÜÞí) | ±õ-1, çðìäÔëÕëÀó, ÕërÞë× ËëµÞåíÕ ßùÍ, ì¿WÞëÞÃß ÕëÈâ, ±ÜØëäëØ. |
| 14. | Ô ÎëÝÞëìLçÝá ±õÀçÕþõç | ³ìLÍÝÞ ±õÀçÕþõç LÝð{ ÕõÕß ìá., ÚùÍÀØõä, ±ÜØëäëØ. |
| 15. | ßëÉV×ëÞ ÕìhëÀë (ìèLØí) | - |
| 16. | Ý_ÃáíÍß (ìèLØí) | Ëë³Qç Õþõç Õþë.ìá. ±ëß.Úí.èëµç, ±ÜØëäëØ – 380001 |
| 17. | ÕþÛëÖ | ÀùÌëßí ìÕþLËçý, 1, ±ëß.Àõ. ÀùÌëßí ±õVËõË, ßëHëíÕðß, Úç VËõLÍ Õëçõ Þëßùá, ±ÜØëäëØ |
| 18. | Ëë³Qç ±ùÎ ÀHëëýäÖí | ±õ/602, ±ùZëÀÍó Ëëäß, ÃðwÀ<á çëÜõ, ÜõÜÞÃß, ±ÜØëäëØ |

| | | |
|---|---|---|
| 19. | èõßëSÍ Ý_ÃáíÍß (ìèLØí) | çí. 101, Úí.°.Ëëäß ìØSèí Øßäë½ Úèëß, ±ÜØëäëØ |
| 20. | ìÚLØð | ÛëËíÝëÞí äëÍí ÀëáðÕðß ßõSäõ VËõåÞ çëÜõ, ÀëáðÕðß ±ÜØëäëØ-2 |
| 21. | ÃðÉßëÖ Õþäëè | ÛëËíÝëÞí äëÍí ÀëáðÕðß ßõSäõ VËõåÞ çëÜõ, ÀëáðÕðß ±ÜØëäëØ-2 |
| 22. | çñÝýÀëá | 910, èõÜÀ<Ë ìÚSÍÙÃ, ÞèõwÞÃß ÚþíÉ Õëçõ, ±ëlÜßùÍ, ±ÜØëäëØ – 380009 |
| 23. | ÃðÉßëÖ ÞííÖ | çõáß, ßëÜõrß åùÕÙÃ çõLËß, çë_³ÚëÚë, Ü_ìØßÞí Õëçõ, ßëÜØõäÞÃß Çëß ßVÖë, ½õÔÕðß ±ÜØëäëØ- 15 |
| 24. | çðÀëÞ çÜëÇëß | 207, ÔÞáZÜí ÇõQÚçý, ááíÖ ÕõáõçÞí µÕß åëèíÚëÃ ßùÍ, ±ÜØëäëØ |
| 25. | LÝð{ áë³Þ çíÔë çÜëÇëß | ±õÎ- 4 ìäåëá ÀùÜìåýÝá çõLËß, ±ëlÜ ßùÍ, ±ÜØëäëØ |
| 26. | ÇëöÕëá ¿ùìÞÀá (ìèLØí) | 8 wÀ ÀùQMáõZë, ÈÍëäëÍ ÕùáíçÇùÀíÞí çëÜõ,±ë_ÚëäëÍí, ±ÜØëäëØ |
| 27. | äõVËÞý Ëë³Qç (±_Ãþõ°) | äõVËÞý Ëë³Qç Õþõç äõVËÞý èëµç, ÜëwìÖÞ_ØÞ ÀùQÕáõZë ÜëØáÕðß , ±ÜØëäëØ – 380006 |
| 28. | äõVËÞý Ëë³Qç | äõVËÞý Ëë³Qç Õþõç äõVËÞý èëµç, ÜëwìÖÞ_ØÞ ÀùQÕáõZë ÜëØáÕðß , ±ÜØëäëØ – 380006 |
| 29. | ÉÞ ìèÖöWëí (ìèLØí) | ìÚÞíåë ±ùÎçõË, °.±õÜ. ÀQÕëµLÍ, çßçÕðß, ±ÜØëäëØ |
| 30. | ìèLØð (ìç_Ôí) | ÕðÜõrß ÇõQÚçý, Úí½õ Üëâ, ìØÞõå èùá çëÜõ, ±ÜØëäëØ |
| 31. | çíËí áë³Þ | ±ÞðßëÔë çùçëÝËí, ³LÍíÝë ÀùáùÞí Õëçõ, ÚùÕá - ±ÜØëäëØ |
| 32. | ¿ë³Ü çùSÝðåÞ | 2660/3, ÃßÞëâëÞí Õùâ, èáíÜÞí ÂÍÀí, åëèÕðß, ±ÜØëäëØ- 380001 |
| 33. | ÃðÉßëÖ äöÛä (ìèLØí) | 6 ìÜá ±ùÞçýÀùáùÞí É^Þí ìß{äý ìÚSÍÙÃ ÕëÈâ, ±ëlÜßùÍ, ±ÜØëäëØ |
| 34. | ÃðÉßëÖ ÕþHëëÜ | å_Àß ÇõQÚçýÞë ÛùîÝßëÜë_, ÚëËë åù wÜ çëÜõ, ±õÇ.Àõ.èëµç, ±ëlÜßùÍ, ±ÜØëäëØ. |
| 35. | {ÙØÃí çÜëÇëß (ìçLÔí) | ÀìäÖë ÛäÞ çöÉÕðß ÚùÔë ±ÜØëäëØ 382345 |
| 36. | ±SÕìäßëÜ (ìèLØí) | 201, Þ_ØÞ ÀùQÕáõZë, ÜíÌëÂâí ßõáäõ ¿ùìç_Ã Õëçõ, ÜíÌëÂâí, ±ÜØëäëØ. |
| 37. | áùÀìÜhë | 201, Þ_ØÞ ÀùQÕáõZë, ßõáäõ ¿ùìç_Ã Õëçõ, ÜíÌëÂâí, ±ÜØëäëØ. |
| 38. | ÃðÉßëÖí åÖëìOØ | °.±õÜ.ÀQÕëµLÍ, çßçÕðß, ±ÜØëäëØ-18. |
| 39. | ÉÞçÜVÝë | ±ë³/9, ßÉÞíÃ_Ôë ÎáõË, ÉáÖß_Ã Úç VËùÕ, äõÉáÕðß ßùÍ, ±ÜØëäëØ. |
| 40. | ÀHëëýäÖí ±õÀçÕþõç | Ãë_ÔíÃþëÜ ßõSäõ VËõåÞ çëÜõ, ±õìáçÚþíÉ, |

| | | |
|---|---|---|
| | | ±ÜØëäëØ |
| 41. | ØõåÕßØõåÞí ±ëÉÀëá | ±ëÉÀëá ÀëÝëýáÝ, 4×ù Üëâ, ±õìÞçÞ ìÚìSÍoÃ, çí.°.ßùÍ, VËõË Úõî À ±ùÎ çëößëWËÿÞí ÚëÉ\Üë_ Þäß_ÃÕðßë , ±ÜØëäëØ. |
| 42. | áùÀìÜhë | 201, Þ_ØÞ ÀùQÕáõZë, ÇíÜÂÍí ßõáäõ ¿ùìç_Ã Õëçõ, ÜíÌëÂâí, ±ÜØëäëØ. ÎùÞ ý 26568477 |
| 43. | ±_Ôë ÀëÞðÞ | çõLËß ß18/214, ìääõÀëÞ_ØÞÃß, èë×íÉHë, Öë.ØåÀù³ |
| 44. | ±ÜØëäëØ ÕùÀëß | 33, ³áùßë ÀùÜìåýÝá çõLËß, ÕÜù Üëâ, °Õí±ù ßùÍ, |
| 45. | LÝñ{ Õù³LË | åÚëÞë Ü_{íá, FÝðÚíáí èëµç Õëçõ, ÜùßÀçäëÍë, Üíß{ëÕðß, ±ÜØëäëØ-380001 |
| 46. | ßùÝá çßØëß LÝð{ | 3622-±õ, ÃÞèëµçÞí Õëçõ, ÂëÞÕðß, ±ÜØëäëØ. |

*( ÃðÉßëÖ ßëÉÝ ÜëìèÖí ÂëÖð_ Äëßë ±ÕëÝõáí ÜëìèÖí ÕþÜëHëõ )

<u>**પરિશિષ્ટ – ૬**</u>

(ગુજરાતમાં અખબારો અને સામયિકો)